શ્રી ગજસાર મુનિ વિરચિત

# દણ્ડક પ્રકરણ

તથા

પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ વિરચિત

# જમ્બૂદ્વીપ સંગ્રહણી

[અર્થ સહિત]

: પ્રકાશક :

(સદ્‌ગત શેઠશ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

અને

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા

કિંમત રૂા. ૩૪=૦૦

છાપેલી કિંમતથી વધારે કિંમત લેવી નહિ.

୧ ଖ ୨୧୪

୨ ଖ ୫୨

ସଂପୂର୍ଣ

सम्यग्-दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।

ગ્રન્થાંક-૭૧

શ્રી ગજસાર મુનિ વિરચિત

# દણ્ડક પ્રકરણ

તથા

પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ વિરચિત

# જમ્બૂદ્વીપ સંગ્રહણી

[અર્થ સહિત]

: પ્રકાશક :
(સદ્‌ગત શેઠશ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા

વીર સં. ૨૫૩૦ ઈ. સ. ૨૦૦૩ વિ. સં. ૨૦૬૦
આવૃત્તિ ૮મી નકલ ૩૦૦૦

કિંમત : રૂા. ૩૪=૦૦

છાપેલી કિંમતથી વધારે કિંમત લેવી નહિ

# પ્રકાશકીય નિવેદન

૧ આ પુસ્તકની આ અગાઉ સાત આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે સાતમી આવૃત્તિની ૩૦૦૦ નકલ ખલાસ થતાં આ આઠમી આવૃત્તિની ૩૦૦૦ નકલ જૈન સમાજ સમક્ષ મૂકતાં અમને અત્યંત હર્ષ થાય છે. તેમજ આ ગ્રંથ સર્વ કોઈને વધારે ઉપકારક બનશે એમ ઈચ્છીએ છીએ.

૨ વિધિમાર્ગના અનુભવીઓને આ ગ્રંથના ભાવાર્થમાં કોઈ સ્થાને ભૂલ અથવા વિપરીતપણું જણાય તો તેઓ અમને લખીને મોકલશે એવી વિનંતિ છે. જેથી આગામી આવૃત્તિમાં સુધારી શકાય.

૩ આ ગ્રંથના પ્રકાશનમાં પ્રેસ દોષાદિના કારણે પ્રુફ આદિ જોવામાં જે કોઈ ક્ષતિઓ અગર ત્રુટિઓ રહી ગઈ હોય તે સુધારીને વાંચવા વિનંતિ તેમજ અમને જણાવવાથી આગામી આવૃત્તિઓમાં સુધારી શકાય.

૪ સારા કાગળ, સારી છપાઈ, તથા પાકું બાઈન્ડીંગ હોવા છતાં સંસ્થાના ઉદ્દેશ મુજબ કિંમત ઓછી રાખવામાં આવેલ છે.

**મહેસાણા**
સંવત ૨૦૬૦ માગસર

લિ.
**ડૉ. મફતલાલ જે. શાહ**
ઓનરરી સેક્રેટરી

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| **શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**<br>**સ્ટેશન રોડ,**<br>**મહેસાણા - ૩૮૪૦૦૧** | **શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**<br>**બાબુ બિલ્ડીંગ,**<br>**પાલીતાણા - ૩૬૪૨૭૦** |

: મુદ્રક :
**ભરત પ્રિન્ટરી**
**કાન્તિલાલ ડી. શાહ**
**ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧.**
**ફોન : ૨૧૫૭૪૧૮**

# પ્રસ્તાવના

દંડક તથા લઘુસંગ્રહણીના વિસ્તારાર્થના પુસ્તકની આ આઠમી આવૃત્તિ અમારા તરફથી પ્રસિદ્ધ થાય છે.

પહેલાં આ વિસ્તારાર્થ સિનોર નિવાસી માસ્તર ચંદુલાલ ન્હાનચંદ પાસે લખાવવામાં આવ્યો હતો. તેમાં દંડકમાં ઘણે ઠેકાણે, તેમજ લઘુસંગ્રહણીમાં લગભગ સર્વ સ્થળોએ ફેરફાર કરીને આ આવૃત્તિ અમોએ છપાવેલ છે.

દંડક પ્રકરણનો અભ્યાસ કરવાથી કયા જીવમાં કયા કયા ગુણો, શક્તિઓ વગેરે છે, તે જાણી શકાય છે. તે એક જાતનું પદ્ધતિસર પદાર્થવિજ્ઞાન છે. શ્રી ભગવતી સૂત્ર વગેરે પૂજ્ય આગમ ગ્રંથોમાં ઘણા પદાર્થો-દ્વારો ઘટાવ્યા છે, તે ચોવીશ દંડક પદોની મર્યાદા બાંધીને તેના ઉપર ઘટાવ્યા છે. એટલે આ પ્રકરણના અભ્યાસથી એ વિષયમાં પ્રાથમિક વિદ્યાર્થી સારી રીતે પ્રવેશ કરી શકે છે, અને આગળના મોટા ગ્રંથોમાં સહેલાઈથી આગળ વધી શકે છે.

લઘુસંગ્રહણીમાં જૈન દૃષ્ટિ પ્રમાણેનો ક્ષેત્રવિચાર છે. જેને હાલમાં ભૂગોળ કહે છે. હાલમાં જેમ ભૂગોળ-ખગોળ વગેરે વિશ્વરચનાના વિષયો પણ જીવનમાં ઉપયોગી હોવાથી ભણવા જરૂરી છે, તેજ પ્રમાણે આત્મકલ્યાણના પરમ સાધનભૂત જૈન શાસ્ત્રોના અભ્યાસ માટે, અને તે દ્વારા પરંપરાએ આત્મકલ્યાણમાં ઉપયોગી થાય માટે, આ વિષયનું જ્ઞાન કરવું અત્યન્ત આવશ્યક છે. આ ગ્રંથનો અભ્યાસ કરવાથી આ વિષયના ઘણા જ મોટા બીજા ગ્રંથોમાં સહેલાઈથી પ્રવેશ કરી શકાય તેમ છે. ગ્રંથ નાનો છતાં ક્ષેત્રવિચારના પારિભાષિક શબ્દોનું જ્ઞાન કરવાને ખાસ ઉપયોગી છે.

હાલના અને જૈનશાસ્ત્રમાં બતાવેલા ક્ષેત્રવિચારમાં ઘણી બાબતોમાં પરસ્પર ઘણો મેળ બેસતો નથી. તે ઉપરથી જૈનશાસ્ત્રમાં બતાવેલ ક્ષેત્રવિચાર કલ્પિત છે, એમ માનવાને જૈન ધર્મ તરફ આદર ધરાવનાર કોઈ પણ તૈયાર થઈ શકે તેમ નથી. હાલનું સાયન્સ હજુ શોધાય છે, તે શોધો અપૂર્ણ છે. અને તેમાં અનેક વિદ્વાનોના અનેક મતભેદો છે. તેમજ નક્કી થયેલા ઘણા સિદ્ધાંતો પાછળથી તદ્દન જુદા જ સ્વરૂપમાં બદલાઈ ગયા છે. તથા પ્રથમની શોધો કેવળ હાસ્યાસ્પદ જેવી થઈ પડવાના પણ ઘણા દાખલા છે. જ્યાં સુધી તે સાયન્સ સંપૂર્ણ ન થાય, ત્યાં સુધી તેની સાથે તુલના કરવી જ નકામી છે.

પ્રત્યક્ષ-પ્રમાણસિદ્ધ જેવી બાબતમાં પણ જુદું જ દૃષ્ટિબિંદુ અને નવા મુદ્દાઓ મળતાં આશ્ચર્યકારક રીતે ફેરફાર થઈ ગયા છે, અને અભિપ્રાય બદલવા પડ્યા છે. સારાંશ કે - હાલનું સાયન્સ શોધાઈને સંપૂર્ણ ન થાય, ત્યાં સુધી તેની સાથે પ્રાચીન તત્ત્વોની તુલના કરવી, અને તેના ઉપર શ્રદ્ધા-અશ્રદ્ધાનો આધાર રાખવો એ નકામી બાબત છે. તે ઉપરથી અમો એ કહેવા ઇચ્છીએ છીએ કે- "કોઈએ શાસ્ત્રીય બાબતો ઉપરથી શ્રદ્ધા ખેંચી લઈ પાઠ્યક્રમમાંથી તેવા ગ્રંથો કે પ્રકરણો બાદ કરી નાંખી વિદ્યાર્થીઓના મનને જૈનશાસન પ્રત્યે શંકિત કરવાનો દોષ ન સેવવો જોઈએ, પરંતુ ઊલટા આ વિષયના સંગીન અભ્યાસીઓ વધારી તેના વિષેની શોધોમાં ઉત્સાહિત કરવા જોઈએ."

હાલનું સાયન્સ શોધાય છે, તેની અનેક શાખાઓ છે, અને શાખાઓની પેટાશાખાઓ પણ અનેક છે. અને તે દરેકની મોટી પ્રયોગશાળાઓમાં શોધો ચાલી રહી છે, અને ત્યાં અનેક અખતરાઓ થાય છે. જ્યારે તેનો વિચાર કરીએ છીએ, ત્યારે આપણા મનમાં થાય છે કે- **"વાહ ! અત્યારની ગોરી પ્રજા શોધો પાછળ કેટલી જહેમત ઉઠાવી રહેલ છે. !"**

આ તરફ જ્યારે ભારતનાં શાસ્ત્રો અને તેમાં ખાસ કરીને જૈનશાસ્ત્રો જોઈએ છીએ, ત્યારે અત્યારે પણ તેના કરતાં અનેકગણા વિજ્ઞાનો અને તેની શાખા-પ્રશાખાના તથા તેનીએ શાખા-પ્રશાખાઓના વિચારો મળે છે. ત્યારે તો એમજ થાય છે કે- "બસ, અનન્ત જ્ઞાનીઓ વિના આમાંનો એક પણ શબ્દ સંભવિત નથી."

એટલું ખરૂં કે- આજે વિજ્ઞાનની કોઈ પણ શોધ માટે કરોડો રૂપિયા ખર્ચાતા હોય છે, મોટા મોટા આલીશાન મકાનો, તેનું વિવેચન કરનારા મોટા મોટા પુસ્તકો અને અખતરા માટે સંખ્યાબંધ સાધનો નજરે પડે છે, ત્યારે જૈનશાસ્ત્રમાં એ વાત એકાદ પદ, ગાથા કે નાના પ્રકરણમાં આપી દીધી હોય છે. હાલનું વિજ્ઞાન અને જૈનશાસ્ત્રમાં આવતા વિજ્ઞાનોની તુલના કરવી એ ઘણું જ ગંભીર અને મહાન્ કાર્ય છે. લગભગ અશક્ય જ છે. તો પણ વિચાર કરતાં એટલું સમજી શકાયું છે કે- હાલના કેટલાક તત્ત્વો તેની સાથે મળે છે, અને કેટલાક નથી મળતા, ને કેટલાક મળતા થતા જાય છે. કેટલાક ખ્યાલમાં નહોતા તે હાલ ખ્યાલમાં આવતા જાય છે. જૈનશાસ્ત્રોનો અત્યારે અમુક જ

ભાગ મળે છે, એટલે તેમાં કેટલાક વિજ્ઞાનોની સંપૂર્ણ વ્યાખ્યા ન પણ મળે. પરંતુ કેટલાકના સૂચનો મળે છે. તે ઉપરથી પણ અનુમાન કરી શકીએ કે તે કેટલું અગાધ અને સૂક્ષ્મ છે ?

**દાખલા તરીકે** - ચક્રવર્તિ તમિસ્રા ગુફામાં કાકિણી રત્નથી એવા મંડળો કરે છે કે- જેથી ત્યાં પ્રકાશ થાય છે. મંડળનું ગણિત અને માપ-આકાર વગેરે આપેલ છે, તે રેડીયમ હશે કે વીજળી હશે ? કે પ્રકાશ કરનાર કોઈ પણ બીજી જ વસ્તુ હશે ?

**દાખલો બીજો** - હમણાં અમેરિકાના ચિકાગો શહેરમાં એક ગ્રહનો પ્રકાશ પકડી તેના બળથી પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. તે કઈ રીતે કરવામાં આવ્યું ? તે વિષે તો તેના વિદ્વાનો જ કહી શકે. પણ સામાન્ય પ્રજા તો એમ સમજે કે "વાહ ! ગ્રહ પાસે પ્રદર્શનનો ઓરડો ઉઘડાવી પ્રદર્શન ખુલ્લું મૂકાવ્યું ? કેટલું સામર્થ્ય ! !" હવે આ તરફ સૂર્ય-ચંદ્ર બીજા વિમાનો વિકુર્વીને મૂળ વિમાન સાથે **પ્રભુ મહાવીરસ્વામી**ને વંદન કરવા આવ્યાની વાત શાસ્ત્રોમાં નોંધાઈ છે. આ આશ્ચર્યકારક ઘટના વિજ્ઞાનના કયા નિયમ પ્રમાણે બની હશે ? તે આપણે કહી શકતા નથી. પરંતુ એ મહાન્ પુરુષોનો પ્રભાવ તો વ્યક્ત કરે જ છે.

**દાખલો ત્રીજો** - ચમરેન્દ્ર વૈક્રિય શરીર કરી શક્રેન્દ્ર સાથે લડવા હિંમત બતાવે છે. ઈન્દ્ર તેના પર વજ્ર છોડે છે, તે દોડીને **શ્રી મહાવીર પ્રભુના** પગમાં ભરાઈ જાય છે. ઈન્દ્રને આ વાતની ખબર પડે છે, કે- ઈન્દ્ર વજ્ર પકડી લેવા દોડે છે. ચાર આંગળ અપ્રાપ્ત વજ્રને પકડી લે છે અને આશાતનાથી બચે છે, વજ્ર આગળ, પાછળ ઈન્દ્ર. આગળની વસ્તુને પાછળવાળો કેમ પકડી શકે ? અને પકડી શકે તો તેની ગતિ કેટલી વધારે હોય ? આ શંકા થાય, અલબત્ત તેનો ખુલાસો ન હોત તો એ શંકા એમને એમ પડી રહેત. પરંતુ એ વાતનો પ્રશ્ન ઉપસ્થિત કરીને-ગતિનું તત્ત્વ સમજાવવામાં આવ્યું છે અને એ સમજાવતાં ગતિનું આખું વિજ્ઞાન સૂચિત થઈ જાય છે. જીવ કેટલો વેગ કરી શકે ! પરમાણુ વધારેમાં વધારે એક સમયમાં કેટલી ગતિ કરે ? દેવો વિગેરે વિષે પણ વિચાર આવે. ગતિ કેવા ક્રમથી થાય ? અનુશ્રેણિ કે વિશ્રેણિ ? વગેરે તત્ત્વો છુટક છુટક મળે છે. ત્યારે હાલ પણ પ્રકાશની, હવાની, યંત્રોની, પશુ, પક્ષી વગેરેની ગતિઓના વેગ સાયન્સે જણાવેલા હોય છે.

સારાંશ કે હાલના સાયન્સ કરતાં અનેક ગણા વિજ્ઞાનોનો વિચાર આજે પણ જૈનશાસ્ત્રોમાં તરવરતો જણાય છે. અને તે શાસ્ત્રના ઉપદેશનું ખાસ ધ્યેય જીવનમાં ઉપયોગી થવાનું અને જીવનને ઉન્નત બનાવવાનું છે. તે ઉપદેશ કોઈ પણ સ્થળે ઉપયોગીમાં ઉપયોગી થઈ શકે તેવો છે એ તેની વિશેષ મહત્તા છે. એ જીવનમાર્ગ જે નક્કી કર્યો છે, તે સંપૂર્ણ તત્ત્વજ્ઞાનના બોધ વિના શક્ય નથી.

હાલનું સાયન્સ હજુ કોઈપણ પ્રકારનો જીવનનો માર્ગ નક્કી કરી શકે તેમ નથી, કેમ કે તે પોતે જ અપૂર્ણ છે. સંપૂર્ણ થયા વિના જીવનમાર્ગ નક્કી થઈ શકે જ નહીં, અને જ્યાં સુધી જીવનમાર્ગ નક્કી ન કરી શકે ત્યાં સુધી તેનો ગમે તેવો ચમત્કાર હોય, તો પણ તે કેવળ પાણી વલોવવા બરાબર જ છે. અને ત્યાં સુધી જૈન શાસનનો માર્ગ જ પ્રાણીઓને શરણ રૂપ હોવાથી, એમ જ સાબિત કરે છે કે જૈન આગમો સર્વજ્ઞ પ્રણીત છે. પછી તેમાં કેટલીક બાબતો અત્યારે ન મળતી હોય, વિચ્છિન્ન થયેલી હોય, છુટી-છવાઈ મળતી હોય, છતાં જગતની તે એક મહાન્ વસ્તુ છે. જગતનું અનન્ય શરણ છે. માટે તેના ઉપર કોઈ પણ બહાનાથી અશ્રદ્ધા કેળવવી ન જોઈએ. કારણ કે તેના જેવું જગત્માં બીજું કોઈ પણ પાપ હોઈ શકે નહીં. માટે જ મિથ્યાત્વ સૌથી વધારે ભયંકર છે.

## આ ગ્રંથનો અભ્યાસ કરવાની સામાન્ય રીત

૧. પ્રથમ મૂળ ગાથાઓ મોઢે કરેલી હોવી જોઈએ.

૨. પછી ફક્ત એકલા શબ્દાર્થ સાથે ગાથાર્થ કરી જવા.

૩. પછી દંડકમાં પાછળ આપેલ અને લઘુસંગ્રહણીમાં શરૂઆતમાં, આપેલા કોઠાઓ મોઢે કરી લેવા, જેથી મુખ્ય મુખ્ય વિષયો બરાબર આવી જશે.

૪. પછી વિશેષાર્થ વાંચવો અને સમજવો તથા તેનું મનન કરવું.

૫. સાથે આપેલ જંબૂદ્વીપનો નકશો, અભ્યાસીઓને ક્ષેત્રોના સ્થળો જોવા વિશેષ ઉપયોગી થશે.

**સંવત ૨૦૬૦** **- પ્રકાશક**

**કારતક**

૭

# સંબંધ

જગતમાં આપણે અનેક સજીવ-નિર્જીવ પદાર્થો જોઈએ છીએ, તે દરેક વિષેની હકીકતો જાણવાની કોઈ પણ જિજ્ઞાસુને ઇચ્છા થયા વિના રહેતી નથી. જ્ઞાની પુરુષોએ જગતના તમામ પદાર્થોનું સંક્ષેપથી અને વિસ્તારથી સ્વરૂપ મુમુક્ષુ જિજ્ઞાસુઓ માટે આગમ ગ્રંથોમાં સમજાવેલ છે. તેમાંથી સજીવ પદાર્થો વિષે પણ ઘણા જ વિસ્તારથી સમજાવેલ છે. એ હકીકતો સમજાવવાની સગવડ માટે સર્વ-સજીવ પદાર્થોનો ચોવીસ વિભાગોમાં સામાન્ય રીતે સંગ્રહ કરી લીધો છે, અથવા ચોવીસ વિભાગોમાં તેને વહેંચી દીધેલ છે.

એ ચોવીસ સ-જીવ પદાર્થો વિષે અનેક હકીકતો સમજાવનાર સંખ્યાબંધ દ્વારો આગમ ગ્રંથોમાં ઉતારેલા છે. એક દ્વાર પુરૂં થાય કે તુરત બીજા દ્વારની શરૂઆતમાં ફરીને એના એ ચોવીસ સ-જીવ પદાર્થો આવે અને તેના ઉપર બીજું દ્વાર ઉતરે, આમ વારંવાર ચોવીસ સ-જીવ પદાર્થવાળો સૂત્રપાઠ આવે, અને અખંડ રીતે આગળ બધેય ઉપયોગમાં આવ્યા કરે, માટે તેવા વારંવાર આવતા અને મહત્ત્વના સૂત્રપાઠોને દંડક પાઠ કહે છે.

એ દંડક પાઠમાં ગણાવેલા ચોવીસ સ-જીવ પદાર્થોની હકીકત સમજાવનાર આગમગ્રંથોમાં તો અનેક દ્વારો સમજાવ્યાં છે. સાધારણ બાળજીવો તેમાં એકાએક પ્રવેશ ન કરી શકે-માટે બાળજીવોને તેમાં સરળતાથી પ્રવેશ કરાવવા તે વિષયનું ટૂંકામાં સ્વરૂપ સમજાવનાર તરીકે આ ગ્રંથની રચના ઉપકાર બુદ્ધિથી કરી છે.

આ ઉપરથી જીવ-વિચાર અને નવ-તત્ત્વના વિષયોથી આ ગ્રન્થનો વિષય, અને વિષયનું બંધારણ-વિષયની ગોઠવણ કાંઈક જુદાં પડે છે, તે સમજાશે.

જીવવિચારમાં માત્ર ખાસ કરીને જીવોનું સ્વરૂપ અને ભેદ-પ્રભેદોની માહિતી આવે છે. નવતત્ત્વમાં આખું વિશ્વજ્ઞાન-તત્ત્વજ્ઞાન આવે છે. તેમાંના ફક્ત જીવ-તત્ત્વના મુખ્ય ભેદોના ગુણો, સ્વભાવો, વગેરે બતાવવા આ પ્રકરણ છે, એટલે કે એ એક જ વિષયમાં જીવવિચાર કરતાં આ પ્રકરણ આગળ વધે છે.

# આ ગ્રંથનાં બીજાં નામો

૧. દંડકપદોને મુખ્ય (પણે ઉદ્દેશીને) રાખીને વિષયનું વિવેચન કરેલું હોવાથી આ ગ્રંથનું એક નામ **દંડક પ્રકરણ** છે.

૨. દંડકપદોને મુખ્યપણે રાખીને વિવેચન પદ્ધતિ રાખેલી હોવા છતાં, તેના ઉપર જે જે દ્વારોથી આગમોમાં વિચાર કરવામાં આવેલો છે, તે વિચાર પણ મહત્ત્વનો હોવાથી તથા પ્રકરણની મૂળ ગાથાઓ ૩૬ હોવાથી બીજું નામ **વિચારષટ્-ત્રિંશિકા** છે.

૩. આ પ્રકરણની રચના એવી કરવામાં આવી છે કે-દંડકપદો ઉપર વિચાર થતો જાય અને તીર્થંકર ભગવંતોની વિનંતિ રૂપે સ્તુતિ થતી જાય, તેથી ત્રીજું નામ **વિજ્ઞપ્તિષટ્-ત્રિંશિકા** પણ છે.

૪. અથવા વિચાર અને વિનંતિને સાથે જોડીને વિચાર અને વિજ્ઞપ્તિ=એટલે **વિચાર-સ્તવ** એવું ચોથું નામ છે. (બીજા પણ એવા ઘણા ગ્રંથો છે, કે જેમાં સ્તુતિ અને અમુક કોઈ પણ એક વિષય સંકળાયેલો હોય છે.)

૫. દંડકપદો ઉપર આગમગ્રંથોમાં ઘણા જ વિસ્તારથી અનેક દ્વારોનું વિવેચન મળે છે, ત્યારે આ ગ્રંથમાં બતાવેલાં દ્વારોમાં માત્ર તેમાંથી ટુંકો-પ્રચલિત-વિશેષ ઉપયોગી-તથા મુખ્ય મુખ્ય સંગ્રહ છે. માટે **લઘુ સંગ્રહણી** એવું પાંચમું નામ પણ જોવામાં આવે છે.

(૩ જી, ૪ થી ૧૦ મી, ૧૬ મી, ૧૭ મી, ગાથાઓ તો સ્પષ્ટ રૂપે બીજા ગ્રંથોની જણાય છે.)

ॐ अर्हम्

શ્રી ગજસાર મુનિ વિરચિત

# શ્રી દણ્ડક પ્રકરણ

[વિચાર-ષટ્-ત્રિંશિકા, વિજ્ઞપ્તિ-ષટ્-વિંશિકા,
વિચાર-સ્તવ લઘુ-સંગ્રહણી]

[સાર્થ]

## મંગળ, વિષય, સંબંધ, અધિકારી અને પ્રયોજન

**नमिउं चउवीसजिणे, तस्सुत्तवियारलेसदेसणओ ।**
**दंडगपएहिं ते च्चिय थोसामि, सुणेह भो ! भव्वा ॥ १ ॥**

### સંસ્કૃત અનુવાદ

**नत्वा चतुर्विंशतिजिनान्, तत्सूत्रविचारलेशदेशनतः ।**
**दण्डकपदैस्तानेव, स्तोष्यामि शृणुध्वं भो ! भव्याः ! ॥ १ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**चउवीस-जिणे नमिउं, दंडग-पएहिं तस्सुत्त-विचार-लेस-।**
**देसणओ ते च्चिय थोसामि, भो ! भव्वा ! सुणेह ॥ १ ॥**

### શબ્દાર્થ

**नमिउं** = નમસ્કાર કરીને
**चउवीस** = ચોવીશ
**जिणे** = જિનેશ્વરોને
**तस्सुत्त** = તેઓના - સૂત્રમાંનો
સિદ્ધાન્તમાંનો
**विचार** = વિચાર, સ્વરૂપ
**लेश** = લેશ, અલ્પ
**देसणओ** = દેખાડવાથી, કહેવાથી
**दंडग** = દંડકનાં
**पएहिं** = પદોવડે, પદોદ્વારા
**ते** = તે શ્રી જિનેશ્વરોને
**च्चिय** = નિશ્ચય, જ
**थोसामि** = સ્તવીશ, સ્તુતિ કરીશ
**सुणेह** = સાંભળો
**भो** = હે !
**भव्वा** = ભવ્ય પ્રાણિઓ !

### ગાથાર્થ :

ચોવીશ જિનેશ્વરોને પ્રણામ કરીને, દંડકપદો દ્વારા તેઓના સૂત્રોમાંના વિચારના લેશભાગને બતાવતો બતાવતો તેઓની જ હું સ્તુતિ કરીશ, તો હે ભવ્ય જીવો ! તમે સાંભળો.૧

### વિશેષાર્થ :

આ ગાથામાં—મંગલાચરણ, વિષય, સંબંધ, પ્રયોજન અને અધિકારી ગણાવેલા છે.

૧. मंगलाचरण — ગ્રન્થરચના રૂપ ઉત્તમ કાર્યની સફળતામાં કોઈપણ વિઘ્ન ન આવે, માટે હિતસ્વી અને આસ્તિક શિષ્ટ પુરુષોની આજ્ઞા અનુસાર તપશ્ચર્યા, ગુરુ આજ્ઞા, ધ્યાન-પ્રણિધાન, સ્તુતિ, પવિત્ર મન વગેરે જે જે મંગળક્રિયાઓ ગ્રન્થ શરૂ કરતાં ગ્રન્થકાર આચાર્ય મહારાજાએ કરેલી, તે આચાર શિષ્યોને વારસામાં મળતો રહે, માટે नमिउं चउवीस-जिणे — એ મંગલાચરણનાં પદો પ્રથમ મૂક્યાં છે.

૨. विषय — દંડક પદો ઉપર શ્રી જિનેશ્વરોના આગમમાં બતાવેલો વિચાર ટુંકામાં સમજાવવાનો છે. दंडग-पएहिं० वियारलेसदेसणओ એ પદોથી વિષય બતાવેલ છે.

૩. संबंध — એ વિચાર પોતાના મનની કલ્પનાથી સમજાવવાનો નથી, પરંતુ જિનેશ્વર પ્રભુઓના શાસ્ત્રોમાં જે બતાવેલો છે, તેને અનુસરીને કહેવાનો છે એટલે કે-આગમશાસ્ત્રો સાથે આ પ્રકરણને સંબંધ છે. તે तस्सुत्त-वियारપદોથી બતાવેલ છે.

૪. प्रयोजन — ભવ્ય બાળજીવોને ટુંકમાં જ્ઞાન કરાવવું, અને સંસારી જીવોની વિટંબણા સમજાવી, મોક્ષ માટે ઉત્સુક કરવા, મોક્ષ મેળવવાને ઉત્સુક જીવોને મોક્ષના ઉપાય તરીકે શ્રી જિનેશ્વર ભગવંતો અને તેના ઉપદેશનું શરણું લેવાને સૂચવી પરંપરાએ સ્વ અને પરને મોક્ષના નિમિત્તભૂત કરવાનું પ્રયોજન છે.

આ કાળના બાળ જીવો વિસ્તારથી સમજી ન શકે, તો તેઓ શાસ્ત્રના બોધથી વંચિત રહે, શાસ્ત્રના બોધથી વંચિત રહેવાથી અધિગમ ન થાય, તો પછી સમ્યગ્-દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર શી રીતે પ્રાપ્ત થઈ શકે ? માટે ટુંકામાં બોધ કરાવવા આ પ્રકરણની રચના જરૂરી છે.

**પ્રયોજનો** - ૧ સંક્ષેપમાં પદાર્થબોધ કરાવવો. [लेस-देसणओ]

૨ પદાર્થ બોધ કરાવીને મોક્ષની અભિલાષા જાગ્રત કરવી.

૩ મોક્ષની અભિલાષા જાગ્રત કર્યા પછી અરિહંતોનું શરણ સ્વીકારવાની ભલામણ પોતાના દાખલાથી કરવી.

## तेच्चिय-थोसामि

(ભગવાનની સ્તુતિ કરવી. એ પણ સમ્યક્ચારિત્ર છે. સમ્યગ્જ્ઞાન તે જ કહેવાય કે જેના પરિણામમાં સમ્યક્ચારિત્ર હોવું જ જોઈએ.)

૪ અને સમ્યગ્જ્ઞાન ગર્ભિત સમ્યક્ચારિત્ર મોક્ષનો ખાસ હેતુ છે. પરંપરાએ પોતાને અને શ્રોતાઓને મોક્ષપ્રાપ્તિ પણ પ્રયોજન છે.

૫. अधिकारी — આ ગ્રંથના અભ્યાસ, શ્રવણ અને મનન માટે ભવ્ય જીવો અધિકારી છે. કેમકે તેઓમાં જ આ જાતના પ્રયત્નનું વ્હેલા-મોડું પણ પરિણામ આવી શકે છે. सुणेह भो ! भव्वा ! એ પદોથી એ સૂચવાય છે. અભવ્યોને શાસ્ત્રોપદેશ દેવાથી, તે મોક્ષ પ્રાપ્તિને અયોગ્ય હોવાથી, તે ઉપદેશ નિષ્ફળ જાય છે.

૬. ૨૪ नी संख्या — આ ગાથામાં-૨૪ ચોવીશ તીર્થંકર ભગવંતોને પ્રણામરૂપ મંગલાચરણ કર્યું છે. તે ૨૪ ચોવીશેયના એક સરખા અભિપ્રાયવાળા સૂત્રોને અનુસારે જ ૨૪ પ્રકારના વિચારો, ૨૪ દંડકો દ્વારા સમજાવતાં સમજાવતાં તે જ ૨૪ ચોવીશ તીર્થંકરોની સ્તુતિરૂપ આ ગ્રન્થ રચવામાં આવે છે.

૭. दंडक पद – દંડક શબ્દનો અર્થ = મુખ્ય અને અતિ મહત્ત્વના વારંવાર ઉપયોગમાં આવતા આગમના સૂત્ર પાઠો, એવો અર્થ થાય છે. અને તેમાંનાં વાક્યો, તે દંડકપદો [सामायिक दंडक उच्चरावोजी] અથવા दण्ड्यन्ते जीवा यस्मिन्, स दण्डकः એટલે કે-સિદ્ધ, બુદ્ધ, નિર્મળ, નિરંજન, નિરાકાર, અનન્ત બળ, વીર્ય, જ્ઞાન, દર્શનવાળો આત્મા જેમાં કર્માદિકથી દંડાઈને અનેક પ્રકારની વિષમ-સ્થિતિ ભોગવે, તેવાં પદો પણ दण्डक पदो. [दंडग–पय-भमण-भग्ग-हिययस्स. [४३]]

આ ગાથાની રચના ઘણી જ ખૂબીવાળી છે. માટે બહુ જ ધ્યાન આપીને સમજવી.

## ૨૪ દંડક પદો

**नेरइया[१] असुराई[१०] पुढवाई[५] बेन्दियादओ[३] चेव; ।**
**गब्भयतिरिय[१]-मणुस्सा[१], वंतर[१], जोइसिय[१], वेमाणी[१] ॥ २ ॥**

### સંસ્કૃત અનુવાદ

**नैरयिका असुरादयः, पृथ्व्यादयो द्वीन्द्रियादयश्चैव ।**
**गर्भजतिर्यग्मनुष्या, व्यन्तरो ज्योतिष्को वैमानिकः ॥ २ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્–

### શબ્દાર્થ :

नेरइया = નારકો
असुराई = અસુરકુમાર વગેરે
पुढवाई = પૃથ્વીકાય વગેરે
बेन्दियादओ = દ્વીન્દ્રિય વગેરે
गब्भय = ગર્ભજ
तिरिय = તિર્યંચ
मणुस्सा = (ગર્ભજ) મનુષ્ય
वंतर = વ્યન્તર
जोइसिय = જ્યોતિષી
वेमाणी = વૈમાનિક

### ગાથાર્થ :

નારકો, અસુરકુમાર, વગેરે, પૃથ્વીકાય વગેરે, દ્વીન્દ્રિય વગેરે, ગર્ભજ-તિર્યંચ અને મનુષ્યો, વ્યન્તર, જ્યોતિષી અને વૈમાનિક ૨.

### વિશેષાર્થ :

(૧) રત્નપ્રભા નારક, (૨) શર્કરાપ્રભા નારક, (૩) વાલુકાપ્રભા નારક, (૪) પંકપ્રભા નારક, (૫) ધૂમપ્રભા નારક, (૬) તમઃપ્રભા નારક, અને (૭) તમસ્તમઃપ્રભા નારક, એ પ્રમાણે સાત પૃથ્વીના ભેદને અનુસરીને ૭ પ્રકારના નારકનો ૧ દંડક ગણ્યો છે.

તથા (૧) ×અસુરકુમાર, (૨) નાગકુમાર, (૩) વિદ્યુત્કુમાર, (૪) સુવર્ણકુમાર (૫) અગ્નિકુમાર, (૬) દ્વીપકુમાર; (૭) ઉદધિકુમાર, (૮) દિશિકુમાર, (૯) વાયુકુમાર અને (૧૦) સ્તનિતકુમાર એ ૧૦ પ્રકારના ભવનપતિ દેવોના ૧૦ દંડક છે.

તથા પૃથ્વીકાય-અપ્કાય-તેજસ્કાય (=અગ્નિકાય)-વાયુકાય અને વનસ્પતિકાય એ પૃથ્વીકાય વગેરે પાંચ સ્થાવરોના અથવા પાંચ એકેન્દ્રિયોના ૫ દંડક છે.

દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-અને ચતુરિન્દ્રિય એ ત્રણ વિકલેન્દ્રિયના ૩ દંડક છે.

તથા ગર્ભજ તિર્યંચનો ૧, ગર્ભજ મનુષ્યનો ૧, ૧૬ [૧]વ્યન્તરોનો ૧, ૫ જ્યોતિષીનો ૧, અને ૨૬ વૈમાનિક+ દેવોનો ૧ દંડક મળી ૫ દંડક છે, એ સર્વ મળી ૨૪ દંડક છે.

**પ્રશ્ન :** *દશ ભવનપતિના ૧૦ દંડક ગણ્યા. તો ૧૬ વ્યન્તરોનો, ૫ જ્યોતિષીઓનો, ૨૬ વૈમાનિકોનો અને ૭ નારકોનો એકેક દંડક કેમ ગણ્યો ? તથા સમ્મૂર્ચ્છિમ જીવો કેમ ન ગણાવ્યા ?

**ઉત્તર :** સિદ્ધાન્તોમાં પૂર્વ પુરુષોએ એ પ્રમાણે જ દંડકની ગણત્રી કરેલી હોવાથી આ ગ્રન્થમાં પણ સિદ્ધાન્તને અનુસારે દંડકોની સંખ્યા રાખેલી છે.

સમ્મૂર્ચ્છિમ જીવો તથા સંમૂર્ચ્છિમ મનુષ્યો વિષે માત્ર પ્રસંગથી ૪૦ મી ગાથાના અર્થમાં કહીશું.

## ૨૪ દ્વારોનો સંક્ષિપ્ત સંગ્રહ

**संखित्तयरी उ इमा, सरीर[૧]मोगाहणा[૨] य संघयणा[૩]; ।**
**सन्ना[૪] संठाण[૫] कसाय[૬] लेस[૭]िन्दिय[૮] दु समुग्घाया[૯] ॥ ३ ॥**

---

× ૧૫ પ્રકારના પરમાધાર્મિક દેવોને આ અસુરકુમાર નિકાયમાં ગણવા.

૧. વ્યન્તરો સર્વ મળી ૧૦૫ પ્રકારના છે, તેના ભેદ ગ્રન્થાન્તરથી જાણવા.

+ ૧૨ કલ્પ, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર એ ૨૬ પ્રકારના વૈમાનિક દેવ છે. ૩ કિલ્બિષિક દેવો-પહેલા, બીજા-ત્રીજા, ચોથા અને છટ્ઠા કલ્પના દેવોમાં, અને ૯ લોકાન્તિકને પાંચમા બ્રહ્મકલ્પમાં ગણવા.

* પ્રશ્નરત્નાકર (સેનપ્રશ્ન) ગ્રંથમાં કહ્યું છે કે– "प्रश्न :- चतुर्विंशतिदण्डकमध्ये भवनाधिपानां दण्डकदशकं प्रोक्तमपरेषां व्यन्तरादिकानां दण्डक एकैक:प्रोक्तस्तत्रकिं कारणम् ? **उत्तर** :- अत्र सूत्रकृतां विवक्षैव प्रमाणमिति = ૨૪ દંડકમાં ભવનપતિઓના ૧૦ દંડક કહ્યા અને બીજા વ્યન્તર વગેરેનો એકેક દંડક કહ્યો તેનું શું કારણ ? **ઉત્તર** - એમાં સૂત્રકારોની વિવક્ષા (તથા પ્રકારની કહેવાની ઈચ્છા) એજ પ્રમાણ છે.

१० ११ १२१३ १४ १५ १६ १७ १८
दिट्ठी दंसण नाणे जोगुवओगोववाय चवण ठिई; ।
१९ २० २१ २२ २३ २४
पज्जत्ति किमाहारे, सन्नि गइ आगई वेए ॥ ४ ॥

### સંસ્કૃત અનુવાદ

संक्षिप्ततरा त्वियं शरीरमवगाहना च संहननानि ।
संज्ञासंस्थानकषाय–लेश्येन्द्रियद्विसमुद्‌घाताः ॥ ३ ॥
दृष्टिर्दर्शनं ज्ञानं, योग उपयोग उपपातश्च्यवनं स्थितिः ।
पर्याप्तिः किमाहारः, संज्ञिर्गतिरागतिर्वेदः ॥ ४ ॥

### અન્વય સહિત પદચ્છેદ

उ संखित्तयरी इमा, सरीरं ओगाहणा य संघयणा ।
संन्ना संठाण कसाय, लेसा इन्दिय दु समुग्घाया ॥ ३ ॥
दिट्‌ठी दंसण नाणे, जोग उवओग उववाय चवण ठिई ।
पज्जत्ति किमाहारे, सन्नि गई आगई वेए ॥ ४ ॥

### શબ્દાર્થ :

**संखित्तयरी** = અતિ સંક્ષિપ્ત
**उ** = વળી
**इमा** = આ
**सरीरं** = શરીર
**ओगाहणा** = અવગાહના
**संघयणा** = સંઘયણ
**सन्ना** = સંજ્ઞા
**संठाण** = સંસ્થાન
**कसाय** = કષાય
**लेस** = લેશ્યા
**इंदिय** = ઇન્દ્રિય
**समुग्घाया** = સમુદ્‌ઘાત
**दिट्‌ठी** = દષ્ટિ
**दंसण** = દર્શન
**नाणे** = જ્ઞાન (૫) અજ્ઞાન (૩)
**जोग** = યોગ
**उवओग** = ઉપયોગ
**उववाय** = ઉપપાત, જન્મ
**चवण** = ચ્યવન-મરણ
**ठिई** = સ્થિતિ, આયુષ્ય
**पज्जत्ति** = પર્યાપ્તિ
**किमाहारे** = કિમાહાર, દિગાહાર
**सन्नि** = સંજ્ઞા
**गई** = ગતિ
**आगई** = આગતિ
**वेए** = વેદ

ગાથાર્થ :

અતિ સંક્ષિપ્ત ×સંગ્રહ આ પ્રમાણે છે - શરીર-અવગાહના-સંઘયણ-સંજ્ઞા-સંસ્થાન-કષાય-લેશ્યા-ઈન્દ્રિય બે સમુદ્ઘાત-દૃષ્ટિ-દર્શન-જ્ઞાન-અજ્ઞાન-યોગ-ઉપયોગ-ઉપપાત-ચ્યવન-સ્થિતિ-પર્યાપ્તિ-કિમાહાર-સંજ્ઞિ-ગતિ-આગતિ અને વેદ.

વિશેષાર્થ :

૨૪ દંડકપદમાં ઉતારવા-જાણવા યોગ્ય દ્વારો ૨૪ થી પણ ઘણાં છે, તો પણ અહિં અતિસંક્ષેપમાં કેવળ ૨૪ દ્વારોનો જ સંગ્રહ કર્યો છે, માટે મૂળ ગાથામાં કહ્યું છે કે इमा = આ (સંગ્રહણી) संखित्तयरी = અતિ સંક્ષિપ્ત છે, જેથી વૃત્તિકર્તાએ આ પ્રકરણનું નામ लघु *संग्रहणी રાખ્યું છે.

(૧) **શરીર-૫** : (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ, (૫) કાર્મણ

(૨) **અવગાહના-૬** : *ઔદારિક* (૨) જઘન્ય, ઉત્કૃષ્ટ
*વૈક્રિય* (૨) જઘન્ય, ઉત્કૃષ્ટ
*આહારક* (૨) જઘન્ય, ઉત્કૃષ્ટ

(૩) **સંઘયણ-૬** : (૧) વજ્રઋષભનારાચ, (૨) ઋષભનારાચ, (૩) નારાચ, (૪) અર્ધનારાચ, (૫) કીલિકા, (૬) છેવટ્ઠું

(૪) **સંજ્ઞા-૪** : (૧) આહાર, (૨) ભય, (૩) મૈથુન, (૪) પરિગ્રહ, (૫) ઓઘ,
**૬-૧૦** (૬) લોક, (૭) ક્રોધ, (૮) માન, (૯) માયા, (૧૦) લોભ,
**અથવા** (૧૧) મોહ, (૧૨) ધર્મ, (૧૩) સુખ, (૧૪) દુઃખ, (૧૫) જુગુપ્સા,
**૧૬** (૧૬) શોક

(૫) **સંસ્થાન-૬** : (૧) સમચતુરસ્ર, (૨) ન્યગ્રોધ પરિમંડળ, (૩) સાદિ, (૪) વામન, (૫) કુબ્જ, (૬) હુંડક

(૬) **કષાય-૪** : (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા, (૪) લોભ

---

× ૨૪ દંડકમાં ઉતારવા યોગ્ય દ્વારો ઘણાં છે. તો પણ અહિં સંક્ષિપ્ત રીતે ૨૪ દ્વારો જ ઉતાર્યાં છે, તે કારણથી, અથવા આ બે ગાથાઓ વર્તમાન સમયમાં બૃહત્સંગ્રહણીના નામથી પ્રસિદ્ધિ પામેલ ૩૦૦ લગભગ ગાથાવાળા લઘુસંગ્રહણી નામના પ્રકરણની છે, તે કારણથી પણ આ પ્રકરણની વૃત્તિના કર્તા **શ્રી રૂપચંદ્ર મુનિએ** આ દંડક પ્રકરણનું लघु संग्रहणी નામ રાખ્યું હોય એમ સંભવ છે. વૃત્તિની પહેલી ગાથા—

प्रणम्य परया भक्त्या, जिनेद्रचरणाम्बुजम् ।
लघुसंग्रहणीटीकां, करिष्येऽहं मुदा वराम् ॥ १ ॥

**અર્થ** :- અત્યંત ભક્તિવડે શ્રી જિનેન્દ્ર ભગવંતના ચરણકમળને નમસ્કાર કરી હું **(રૂપચન્દ્રમુનિ)** હર્ષપૂર્વક આ લઘુસંગ્રહણી પ્રકરણની શ્રેષ્ઠ ટીકા કરીશ.

* પરન્તુ આ પ્રકરણની સ્વોપજ્ઞ (શ્રી ગજસારમુનિ કૃત) અવચૂરિમાં તો "આ ૨૪ દ્વારની બે ગાથાઓ લઘુસંગ્રહણી પ્રકરણમાંથી લીધેલી, એમ કહેલું છે, તેથી લઘુસંગ્રહણી બીજો જ ગ્રન્થ છે. અને તે ૩૦૦ લગભગ ગાથાવાળી બૃહત્સંગ્રહણી છે.

(૭) લેશ્યા-૬ : (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કાપોત, (૪) તેજો, (૫) પદ્મ, (૬) શુક્લ
(૮) ઇન્દ્રિયો-૫ : દ્રવ્ય ઇન્દ્રિય-૧૦ (અભ્યન્તર નિવૃત્તિ-૫, બાહ્ય નિવૃત્તિ-૫)
અભ્યં.નિવૃત્તિની પાંચ - (૧) સ્પર્શન, (૨) રસન, (૩) ઘ્રાણ, (૪) ચક્ષુઃ, (૫) શ્રોત્ર
બાહ્ય નિવૃત્તિ-૫- (૧) સ્પર્શન, (૨) રસન, (૩) ઘ્રાણ (૪) ચક્ષુઃ (૫) શ્રોત્ર
ભાવઇન્દ્રિય-૧૦ - (લબ્ધિ-૫, ઉપયોગ-૫)
લબ્ધિની પાંચ - (૧) સ્પર્શન, (૨) રસન, (૩) ઘ્રાણ, (૪) ચક્ષુઃ, (૫) શ્રોત્ર
ઉપયોગની પાંચ - (૧) સ્પર્શન, (૨) રસન, (૩) ઘ્રાણ, (૪) ચક્ષુઃ, (૫) શ્રોત્ર
(૯) સમુદ્‌ઘાત-૭ : (૧) વેદના, (૨) કષાય, (૩) મરણ, (૪) વૈક્રિય, (૫) તૈજસ, (૬) આહારક, (૭) કેવલી
(૧૦) દૃષ્ટિ-૩ : (૧) મિથ્યા, (૨) મિશ્ર, (૩) સમ્યક્
(૧૧) દર્શન-૪ : (૧) ચક્ષુઃ દર્શન, (૨) અચક્ષુઃ દર્શન, (૩) અવધિ દર્શન, (૪) કેવલ દર્શન
(૧૨) જ્ઞાન-૫ : (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃ પર્યવજ્ઞાન, (૫) કેવળજ્ઞાન
(૧૩) અજ્ઞાન-૩ : (૧) મતિઅજ્ઞાન, (૨) શ્રુતઅજ્ઞાન, (૩) વિભંગજ્ઞાન
(૧૪) યોગ-૩ :(૧) મનયોગ (૨) વચનયોગ (૩) કાયયોગ
અથવા ૧૫ (૧) મનયોગ-૪ (૧) સત્ય, (૨) અસત્ય, (૩) સત્યાસત્ય, (૪) અસત્યઅમૃષા
(૨) વચનયોગ-૪ (૧) સત્ય, (૨) અસત્ય, (૩) સત્યાસત્ય, (૪) અસત્યઅમૃષા
(૩) કાયયોગ-૭ (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) ઔદારિક મિશ્ર, (૫) વૈક્રિય મિશ્ર, (૬) આહારક મિશ્ર, (૭) તૈજસકાર્મણ
(૧૫) ઉપયોગ-૧૨ : (૧) સાકારઉપયોગ-૮ (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન, (૫) કેવળજ્ઞાન (૬) મતિઅજ્ઞાન, (૭) શ્રુતઅજ્ઞાન, (૮) વિભંગજ્ઞાન
(૨) નિરાકારઉપયોગ-૪ (૧) ચક્ષુદર્શન, (૨) અચક્ષુદર્શન, (૩) અવધિદર્શન (૪) કેવળદર્શન

(૧૬) ઉપપાત : (૧) એક સમયમાં કેટલા ? (૨) કેટલો વખત નહી ?
(૧૭) ચ્યવન : (૧) એક સમયમાં કેટલા ? (૨) કેટલો વખત નહી ?
(૧૮) સ્થિતિ-૨ : (૧) જઘન્ય, (૨) ઉત્કૃષ્ટ
(૧૯) પર્યાપ્તિ-૬ : (૧) આહાર, (૨) શરીર, (૩) ઇન્દ્રિય, (૪) શ્વાસોશ્વાસ, (૫) ભાષા, (૬) મન
(૨૦) કિમાહાર-૪ : (૧) ત્રણ દિશાનો, (૨) ચાર દિશાનો, (૩) પાંચ દિશાનો, (૪) છ દિશાનો
(૨૧) સંજ્ઞા-૩ : (૧) હેતુવાદોપદેશિકી, (૨) દીર્ઘકાલિકી, (૩) દષ્ટિવાદોપદેશિકી
(૨૨) ગતિ : (૧) ક્યા દંડકમાંથી જાય ?
(૨૩) આગતિ : (૧) ક્યા દંડકમાંથી આવે ?
(૨૪) વેદ-૩ : (૧) પુરુષવેદ, (૨) સ્ત્રીવેદ, (૩) નપુંસકવેદ
(૨૫) અલ્પ-બહુત્વ : (પ્રાસંગિક)

## ઉપયોગી વ્યાખ્યાઓ

## (૧) શરીર - ૫

શરીર, દેહ, કાયા વગેરે પર્યાય નામો છે. શરીરનો શબ્દાર્થ નાશવંત થાય છે. शीर्यते यत्, तत् शरीरम् શરીર પાંચ છે. **ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ.**

**૧. औदारिक शरीर**- ઉદાર તે ઔદારિક શરીર. ઉદાર એટલે [૧]વિશાળ, [૨]ઉદારગુણ, [૩]ઉત્તમ, [૪]સ્થૂલ, [૫]ઉંચું.

---

૧ વિશાળ - દેવો અને નારકો સિવાય તમામ જીવોને હોય છે. તે શરીર તીર્થંકર ભગવંતો, ચક્રવર્તિઓ, ગણધરો, કેવળી મહારાજાઓ, વાસુદેવો, બળદેવો, પ્રતિવાસુદેવો, નારદો, રુદ્રો, વગેરે મહાપુરુષોને પણ હોવાનો વિશાળ ગુણ ધરાવે છે.

૨ ઉદારગુણ - મોક્ષ અને અનન્ત લબ્ધિઓ પણ આ શરીર મારફત જ મેળવી શકાય છે.

૩ ઉત્તમ - બીજા ચાર શરીરો કરતાં આ શરીર ઉત્તમ બાંધો, શરીરની સુંદરતા અને કાન્તિ (તીર્થંકરોની અપેક્ષાએ) ધારણ કરી શકે છે.

૪ સ્થૂલ - આઠ ગ્રહણ યોગ્ય વર્ગણાઓમાંની ઔદારિક શરીરપણે ગ્રહણ કરવા યોગ્ય વર્ગણામાં પુદ્‌ગલ પરમાણુઓ થોડા હોય છે. પરંતુ તેનો પરિણામ સ્થૂલ હોય છે. એવી સ્થૂલ વર્ગણાનું બનેલું હોવાથી સ્થૂલ.

૫ ઉંચું-મોટું - બીજા શરીરોની સ્વાભાવિક ઊંચાઈ કરતાં ઔદારિક શરીરની ઊંચાઈ સૌથી વધારે છે. એટલે કે હજાર યોજનથી પણ કંઈક અધિક ઊંચાઈ છે.

**૨. वैक्रिय शरीर** - વિક્રિયાવાળું તે વૈક્રિય. વિક્રિયા એટલે *જુદી જુદી ક્રિયાઓ અથવા વિશિષ્ટ = +અદ્ભુત ક્રિયાઓ, આ શરીર ઔદારિક કરતાં કંઈક વધારે સૂક્ષ્મ પુદ્ગલ વર્ગણાઓમાંથી રચાય છે. તેનું બંધારણ સ્વાભાવિક રીતે બંધાય છે, પરંતુ ઔદારિકની પેઠે તેમાં સાત ધાતુનો ક્રમ નથી હોતો.

**૩. आहारक शरीर** - *આમર્ષૌષધિ વગેરે લબ્ધિવાળા +ચૌદ પૂર્વધર મુનિ-મહાત્માઓજ ખાસ કરીને આહારક વર્ગણાના પુદ્ગલોનું આહરણ-ગ્રહણ કરીને બનાવે છે; માટે-તેનું નામ આહારક શરીર કહેવાય છે. આ શરીરની રચના કરવાનું પ્રયોજન એ હોય છે કે-તે પૂર્વધર પુરુષોને કોઈ પણ જાતનો સંશય પડે, ત્યારે શરીર બનાવીને દૂર કે નજીક વિચરતા કેવળી ભગવંતો કે તીર્થંકર ભગવંતો પાસે મોકલવા, તથા તીર્થંકર ભગવંતોની સમવસરણાદિક ઋદ્ધિ જોવા, એક હાથ જેવડું (મૂઠી વાળેલા એક હાથનું), વૈક્રિય શરીર કરતાં અતિશય દેદીપ્યમાન શરીર બનાવી મોકલે છે. ત્યાંજ વંદનાદિક કરી પાછું આવી આત્મપ્રદેશો મૂળ ઔદારિક શરીરમાં દાખલ થતાં તુરત જ વેરાઈ જાય છે. આ શરીર વખતે ઉત્તરવૈક્રિય શરીરની જેમ મૂળ અને બનાવેલા બન્ને ય શરીર વચ્ચે આત્મપ્રદેશોની લાંબી શ્રેણી થાય છે.

આ શરીરની વર્ગણાઓ વૈક્રિયશરીરની વર્ગણા કરતાં સૂક્ષ્મ અને તેજસ્વી હોય છે. આ શરીર આખા સંસારચક્રમાં ૪ વાર જ કરી શકાય છે.

**૪. तैजस शरीर** - તૈજસ્ વર્ગણાના પુદ્ગલોમાંથી આ શરીર રચાય છે. શરીરમાં અને જઠરમાં જે ગરમી જણાય છે, તે આ શરીરની છે. તપશ્ચર્યા વગેરેથી આ શરીરને એવું તૈયાર કરી શકાય છે કે-જેથી બીજાને ક્રોધથી શાપ આપી બાળી શકાય છે, અથવા અનુગ્રહબુદ્ધિથી બીજા બળતા પદાર્થોને ઠંડક

* **જુદી જુદી ક્રિયાઓ** - નાનું થઈ મોટું થાય, મોટું થઈ નાનું થાય, એક, અનેક, ભૂચર, ખેચર, ભારે, હલકું, દૃશ્ય, અદૃશ્ય, વગેરે અનેક ફેરફારવાળું થઈ શકે છે.

+ **અદ્ભુત** - લાખ જોજનથી પણ કાંઈક અધિકતા સુધી મોટું થઈ શકે છે. તેમજ દેવોના સૌન્દર્યની અપેક્ષાએ અદ્ભુત છે.

આ શરીર દેવો તથા નારકીને ભવપ્રત્યયિક હોય છે, અને લબ્ધિવાળા પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યો અને બાદર પર્યાપ્ત વાયુકાયને લબ્ધિપ્રત્યયિક હોય છે. લબ્ધિ પ્રત્યયિક બે પ્રકારનું છે-તપશ્ચર્યાદિકથી મુનિઓને હોય તે, ગુણપ્રત્યયિક. અને વાયુકાય, ચક્રવર્તિ અને વાસુદેવ વગેરેને તપશ્ચર્યાદિક વિના જ કાર્યપ્રસંગે બનાવી શકવાની શક્તિથી હોય, તે **લબ્ધિ પ્રત્યયિક** કહેવાય છે. દિગમ્બરો આને પણ **ભવપ્રત્યયિક** કહે છે.

* **આમર્ષૌષધિ** એટલે શરીરમાં કે તેના કોઈપણ અવયવમાં એવી લબ્ધિ ઉત્પન્ન થાય છે કે જેના સ્પર્શ માત્રથી જ સર્વે રોગો નાશ પામે છે.

+ આ લબ્ધિઓ વિના તથા ચૌદ પૂર્વધર વિના આહારક લબ્ધિ હોતી નથી.

આપી બુઝાવી પણ દઈ શકાય છે. તે વખતે તેનું નામ **તેજોલેશ્યાની લબ્ધિ** અને **શીતલેશ્યાની લબ્ધિ** કહેવાય છે.

આ શરીર કાર્મણ શરીર સાથે અનાદિકાળનો સંબંધ ધરાવે છે, અને આહારક શરીરની વર્ગણા કરતાં આ શરીરની વર્ગણામાં પરમાણુઓ વધારે હોય છે. છતાં પરિણામ તેના કરતાં સૂક્ષ્મ હોય છે.

**૫. कार्मण शरीर** - જીવ દરેક સમયે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરી આત્મા સાથે તે જ વખતે બાંધે છે. તેનું નામ **કર્મબંધ** કહેવાય છે. આવી રીતે તૈજસ વર્ગણા કરતાં અત્યંત સૂક્ષ્મ કાર્મણ વર્ગણાના આત્મા વડે ગ્રહણ કરાતા પુદ્‌ગલોના એક જાતના સમૂહની એક જાતની આઠેય કર્મપણે વહેંચણી થઈ શકે એવી ગોઠવણી થાય છે કે જેને ***કાર્મણ શરીર** કહેવાય છે.

## (૨) અવગાહના - ૨

અવગાહના એટલે લંબાઈ, ઊંચાઈ. તે ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) અને જઘન્ય (ઓછામાં ઓછી) એમ બે પ્રકારે છે. તે મૂળ શરીરની અને ઉત્તર શરીરોની પણ હોય છે.

## (૩) સંઘયણ - ૬

સંઘયણ = હાડકાનો બાંધો. संघयणमट्ठिनिचओ તે છ હોય છે. (૧) વજ્ર-ઋષભનારાચ, (૨) ઋષભનારાચ, (૩) નારાચ, (૪) અર્ધનારાચ, (૫) કીલિકા, (૬) સેવાર્ત = છેવટ્ઠું.

**૧ વજ્રઋષભનારાચ**-વજ્ર = ખીલો : ઋષભ = પાટો, નારાચ = બન્નેય બાજુ મર્કટબંધ = એટલે વાંદરીને તેનું માંકડું (બચ્ચું વાંદરૂં) બરાબર વળગી રહે છે. તેના જેવો બાંધો તે મર્કટબંધ એટલે કે-મર્કટબંધ ઉપર પાટો વીંટી, તેના ઉપર આરપાર ખીલો મારીએ, અને જેવી મજબૂતી થાય, તેના જેવો મજબૂત હાડકાનો બાંધો-તે **વજ્રઋષભનારાચ સંઘયણ.**

**૨ ઋષભનારાચ**-(વજ્ર=ખીલી વિના) મર્કટબંધ ઉપર પાટો હોય એવી મજબૂતીવાળો હાડકાનો બાંધો તે **ઋષભનારાચ સંઘયણ.**

---

* આ શરીર આત્મા સાથે અનાદિકાળથી જોડાયેલું છે. ભવ્યને મોક્ષમાં જતાં સુધી અને અભવ્યને અનંતકાળ પર્યંત સાથે રહે છે. આ શરીર જ્યાં સુધી હોય ત્યાં સુધી કર્મબંધ થાય અને ઉપરનાં ચારેય શરીરો ધારણ કરવાં પડે છે. આ શરીર ક્યાંય રોકાતું નથી. એટલે કે તે પ્રતિઘાત રહિત છે. તેમજ કોઈને રોકતું પણ નથી. આ શરીર સીધી રીતે ધર્મ-અધર્મ-કર્મબંધ-કર્મનિર્જરા, સુખ, દુઃખ, હિંસા વગેરે કાંઈ કરી શકતું નથી. પરભવમાં જીવની સાથે તૈજસ, કાર્મણ એ બે શરીરો સાથે હોય છે, અને ઉત્પન્ન થતાંની સાથે જ એ બે શરીરોની મદદથી પ્રથમ સમયે જીવ આહાર ગ્રહણ કરે છે.

૩ नाराच-માત્ર મર્કટબંધની મજબૂતી જેવી મજબૂતીવાળો હાડકાનો બાંધો.

૪ अर्धनाराच - અરધા મર્કટબંધની મજબૂતી જેવી મજબૂતીવાળો હાડકાનો બાંધો.

૫ कीलिका - મર્કટબંધ વગરના બે સાંધા ઉપર આરપાર ખીલો ઘાલેલો હોય, તેના જેવી મજબૂતી જેવો મજબૂત બાંધો.

૬ छेदस्पृष्ट અથવા सेवार्त्त - સંધિસ્થાને સામસામા આવેલા બે છેડા ખાંડણીમાં રાખેલા મુશળની પેઠે એક છેડાની ખોભણમાં બીજા છેડાનો બૂઠો ભાગ સ્હેજ ઉતરીને- *સ્પર્શીને રહેલ હોય છે, માટે छेदस्पृष्ट (= અસ્થિના બે છેડા વડે સ્પર્શેલ) સંઘયણ કહેવાય છે. અથવા જે સાંધા તૈલાદિકના મર્દનરૂપી सेवाथी आर्त એટલે પીડાયા છતાંજ (એટલે મર્દનાદિકથીજ) દૃઢ રહે છે, તેથી सेवार्त्त કહેવાય છે. તથા छेदवर्त्ति અથવા छेदवृत्त (છેદ એટલે અસ્થિના પર્યન્ત ભાગ, તે વડે વૃત્ત = વર્તનારૂં તે) એવાં પણ નામ છે.

## (૪) સંજ્ઞા-૪-૬-૧૦ અથવા૧૬

संज्ञानम् જીવની ચેતના જેથી જાણી શકાય, તે संज्ञा - ચેતના. તે બે પ્રકારની છે. મતિજ્ઞાન આદિ ૮ જ્ઞાન, તે ज्ञानसंज्ञा, અને મોહનીય આદિ કર્મના ઉદયથી અથવા ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ, તે अनुभवसंज्ञा[૧] ૪-૬-૧૦ અને ૧૬ પ્રકારની છે. તે આ પ્રમાણે-

| સંજ્ઞાઓ | કયા કર્મના ઉદયથી ? |
|---|---|
| ૧ आहार-ખાવાની ઈચ્છા | અશાતાવેદનીયના ઉદયથી |
| ૨ भय-બીક | ભય મોહનીયના ઉદયથી |
| ૩ मैथुन-વિષયસેવનની ઈચ્છા | વેદ મોહનીયના ઉદયથી |
| ૪ परिग्रह-સંગ્રહની ઈચ્છા | લોભ મોહનીયના ઉદયથી |
| ૫ ओघसंज्ञा-૧ પૂર્વસંસ્કાર[૨] ૨મોઘમં-મુંગું ૩ સામાન્ય શબ્દ-અર્થનું ભાન ૪ (દર્શનોપયોગ) | મતિ જ્ઞાનાવરણીયના તથા દર્શનાવરણીયના ક્ષયોપશમથી |

* એ પ્રમાણે ખાંડણીમાં મુશળવત્ સ્પર્શીને રહેલ હોવાથી જ હાડને તાણતાં અથવા પડી જતાં ખોભણમાંથી નિકળી આવેલા હાડને "હાડકું ઉતરી ગયું" એમ કહેવામાં આવે છે.

૧. સિદ્ધાન્તોમાં અનુભવસંજ્ઞા માટે संज्ञा એટલે अभिलाष અર્થ કર્યો છે.

૨. વેલડીઓ સપાટ જમીન છોડી ભીંત, વૃક્ષ અથવા વંડી ઇત્યાદિ ઉપર ચઢે છે, તે (અથવા બાળકો જન્મતાં જ સ્તનપાન કરે છે) ઇત્યાદિ ओघसंज्ञा છે.

| | |
|---|---|
| ૬ લોકસંજ્ઞા-(૧) લોકવ્યવહારને[1] અનુસરવાની વૃત્તિ (૨) શબ્દઅર્થનું વિશેષજ્ઞાન (૩) (જ્ઞાનોપયોગ) | મતિજ્ઞાનાવરણીયના તથા દર્શનાવરણીયના ક્ષયોપશમથી |
| ૭-૮-૯-૧૦ ક્રોધ, માન, માયા, લોભ | કષાયમોહનીયના ઉદયથી |
| ૧૧ મોહ-મમત્વ | મોહનીયના ઉદયથી |
| ૧૨ ધર્મ-ધર્મ કરવાની વૃત્તિ | મોહનીયના ક્ષયાદિથી |
| ૧૩ સુખ-સુખની-આનંદની લાગણી | રતિ મોહનીયના ઉદયથી |
| ૧૪ દુઃખ-દુઃખની લાગણી | અરતિમોહનીયના ઉદયથી |
| ૧૫ જુગુપ્સા-કંટાળાની લાગણી | જુગુપ્સા મોહનીયના ઉદયથી |
| ૧૬ શોક-દિલગીરીની લાગણી | શોકમોહનીયના ઉદયથી |

જીવ જે સંજ્ઞિ અથવા અસંજ્ઞિ કહેવાય છે. તે આ અનુભવસંજ્ઞાઓથી નહિં પણ આગળ કહેવાતી દીર્ઘકાલિકી આદિ સંજ્ઞાઓથી છે.

તથા આ સંજ્ઞાઓમાંથી દેવને મુખ્યત્વે પરિગ્રહસંજ્ઞા અને લોભસંજ્ઞા છે, નારકને ભયસંજ્ઞા તથા ક્રોધસંજ્ઞા છે. તિર્યંચોને આહાર તથા માયા સંજ્ઞા અને મનુષ્યોને મુખ્યત્વે મૈથુનસંજ્ઞા અને માનસંજ્ઞા છે.

## (૫) સંસ્થાન-૬

સામુદ્રિક શાસ્ત્રમાં કહેલા પ્રમાણ યુક્ત અથવા પ્રમાણ રહિત થયેલો શરીરનો જે આકાર તે સંસ્થાન, તે ૬ પ્રકારનાં છે, તે આ પ્રમાણે-

૧. **સમચતુરસ્ર સંસ્થાન** - શરીરના સર્વ અવયવો સામુદ્રિક શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે[2] પ્રમાણસર હોય, તે સમચતુરસ્ર સંસ્થાન કહેવાય, ગર્ભજ મનુષ્યને અંગે વિચારીએ તો પર્યંકાસને (પદ્માસન વાળી) બેઠેલા મનુષ્યના ડાબા ઢીંચણથી જમણો ખભો, જમણા ઢીંચણથી ડાબો ખભો, ડાભા ઢીંચણથી જમણો

૧. કૂતરા યક્ષ છે, કૂતરા યમને દેખે છે. બ્રાહ્મણો દેવ છે, કાગડા ઋષિ અથવા પૂર્વજ છે, મયૂરીને મોરની પાંખના વાયુથી અથવા મોરનાં આંસુ ચાટવાથી ગર્ભ રહે છે. કર્ણ કાનમાંથી થયો, અગસ્ત્ય ઋષિ સમુદ્ર પી ગયા. ઈત્યાદિ અનેક લૌકિક કલ્પનાઓ તે લોકસંજ્ઞા.

૨. પુરુષ પોતાના અંગુલથી ૧૦૮ અંગુલ ઉંચો હોય, તેમાં પણ ગુલ્ફ (એડી ઉપરનો ઢેકાનો ભાગ) ૪ અંગુલ, જંઘા (એડીથી ઉપરનો અને ગુડાથી નીચેનો દીર્ઘ ભાગ) ૨૪ અંગુલ, જાનુ (ગુડાનો ઢેકો) ૪ અંગુલ, સાથલ ૨૪ અંગુલ, બસ્તિ (કુલાનો ભાગ) ૧૨ અંગુલ, ઉદર ૧૨ અંગુલ, છાતી ૧૨ અંગુલ, ગ્રીવા (કંઠ-ડોક) ૪ અંગુલ અને મુખ ૧૨ અંગુલ, એ રીતે ૧૦૮ અંગુલની ઉંચાઈ ગણવી. તથા પગતળીયું અંગુઠા સહિત ૧૪ અંગુલ દીર્ઘ, અને ૬ અંગુલ વિસ્તૃત, કેડની લંબાઈ ૧૮ અંગુલ, છાતીનો વિસ્તાર ૨૪ અંગુલ, અંગુલિ સહ હાથની

ઢીંચણ, અને પર્યંકાસનના મધ્ય ભાગથી નાસિકાનો અગ્રભાગ. એ ચારેય માપમાં સરખાં હોય તો [सम=સરખાં ચતુઃ=(બે ખભા બે ઢીંચણ રૂપ) ૪-ચાર, अस्र=બાજુ અથવા ખુણાવાળું] સમચતુરસ્ર સંસ્થાન કહેવાય.

૨. न्यग्रोध परिमंडल-(न्यग्रोध એટલે વડવૃક્ષની પેઠે परिमंडल એટલે ચારે તરફ ઉપરથી મંડલાકાર અર્થાત્) નાભિથી ઉપરના અવયવો પ્રમાણયુક્ત હોય અને નાભિથી નીચેના અવયવો (વડના થડની પેઠે) પ્રમાણ રહિત હોય, તે **ન્યગ્રોધ સંસ્થાન** કહેવાય.

૩. सादि-પગના તળીયા ઉપરથી નાભિ સુધીનો=आदि એટલે શરીરનો પહેલો અર્ધભાગ પ્રમાણયુક્ત હોય અને ઉપરનો અર્ધભાગ પ્રમાણ રહિત હોય તે सादि સંસ્થાન. આ સંસ્થાનને કેટલાક ગ્રંથકારો साची (= શાલ્મલીવૃક્ષના આકારવાળું) પણ કહે છે.

૪. वामन-મસ્તક-ગ્રીવા-હાથ અને પગ એ ૪ અવયવ પ્રમાણયુક્ત હોય, અને શેષ (પીઠ, ઉદર અને છાતી) અવયવો પ્રમાણરહિત હોય, તે **વામન સંસ્થાન.**

૫. कुब्ज-વામનથી વિપરીત (એટલે મસ્તક આદિ ૪ અવયવો પ્રમાણ રહિત હોય, અને પીઠ વગેરે શેષ અવયવો પ્રમાણયુક્ત હોય તે **કુબ્જ સંસ્થાન.**

૬. हुंडक-પ્રાયઃ સર્વ અવયવો પ્રમાણ રહિત હોય તે **હુંડક સંસ્થાન.**

## (૬) કષાય-૪

કષાય એટલે મલિનતા, કર્મબંધનું મુખ્ય કારણ કષાયરૂપી આત્માની વૈભાવિક મલિનતા છે. અને કર્મો સંસારનું કારણ છે. તેથી कष નો એટલે કર્મનો કે સંસારનો. आय એટલે લાભ અપાવનાર, તે **કષાય.** તે ક્રોધ-માન-માયા-લોભ એ ચાર પ્રકારના પ્રસિદ્ધ છે.

## (૭) લેશ્યા-૬

કેટલાક માણસો કેટલીકવાર ઘણા ક્રોધી હોય છે, કોઈક કપટી હોય છે. કોઈક લોભ કરે છે. કોઈક અભિમાન કરે છે. વગેરે લાગણીઓ અમુક અમુક નિમિત્તોથી ઉત્પન્ન થાય છે, તેનું નામ તો કષાય કહેવાય છે. છતાં પ્રાણીમાત્રના સ્વભાવનું જન્મથી એક જાતનું બંધારણ બંધાયેલું હોય છે. એટલે કે પ્રસંગ આવતાં પ્રાણીઓ કષાયો કરે છે, પરંતુ જન્મથી જ અમુક જાતનો

---

લંબાઈ ૪૬ અંગુલ, મસ્તકની લંબાઈ ૩૨ અંગુલ, જંઘાનો પરિધિ ૧૮ અંગુલ, જાનુનો પરિધિ ૨૧ અંગુલ, સાથળનો પરિધિ ૩૨ અંગુલ, નાભિ નીચેનો પરિધિ ૪૬ અંગુલ, છાતી અને પીઠ બે મળીને પરિધિ ૫૬ અંગુલ તથા ગ્રીવાનો પરિધિ ૨૪ અંગુલ ઇત્યાદિ રીતે અંગોપાંગનાં બીજાં પણ નાનાં નાનાં પ્રમાણ અનેક છે.

સ્વભાવ હોય જ છે. જેમકે-કોઈ પ્રાણી શાંત-ઠંડો, ઉગ્ર-આકરો, ઘાતકી-ક્રૂર, દયાળુ, ધીમો-ઉતાવળો હોય છે. આ સ્વભાવના બંધારણને **લેશ્યા** કહે છે.

કર્મગ્રંથના અભિપ્રાયથી આઠ કર્મો અને તેના પેટા ભેદો પાડ્યા છે. તેમાં લેશ્યાના કર્મો અને તેના વિપાકો બતાવ્યા નથી. તો લેશ્યા એ શો પદાર્થ છે? એ પુદ્ગલની અસર છે? કે જીવાત્માની અસર છે? એ ખાસ શંકા થાય તેમ છે.

ત્યારે, લેશ્યા એ [1]લૌકિક વ્યવહાર ઉપરથી કરવામાં આવેલું લાગણીઓનું પૃથક્કરણ છે. અને કષાયો, એ કર્મગ્રન્થશાસ્ત્રની દૃષ્ટિથી કરવામાં આવેલું પૃથક્કરણ છે. એટલે કે લેશ્યા એ એક જાતના કષાયો જ છે. કષાયોમાં તેનો સમાવેશ છે. અને કષાયો પણ એક જાતની લેશ્યાઓ છે. એટલે કે-કષાયોના કર્મપુદ્ગલોમાં ભળેલા કાળા વગેરે રંગના જે કર્મપુદ્ગલો, તે **દ્રવ્યલેશ્યા** છે. અને તે દ્રવ્યલેશ્યાથી ઉત્પન્ન થતા પ્રાણીઓના સ્વભાવો તે **ભાવલેશ્યા** છે.

(લેશ્યાને કષાયાન્તર્ગત ગણીએ તો ૧૧ મે થી ૧૩ મા ગુણઠાણા સુધી શુદ્ધ આત્મભાવને ઉપચારથી શુક્લલેશ્યા ગણી શકાય. અથવા શાસ્ત્રમાં ત્રણ યોગમાં પણ લેશ્યાના પુદ્ગલોને અન્તર્ગત ગણ્યા છે. તો ૧૩મા ગુણઠાણા સુધી યોગો હોવાથી એ અપેક્ષાએ પણ ત્યાં સુધી લેશ્યા છે.

| લેશ્યાઓ દ્રવ્યલેશ્યા નાં નામ | વર્ણ | ગંધ | રસ | સ્પર્શ | ભાવલેશ્યા ની લાગણી |
|---|---|---|---|---|---|
| કૃષ્ણ | અતિકાળો | અતિદુર્ગંધી | અતિકડવો | અતિકઠોર | અતિક્રૂર |
| નીલ | ઓછોકાળો | ઓછોદુર્ગંધી | ઓછોકડવો | ઓછોકઠોર | કાંઈક ઓછો ક્રૂર |
| કાપોત | ભૂરો | અલ્પદુર્ગંધી | અલ્પકડવો | અલ્પકઠોર | અલ્પક્રૂર |
| તેજો | લાલ | કાંઈક સુગંધી | કાંઈક મીઠો | કાંઈક સુંવાળો | કાંઈક શાન્ત |
| પદ્મ | ખુલતો પીળો | સુગંધી | મીઠો | સુંવાળો | શાન્ત |
| શુક્લ | અતિ સફેદ | અતિ સુગંધી | અતિ મીઠો | અતિ સુંવાળો | અતિ શાન્ત |

૧. જૈનશાસ્ત્રમાં આવી રીતે ઘણા પૃથક્કરણો જોવામાં આવે છે. જેમ કે-સંજ્ઞાઓ, એ એક જાતના મતિજ્ઞાનના જ પ્રકારો છે. પરંતુ મતિ-શ્રુત વગેરે જ્ઞાન અને લાગણીઓ વિષેના શાસ્ત્રીય પદ્ધતિસરના જ્ઞાનના અભાવવાળા અભ્યાસીને પ્રાણીઓમાં જણાતી એ ચેતનાશક્તિઓ વિષે કેવી રીતે સમજાવી શકાય? ત્યારે ચાર-દશ-અને સોળ સંજ્ઞાઓના ભેદથી એ વાત સમજાવેલી છે. અને શાસ્ત્રીય પદ્ધતિથી જાણકારને કર્મગ્રન્થમાંના સિદ્ધાંતોથી સમજતાં એ બધું આવી જ જાય છે.

એટલે કે-ત્રણ અશુભ અને ત્રણ શુભ લેશ્યાઓ હોય છે. ચૌદમા અયોગી ગુણસ્થાનક સિવાયના બીજા કોઈ પણ ગુણસ્થાનકે વર્તનાર મનુષ્યોને તથા પાંચમા ગુણસ્થાનક સુધીના તિર્યંચોને ઉપરની સંભવતી કોઈને કોઈ લેશ્યા અન્તર્મુહૂર્તે અંતર્મુહૂર્તે ફરતી હોય છે. તેમજ દેવતા-નારકીની લેશ્યા પાછલા ભવમાં અગાઉ અને આગામિ ભવમાં અન્તર્મુહૂર્ત સુધી સાથે હોય છે.

**લેશ્યાની લાગણીઓ સમજવાને [1]જાંબૂ ખાવાની ઈચ્છાવાળા છ ભૂખ્યા માણસો અને છ [2]ધાડ પાડનારાઓના દૃષ્ટાંત બહુ ઉપયોગી છે.**

## (૮) ઈન્દ્રિયો-૫

કોઈ પણ પ્રાણીમાં રહેલા આત્માની ચૈતન્યશક્તિ છદ્મસ્થ જીવો ઈન્દ્રિયો દ્વારા જ જાણી શકે છે. માટે ઈન્દ્રિયો એ આત્માને ઓળખવાની નિશાની છે, તે ઉપરથી ઈન્દ્રિય શબ્દનો-ઈન્દ્ર એટલે આત્મા અને તેને ઈય પ્રત્યય-તેના ચિહ્ન અર્થમાં લાગીને ઈન્દ્રિય શબ્દ બનેલો છે, તેથી ઈન્દ્રિય એટલે આત્માનું ચિહ્ન એવો શબ્દાર્થ થાય છે.

૧ દરેક જીવતા શરીરમાં-ઠંડો, ઉનો વગેરે ૮ પ્રકારના સ્પર્શો ઓળખવાને સ્પર્શનેન્દ્રિય તો હોય છે. શરીરમાં એ ઈન્દ્રિય અંદર અને બહાર બધે ય સૂક્ષ્મ આકારથી ફરી વળેલ હોય છે. શરીર ઉપરની ચામડી વગેરેમાં તે ફેલાયેલ છે. એટલે તેનો બાહ્ય આકાર કોઈપણ જાતનો જણાતો નથી, તો પણ વ્યવહારથી બાહ્ય ચામડીને લોકમાં **સ્પર્શનેન્દ્રિય** કહે છે. શરીરની અંદરનો કે બહારનો કોઈપણ ભાગ એ ઈન્દ્રિય વિના ખાલી નથી. એટલે કે-શરીરના અંદરના જઠર, હૃદય વગેરે કોઈપણ અવયવ ઉપર ઉનું પાણી રેડીએ, તો તેને ઉષ્ણતા જણાયા વિના નહીં રહે.

૨ એકેન્દ્રિય સિવાયના જીવોને મધુર, તીખો, કડવો વગેરે રસો ચાખવાને રસનેન્દ્રિય પણ હોય છે. સામાન્ય રીતે પ્રાણીઓના મોઢામાં જણાતી જીભ **રસનેન્દ્રિય** કહેવાય છે.

| ૧. જાંબુ ખાનારાના છ અભિપ્રાયો | ૨. ધાડ પાડનારાના છ અભિપ્રાયો |
|---|---|
| ૧ ઝાડને મૂળથી ઉખેડી નાખીએ. | ૧ માણસો અને ઢોરો બધાંને કાપી નાંખો. |
| ૨ ના, મોટી મોટી ડાળીઓ તોડીએ. | ૨ ના, માત્ર માણસોને જ કાપો. |
| ૩ ના, નાની ડાળીઓ તોડીએ. | ૩ ના, સ્ત્રીઓને તો ન જ મારવી. |
| ૪ ના, જાંબૂના લુમખા નીચે પાડીએ. | ૪ ના, શસ્ત્રધારી સિવાય બધા પુરૂષોને પણ નહીં. |
| ૫ ના, માત્ર ફળો જ નીચે પાડીએ. | ૫ ના, સ્હામે થનારા જ શસ્ત્રધારીઓને મારવા. |
| ૬ ના, માત્ર નીચે પડેલાં જ ખાઈએ. | ૬ ના, કોઈને માર્યા વિના માત્ર ધન-માલ લુંટીને ચાલ્યા જવું. |

૩ એકેન્દ્રિય, બેઇન્દ્રિય સિવાયના જીવોને સુગન્ધ, દુર્ગંધ સુંઘવાને ઘ્રાણેન્દ્રિય પણ હોય છે. સામાન્ય રીતે નાકને **ઘ્રાણેન્દ્રિય** કહેવામાં આવે છે.

૪ એકેન્દ્રિય, બેઇન્દ્રિય અને તેઇન્દ્રિય સિવાયના પ્રાણીઓને શ્વેત, રક્ત, પીત, વગેરે વર્ણો-રંગો જોવાને ચક્ષુરિન્દ્રિય પણ હોય છે. સામાન્ય રીતે આંખને **ચક્ષુરિન્દ્રિય** કહેવામાં આવે છે.

૫ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સિવાયના પ્રાણીઓને શબ્દો-ધ્વનિ સાંભળવાને શ્રોત્રેન્દ્રિય વધારે હોય છે. સામાન્ય રીતે કાનને **શ્રોત્રેન્દ્રિય** કહેવામાં આવે છે.

## ઇન્દ્રિયોનો ઉપયોગ

આપણને એમ લાગે છે કે-આપણાં આંખ, કાન, નાક, જીભ અને ચામડી આપણને દેખાડે છે, સંભળાવે છે, સુંઘાડે છે, ચખાડે છે અને સ્પર્શનો અનુભવ કરાવે છે, પરંતુ કેવળ એમ થતું નથી.

**દાખલા તરીકે**-બે આંધળા માણસની જીભના ટેરવા ઉપર ધોળી ચળકતી જુદી જુદી જાતની બે કણીઓ મૂકીશું, તો એક કહેશે કે-"આ ગળી છે." અને બીજો કહેશે કે-"આ ખાટી છે." કેમકે પહેલી કણી સાકરની હતી, અને બીજી કણી ફટકડીની હતી, તો એ ગળપણ અને ખટાશ નક્કી કરી આપનાર કોણ ? ત્યારે તમે કહેશો જ, કે-જીભ.

પરંતુ કેવળ એમ નથી. જીભને બદલે જો એ કણી નાકમાં મૂકી હોત તો "આ ગળી છે." એમ તો તે ન જ કહી શકત. એટલે જીભ જો કે ગંધની પરીક્ષા કરી શકતી નથી. પણ સ્વાદ ઓળખવામાં તો ઉપયોગી છે જ. તેના વિના સ્વાદ જણાય જ નહીં. પણ જીભ કાંઈ એકલી એ કામ આપી શકતી નથી.

જીભની અંદર અસ્ત્રાની ધાર જેવો સૂક્ષ્મ જ્ઞાનતન્તુનો આકાર છે. તેની સાથે જીભ ઉપર મૂકાયેલી સાકરનો સંબંધ થાય છે, તે જ વખતે ગળ્યો રસ જાણવાની આત્મામાં રહેલી જ્ઞાનશક્તિ જાગ્રત થઈને તરત તેને જાણી લઈને બીજી જ્ઞાનશક્તિને લીધે મનમાં નિશ્ચય થાય છે કે "આ ગળ્યો રસ છે."

## દ્રવ્ય અને ભાવ ઇન્દ્રિયો

હવે આમાં-મુખ્ય બે કામ થયાં. શરીરનું અને આત્માનું. જીભ અને તેની અંદરનો સૂક્ષ્મ આકારનો અવયવ એ બંનેય શરીરના તત્ત્વોમાંથી બનેલ છે, અને તેને લીધે આત્માનો જે જ્ઞાનગુણ જાગી ઉઠે છે, એ આત્માનું જ્ઞાન તત્ત્વ છે. ગળ્યો રસ જાણવાને જ્ઞાનશક્તિ તો આત્મામાં હોય છે, પરંતુ તે નિમિત્ત મળતાં જાગી ઉઠે છે. અને પછી બરાબર વસ્તુનું સ્વરૂપ જાણી લઈ, મનથી નક્કી કરે છે, તે પણ એક જાતના જ્ઞાનગુણની જાગૃતિ છે.

આમાં જીભ અને તેની અંદરનો અવયવ એ નિવૃત્તિ દ્રવ્ય ઇન્દ્રિય કહેવાય છે. તેમાં પોતાનો જ વિષય જાણવાની જે અમૂક શક્તિ છે, તેને ઉપકરણ દ્રવ્ય ઇન્દ્રિય કહે છે. હવે નિવૃત્તિ દ્રવ્ય ઇન્દ્રિયમાં જીવનો બાહ્ય અવયવ બાહ્ય નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય કહેવાય છે અને અંદરનો અવયવ-અભ્યન્તર નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય રૂપે ઉત્પન્ન થયેલ છે. અને કામમાં આવતી વિષય જાણવાની શક્તિને ઉપકરણ એટલા માટે કહેવાય છે કે તે શક્તિથી એ બાહ્ય અને અભ્યન્તર અવયવો પણ વસ્તુ જાણવા સમર્થ થઈ શકે છે.

હવે આત્મામાં રહેલી જ્ઞાનશક્તિ અને તેની જાગૃતિને ભાવેન્દ્રિય કહેવાય છે. તે જિહ્વેન્દ્રિય મતિજ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ કહેવાય છે. અને તે એક જાતની શક્તિરૂપે હોવાથી તેનું નામ લબ્ધિ ભાવેન્દ્રિય કહેવાય છે. લબ્ધિ એટલે શક્તિ.

શક્તિ આત્મામાં હોવા છતાં જ્યાં સુધી તેનો ઉપયોગ કરવાનો પ્રસંગ નથી મળતો ત્યાં સુધી એ શક્તિ એમ ને એમ પડી રહે છે, પરંતુ જીભ ઉપર સાકરની કણી મૂક્તાની સાથે જ એ શક્તિ જાગી ઉઠે છે. તે જાગી ઉઠવાનું નામ ઉપયોગ ભાવેન્દ્રિય છે.

આ રીતે કોઈ પણ ઇન્દ્રિયનો ૨૩ માંના પોતપોતાના વિષય સાથે બાહ્ય આકાર મારફત અંદરના આકાર સાથે સંબંધ થાય છે, અને પોતાની શક્તિથી પોતાના વિષય પુરતો જ જાણવાનો પ્રયત્ન દ્રવ્ય ઇન્દ્રિય કરે છે કે તુરત તેની અસર આત્મામાં રહેલા ક્ષયોપશમ ઉપર થાય છે, અને તે જાગૃત થઈ "આ ગળ્યું છે." એમ જાણીને નિશ્ચય કરે છે કે-"મેં ગળ્યો રસ ચાખ્યો" તથા આ છેલ્લો નિર્ણય શબ્દમાં ગોઠવવો, તે શ્રુતજ્ઞાનનો ઉપયોગ સમજવો. પરંતુ શબ્દમાં ગોઠવાય નહિ છતાં નિશ્ચય થાય, ત્યાં સુધી જિહ્વેન્દ્રિયના નિમિત્તથી ઉત્પન્ન થતો જિહ્વેન્દ્રિય મતિજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમનો ઉપયોગ સમજવો.

આ પ્રમાણે-દરેક ઇન્દ્રિયો માટે સમજી લેવું. માત્ર દ્રવ્ય ઇન્દ્રિયોના બાહ્ય આકારો પ્રાણીઓમાં જુદા જુદા જોવામાં આવે છે. જેમ કે હાથીની સુંઢ એ તેનું લાંબું નાક છે. ત્યારે માણસોને જુદી જાતનું છે. વળી પશુઓ તથા પક્ષીઓને તેથી જુદી જ જાતનું હોય છે. એમજ જીભ વિષે-સર્પને જીભમાં ચીરો છે. આંખો વિષે પણ-કોઈની ગોળ હોય છે, અને કોઈની લંબગોળ હોય છે.

સ્પર્શનેન્દ્રિયને બાહ્યનિવૃત્તિ આકાર જુદો નથી. કેમકે શરીર અને ઇન્દ્રિય જુદા જુદા છે. અને ચામડી શરીરમાં ગણાય છે. બાહ્ય આકારો જુદા છતાં અભ્યન્તર નિવૃત્તિ ઇન્દ્રિયમાં નીચે પ્રમાણે સૌ પ્રાણીઓને એક સરખા આકારો હોય છે.

(૧) સ્પર્શનેન્દ્રિયનો - અભ્યન્તર આકાર જુદા જુદા આકારે છે.
(૨) રસનેન્દ્રિયનો - ક્ષુરપ્ર (અસ્ત્રો અથવા ખરપી) જેવો.
(૩) ઘ્રાણેન્દ્રિયનો - પડઘમ (વાદ્ય) જેવો.
(૪) ચક્ષુરિન્દ્રિયનો - ચંદ્રના આકાર (કીકીમાં છે) જેવો.
(૫) શ્રોત્રેન્દ્રિયનો - કદમ્બના પુષ્પના જેવો આકાર છે.

આ રીતે દરેક ઇન્દ્રિયોમાં સ્પર્શનેન્દ્રિયના ૪ ભેદ અને બીજીના પાંચ ભેદ ગણતાં ૨૪ ભેદો કુલ થશે, જેમકે :-

- જિહ્વા-ઇન્દ્રિય
  - દ્રવ્યજિહ્વેન્દ્રિય
    - ઉપકરણજિહ્વેન્દ્રિય (૧)
    - નિવૃત્તિજિહ્વેન્દ્રિય
      - બાહ્યનિવૃત્તિજિહ્વેન્દ્રિય (૨)
      - અભ્યન્તર નિવૃત્તિજિહ્વેન્દ્રિય (૩)
  - ભાવજિહ્વેન્દ્રિય
    - લબ્ધિજિહ્વેન્દ્રિય (૪)
    - ઉપયોગજિહ્વેન્દ્રિય (૫)

## (૯) સમુદ્ઘાત - ૭

જીવ સમુદ્ઘાત અને અજીવ સમુદ્ઘાત એમ ૨ પ્રકારના સમુદ્ઘાત છે. આગળ કહેવાતા કેવલિ સમુદ્ઘાતની રીત પ્રમાણે કોઈક અનંત પરમાણુઓનો બનેલો અનન્ત પ્રદેશી સ્કંધ તથાવિધ વિશ્રસા પરિણામ વડે (સ્વાભવિક રીતે) ચાર સમયમાં સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઈ પુનઃ બીજા ચાર સમયમાં અનુક્રમે સંહરાઈ મૂળ અવસ્થાવાળો એટલે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણનો થાય છે, તે અહિં અજીવ સમુદ્ઘાત ગણાય. એ સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થવાની યોગ્યતાવાળા અથવા વ્યાપ્ત થયેલા પુદ્ગલસ્કંધો અનન્ત છે. અને તે સર્વે अचितमहास्कंध ના નામથી ઓળખાય છે.

समुद्घात = બળાત્કારે આત્મપ્રદેશો એકાએક બહાર નીકળી પડી, વધારે પડતા જુના કર્મોની ઉદીરણા કરી, ભોગવી નાશ કરવાનો પ્રયત્ન, सम् = એકી સાથે, उत् = જોરથી-પ્રબળતાથી घात = નાશ-કર્મોનો નાશ, જે પ્રયત્નમાં થાય, તે સમુદ્ઘાત.

### સમુદ્ઘાતો - ૭

૧ वेदना समुद्घात = (અશાતાવેદનીયની) વેદના વડે વ્યાકુળ થયેલો આત્મા, જે પ્રસંગે પોતાના કેટલાક આત્મપ્રદેશો બહાર કાઢી ઉદર વગેરેના પોલાણ

---

૧ બાહ્યનિવૃત્તિ જિહ્વેન્દ્રિય = બહાર દેખાતી જીભ.

૨ અભ્યંતરનિવૃત્તિ જિહ્વેન્દ્રિય = જીભમાં રહેલો અસ્ત્રા જેવો આકાર.

૩ ઉપકરણ જિહ્વેન્દ્રિય = બહારના તથા અંદરના આકારમાં રહેલી તલવારની ધારમાં કાપવાની શક્તિની જેમ વિષય પકડવાની શક્તિ.

૪ લબ્ધિભાવજિહ્વેન્દ્રિય = જિહ્વેન્દ્રિય મતિજ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમ અનુસાર જિહ્વેન્દ્રિય મતિજ્ઞાનશક્તિ.

૫ ઉપયોગભાવજિહ્વેન્દ્રિય = જિહ્વેન્દ્રિય મતિજ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમરૂપ જિહ્વેન્દ્રિય મતિજ્ઞાનનો વ્યાપાર.

ભાગ પૂરી, તથા ખભા વગેરેના આંતરા પૂરી, શરીરની ઉંચાઈ તથા જાડાઈ જેટલો એકસરખો દંડાકારે થાય છે, અને તે વખતે પ્રબળ ઉદીરણાકરણવડે અશાતા વેદનીય કર્મના ઘણા કર્મપ્રદેશો ઉદયાવલિકામાં નાખી ઉદયમાં આણી વિનાશ પમાડે છે. તે પ્રસંગ.

૨ कषाय समुद्घात = કષાયવડે વ્યાકુળ થયેલો આત્મા (વેદના સમુ૦માં કહ્યા પ્રમાણે) જે વખતે દંડાકારે થઈ, પ્રબળ ઉદીરણાવડે કષાય મોહનીય કર્મના ઘણા કર્મપુદ્ગલો ઉદયાવલિકામાં નાખી ઉદયમાં લાવી વિનાશ પમાડે છે, અને ઘણા નવા કર્મપ્રદેશો બાંધે પણ છે, તે પ્રસંગ.

૩ मरण समुद्घात = મરણાન્ત વખતે વ્યાકુળ થયેલો આત્મા મરણથી અંતર્મુહૂર્ત પહેલાં પોતાના કેટલાક આત્મપ્રદેશોને શરીરની બહાર કાઢી, જ્યાં ઉત્પન્ન થવાનો છે, તે સ્થાન સુધી, સ્વદેહ પ્રમાણ જાડા દંડના આકારે, જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્ય યોજન સુધી લંબાવી, અન્તર્મુ૦ સુધી તેવી જ અવસ્થાએ રહી (કોઈ જીવ ફરીથી મૂળ શરીરમાં દાખલ થઈ પુનઃ એ રીતે જ દીર્ઘ દંડાકાર થઈ અવશ્ય) મરણ પામે છે, તે પ્રસંગ. એ દંડ અવસ્થામાં આયુષ્ય કર્મના ઘણા પુદ્ગલોને પ્રબળ ઉદીરણા વડે ઉદયાવલિકામાં દાખલ કરી ઉદયમાં લાવી વિનાશ પમાડે છે. અહિં નવીન કર્મગ્રહણ નથી.

૪ वैक्रिय समुद्घात = વૈક્રિય લબ્ધિવાળો આત્મા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી, ઉત્કૃષ્ટથી સંખ્યાતયોજન દીર્ઘ અને સ્વશરીર પ્રમાણ જાડો દંડાકાર રચી પૂર્વોપાર્જિત વૈક્રિયનામકર્મના ઘણા પ્રદેશોને ઉદીરણાવડે ઉદયમાં લાવી વિનાશ કરવા સાથે, રચવા ધારેલા વૈક્રિય શરીર યોગ્ય વૈક્રિય પુદ્ગલો ગ્રહણ કરી વૈક્રિય શરીર બનાવે છે, તે પ્રસંગે આ સમુદ્ઘાત હોય છે.

૫ तैजस समुद्घात = તેજોલેશ્યાની લબ્ધિવાળો આત્મા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી, ઉત્કૃષ્ટથી સંખ્યાત યોજન દીર્ઘ અને સ્વદેહ પ્રમાણ જાડો દંડાકાર રચી, પૂર્વોપાર્જિત તૈજસનામકર્મના પ્રદેશોને પ્રબળ ઉદીરણા વડે ઉદયમાં લાવી નિર્જરવા સાથે તૈજસ પુદ્ગલોને ગ્રહણ કરી તેજોલેશ્યા અથવા શીતલેશ્યા મૂકે છે, તે પ્રસંગે હોય છે.

૬ आहारक समुद्घात = આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મુનિમહાત્મા શ્રી જિનેશ્વરની સમવસરણાદિ ઋદ્ધિ દર્શન, અથવા શ્રુતજ્ઞાનમાં ઉપજેલા સૂક્ષ્મ સંદેહનું નિવારણ, ઈત્યાદિ કારણથી પોતાના આત્મપ્રદેશો બહાર કાઢી, ઉત્કૃષ્ટથી સંખ્યાત યોજન દીર્ઘ અને સ્વદેહ પ્રમાણ સ્થૂળ દંડાકાર રચી.

પૂર્વોપાર્જિત આહારક નામકર્મનાં પુદ્ગલો પ્રબળ ઉદીરણા વડે ઉદયમાં લાવી નિર્જરવા સાથે આહારક શરીર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરી આહારક શરીર બનાવવાના પ્રસંગે આ સમુદ્ઘાત કરે છે.

૭ केवलि समुद्घात = જે કેવલિ ભગવંતને નામ, ગોત્ર અને વેદનીય એ ત્રણ કર્મની સ્થિતિ જો પોતાના આયુષ્ય કર્મની સ્થિતિથી અધિક ભોગવવી બાકી રહે તેમ હોય તો તે ત્રણેય કર્મની સ્થિતિઓને આયુષ્ય કર્મની જેટલી સ્થિતિવાળી બનાવવા પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર કાઢી પહેલે સમયે લોકના નીચેના છેડાથી ઉપરના છેડા સુધી ૧૪ રજ્જુપ્રમાણ ઉંચો અને સ્વદેહપ્રમાણ જાડો આત્મપ્રદેશોનો દંડાકાર રચી, બીજે સમયે ઉત્તરથી દક્ષિણ (અથવા પૂર્વથી પશ્ચિમ) લોકાન્ત સુધી કપાટ આકાર બનાવી, ત્રીજે સમયે પૂર્વથી પશ્ચિમ (અથવા ઉત્તરથી દક્ષિણ) બીજો કપાટ આકાર બનાવવાથી મંથાન આકાર (ચાર પાંખડાવાળા રવૈયાનો આકાર) બનાવી, ચોથે સમયે ચાર આંતરા પૂરી (તે કેવલિ ભગવંતનો આત્મા) સંપૂર્ણ લોકાકાશમાં વ્યાપ્ત થઈ જાય છે. ત્યારબાદ પાંચમે સમયે આંતરાના આત્મપ્રદેશો.સંહરી છટ્ઠે સમયે મંથાન (ની બે પાંખ)ના આત્મપ્રદેશો સંહરી, સાતમે સમયે કપાટ સંહરી, આઠમે સમયે દંડ સંહરી પૂર્વવત્ સંપૂર્ણ દેહસ્થ થાય, તે કેવલિ સમુદ્ઘાત. એમાં પૂર્વોક્ત ત્રણ કર્મનો પ્રબળ (ઉદીરણાદ્વારા નહિ પણ) અપવર્ત્તના દ્વારા ઘણો વિનાશ થઈ જાય છે.*

---

* **કાળ**-કેવળી સમુદ્ઘાતનો ૮ સમય અને બાકીનાઓનો અન્તર્મુહૂર્ત.

**નવીન કર્મ ગ્રહણ**-કષાય સમુદ્ઘાતમાં નવાં કર્મ ઘણાં જ ગ્રહણ થાય છે. તેના પ્રમાણમાં જુના ઓછાં ખપે છે.

**પૂર્વ કર્મોનો નાશ**-વેદના, મરણ અને કેવલિ સમુદ્ઘાતમાં પૂર્વના કર્મોનો નાશ થાય છે, પરંતુ નવાં કર્મ ગ્રહણ કરાતાં નથી.

**શરીર યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ**-વૈક્રિય આહારક અને તૈજસ એ ત્રણ સમુદ્ઘાતમાં તે જાતનાં પૂર્વ કર્મોનો નાશ થાય છે. નવાં કર્મો ગ્રહણ થતાં નથી. પણ તે શરીરોની રચના માટે વૈક્રિય, આહારક અને તૈજસનાં પુદ્ગલો ગ્રહણ કરવા પડે છે.

**અનાભોગિક**-વેદના, કષાય, મરણ, એટલે કે એ ત્રણ ઈરાદાપૂર્વક કરી શકાતા નથી.

**આભોગિક**-વૈક્રિય, આહારક, તૈજસ અને કેવલી.

**અનિયત**- વેદના, કષાય, મરણ, તેમજ કેવલી સમુદ્ઘાત દરેક વેદનાદિકના પ્રસંગે અને દરેક કેવલીને હોય જ એવો નિયમ નથી.

**નિયત સમુદ્ઘાત**-વૈક્રિય, આહારક અને તૈજસ એ ત્રણ સમુદ્ઘાત અવશ્ય તે તે શરીર રચનારને તે તે શરીર રચતી વખતે હોય જ.

**ધર્મને અધર્મ જાણે અને અધર્મને ધર્મ જાણે. ઈત્યાદિ રીતે વસ્તુ જે સ્વરૂપે હોય તે સ્વરૂપે ન સમજતાં વિપરીત સ્વરૂપે સમજે, તે દૃષ્ટિનું નામ મિથ્યાદૃષ્ટિ.**

## (૧૦) દૃષ્ટિદ્વાર - ૩

દરેક પ્રાણી બીજા પદાર્થો જુદી જુદી રીતે ખ્યાલમાં લે છે. આ આભાસને દૃષ્ટિ કહેવામાં આવે છે. दृश्यते यया सा दृष्टिः તે ત્રણ પ્રકારે છે.

૧ मिथ्यादृष्टि – ખોટો આભાસ. વસ્તુ હોય તેના કરતાં જુદો જ ખ્યાલ. જેમ મદિરા પીધેલ મનુષ્ય માતાને સ્ત્રી જાણે અને સ્ત્રીને માતા જાણે. એ પ્રમાણે મિથ્યાત્વ-મોહનીય કર્મ રૂપ મદિરાના ઉન્માદથી જેનો વિવેક નાશ પામ્યો હોય છે, એવા વિવેકવિકલ જીવો સત્ પદાર્થને અસત્ જાણે અને અસત્‌ને સત્ જાણે.

૨ सम्यग्दृष्टि – ખરો ખ્યાલ કરે, ખરો ભાસ થાય. તે મિથ્યાત્વ મોહનીય કર્મના ઉપશમથી, ક્ષયોપશમથી અને ક્ષયથી થાય છે. સત્‌ને સત્ અને અસત્‌ને અસત્, એટલે વસ્તુ જેવા સ્વરૂપે હોય તેવા સ્વરૂપે સમજે, તે દૃષ્ટિનું નામ સમ્યગ્દૃષ્ટિ.

૩ मिश्रदृष्टि – કાંઈક સાચો કાંઈક ખોટો ભાસ. મિશ્રમોહનીય કર્મના ઉદયથી વસ્તુતત્ત્વ સમજવામાં મધ્યમ રહે, અર્થાત્ સર્વજ્ઞે કહેલા તત્ત્વ પ્રત્યે રુચિ નહિ, તેમ અરુચિ પણ નહિ, તે દૃષ્ટિનું નામ મિશ્રદૃષ્ટિ.

## (૧૧) દર્શન - ૪

પદાર્થોમાં રહેલા સામાન્ય-વિશેષ ધર્મોમાંના માત્ર સામાન્ય ધર્મને જાણવાની આત્માની શક્તિ, તે **દર્શન.**

ચક્ષુથી રૂપમાં રહેલ સામાન્ય ધર્મ જાણવાની શક્તિ, તે चक्षुर्दर्शन.

ચક્ષુઃ સિવાયની ઇન્દ્રિયો અને મનથી રસાદિમાં રહેલા સામાન્ય ધર્મ જાણવાની શક્તિ તે अचक्षुर्दर्शन.

અવધિજ્ઞાન વડે જાણવા યોગ્ય રૂપી પદાર્થોમાં રહેલા સામાન્ય ધર્મ જાણવાની આત્મામાં રહેલી શક્તિ તે अवधिदर्शन.

સકળ પદાર્થમાં રહેલા સામાન્ય ધર્મ જાણવાની આત્મામાં રહેલી શક્તિ તે केवलदर्शन.

## (૧૨) જ્ઞાન - ૫

દરેક પદાર્થોમાં સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ એ બે ધર્મ છે, તેમાંનો વિશેષ ધર્મ જાણવાની આત્મામાં રહેલી શક્તિ, તે **જ્ઞાન.**

૧ मतिज्ञान – મન અને ઇન્દ્રિયોના નિમિત્તથી વિષયોમાં રહેલા વિશેષ ધર્મ જાણવા જે જ્ઞાનશક્તિ જાગ્રત્ થાય છે, તે જ્ઞાનશક્તિ **મતિજ્ઞાન.**

૨ श्रुतज्ञान – શબ્દ ઉપરથી અર્થનો અને અર્થ ઉપરથી શબ્દનો સંબંધ જાણવાની જે જ્ઞાનશક્તિ મન અને ઇન્દ્રિયોના નિમિત્તથી જાગ્રત થાય છે, તે જ્ઞાનશક્તિ **શ્રુતજ્ઞાન.**

૩ अवधिज्ञान - રૂપી પદાર્થોમાં રહેલા વિશેષ ધર્મને જાણવા ઇન્દ્રિયાદિકના નિમિત્ત વિના (સાક્ષાત્ આત્માદ્વારા) સીધી રીતે જે જ્ઞાનશક્તિ જાગ્રત્ થાય છે, તે જ્ઞાનશક્તિ **અવધિજ્ઞાન.**

૪ मनःपर्यवज्ञान - આત્મસાક્ષાત્પણે અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞિ જીવોના મનોગત ભાવ જાણવા જાગ્રત થતી જ્ઞાનશક્તિ તે **મનઃપર્યવજ્ઞાન.**

૫ केवलज्ञान - આત્મસાક્ષાત્કારપણે સર્વ પદાર્થમાં રહેલા વિશેષ ધર્મોનું સંપૂર્ણ જ્ઞાન કરવાની શક્તિ તે **કેવળજ્ઞાન.**

## (૧૩) અજ્ઞાન - ૩

અજ્ઞાન એટલે જ્ઞાન જ નહીં એવો અર્થ ન કરવો, પરંતુ "अ એટલે કુત્સિત-નિંદ્ય-ખરાબ, અથવા વિપરીત ज्ञान, તે અજ્ઞાન" એમ કરવો, વસ્તુ જેવા સ્વરૂપે હોય તેવા સ્વરૂપે સમજાય નહીં, પરંતુ ઉલટી રીતે સમજાય, તે જ્ઞાન ખોટું ગણાય. માટે અજ્ઞાન ગણાય. અને તેથી સદ્ગતિ અથવા મોક્ષ ન મળી શકે. માટે તે કુત્સિત નિંદ્ય-ખરાબ કહેવાય છે, અથવા વિપરીત હોવાથી પણ નિંદ્ય છે.

૧ मतिअज्ञान - ખોટું મતિજ્ઞાન તે મતિઅજ્ઞાન.

૨ श्रुतअज्ञान - ખોટું શ્રુતજ્ઞાન તે શ્રુતઅજ્ઞાન.

૩ विभंगज्ञान - ખોટું અવધિજ્ઞાન તે વિભંગજ્ઞાન. वि = વિરુદ્ધ, भंग = જ્ઞાન જેમાં હોય તે વિભંગજ્ઞાન. જેમ દ્વીપ-સમુદ્ર અસંખ્યાત છે. પરંતુ શિવરાજર્ષિ નામના ઋષિને ૭ દ્વીપ અને ૭ સમુદ્ર જેટલું અવધિજ્ઞાન ઉત્પન્ન થતાં આટલા જ દ્વીપ સમુદ્ર છે, અધિક નથી, એવી શ્રદ્ધા થવાથી તે અવધિજ્ઞાન વિભંગજ્ઞાન તરીકે ગણાયું અને ત્યારબાદ ભગવંતના વચનથી અસંખ્ય દ્વીપ-સમુદ્રની શ્રદ્ધાવાળા થયા ત્યારે તે જ **અવધિજ્ઞાન** તરીકે ગણાયું.

તથા સત્ય-અસત્યના વિવેક રહિત બોલનાર પુરુષનું સત્ય વચન પણ અસત્ય અને અસત્ય વચન પણ અસત્ય ગણાય, તેમ મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયથી વિવેકરહિત પુરુષનું મતિજ્ઞાનાદિ જ્ઞાન તે **અજ્ઞાન** જ જાણવું.

## (૧૪) યોગ - ૩ અથવા ૧૫

योग એટલે આત્માના પ્રદેશોમાં થતું સ્ફુરણ, વ્યાપાર, આંદોલન, હલન ચલન, ઉત્થલ-પાથલ, તે પુદ્ગલોના સંબંધને લીધે જ થાય છે. જે સ્ફુરણ મનોયોગ યોગ્ય વર્ગણાના બનેલા મનની મદદથી પ્રવર્તે છે, તે **મનોયોગ** કહેવાય છે, વચનને યોગ્ય વર્ગણાના બનેલા વચનની મદદથી પ્રવર્તે છે, તે **વચનયોગ** કહેવાય છે, અને શરીરની વર્ગણાઓના બનેલા શરીરોને લીધે પ્રવર્તે છે, તે **કાયયોગ** કહેવાય છે. કોઈપણ વિષયનું ચિંતન કરવું તે मनोयोग, બોલવું તે वचनयोग અને હાલવું-ચાલવું

ઇત્યાદિ શરીર સંબંધી ક્રિયા તેकाययोगકહેવાય, એ ત્રણ મૂળ યોગ છે, તેમાં મનોયોગ ૪ પ્રકારનો, વચનયોગ ૪ પ્રકારનો, અને કાયયોગ ૭ પ્રકારનો છે, તે આ પ્રમાણે-

## (૧) મનોયોગ-૪

१ सत्यमनोयोग - જે વસ્તુ જે રીતે હોય, અથવા તેનો જે ગુણ, સ્વભાવ, ધર્મ જે રીતે હોય તે રીતે તે વસ્તુ સંપૂર્ણ વિચારવી, અથવા તેના ગુણ, સ્વભાવ કે ધર્મનો સત્ય વિચાર કરવો, તે કરતી વખતે આત્મામાં થતો વ્યાપાર.

२ असत्य मनोयोग - સત્ય વિચારથી વિરુદ્ધ વિચાર કરતી વખતે આત્મામાં થતો વ્યાપાર.

३ सत्यमृषा (मिश्र) मनोयोग - કાંઈક સત્ય અને કાંઈક અસત્ય વિચાર વખતે આત્મામાં થતો વ્યાપાર.

४ असत्य-अमृषा - જે વિચારને વ્યવહારદષ્ટિથી સાચો તેમજ જુઠો પણ ન કહી શકાય. તેવો વિચાર કરતી વખતે આત્મામાં થતો વ્યાપાર.

दाखला तरीके :- ૧ વીતરાગ પ્રભુને સુદેવ, ત્યાગી ગુરુઓને સુગુરુ અને અહિંસામય શુદ્ધ ધર્મને શુદ્ધ ધર્મ વિચારવો તે सत्य मनोयोग.

૨ તેથી વિરુદ્ધ એટલે વીતરાગ પ્રભુને અદેવ, અને સરાગી દેવને સુદેવ વિચારવા. તેજ પ્રમાણે ગુરુને કુગુરુ અને હિંસાદિના ઉપદેશક કુગુરુને ગુરુ તરીકે ધારે, અને ધર્મને અધર્મ તથા હિંસાદિ અધર્મને ધર્મ વિચારે તે असत्य मनोयोग.

૩ આંબા વગેરે ઘણા ઝાડોવાળા વનને મુખ્યતાની અપેક્ષાએ આંબાનું વન વિચારે તેવા મિશ્ર-ઔપચારિક વાક્યો વિચારે તે मिश्र.

૪ વ્યવહારમાં આપણે જે જે અનેક પ્રકારના "આવો - બેસો" વગેરે કામ પુરતાં વાક્યો જે વિચારથી બોલીએ છીએ, તથા પશુઓ વગેરે અસ્પષ્ટ વિચાર કરે છે. તે દરેક આ ચોથા પ્રકારમાં આવી શકે છે.

## (૨) વચનયોગ - ૪

ઉપર પ્રમાણે ૪ પ્રકારે વચનયોગ પણ સમજવો.

## (૩) કાયયોગ -૭

१ औदारिक काययोग - ઔદારિક શરીરની ગમનાદિક ચેષ્ટા વખતે આત્મામાં પ્રવર્તતો વ્યાપાર.

२ औदारिकमिश्र काययोग - કાર્મણ શરીર અને ઔદારિક શરીર અથવા

---

૧. કેટલાક આચાર્યો - શરીરપર્યાપ્તિ પૂર્ણ થતાં સુધી મિશ્રયોગ માને છે. અને કેટલાક આચાર્યો - સર્વ પર્યાપ્તિ સંપૂર્ણ થતાં સુધી મિશ્રયોગ માને છે.

એટલે કેટલાક શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઔદારિકાદિ કાયયોગ માને છે. અને કેટલાક સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ થયા પછી ઔદારિકાદિ કાયયોગ માને છે.

ઔદારિક શરીર અને વૈક્રિય અથવા આહારક શરીરના મિશ્રણવાળા શરીરની ચેષ્ટાઓ વખતે આત્મામાં પ્રવર્તતો વ્યાપાર.

३ वैक्रिय काययोग - વૈક્રિય શરીરની ગમનાદિ ચેષ્ટા વખતે આત્મામાં પ્રવર્તતો વ્યાપાર.

४ वैक्रियमिश्र काययोग - વૈક્રિય શરીર અને કાર્મણ શરીરના તથા વૈક્રિય શરીર અને ઔદારિક શરીરના મિશ્રણવાળા શરીરની ગમનાાદિ ચેષ્ટાઓ વખતે આત્મામાં પ્રવર્તતો વ્યાપાર.

५ आहारक काययोग - આહારક શરીરની ગમનાદિ ચેષ્ટાઓ વખતે આત્મામાં પ્રવર્તતો વ્યાપાર.

६ आहारकमिश्र काययोग - ઔદારિક શરીર અને આહારક શરીરના મિશ્રણ વખતે આત્મામાં પ્રવર્તતો વ્યાપાર.

७ कार्मण काययोग - કેવળ કાર્મણ અને તૈજસ શરીર જયારે એકલાં હોય ત્યારે તેની ચેષ્ટાઓ વખતે આત્મામાં પ્રવર્તતો વ્યાપાર.

## (૧૫) ઉપયોગ - ૧૨

१. साकारोपयोग - પાંચ પ્રકારની જ્ઞાનશક્તિ અને ત્રણ પ્રકારની અજ્ઞાન શક્તિનો વપરાશ, તે ૮ પ્રકારનો સાકારોપયોગ છે.

२ निराकारोपयोग - ચાર પ્રકારની દર્શનશક્તિનો વપરાશ તે ૪ પ્રકારનો નિરાકારોપયોગ.

## (૧૬) ઉપપાત

કયાં દંડકમાં એક સમયમાં કેટલા જીવો ઉત્પન્ન થાય, તે ઉપપાતદ્વારમાં

---

**૨. કર્મગ્રંથને મતે** - વૈક્રિય અને આહારક શરીરની રચના વખતે અને સંહરણ વખતે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર કહે છે.

**સિદ્ધાંતને મતે** - માત્ર સંહરણ વખતે જ વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર માને છે.

**૩. ઔદારિકમિશ્રયોગ** - (૧) મનુષ્યો અને તિર્યંચોને ઉત્પત્તિ વખતે કાર્મણ સાથે મિશ્ર હોય છે. (૨) ઉત્તર વૈક્રિય શરીર રચતી વખતે, પ્રારંભમાં વૈક્રિય સાથે મિશ્ર હોય છે. (૩) આહારક શરીર રચતી વખતે પ્રારંભમાં આહારક સાથે હોય છે. (૪) કેવલી ભગવંતને કેવલી સમુદ્દ્ઘાતના ૨, ૬, ૭ મા સમયે હોય છે.

**૪. વૈક્રિય મિશ્ર** - દેવ-નારકને અપર્યાપ્ત અવસ્થામાં અને ઉત્તરવૈક્રિય કરતી વખતે, તથા મનુષ્ય-તિર્યંચો અને વાયુને વૈક્રિય શરીર કરતી વખતે હોય છે-(અને સિદ્ધાંતને મતે સંહરણ વખતે જ હોય છે.)

**૫. આહારકમિશ્ર** - એજ પ્રમાણે આહારક શરીર રચતી વખતે શરૂઆતમાં અને સિદ્ધાંતના મતે સંહરણ વખતે હોય છે.

વિચારાશે. 'તથા કયા દંડકમાં કેટલા વખત સુધી કોઈપણ જીવ ઉત્પન્ન ન જ થાય તે વિરહદ્વાર પણ પ્રસંગે વિવેચનમાં આપીશું.

## (૧૭) ચ્યવન

કયા દંડકમાંથી એક સમયમાં કેટલા જીવો ચ્યવે-મરણ પામે ? અથવા કેટલા વખત સુધી કોઈ પણ જીવ મરણ ન પામે ?

## (૧૮) સ્થિતિ - ૨

સ્થિતિ એટલે આયુષ્ય. કયા દંડકના જીવોનું કેટલું આયુષ્ય હોય તે આયુષ્ય-કાળનો નિયમ દર્શાવવો. ઓછામાં ઓછું કેટલું આયુષ્ય હોય, તેનો નિયમ કહેવો. તે (૧) जघन्य स्थिति દ્વાર અને વિશેષમાં વિશેષ કેટલું આયુષ્ય હોય તેનો નિયમ કહેવો તે (૨) उत्कृष्ट स्थिति દ્વાર કહેવાય.

## (૧૯) પર્યાપ્તિ - ૬

पर्याप्ति - પર્યાપ્તિઓ ૬ છે. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન.

જે જીવ સ્વયોગ્ય પર્યાપ્તિઓ પુરી કરવાનો ન જ હોય, તે લબ્ધિ અપર્યાપ્તો કહેવાય છે.

અને જે જીવ સ્વયોગ્ય સર્વ પર્યાપ્તિ પુરી કરવાનો જ હોય, તે લબ્ધિ પર્યાપ્તો કહેવાય છે.

શરૂઆતની ત્રણ પર્યાપ્તિઓ પુરી કરે અથવા તેમાંની કોઈ પણ એક જ પુરી કરે, અથવા સ્વયોગ્ય જે જે પુરી કરે, તેટલા પુરતો તે કરણ પર્યાપ્તો કહેવાય છે અને શરૂઆતની પણ પુરી ન કરી હોય અથવા તેમાંની જે જે પુરી ન કરી હોય અથવા સ્વયોગ્ય જે જે પુરી ન કરી હોય તેટલા પુરતો તે કરણ અપર્યાપ્ત કહેવાય છે.

આહારાદિ પુદ્ગલોનો પરિણામ કરવા માટે ઉત્પત્તિ સમયથી માંડીને દર સમયે સમયે મળતા પુદ્ગલોના સમૂહમાંથી આત્મા છ પ્રકારની જીવન-ક્રિયાઓ ચલાવવાને જે સાધનો ઉભાં કરી લે છે, તે પર્યાપ્તિ કહેવાય છે, અને પર્યાપ્ત નામકર્મ કે અપર્યાપ્ત નામકર્મના ઉદયથી તે પ્રાપ્ત થાય છે. એ સર્વ વિશેષ વિચાર નવતત્ત્વની ૬ઠ્ઠી ગાથાના વિવેચનથી જાણવો.

## (૨૦) કિમાહાર-૪

किम् ? आहारः = કઈ દિશાનો અથવા કેટલી દિશાનો આહાર ? તે કિમાહાર દ્વાર અથવા दिगाहार નામ પણ છે. ૧ કોઈપણ જીવને ઓછામાં ઓછી ત્રણ દિશામાંથી આવેલો આહાર મળે છે, તેથી વધીને-

ચાર, પાંચ, અને છ દિશાનો આહાર મળે છે. એમ કિમાહાર દ્વાર ચાર પ્રકારનું છે.

દિશાઓ ૬ છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઊર્ધ્વ, અધો.

એક ચોરસ ડબ્બામાં રાઈના દાણા ઠાંસીને ભરેલા છે. એક દાણાની પાસે ચારે બાજુમાં અને ઉપર-નીચે એમ છ દાણા ગોઠવાયેલા હોય છે. દાખલા તરીકે = એવી રીતે વચમાં રહેલા એક એક દાણામાં કોઈપણ એક જીવ છે. તે પોતાની બાજુના છ દાણાઓની છ દિશા તરફથી આહાર મેળવી શકે છે.

પરંતુ બરાબર ઉપરના ખુણામાં રહેલા છેવટના એક દાણાની બે બાજુમાં અને નીચેની એક બાજુમાં સીધી લીટીમાં રહેલા દાણામાંના ત્રણજ દાણા અડીને રહેલા છે. એટલે તેમાં રહેલા જીવને બીજી ત્રણ બાજુ ડબાનું પતરું આવેલું છે. માટે ત્રણ જ દિશાનો આહાર મેળવી શકે છે.

એ રીતે ખુણામાં રહેલા દાણાની બાજુમાં એ જ ઉપલા થરમાં છેલ્લી હારમાં રહેલા દાણાને ચાર દિશાનો આહાર મળશે.

કેમકે-તેની એક બાજુ ઉપલી હારના બે બાજુએ બે, અને પાછળની હારનો એક તથા નીચેની હારનો છેલ્લો એક દાણો બાજુમાં જ આવેલા છે. સામેની બાજુએ અને ઉપર ડબાનું પતરૂં આવેલ છે. આ રીતે વિચારતાં ચાર દિશાનો આહાર મળશે.

હવે-એજ ઉપરના થરની છેલ્લી હારમાં રહેલો બીજા દાણાની બાજુનો દાણો લઈએ, તો તેની બે બાજુએ એક એક દાણો છે. અને બીજી બે બાજુએ બે હારો છે. તેને એક એક દાણા અડેલા છે. નીચે એક હાર છે. તેનો દાણો અડેલો છે. એમ પાંચ દાણા અડી શકે છે. માત્ર ઉપર ડબાનું પતરૂં અડેલું છે. આ રીતે તેની પાંચ બાજુએ પાંચ દાણા છે. માટે તેને પાંચ દિશાનો આહાર મળે છે.

હવે પાંચ બાજુએ રાઈના દાણા આવી રહેલા હોય, તેની નીચેના દાણાની બાજુમાં છ દાણા આવી રહેલા છે. એટલે તેને નીચેના દાણાને છ દિશાનો આહાર મળશે.

આ રીતે ચૌદ રાજલોકમાં છેડે તથા ખુણે આવેલા જીવોને ૩-૪-૫ દિશાનો આહાર હોય છે.

અને વચ્ચેના જીવોને છ દિશા તરફનો આહાર હોય છે. ચૌદ રાજલોકમાં એવી જ રીતે આકાશપ્રદેશો ભરેલા છે. અને તેની છએ દિશામાં શ્રેણીઓ છે.

લોકની બહાર અલોક છે. કેટલાક લોકાકાશના છેવટના આકાશપ્રદેશો ઉપર રહેલા જીવોને એક બાજુએ, કેટલાકને બે બાજુએ અને કેટલાકને ત્રણ બાજુએ અલોક સ્પર્શે છે, તેથી તે દિશાનો આહાર ન મળી શકે. ત્રસ જીવોને છએ દિશાનો આહાર હોય છે. અને સ્થાવર જીવોને ૩, ૪, ૫ દિશાનો આહાર હોય છે.

## (૨૧) સંજ્ઞા - ૩

પૂર્વે ૪થા દ્વારમાં કહેલી આહાર-ભય-મૈથુન આદિ સંજ્ઞાઓ જુદી છે, અને આ ૨૧ મા દ્વારમાં કહેવાતી સંજ્ઞાઓ પણ જુદી છે. આ સંજ્ઞાઓ ૩ પ્રકારની છે, તે આ પ્રમાણે -

૧ हेतुवादोपदेशिकी संज्ञा - જેમાં વર્તમાનકાળના વિષયનુંજ ચિંતન-ઉપયોગ-વિચાર હોય, તે હેતુવાદો૦ સંજ્ઞા કહેવાય. આ સંજ્ઞાવાળા જીવો વર્તમાન સમયે વર્તતા દુઃખની નિવૃત્તિનો અને સુખની પ્રવૃત્તિનો ઉપાય શોધે છે, અને તે ઉપાય તૂર્ત અંગીકાર કરે છે, પછી તે ઉપાયથી ભૂતકાળમાં ભલે દુઃખ થયું હોય, અથવા ભાવિકાળમાં દુઃખ થવાનું હોય, તો પણ તે સંબંધિ તેને ખ્યાલ હોતો જ નથી. આવા પ્રકારની સંજ્ઞા-મનોવિજ્ઞાન રહિત એવા અસંજ્ઞિ ત્રસ જીવોને (દ્વી૦ ત્રિ૦ ચતુ૦ અને અસં૦ પંચેન્દ્રિયને) હોય છે, કારણ કે એ જીવો જે સ્થાને રહ્યા છે, તે સ્થાને તેઓને અગ્નિ તાપ વગેરેનો ઉપદ્રવ લાગે તો તૂર્ત જ તેઓ ખસી જાય છે ખરા, પરંતુ ખસીને જે સ્થાને નિરાંત મેળવી છે તે સ્થાને તે અગ્નિ અથવા તાપ આવીને પુનઃ ઉપદ્રવ કરે એમ છે કે નહિ અથવા પહેલાં પણ આ સ્થાન ઉપદ્રવવાળું હતું કે નહિ ઈત્યાદિ આગળ પાછળનો વિચાર=ખ્યાલ કરી શકતા નથી, પરંતુ કેવળ વર્તમાન સમયના સુખના જ ખ્યાલવાળા હોય છે, માટે એ અસંજ્ઞિઓ હેતુ૦ સંજ્ઞાવાળા કહ્યા છે, કારણ કે એ જીવોને એવા પ્રકારની વિચારશક્તિવાળું મનોવિજ્ઞાન છે જ નહિ. (અહિં हेतुवाद એટલે ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનો ત્યાગ એ જ નિમિત્ત કારણનું उपदेश એટલે કથન જેમાં છે તે हेतुवादोपदेशिकी અને सम् = સમ્યક્ પ્રકારનું ज्ञा = જ્ઞાન તે संज्ञा.)

૨ दीर्घकालिकी संज्ञा - दीर्घकाल એટલે ભૂતકાળ અને ભવિષ્યકાળની વિચાર-શક્તિવાળી સંજ્ઞા તે દીર્ઘ૦ સંજ્ઞા. આ સંજ્ઞા મનોવિજ્ઞાનવાળા અથવા મનોપર્યાપ્તિવાળા સંજ્ઞિ જીવોને સર્વને હોય છે. જીવોના સંજ્ઞિ અને અસંજ્ઞિ એવા બે ભેદ જે વારંવાર આવે છે તે આ દીર્ઘકાલિકી સંજ્ઞાથી જ થયેલા છે, અર્થાત્ દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા જીવો તે સંજ્ઞિ અને એ સંજ્ઞાથી રહિત જીવો તે અસંજ્ઞિ કહેવાય. આ જીવો ભૂતકાળમાં શું બન્યું હશે ? આ કાર્યનું શું પરિણામ આવ્યું હશે ? તથા હવે આનું શું પરિણામ આવશે ? અને હવે શું કરવું ? ઈત્યાદિ દીર્ઘકાળનો વિચાર કરી પછી તે કાર્યમાં પ્રવૃત્ત-નિવૃત્ત થાય છે. આ સંજ્ઞાનું બીજું નામ संप्रधारणसंज्ञा છે.

૩ दृष्टिवादोपदेशिकी संज्ञा - અહિં દૃષ્ટિ એટલે સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન સંબંધિ वाद = કથન, તેના उपदेश = અપેક્ષાવાળી, અથવા દૃષ્ટિવાદ એટલે શ્રુતજ્ઞાન, તેના ઉપદેશ-કથનવાળી તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા. અર્થાત્ વિશિષ્ટ શ્રુતજ્ઞાનના

ક્ષયોપશમયુક્ત સમ્યક્ત્વવાળી સંજ્ઞા તે દૃષ્ટિવાદો૦ સંજ્ઞા, અર્થાત્ જે જીવ સમ્યગ્દષ્ટિ હોય, વિશિષ્ટ શ્રુતજ્ઞાન (ના ક્ષયોપશમ) વાળો હોય અને તે સાથે યથાશક્તિ હેયોપાદેયની પ્રવૃત્તિવાળો (એટલે અહિત આચરણનો ત્યાગ કરનાર અને હિત આચરણની-કલ્યાણમાર્ગની પ્રવૃત્તિવાળો) હોય તેવા છદ્મસ્થ જીવને એ સંજ્ઞા હોય છે, અને તે વિશેષતઃ કેટલાક મનુષ્યોને હોય છે.

એ ૩ સંજ્ઞાઓનો મુખ્ય વિષય ઈષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટનો ત્યાગ છે, અને તે પણ અનુક્રમે અધિક અધિક દરજ્જાનો છે, કારણ કે હેતુવાદો૦ સંજ્ઞામાં તે વર્તમાન-કાળ વૈષયિક છે, દીર્ઘ૦ સંજ્ઞામાં ત્રિકાળ વૈષયિક છે, અને તે બન્ને સંસારવૈષયિક છે, ત્યારે ત્રીજી સંજ્ઞામાં તે જ (ઈષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટના ત્યાગરૂપ) વિષય મોક્ષમાર્ગાભિમુખી છે. માટે સર્વથી શ્રેષ્ઠ દરજ્જાવાળી ત્રીજી સંજ્ઞા છે.

## (૨૨) ગતિ

કયા દંડકનો જીવ મરણ પામી કયા કયા દંડકમાં જઈને ઉપજે તે ગતિ દ્વાર છે.

## (૨૩) આગતિ

કયા દંડકમાં કયા કયા દંડકના જીવો આવીને ઉત્પન્ન થાય ? તે સંબંધિ નિયમ દર્શાવવો તે આગતિ દ્વાર કહેવાય.

## (૨૪) વેદ - ૩

વેદ એટલે (વિષયક્રીડા સંબંધિ) અભિલાષ, તે ૩ પ્રકારનો છે. (૧) સ્ત્રીવેદ, (૨) પુરુષવેદ, અને (૩) નપુંસકવેદ, તેનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે-

૧ स्त्रीवेद - પુરુષ સાથે વિષયક્રીડા ભોગવવાનો અભિલાષ.

૨ पुरुषवेद - સ્ત્રી સાથે વિષયક્રીડા ભોગવવાનો અભિલાષ.

૩ नपुंसकवेद - સ્ત્રી અને પુરુષ ઉભય સાથે વિષયક્રીડા ભોગવવાનો અભિલાષ.

એ ૩ વેદમાં પુરુષવેદ ઘાસના અગ્નિ સરખો શીઘ્ર ઉત્પન્ન થઈ, શીઘ્ર શાન્ત થનારો છે. સ્ત્રીવેદ અડાયા-છાણાના અગ્નિ સરખો વિલંબે ઉત્પન્ન થઈ વિલંબે શાન્ત થાય છે અને નપુંસકવેદ તો નગરદાહ (બળેલા મોટા નગરમાં અગ્નિ) સરખો શાન્ત થવો અશક્ય હોય છે, અને ઘણો ઉગ્ર હોય છે.

જે જીવને જે વેદ હોય છે, તે જીવને તેનું લિંગ (બાહ્ય નિશાનીઓ) પણ હોય છે. ત્યાં સાત ધાતુઓમાં જેને શુક્ર-વીર્ય ધાતુ હોય, શરીરની કર્કશતા હોય, દૃઢતા હોય, પરાક્રમ (બળ), શિશ્ન (પુરુષચિન્હ), અક્ષોભતા (સ્ત્રી દેખી ખરો પુરુષ તરત ચંચળ ન બની જાય), ગંભીરપણું હોય, દાઢી-મૂછ હોય, છાતી આદિ

સ્થાનોમાં વાળ હોય, ધૈર્ય હોય, ઈત્યાદિ બાહ્યલિંગો-લક્ષણો હોય તે पुरुष लिङ्ग (પુરુષનાં ચિન્હ) કહેવાય. તથા યોનિ,સાત ધાતુમાં શુક્રને સ્થાને કામસલિલઃ રજઃ- રૂધિર, શરીરની કોમળતા, મૂર્ખતા, સ્તન, ચંચળતા, અવિચારીપણું, માયા (કપટ), અધીરતા, ઈત્યાદિ લક્ષણો હોય તે स्त्री लिङ्ग કહેવાય તથા પુરુષનાં અને સ્ત્રીનાં લક્ષણોનો ભાવાભાવ હોય (એટલે પુરુષપણાનાં કેટલાંક લક્ષણ હોય અને કેટલાંક લક્ષણ ન હોય, તથા સ્ત્રીપણાનાં પણ કેટલાંક લક્ષણ હોય અને કેટલાંક લક્ષણ ન હોય, અથવા બન્નેમાં મિશ્ર લક્ષણો હોય) જેમકે-યોનિ, સ્તન હોય અને મૂછ પણ હોય ઈત્યાદિ લક્ષણવાળી સ્ત્રીઓ स्त्री नपुंसक કહેવાય. શિશ્ન, દાઢી અને મૂછ હોવા છતાં સ્ત્રીના જેવો સ્વભાવ હોય, કેડે હાથ દઈ લટકાથી ચાલે ઈત્યાદિ સ્ત્રીને લાયક ઘણાં આચરણ હોય, તો તે पुरुष नपुंसक કહેવાય, એ પ્રમાણે ૩ પ્રકારના વેદ તથા ૩ પ્રકારનાં લિંગ એ બન્નેનું પ્રયોજન આ પ્રકરણમાં છે.

## *૨૫ અલ્પબહુત્વ

કયા દંડકના જીવો કયા દંડક (ના જીવો)થી હીન (ઓછા) અથવા વધારે છે તેનો નિયમ દર્શાવવો તે अल्पबहुत्व કહેવાય.

**આ પ્રમાણે ૨૪ દ્વારોનો ભાવાર્થ દર્શાવીને હવે ૨૪ દંડક-પદોમાં અનુક્રમે તે ૨૪ દ્વાર ઉતારવાની ગાથાઓનો પ્રારંભ થશે.**

॥ इति २४ द्वार-वर्णनम् ॥

## ॥ २४ दण्डकमां २४ द्वारनी घटना ॥

### (૧) શરીર અને (૨) અવગાહના દ્વાર

**चउ गब्भतिरिय वाउसु मणुआणं पंच सेस तिसरीरा ।**
**थावरचउगे दुहओ, अंगुलअसंखभागतणु ॥ ५ ॥**

### સંસ્કૃત અનુવાદ

**चत्वारि गर्भजतिर्यग्वायुषु, मनुष्याणां पञ्च, शेषेषु त्रीणि शरीराणि ।**
**स्थावरचतुष्के द्विधा अङ्गुलाऽसंख्येयभागतनुः ॥ ५ ॥**

* જ્ઞાનદ્વાર ૧૨ મું કહ્યું છે, ૩. અજ્ઞાન તેની અન્તર્ગત ગણીએ તો અલ્પબહુત્વ દ્વાર ૨૪ મું ગણાય. પરંતુ ગ્રન્થકર્તાએ જ સ્વકૃત **અવચૂરિમાં** અલ્પબહુત્વ વિના ૨૪ દ્વાર ગણ્યાં છે, તેમજ **ટીકાકર્ત્તાએ** પણ અલ્પબહુત્વ વિના ૨૪ દ્વાર ગણ્યાં છે. અલ્પબહુત્વનું વિવેચન તો છેલ્લે આપ્યું છે, તો ૨૫ દ્વાર થાય. **ગ્રન્થકર્ત્તાએ** તેમજ **ટીકાકારે** અલ્પબહુત્વને ૨૫ મા દ્વાર તરીકે કેમ ન ગણ્યું ? તેનું સમાધાન એ છે કે-**લઘુસંગ્રહણી** નામના ગ્રન્થમાંથી ૨૪ દ્વારોના જ સંગ્રહવાળી બે ગાથાઓ આ પ્રકરણમાં ગ્રહણ કરેલી છે, માટે આ પ્રકરણનાં દ્વાર ૨૪ જ છે. છતાં અલ્પબહુત્વ વિશેષતા તરીકે કહ્યું છે. તેથી ૨૫ મા દ્વાર તરીકે વિવેચનમાં ગણાવ્યું છે. પરંતુ દ્વારસંખ્યામાં અલ્પબહુત્વની ગણત્રી કરી નથી.

## અન્વય સહિત પદચ્છેદ

गब्भतिरिय-वाउसु चउ, मणुआणं पंच सेस ति-सरीरा ।
थावरचउगे दुहओ, अंगुल-असंखभाग-तणु ॥ ५ ॥

## શબ્દાર્થ

चउ = ચાર
वाउसु = વાયુકાયને વિષે
मणुआणं = મનુષ્યોને
सेस = શેષ (૨૧ દંડકોમાં)
ति = ત્રણ
चउगे = ચાર ભેદમાં
दुहओ = બન્ને પ્રકારે
अंगुल = અંગુલનો
असंखभाग = અસંખ્યાતમો ભાગ
तणु = શરીર છે.

## ગાથાર્થ

ગર્ભજ તિર્યંચ અને વાયુકાયને વિષે ચાર, મનુષ્યોને પાંચ, અને બાકીનાઓને ત્રણ શરીર છે. ચાર સ્થાવર બન્ને પ્રકારે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા શરીરવાળા છે. ૫

## વિશેષાર્થ

| ૨૪ દંડકોમાં કોને કેટલા શરીર | |
|---|---|
| ૧ પૃથ્વીકાય, ૧ અપ્કાય, ૧ તેઉકાય, ૧ વનસ્પતીકાય, ૧ બેઇન્દ્રિય, ૧ તેઇન્દ્રિય, ૧ ચઉરિન્દ્રિય | ઔદારિક, તૈજસ અને કાર્મણ એમ ૩ શરીર હોય |
| ૧ નારક, ૧૦ અસુરાદિ, ૧ વ્યંતર, ૧ જ્યોતિષ્ક, ૧ વૈમાનિક | વૈક્રિય, તૈજસ અને કાર્મણ એમ ૩ શરીર હોય. |
| ૧ વાયુકાય, ૧ ગ. પંચે. તિર્યંચ | ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ એમ ૪ શરીર હોય. |
| ૧ ગ. મનુષ્ય | ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, અને કાર્મણ એમ ૫ શરીર હોય. |

### એક જીવને સમકાળે કેટલાં શરીર ?

૨ તૈ૦ કા૦ બે ભવ વચ્ચે,

૩ अ. ઔ૦ તૈ૦ કા૦ લબ્ધિ રહિત મનુષ્યો, અને તિર્યંચોને તથા થાવર અને વિકલેન્દ્રિયોને. અને વૈ૦ લબ્ધિવાળાઓને લબ્ધિ સિવાયના વખતમાં હોય છે.
ब. વૈ૦ તૈ૦ કા૦ દેવ-નારકોને કાયમ હોય.

૪ ઔ૦ વૈ૦ તૈ૦ કા૦ એ ચાર વૈક્રિય શરીર કરનાર ગર્ભજ તિર્યંચ તથા મનુષ્યોને અને વાયુકાયને હોય છે.

ઔ૦ આ૦ તૈ૦ કા૦ એ ચાર આહારક લબ્ધિવંત ચૌદ પૂર્વધર મનુષ્યોને હોય છે.

આહારક અને વૈક્રિય એ બન્નેય લબ્ધિવાળા મનુષ્યોને એકી વખતે ઔદારિક સાથે એ બેમાનું એક જ શરીર હોય છે, એટલે એકી સાથે ૫ શરીરો કોઈને પણ હોઈ શકે નહીં.

## (૨) અવગાહના દ્વાર

પહેલા ચાર સ્થાવર એટલે પૃથ્વીકાય-અપ્‌કાય-અગ્નિકાય અને વાયુકાય એ ચારને બે પ્રકારે એટલે ઉત્કૃષ્ટથી અને જઘન્યથી પણ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર હોય છે, પરંતુ ઉત્કૃષ્ટ શરીર જઘન્ય શરીરથી અસંખ્યગણું મ્હોટું હોય છે.

અવગાહનાના માપમાં અંગુલ શ્રી મહાવીર પ્રભુના આત્મા-અંગુલથી અર્ધપ્રમાણનું ઉત્સેધાંગુલ ગણાય છે. અને તે પ્રમાણ પણ પ્રભુની અનામિકા અથવા તર્જની આંગળીની (હથેળીથી ઉપર રહેલી) બીજી પર્વ રેખાથી અર્ધ ગણવું.

તે અંગુલનો અસંખ્યાતમો ભાગ લેવો.

તે ભાગ અત્યંત સૂક્ષ્મ હોય છે, માટે પૃથ્વીકાયાદિક ચારનું શરીર પણ એટલું સૂક્ષ્મ છે. પૃથ્વીકાયાદિક એક શરીર સૂક્ષ્મદર્શક યંત્રના સર્વોત્કૃષ્ટ કાચથી પણ ન દેખી શકાય, તો નરી આંખથી તો દેખાય જ ક્યાંથી ? એવા સૂક્ષ્મ શરીરના અસંખ્ય શરીરો ભેગા થઈ એક પિંડરૂપ બને છે, ત્યારે આપણે દેખી શકીએ છીએ. માટે કાંકરા, રેતી, પત્થર આદિ જે પૃથ્વીકાયાદિ આપણે દેખીએ છીએ. તે તેઓનું એક શરીર નથી, પણ અસંખ્ય શરીરોના પિંડો છે, અને તે દરેક એકેક શરીરમાં પૃથ્વીકાયાદિ એકેક જીવ રહ્યો છે.

પૃથ્વીકાયાદિકની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોવા છતાં પરસ્પર નીચે પ્રમાણે શરીરોમાં નાના-મોટાપણું છે.

| | |
|---|---|
| સૂક્ષ્મ વનસ્પતિનું અલ્પ (નાનું) | બાદર અગ્નિનું અસંખ્યગુણ |
| સૂક્ષ્મ વાયુનું અસંખ્યગુણ (મોટું) | બાદર જળનું અસંખ્યગુણ |
| સૂક્ષ્મ અગ્નિનું અસંખ્યગુણ (મોટું) | બાદર પૃથ્વીનું અસંખ્યગુણ |
| સૂક્ષ્મ જળનું અસંખ્યગુણ (મોટું) | બાદર નિગોદનું અસંખ્યગુણ |
| સૂક્ષ્મ પૃથ્વીનું અસંખ્યગુણ (મોટું) | બાદર પ્રત્યેક વન૦નું અસંખ્યગુણ |
| બાદર વાયુનું અસંખ્યગુણ (મોટું) | (૧૦૦૦ યોજનથી અધિક) |

**सव्वेसिं पि जहन्ना, साहाविय अंगुलस्सऽसंखंसा ।**
**उक्कोस पणसयधणू, नेरइया सत्तहत्त्थ सुरा ॥ ६ ॥**

संस्कृत અનુવાદ

सर्वेषामपि जघन्या स्वाभाविकी अङ्गुलस्यासंख्येयांशा ।
उत्कृष्टतः पञ्चशतधनुष्का नैरयिकाः सप्तहस्ताः सुराः ॥ ३ ॥

**અન્વય સહિત પદચ્છેદ**

**सव्वेसिं पि साहाविय जहन्ना अंगुलस्स असंखंसा ।**
**नेरइया उक्कोस पणसयधणू सुरा सत्त-हत्थ ॥ ६ ॥**

## શબ્દાર્થ

सव्वेसिं = સર્વ દંડકોની (માં)
जहन्ना = જઘન્ય અવગાહના
साहाविय = સ્વાભાવિક
(મૂળ શરીર સંબંધિ)
असा = ભાગ
उक्कोस = ઉત્કૃષ્ટથી
पणसय = પાંચસો
धणू = ધનુષ્ય
सुरा = દેવો

## ગાથાર્થ

**સર્વેને સ્વાભાવિક શરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્ય ભાગ જેટલી છે. નારકો ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્યવાળા છે. દેવો સાત હાથના છે. ૬**

## વિશેષાર્થ

**प्रश्न** - અંગુલના અસંખ્યાતમા ભાગની જઘન્ય - ઉત્કૃષ્ટ અવગાહના પૃથ્વીકાયાદિકની જ છે કે ? બીજા કોઈની છે ?

**उत्तर** - સર્વને જન્મ સમયના-ઉત્પત્તિના પ્રથમ સમયના શરીરની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની છે.

**प्रश्न** - ઉત્પત્તિના પ્રથમ સમયે સર્વ દંડકોને એટલી સૂક્ષ્મ અવગાહના કેવી રીતે હોય ?

**उत्तर** - પૂર્વ ભવમાં ગમે તેટલા મોટા શરીરવાળો જીવ મરણ પામી પરભવમાં ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થતી વખતે પ્રથમ પોતાનો આત્મા અત્યંત સંકોચી અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો કરી કોયલામાં પડતા અગ્નિના તણખાની માફક ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થાય છે, અને પછી કોયલામાં પડેલો અગ્નિનો તણખો જેમ તેમાં ધીરે ધીરે ફેલાતો જાય છે. તેમ તે જીવ પણ ત્યાં ધીરે ધીરે પોતાનું શરીર મોટું બનાવતો જાય છે.

## બાકીનાઓની ઉત્કૃષ્ટ અવગાહના

નારકોની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્ય, (૪ હાથનો ૧ ધનુષ્ય છે તેથી ૨૦૦૦ હાથ એટલે ૦I ગાઉ) અને દેવોની ઉત્કૃષ્ટ અવગાહના ૭ હાથ પ્રમાણની છે, એ પ્રમાણે સામાન્યથી નારકોની અને દેવોની અવગાહના કહી.*

*** દેવ - નારકોની વિશેષતઃ અવગાહનાનું કોષ્ટક આ પ્રમાણે–**

| નારકોનું | જઘન્ય શરીર | ઉત્કૃષ્ટ શરીર |
|---|---|---|
| ૧ રત્નપ્રભામાં | ૩ હાથ | ૭ાા ધનુષ ૬ અંગુલ |
| ૨ શર્કરાપ્રભામાં | ૭ાા ધનુષ ૬ અંગુલ | ૧૫ાા ધનુષ ૧૨ અંગુલ |
| ૩ વાલુકાપ્રભામાં | ૧૫ાા ધનુષ ૧૨ અંગુલ | ૩૧I ધનુષ |
| ૪ પંકપ્રભામાં | ૩૧I ધનુષ | ૬૨ાા ધનુષ |
| ૫ ધૂમપ્રભામાં | ૬૨ાા ધનુષ | ૧૨૫ ધનુષ |
| ૬ તમઃપ્રભામાં | ૧૨૫ ધનુષ | ૨૫૦ ધનુષ |
| ૭ તમસ્તમઃપ્રભામાં | ૨૫૦ ધનુષ | ૫૦૦ ધનુષ |

તથા દેવોનું શરીર જે ૭ હાથનું કહ્યું છે તે ભવનપતિના ૧૦ દંડક તથા વ્યંતર અને જ્યોતિપીનો એકેક દંડક મળી ૧૨ દંડકમાં સર્વ દેવોનું છે, અને ૧૩ મા વૈમાનિક દંડકમાં સૌધર્મ દેવલોક તથા ઈશાન દેવલોક એ બે દેવલોકના સર્વ દેવ-દેવીનું શરીર પણ ૭ હાથનું છે, પરંતુ તે ઉપરાન્તના સ્વર્ગોમાં શરીરનો જે તફાવત છે. તે આ પ્રમાણે–

| દેવોનું | જઘન્ય શરીર | ઉત્કૃષ્ટ શરીર |
|---|---|---|
| ૩-૪ કલ્પમાં | ૬ હાથ | ૭ હાથ |
| ૫ મા કલ્પમાં | ૫ $\frac{૪}{૧૧}$ હાથ | ૬ હાથ |
| ૬ ઠ્ઠા કલ્પમાં | ૫ હાથ | ૫ $\frac{૪}{૧૧}$ હાથ |
| ૭ મા કલ્પમાં | ૪ $\frac{૧}{૧૧}$ હાથ | ૫ હાથ |
| ૮ મા કલ્પમાં | ૪ હાથ | ૪ $\frac{૧}{૧૧}$ હાથ |
| ૯ મા કલ્પમાં | ૩ $\frac{૩}{૧૧}$ હાથ | ૪ હાથ |
| ૧૦ મા કલ્પમાં | ૩ $\frac{૨}{૧૧}$ હાથ | ૩ $\frac{૩}{૧૧}$ હાથ |
| ૧૧ મા કલ્પમાં | ૩ $\frac{૧}{૧૧}$ હાથ | ૩ $\frac{૨}{૧૧}$ હાથ |
| ૧૨ કલ્પમાં | ૩ હાથ | ૩ $\frac{૧}{૧૧}$ હાથ |
| ૧ લા ગ્રૈવેયકે | ૨ $\frac{૮}{૧૧}$ હાથ | ૩ હાથ |
| ૨ જા ગ્રૈવેયકે | ૨ $\frac{૭}{૧૧}$ હાથ | ૨ $\frac{૮}{૧૧}$ હાથ |
| ૩ જા ગ્રૈવેયકે | ૨ $\frac{૬}{૧૧}$ હાથ | ૨ $\frac{૭}{૧૧}$ હાથ |
| ૪ થા ગ્રૈવેયકે | ૨ $\frac{૫}{૧૧}$ હાથ | ૨ $\frac{૬}{૧૧}$ હાથ |

गब्भतिरि सहस जोयण, वणस्सई अहिय जोयणसहस्सं ।
नर तेइंदि तिगाउ, बेइंदिय जोयणे बार ॥ ७ ॥

### સંસ્કૃત અનુવાદ

गर्भजतिर्यञ्चः सहस्त्रयोजना, वनस्पतिरधिकयोजनसहस्त्रम् ।
नरत्रीन्द्रियास्त्रिगव्यूता, द्वीन्द्रिया योजनानि द्वादश ॥ ७ ॥

### અન્વય સહિત પદચ્છેદ

गब्भतिरि सहसजोयण, वणस्सई जोयणसहस्सं अहिय ।
नर-तेइंदि तिगाऊ, बेइंदिय बार जोयणे ॥ ७ ॥

## શબ્દાર્થ

सहस = હજાર
जोयण = યોજન
अहिय = કંઈક અધિક
ति = ત્રણ
गाउ = ગાઉ

### ગાથાર્થ

ગર્ભજ તિર્યંચ હજાર યોજન છે, વનસ્પતિ હજાર યોજનથી પણ કંઈક અધિક છે, ગર્ભજ મનુષ્ય અને ત્રીન્દ્રિય ત્રણ ગાઉ અને દ્વીન્દ્રિય બાર યોજન હોય છે. ૭

| | | |
|---|---|---|
| ૫ મા ગ્રૈવેયકે | ૨ $\frac{૪}{૧૧}$ હાથ | ૨ $\frac{૫}{૧૧}$ હાથ |
| ૬ ઠ્ઠા ગ્રૈવેયકે | ૨ $\frac{૩}{૧૧}$ હાથ | ૨ $\frac{૪}{૧૧}$ હાથ |
| ૭ મા ગ્રૈવેયકે | ૨ $\frac{૨}{૧૧}$ હાથ | ૨ $\frac{૩}{૧૧}$ હાથ |
| ૮ મા ગ્રૈવેયકે | ૨ $\frac{૧}{૧૧}$ હાથ | ૨ $\frac{૨}{૧૧}$ હાથ |
| ૯ મા ગ્રૈવેયકે | ૨ હાથ | ૨ $\frac{૧}{૧૧}$ હાથ |
| ૪ અનુત્તરે | ૧ હાથ | ૨ હાથ |
| ૧ સર્વાર્થે | ૧ હાથ | ૧ હાથ |

અહિં દેવ-નારકોની જઘન્ય અવગાહના ૧ હાથ અને ૩ હાથ વગેરે કહી છે, તે સર્વ પર્યાપ્તિ વડે પર્યાપ્ત થયેલા દેવ-નારકની સંપૂર્ણ શરીર સંબંધી જાણવી. અને આ ૬ઠ્ઠી ગાથાના પૂર્વાર્ધમાં સર્વ દંડકોની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ કહી, તે શરીર રચનાના પ્રારંભની અપેક્ષાએ છે. માટે પરસ્પર વિરોધ ન જાણવો.

**સિદ્ધાન્તોમાં** તથા **પ્રકરણોમાં** ઉત્કૃષ્ટ અવગાહના સો૦ ઈ૦ માં ૭ હાથ, ૩-૪ માં ૬ હાથ, ૫-૬ માં ૫ હાથ, ૭-૮ માં ૪ હાથ, ૯-૧૦-૧૧-૧૨ માં ૩ હાથ, નવ ગ્રૈવેયકમાં ૨ હાથ અને અનુત્તરમાં ૧ હાથ કહી છે, તે ઉત્કૃષ્ટ આયુષ્યવાળા દેવોને એથી ન્યૂન ન હોવાની અપેક્ષાએ (વાસ્તવિક રીતે તો જઘન્ય જ) સામાન્યતઃ કહી છે. અને વસ્તુતઃ વિચારતાં ઉપર પ્રમાણેની જ જઘન્ય-ઉત્કૃષ્ટ અવગાહના પ્રકરણોમાં અને સિદ્ધાન્તોમાં આયુષ્યને અનુસારે કહી છે.

## વિશેષાર્થ

ગર્ભજ તિર્યંચોનું ઉત્કૃષ્ટ શરીર ૧૦૦૦ યોજન કહ્યું. તે ૨ા દ્વીપની બહારના છેલ્લામાં છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્રમાં રહેનારા મહા-મત્સ્યોનું-જળચર જીવોનું છે. બાકીના તિર્યંચોના શરીરનું પ્રમાણ શાસ્ત્રમાં ભિન્ન-ભિન્ન રીતે કહ્યું છે.

તથા વનસ્પતિનું શરીર ૧૦૦૦ યોજનથી કંઈક અધિક કહ્યું, તે સમુદ્રોમાં ઉત્સેધાંગુલના પ્રમાણથી ૧૦૦૦ યોજન ઉંડાઈને સ્થાને (ગોતીર્થાદિ સ્થાનોમાં) કમળ વગેરે વનસ્પતિનું છે. સર્વે સમુદ્રો પ્રમાણાંગુલથી ૧૦૦૦ યોજન ઊંડા છે, સમુદ્રોમાં જે જે સ્થાને ઉત્સેધાંગુલના પ્રમાણવાળી ૧૦૦૦ યોજનની ઊંડાઈ હોય, ત્યાં જે જે કમળ વગેરે વનસ્પતિ હોય તે જ ૧૦૦૦ યોજન અવગાહનાવાળી જાણવી, અને બીજે સ્થાને (એટલે એથી પણ અધિક ઉંડાઈમાં) કમળ વગેરે વનસ્પતિઓ છે, પરન્તુ તે ખરી વનસ્પતિઓ નથી. કારણ કે-આકાર વનસ્પતિઓનો છે, અને જીવો પૃથ્વીકાયિક[૧] છે.

તથા મનુષ્યોનું શરીર ૩ ગાઉનું કહ્યું, તે દેવકુરુ અને ઉત્તરકુરુક્ષેત્રના

---

૧ અહિં તાત્પર્ય એ છે કે સમુદ્રોની તથા નંદીશ્વર દ્વીપની વાપિકાઓ વગેરે જળાશયોની ઉંડાઈ પ્રમાણાંગુલથી ૧૦૦૦ યોજન છે, અને વનસ્પતિનું શરીર ઉત્સેધાંગુલ વડે ૧૦૦૦ યોજનથી અધિક છે. ઉત્સેધાંગુલ કરતાં પ્રમાણાંગુલનું માપ ઘણું મોટું છે. તેથી વાપિકા અને સમુદ્રની ઉંડાઈ ઘણી થાય છે. તો ઘણા ઊંડા જળાશયોમાં ઉત્સેધાંગુલના પ્રમાણથી ૧૦૦૦ યોજન રૂપ અલ્પ પ્રમાણવાળી વનસ્પતિ કેવી રીતે રહે ? તેના સમાધાન તરીકે જાણવાનું એ જ છે કે ઘણી ઊંડાઈવાળા જળાશયોમાં પણ કોઈ કોઈ સ્થાને ગોતીર્થ જેવાં (તળાવની પેઠે અનુક્રમે અધિક અધિક ઊંડાઈવાળા ઢાળ પડતાં) સ્થાનો હોય છે. તેવા સ્થાનોમાં જ્યાં જ્યાં ઉત્સેધાંગુલના પ્રમાણવાળી હજાર યોજન જેટલી ઊંડાઈ (અલ્પ ઊંડાઈ) હોય ત્યાં ત્યાં ઉત્સેધાંગુલના પ્રમાણથી ૧૦૦૦ યોજન ઉંચાઈવાળી કમળ આદિ વનસ્પતિઓ હોઈ શકે છે. તેમાં જળની અંદરની ભૂમિથી (તળથી) ઉપરની સપાટી સુધીમાં કમળની નાળ ૧૦૦૦ યોજન ઉંચી દીર્ઘ છે. અને જળની સપાટીથી કમળનું પુષ્પ જેટલું ઉંચું રહે છે. તેટલી અધિકતા તે ૧૦૦૦ યોજનથી ઉપરાન્ત જાણવી.

માટે જ "૧૦૦૦ યોજન અધિક" વનસ્પતિપ્રમાણ કહ્યું છે. એ ઉત્સેધાંગુલથી ૧૦૦૦ યોજન પ્રમાણવાળી ઊંડાઈમાં વનસ્પતિકાયિક કમળો વગેરે છે. અને પૃથ્વીકાયિક કમળો વગેરે પણ સંભવે છે. અને તેથી અધિક ઉંડાઈમાં જે કમળો વગેરે છે, તે કેવળ પૃથ્વીકાયરૂપ જ છે, તે યાવત્ સર્વોત્કૃષ્ટ ઉંચાઈવાળા પણ પૃથ્વીકાયિક વનસ્પતિના આકાર સમુદ્રની સપાટીને શોભા આપતા રહેલા હોય છે.

અહિં ઉત્સેધાંગુલ અને પ્રમાણાંગુલ તથા આત્માંગુલ એમ ૩ પ્રકારના અંગુલનું માપ બીજા ગ્રંથોથી જાણવું યોગ્ય છે.

તથા વનસ્પતિની એ ઉત્કૃષ્ટ અવગાહના જળાશયોમાં જ હોય પરન્તુ સ્થળ ઉપર નહિ, તેમજ કમળ આદિ (કમળ કુહણા વગેરે) વનસ્પતિઓની ઉત્કૃષ્ટ અવગાહના હોય, પરંતુ આમ્રવૃક્ષ આદિકની નહિ, એમ વિશેષતઃ જાણવું.

યુગલિક મનુષ્યોનું જાણવું, કે જેઓ ૩ પલ્યોપમના આયુષ્યવાળા પણ છે. બીજા મનુષ્યોનું શરીરપ્રમાણ તેથી ન્યૂન ન્યૂન જાણવું.

તથા ત્રિન્દ્રિયનું ૩ ગાઉનું અને દ્વીન્દ્રિયનું ૧૨ યોજન શરીર પ્રમાણ કહ્યું, તે પ્રાયઃ[1] ૨ાા દ્વીપથી બહારના દ્વીપ-સમુદ્રોમાં ઉત્પન્ન થતા કાનખજુરા વગેરે, અનેક ક્રોડ યોજન વિસ્તારવાળા સમુદ્રમાં ઉત્પન્ન થતા શંખ વગેરે દ્વીન્દ્રિયોનું જાણવું.

**जोयणमेगं चउरिंदि-देहमुच्चत्तणं सुए भणियं।**
**वेउव्वियदेहं पुण, अंगुलसंखं समारंभे ॥ ८ ॥**

### સંસ્કૃત અનુવાદ

योजनमेकं चतुरिन्द्रियदेहोच्चत्वं श्रुते भणितं ।
वैक्रियदेहः पुनरङ्गुलसंख्येयांश आरम्भे ॥ ८ ॥

### અન્વય સહિત પદચ્છેદ

सुए चउरिंदिदेहं उच्चत्तणं एगं जोयण भणियं ।
पुण वेउव्वियदेहं आरंभे अंगुल-संखंसं ॥ ८ ॥

### શબ્દાર્થ

देह = શરીરનું
उच्चत्तणं = ઉચ્ચપણું
सुए = સૂત્રમાં, સિદ્ધાંતમાં
भणियं = કહ્યું છે
वेउव्विय = વૈક્રિય
पुण = વળી
संखंस = સંખ્યાતમો
आरंभे = પ્રારંભમાં

### ગાથાર્થ

સિદ્ધાન્તમાં ચતુરિન્દ્રિયના શરીરની ઉંચાઈ એક યોજન કહી છે અને વૈક્રિય શરીર પ્રારંભમાં અંગુલના સંખ્યાતમા ભાગ જેટલું હોય છે. ૮

### વિશેષાર્થ

ચતુરિન્દ્રિય જીવોનું શરીર એક યોજન પ્રમાણ કહ્યું તે મનુષ્યક્ષેત્રથી બહાર રહેલા દ્વીપ-સમુદ્રોમાંના ભ્રમર વિગેરેનું જાણવું, ભ્રમરાદિકોની એ અવગાહનાઓ સિદ્ધાન્તમાં કહી છે.

---

૧ અન્તર્મુહૂર્ત આયુષ્યવાળા અને ઉત્પન્ન થતાં જ તુરત ૧૨ યોજન શરીરવાળા થઈ, તુરત મરણ પામતાં, પૃથ્વીમાં તેવડો મોટો ખાડો પડી જવાથી, ચક્રવર્તિના સૈન્યને પણ જમીનમાં ગરકાવી દેનારા આસાલિક જાતિના સર્પને શાસ્ત્રમાં (ઉરઃપરિસર્પ તિ. પંચેન્દ્રિય અને મતાન્તરે) દ્વીન્દ્રિય પણ કહ્યા છે. તે મહાદેહવાળા દ્વીન્દ્રિયો ૨ાા દ્વીપમાં પણ સંભવે. તેથી "પ્રાયઃ" કહ્યું છે.

| ૨૪ દંડકમાં જન્મદેહની અવગાહનાનું કોષ્ટક | | |
|---|---|---|
| | जघन्य अवगाहना | उत्कृष्ट अवगाहना |
| ૪ પૃથ્વીકાયાદિની | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંગુલનો અસંખ્યાતમો ભાગ |
| ૧ નારક | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૫૦૦ ધનુષ |
| ૧૩ દેવમાં | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૭ હાથ |
| ૧ ગ૦ તિર્યંચ | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧૦૦૦ યોજન |
| ૧ વનસ્પતિ | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧૦૦૦ યોજનથી કિંચિત્ અધિક |
| ૨ મનુષ્ય-ત્રીન્દ્રિય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૩ ગાઉ |
| ૧ દ્વીન્દ્રિય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧૨ યોજન |
| ૧ ચતુરિન્દ્રિય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧ યોજન |
| ૨૪ | | |

## ઉત્તરવૈક્રિય શરીરની અવગાહના

જે જે દંડકપદોમાં વૈક્રિયલબ્ધિ પૂર્વે જણાવી છે, તે તે દંડકપદોમાંના જીવો જ્યારે જ્યારે વૈક્રિય શરીરની રચનાનો પ્રારંભ કરે, ત્યારે પ્રારંભમાં અંગુલના સંખ્યાતમા ભાગ જેવડું નાનું વૈક્રિય શરીર બનાવે છે, ત્યારબાદ તે શરીર વધતું વધતું યાવત્ (મનુષ્યનું શરીર) કંઈક અધિક ૧ લાખ યોજન સુધીનું પણ થઈ જાય છે. પરન્તુ પ્રારંભમાં તો તેટલું જ નાનું બને છે. અહિં જાણવાનું એ છે કે-જન્મ શરીરની રચના સમયે પ્રારંભમાં તે જન્મ શરીર = મૂળ શરીર અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જેટલું નાનું બને છે, અને આ ઉત્તર શરીર પ્રારંભમાં અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ નાનું બને છે.

अपवाद - ઉપર કહેલા ઉત્તર વૈક્રિયના પ્રારંભમાં જે અંગુલના સંખ્યાતમા ભાગની અવગાહના કહી તે ગર્ભજ તિર્યંચ અને મનુષ્ય તથા દેવ-નારકની અપેક્ષાએ છે, પરન્તુ વાયુકાય જ્યારે વૈક્રિય શરીરની રચના કરે છે, ત્યારે તેનું ઉત્તર વૈક્રિય શરીર તો પ્રારંભમાં પણ અંગુલના અસંખ્યાતમા ભાગ જેવડું જ હોય છે. કારણ કે વાયુકાયનું કોઈ પણ શરીર ઉત્કૃષ્ટથી પણ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું જ છે.

## ઉત્તર વૈક્રિયની ઉત્કૃષ્ટ અવગાહના

**देव नर अहियलक्खं, तिरियाणं नव य जोयणसयाइं, ।**
**दुगुणं तु नारयाणं, भणियं वेउव्वियसरीरं ॥ ९ ॥**

## સંસ્કૃત અનુવાદ

देवनराणामधिकलक्षं, तिरश्चां नव च योजनशतानि ।
द्विगुणं तु नारकाणां, भणितं वैक्रियशरीरम् ॥ ९ ॥

## અન્વય સહિત પદચ્છેદ

देव नर लक्खं अहिय, य तिरियाणं नव सयाइं जोयण ।
तु नारयाणं वेउव्विय सरीरं दुगुणं भणियं ॥ ९ ॥

## શબ્દાર્થ

लक्खं = ૧ લાખ (યોજન)
सयाइं = સો
दुगुणं = દ્વિગુણ, બમણું

## ગાથાર્થ

દેવોનું વૈક્રિય (શરીર) લાખ અને મનુષ્યોનું અધિક છે. તિર્યંચોનું નવસો યોજન છે. અને નારકોનું વૈક્રિય શરીર બમણું કહ્યું છે.

## વિશેષાર્થ

હવે ઉત્તરવૈક્રિય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના દેવને સંપૂર્ણ* ૧ લાખ યોજન પ્રમાણ અને મનુષ્યને કિંચિત્ અધિક ૧ લાખ યોજન પ્રમાણ છે. અહિં કિંચિત્ અધિકતા-તે ૪ અંગુલ પ્રમાણ જાણવી, કારણ કે-દેવનું ઉત્તરવૈક્રિય અને મનુષ્યનું વૈક્રિય શરીર શીર્ષ ભાગે તો સરખું રહે છે (એટલે બન્નેનાં મસ્તક સરખી સપાટીએ આવી રહે છે) પરન્તુ મનુષ્ય જમીનને સ્પર્શીને ઉભો રહે છે, અને દેવ તો જમીનથી ૪ અંગુલ અધર રહે છે, જેથી નીચેના ભાગમાં મનુષ્યનું શરીર ૪ અંગુલ અધિક છે. અને દેવનું શરીર મનુષ્યથી ૪ અંગુલ ન્યૂન છતાં સંપૂર્ણ ૧ લાખ યોજનનું હોય છે.

આવું મહાન્ વૈક્રિય શરીર શ્રી વિષ્ણુકુમાર મુનિએ, વર્ષાકાળમાં એક સ્થાને સ્થિર રહેલા મુનિ મહાત્માઓને ધર્મદ્વેષથી દેશમાંથી ચાલ્યા જવાનું કહેનાર અને કોઈ પણ રીતે નહિ સમજનાર મહાપાપી નમુચિ પ્રધાનને સજા કરવા માટે શ્રી મુનિસુવ્રતસ્વામિના શાસનમાં બનાવ્યું હતું.

ગ્રૈવેયક અને અનુત્તર દેવો ઉત્તર વૈક્રિય શરીર રચતા નથી, શેષ સર્વ દેવો ઉત્તર વૈક્રિયની રચના કરે છે.

---

* દંડક વૃત્તિમાં કિંચિત્ અધિક ૧ લાખ યોજનની વૈક્રિય રચના દેવોને અને મનુષ્યને બન્નેને કહી છે, પરન્તુ સિદ્ધાન્તોમાં તો ઉપર પ્રમાણે છે.

| ૨૪ દંડકમાં ઉત્તરવૈક્રિયની અવગાહના | | |
|---|---|---|
| | जघन्य | उत्कृष्ट |
| ૧ વાયુકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અંગુલનો અસંખ્યાતમો ભાગ |
| ૧૩ દેવ દંડકમાં | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧ લાખ યોજન |
| ૧ ગ૦ મનુષ્યમાં | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૧ લાખ યોજનથી કિંચિત્ અધિક |
| ૧ ગ૦ તિર્યંચમાં | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ૯૦૦ યોજન |
| ૧ નારકમાં | અંગુલનો અસંખ્યાતમો ભાગ | જન્મદેહથી બમણું (૧૦૦૦ ધનુષ્) |
| શેષ ૭ માં | વૈ૦ જ નથી | વૈ૦ જ નથી. |

## ઉત્તર વૈક્રિયની વિકુર્વણાનો કાળ

**[ अंतमुहुत्तं निरए, मुहुत्त चत्तारि तिरिय-मणुएसु, ।**
**देवेसु अद्धमासो, उक्कोस-विउव्वणा-कालो ॥ १० ॥]**

### સંસ્કૃત અનુવાદ

अन्तर्मुहूर्त्तं नैरयिके, मुहूर्त्ताश्चत्वारः तिर्यग्मनुजेषु ।
देवेष्वर्धमास उत्कृष्टो, विकुर्वणाकालः ॥ १० ॥

### અન્વય સહિત પદચ્છેદ

निरए अंतमुहुत्तं तिरिय-मणुएसु चत्तारि मुहुत्त ।
देवेसु अद्धमासो, उक्कोस विउव्वणा कालो ॥ १० ॥

### શબ્દાર્થ

अंतमुहूत्तं = અન્તર્મુહૂર્ત્ત
मुहुत्त = મુહૂર્ત્ત (૨ ઘડી)
चत्तारी = ચાર
अद्धमासो = અર્ધમાસ, ૧૫ દિવસ
विउव्वणा = વિકુર્વણા
कालो = કાળ

### ગાથાર્થ

ઉત્કૃષ્ટ વિકુર્વણાનો કાળ નારકોમાં અંતર્મુહૂર્ત, તિર્યંચો અને મનુષ્યોમાં *૪. મુહૂર્ત, અને દેવોમાં અર્ધમાસ છે. ॥૧૦॥

---

* દંડક પ્રકરણની અવચૂરિમાં (આ પ્રકરણના જ કર્ત્તાએ) "લબ્ધિથી કરેલા વૈક્રિય શરીરનો (ગ૦ તિર્યંચ-મનુષ્યનો) અવસ્થાન કાળ અન્તર્મુહૂર્તથી અધિક ન હોય" એમ સ્પષ્ટ નિર્દેશ કર્યો છે, અહિં ૪ મુહૂર્ત કહ્યો છે. દિગંબર આમ્નાયમાં પણ અન્તર્મુ૦ કાળ કહ્યો છે અને શ્રી ભગવતી સૂત્રમાં અન્તર્મુ૦ કાળ કહ્યો છે. આ ગાથા **શ્રી જીવાભિગમજી** સૂત્રની છે.

### વિશેષાર્થ

કહેલો એ કાળ વ્યતીત થયે, તે શરીર સ્વતઃ વિલય પામી જાય છે, અને તે કાળ પહેલાં પણ જો તે શરીરની જરૂર ન હોય તો બુદ્ધિપૂર્વક સંહરણ પણ કરવું પડે છે. વાયુકાયમાં તો રચના અને વિલય બન્ને સ્વતઃ પ્રવર્ત્તે છે.

**બાકીના શેષ શરીરોની અવગાહના તથ કાળ.**

દંડકપદોમાં ઔદારિકની, મૂળ અને ઉત્તર વૈક્રિયની અવગાહના તથા ઉત્તર વૈક્રિયનો કાળ કહ્યો છે, અને આહારક શરીરની અવગાહના તથા કાળ અને તૈ૦ કા૦ શરીરની અવગાહના કહ્યાં નથી, પરંતુ તે આ પ્રમાણે છે-

આહારક શરીરની જઘન્ય અવગાહના પ્રારંભ સમયે પણ ઉત્તર વૈક્રિયવત્ અંગુલનો સંખ્યાતમો ભાગ નહિ, પરન્તુ કિંચિત્ ન્યૂન ૧ હસ્ત પ્રમાણ કહી છે, અને ઉત્કૃષ્ટ અવગાહના સંપૂર્ણ ૧ હસ્ત પ્રમાણ છે. તથા કાળ-જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે, ત્યારબાદ આહા૦ શરીર વિલય પામે છે, અને આત્મપ્રદેશો ઔદા૦ માં પ્રવેશે છે.

તથા તૈ૦ કા૦ ની અવગાહના જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ એટલે સૂક્ષ્મ વનસ્પતિના ઔદા૦ શરીર જેટલી છે, તથા ઉત્કૃષ્ટ અવગાહના સાધિક ૧ લાખ યોજન પ્રમાણ ઉત્તરવૈ૦ દેહની અપેક્ષાએ છે, અને કેવલિ સમુદ્ઘાતની અપેક્ષાએ સંપૂર્ણ લોકાકાશ પ્રમાણ છે.

## (૩) સંઘયણ દ્વાર

**थावर सुर नेरइया, अस्संघयणा य विगल छेवट्ठा, ।**
**संघयण-छग्गं गब्भय-नर-तिरिएसु वि मुणेयव्वं ॥ ११ ॥**

### સંસ્કૃત અનુવાદ

**स्थावरसुरनैरयिका असंहननाश्च, विकलाः सेवार्त्ताः ।**
**संहननषट्कं गर्भजनरतिर्यक्ष्वपि ज्ञातव्यम् ॥ ११ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**थावर सुर नेरइया, अस्संघयणा य विगल छेवट्ठा ।**
**गब्भय नर तिरिएसु अवि छग्गं संघयण मुणेयव्वं ॥ ११ ॥**

### શબ્દાર્થ

अस्संघयणा = સંઘયણ રહિત
विगल = વિકલેન્દ્રિયો
छेवट्ठा = સેવાર્ત્ત સંઘયણવાળા
संघयण = સંઘયણ, સંહનન
छग्गं = ૭
मुणेयव्वं = જાણવું, જાણવાં.

### ગાથાર્થ

સ્થાવરો, દેવો, અને નારકો સંઘયણ રહિત હોય છે, વિકલેન્દ્રિયોમાં[1] સેવાર્ત્ત અને ગર્ભજ મનુષ્ય તથા તિર્યંચોમાં તો છએ ય સંઘયણ હોય છે. ॥૧૧॥

### વિશેષાર્થ

પાંચ સ્થાવર, તેર દેવો, અને એક નારક ઓગણીશ દંડકોમાં સંઘયણ *નથી. કારણ કે એ જીવોના શરીરમાં હાડકાં નથી. અને સંઘયણ તો હાડકાના બંધારણને કહેવામાં આવે છે. તથા શંખ, છીપ, કોડી, ઈત્યાદિ દ્વીન્દ્રિય જીવો તથા કીડી આદિ ત્રીન્દ્રિય જીવો અને ભ્રમર આદિ ચતુરિન્દ્રિય જીવોમાંના કેટલાક સ્પષ્ટ કઠિન હાડવાળા છે, તો કોઈ અસ્પષ્ટ બારિક હાડવાળા છે. માટે એ ત્રણ વિકલેન્દ્રિયોને સંઘયણ છે, અને તે પણ છટ્ઠું છેદ સ્પૃષ્ટ સંઘયણ હોય છે, ગર્ભજ તિર્યંચો તથા મનુષ્યોને તો છએ સંઘયણ હોય છે. પરન્તુ એક જીવને સમકાળે તો એક જ સંઘયણ હોય.

| ૨૪ દંડકમાં કોને કેટલાં સંઘયણ | | | |
|---|---|---|---|
| ૫ સ્થાવર<br>૧૩ દેવ દંડક<br>૧ નારક | સંઘયણ રહિત | ૩ વિકલેન્દ્રિય | ૧ છેવટ્ઠું |
| | | ૧ ગ૦ મનુષ્ય<br>૧ ગ૦ તિર્યંચ | ૬ |

## ૪ સંજ્ઞા અને ૫ સંસ્થાન દ્વાર

**सव्वेसिं चउ दह वा सन्ना, सव्वे सुरा य चउरंसा, ।**
**नर-तिरि छस्संठाणा, हुंडा विगलिंदि नेरइया, ॥ १२ ॥**

### સંસ્કૃત અનુવાદ

सर्वेषां चतस्रो दश वा संज्ञा, सर्वे सुराश्च चतुरंशा ( स्त्राः ) ।
नरतिर्यञ्चः षट्संस्थाना, हुण्डका विकलेन्द्रियनैरयिकाः ॥ १२ ॥

### અન્વય સહિત પદચ્છેદ

सव्वेसिं चउ वा दह सन्ना, य सव्वे सुरा चउरंसा ।
नर तिरि छस्संठाणा, विगलिंदि नेरइया हुंडा ॥ १२ ॥

---

૧ વિકલેન્દ્રિયોમાં અળસિયાં વગેરે જીવો હાડ રહિત જેવા દેખાય છે, તો પણ ઉદયસ્થાનક વિચારતાં તે જીવોને અસ્પષ્ટ પણ સંઘયણ સંભવે છે.

* શ્રી જીવાભિગમજીમાં હાડની અપેક્ષાએ તો નહિ પરન્તુ બળની અપેક્ષાએ દેવોને પહેલું અને એકેન્દ્રિયોને છટ્ઠું સંઘયણ કહ્યું છે, તથા નારકોને અસંઘયણી કહ્યા છે.

## શબ્દાર્થ

दह = દશ
वा = અથવા
सन्ना = સંજ્ઞા
चउरंसा = સમચતુરસ્ર સંસ્થાનવાળા
छ = છ
स्संठाणा = સંસ્થાનવાળા
हुंडा = હુંડક સંસ્થાનવાળા

### ગાથાર્થ

સર્વેને ચાર કે દશ સંજ્ઞા હોય છે. સર્વે દેવો સમચતુરસ્ર સંસ્થાનવાળા, ગર્ભજ મનુષ્ય અને તિર્યંચો છ સંસ્થાનવાળા, વિકલેન્દ્રિયો અને નારકો હુંડક સંસ્થાનવાળા છે. ॥ ૧૨ ॥

### વિશેષાર્થ

સર્વેદંડકોમાં ૪ અથવા ૧૦ સંજ્ઞા છે, અને કેટલાક મનુષ્યોને ૧૬ સંજ્ઞાઓ હોય છે. તે સંજ્ઞાઓ સંજ્ઞિ પંચેન્દ્રિયોમાં તો સ્પષ્ટ ઉપલબ્ધ થાય છે, અને એકેન્દ્રિયોમાં અવ્યક્ત-અસ્પષ્ટ હોય છે. તો પણ કેટલાક બાહ્ય વર્તનથી અમુક અમુક સંજ્ઞાઓ એકેન્દ્રિયોમાં અનુમાનથી સ્પષ્ટ સમજી શકાય એવી હોય છે, તે આ પ્રમાણે-

૧ પાણી તથા છાણ વિગેરે ખાતરથી પોષણ થતું હોવાથી आहार संज्ञा છે.

૨ લજ્જાળુ વનસ્પતિને હાથ અડતાં તુર્ત સંકોચાય છે, માટે भय संज्ञा છે.

૩ વેલડીઓ વૃક્ષને વીંટાય છે, અને શ્વેત ખાખર નિધાન ઉપર મૂળ ફેલાવે છે, માટે परिग्रह संज्ञा છે.

૪ કુરુબક નામનું વૃક્ષ સ્ત્રીના આલિંગનથી ફળે છે, માટે मैथुन संज्ञा છે.

૫ કોકનદ નામનો કંદ હુંકાર-હુંફાડા કરે છે માટે क्रोध संज्ञा છે.

૬ રુદન્તી વેલડીમાંથી રસનાં ટપકાં ઝરતાં રહે છે, માટે मान संज्ञा છે. (આ વેલડીના રસથી સુવર્ણસિદ્ધિ થાય છે, તેથી હું હોવા છતાં લોકમાં નિર્ધનતા કેમ ? એવી અભિમાન સંજ્ઞાથી રુદન કરવાનું અનુમાન છે.)

૭ વેલડી પોતાનાં ફળોને પોતાનાં પાંદડાંથી ઢાંકી રાખે છે. માટે माया संज्ञा છે.

૮ બીલીનું વૃક્ષ તથા શ્વેત ખાખરો પોતાના મૂળ નિધાન ઉપર ફેલાવે છે (અર્થાત્ નિધાન ઉપર પ્રાયઃ ઉગે છે) માટે लोभ संज्ञा છે.

૯ કમળો રાત્રે लोक संज्ञा થી સંકોચ પામે છે.

૧૦ વેલડીઓ સર્વ માર્ગ છોડીને ભીંત ઉપર અથવા વૃક્ષ ઉપર ઓઘ સંજ્ઞા થી ચઢે છે.

એ પ્રમાણે એકેન્દ્રિય જીવોમાં અનુમાનથી સંજ્ઞાઓ સ્પષ્ટ સમજાય છે. દ્વીન્દ્રિયાદિ સર્વ દંડકપદોમાં ઓછી-વધતી સંજ્ઞાઓ અવશ્ય હોય છે.

હવે ચાર ગતિ આશ્રયિ વિચાર કરતાં દેવગતિમાં પરિગ્રહ તથા લોભ સંજ્ઞા અધિક-મુખ્ય છે. મનુષ્યગતિમાં માન સંજ્ઞા અને મૈથુન સંજ્ઞા અધિક છે, નરક ગતિમાં ભય અને ક્રોધ સંજ્ઞા અધિક છે, અને તિર્યંચગતિમાં માયા તથા આહાર સંજ્ઞા અધિક[1] છે.

## સંસ્થાન દ્વાર

સર્વ દેવોને (એટલે દેવના ૧૩ દંડકોમાં) ૧ સમચતુરસ્ર સંસ્થાન હોય છે. અર્થાત્ કોઈ પણ દેવ કે દેવીને સમચતુરસ્ર સિવાય બીજું સંસ્થાન નથી, પરન્તુ તે ભવધારણીય (મૂળ) શરીરની અપેક્ષાએ જાણવું, કારણ કે દેવોનું ઉત્તર વૈક્રિય સંસ્થાન તો સિદ્ધાન્તમાં અનેક પ્રકારનું કહ્યું છે.

ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચોને છએ ય સંસ્થાનો હોય છે. યુગલિક મનુષ્ય અને યુગલિક તિર્યંચોને તો દેવોની માફક એક સમચતુરસ્ર સંસ્થાન જ જાણવું, અને શેષ સંખ્યાત આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચોને યથાસંભવ *૬ સંસ્થાન હોય છે, પરન્તુ એક જીવને સમકાળે કોઈપણ એક જ સંસ્થાન હોય છે.

વિકલેન્દ્રિયો અને નારકોને સર્વ લક્ષણહીન છટ્ઠું હુંડક સંસ્થાન હોય છે. તેમાં પણ નારકોનું હુંડક સંસ્થાન પાંખ ઉખેડી નાંખેલા પક્ષી સરખું અતિ બિભત્સ અને ભયાનક હોય છે.

---

૧ ચાર ગતિમાં આહારાદિ ૪ સંજ્ઞાઓનું એકત્ર અલ્પબહુત્વ શાસ્ત્રાં આ પ્રમાણે કહ્યું છે.

કોઈ પણ સમયે વિચાર કરતાં-નારક ગતિમાં મૈથુન સંજ્ઞાવાળા જીવો અલ્પ, તેથી આહાર સંજ્ઞાવાળા સંખ્યાતગુણ, તેથી ભય સંજ્ઞાવાળા સંખ્યાત ગુણ, તેથી પરિગ્રહ સંજ્ઞાવાળા સંખ્યાત ગુણ. દેવોમાં આહાર-ભય-મૈથુન-પરિગ્રહ તથા મનુષ્યોમાં ભય-આહાર-પરિગ્રહ-મૈથુન, અને પંચે૦ તિર્યંચોમાં પરિગ્રહ-મૈથુન-ભય અને આહાર સંજ્ઞાઓ અનુક્રમે સંખ્યાતગુણ કહેવી.

તથા એક સમયમાં એક જીવને એક સંજ્ઞા સ્પષ્ટ અનુભવમાં હોય છે, બાદ અન્તર્મુહૂર્તે દરેક જીવોની સંજ્ઞા બદલાતી રહે છે. ઉપર કહેલી સંજ્ઞાઓની (તે તે ગતિમાં) અધિકતા કહી, તે તેવા પ્રકારના સંયોગોના કારણથી (પૂર્વોક્ત અલ્પબહુત્વ) હોય છે. અપંચેન્દ્રિયોમાં સંજ્ઞાનું અલ્પબહુત્વ કહેલું દેખાતું નથી. માટે અનિયમિતપણું હશે એમ સંભવે છે.

* સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોમાં પણ સર્વે તીર્થંકર-ચક્રવર્તી વાસુદેવ-બળદેવ-પ્રતિવાસુદેવ આદિ સમચતુરસ્ર સંસ્થાની હોય છે.

नाणाविह-धय-सूई-बुब्बुय, वण वाउ तेउ अपकाया ।
पुढवी मसूर चंदा-कारा, संठाणओ भणिया ॥ १३ ॥

સંસ્કૃત અનુવાદ

नानाविधध्वजसूचिबुद्बुदा, वनवायुतैजसापूकायिकाः ।
पृथ्वी मसूरचन्द्राकारा, संस्थानतो भणिता ॥ १३ ॥

અન્વય સહિત પદચ્છેદ

संठाणओ वण नाणाविह, वाउ धय तेउ सूई अपकाया ।
बुब्बुय पुढवी मसूर चंद आकारा भणिया ॥ १३ ॥

## શબ્દાર્થ

नाणाविह = નાના પ્રકારના (અનેક પ્રકારના આકારવાળા)
धय = ધ્વજ (ના આકારવાળા)
सूई = સોયો (ના આકારવાળા)
बुब्बुय = પરપોટા (ના આકારવાળા)
वण = વનસ્પતિ
वाउ = વાયુકાય
तेउ = અગ્નિકાય
अपकाया = અપ્કાય (જળ)
पुढवी = પૃથ્વીકાય
मसूर= મસૂરની દાળ (ના આકારવાળા)
चंदाकारा = અર્ધચન્દ્રના આકારવાળા
संठाणओ = સંસ્થાનથી, આકારથી
भणिया = કહ્યા છે.

## ગાથાર્થ

સંસ્થાનથી વનસ્પતિકાય, વાયુકાય, તેઉકાય, અને અપ્કાયને અનુક્રમે જુદા જુદા અનેક આકારવાળા, ધજા, સોય અને પરપોટાના આકારવાળા, તથા પૃથ્વીકાય મસુરની દાળ કે ચન્દ્રના આકારવાળા કહ્યા છે. ॥ ૧૩ ॥

## વિશેષાર્થ

| એકેન્દ્રિય જીવોના હુંડક સંસ્થાનો | |
|---|---|
| પ્રત્યેક વનસ્પતિકાયનું | જુદા જુદા અનેક આકારનું |
| વાયુકાયનું | ધ્વજાના આકારનું |
| અગ્નિકાયનું | સોયના આકારનું |
| અપ્કાયનું | પરપોટાના આકારનું |
| પૃથ્વીકાયનું | મસુરની દાળ અથવા અર્ધ ચંદ્રના આકારનું |

પ્રત્યેક વનસ્પતિકાય સિવાયના કોઈનું એક શરીર જોઈ શકાતું નથી. તેથી તેના સંસ્થાનો પણ જોઈ શકાતા નથી.[x]

| ૨૪ દંડકમાં કોને કેટલાં સંસ્થાન | | | |
|---|---|---|---|
| ૧૩ દેવદંડક | ૧ (સમચતુરસ્ર) | ૩ વિકલેન્દ્રિય<br>૧ નારક<br>૫ સ્થાવર | ૧ હુંડક |
| ૧ ગ૦ મનુષ્ય<br>૧ ગ૦ તિર્યંચ | ૬ | | |

## (૬) કષાય અને (૭) લેશ્યા દ્વાર

**सव्वेवि चउकसाया, लेस-छगं गब्भतिरियमणुएसु ।**
**नारय तेऊवाऊ, विगला वेमाणि य तिलेसा ॥ १४ ॥**

### સંસ્કૃત અનુવાદ

**सर्वेऽपि चतुष्कषाया, लेश्याषट्कं गर्भजतिर्यग्मनुजयोः ( जेषु ) ।**
**नारकतेजोवायुविकला, वैमानिकाश्च त्रिलेश्याः ॥ १४ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**सव्वे अवि चउ कसाया, गब्भय तिरिय मणुएसु छगं लेस ।**
**नारय तेऊ वाऊ विगला य वेमाणि ति लेसा ॥ १४ ॥**

### શબ્દાર્થ

कसाया = કષાયવાળા
लेसा = લેશ્યા
छगं = છ
तेऊ = તૈજસકાય, અગ્નિકાય
वाऊ = વાયુકાય
ति = ત્રણ
लेसा = લેશ્યાવાળા

---

x અહિં સૂક્ષ્મ પૃથ્વીઆદિકનું અને બાદર પૃથ્વીઆદિકનું પણ હુંડક સંસ્થાન ઉપર પ્રમાણે જ છે, પરન્તુ વિશેષ એજ કે-સૂક્ષ્મ અને બાદર સાધારણ વનસ્પતિનું સંસ્થાન પણ વિવિધાકૃતિ છે. એમ **શ્રી જીવાભિગમાદિક**માં કહ્યું છે, અને **સંગ્રહણીવૃત્તિ**માં તો નિગોદનું ઔદારિક શરીર સ્તિબુક (પરપોટા) આકારવાળું (એટલે નક્કર ગોળા સરખું) કહ્યું છે. **अनित्थंस्थ (જીવાજીવાભિગમ**ને અભિપ્રાયે **દ્રવ્યલોક પ્રકાશ**માં અનિયત) સંસ્થાન કહ્યું છે. તથા વાયુકાય વૈક્રિય શરીર રચે તોપણ ધ્વજાના આકારેજ રચે છે. (**તત્ત્વાર્થ વૃત્તિ**માં પ્રત્યેક વનસ્પતિકાયનું अनित्थंस्थ સંસ્થાન કહ્યું છે.)

## ગાથાર્થ

**સર્વેને ચારે ય કષાયો હોય છે. તથા ગર્ભજ-તિર્યંચો અને મનુષ્યને ૬ લેશ્યા હોય છે, નારકો, અગ્નિકાય, વાયુકાય, વિકલેન્દ્રિય અને વૈમાનિકો ત્રણ લેશ્યાવાળા હોય છે. ॥૧૪॥**

## વિશેષાર્થ

### છટ્ઠું કષાયદ્વાર

સર્વ દંડકપદોમાં ક્રોધ-માન-માયા-અને લોભ એ ચાર પ્રકારના કષાય હોય છે. એકેન્દ્રિયોમાં તેનો ઉદય અસ્પષ્ટ હોય છે. દ્વીન્દ્રિયાદિકમાં કંઈક અધિક અધિક સ્પષ્ટ હોય છે. કષાય રહિત તો કેવળ વીતરાગ ભગવંતો અને સિદ્ધ પરમાત્માઓ જ છે.

### સાતમું લેશ્યાદ્વાર

ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોને છએ પ્રકારની લેશ્યાઓ હોય છે. એક સમયે એક જ લેશ્યા અન્તર્મુહૂર્ત સુધી રહી પુનઃ બદલાઈને બીજી લેશ્યા પ્રગટ થાય છે. એ પ્રમાણે સંપૂર્ણ ભવપર્યન્ત પરાવૃત્તિથી છએ લેશ્યા દ્રવ્યથી અને ભાવથી પણ હોય છે. તે દ્રવ્યભાવનું સ્વરૂપ દ્વારવર્ણનમાં કહેલું છે.

| | | | |
|---|---|---|---|
| ૧ નારક<br>૧ અગ્નિકાય<br>૧ વાયુકાય<br>૩ વિકલેન્દ્રિય | કૃષ્ણ, નીલ, કાપોત (૩ અશુભ) | વૈમાનિક દેવોને | તેજો આદિ ૩ શુભ |

**કયા નારકને કઈ અશુભ લેશ્યા તથા કયા વૈમાનિક દેવને કઈ શુભ લેશ્યા હોય તેનો વિસ્તાર અન્ય ગ્રન્થોથી જાણવો.***

---

* **રત્નપ્રભા અને શર્કરાપ્રભામાં** સર્વ નારકોને કાપોતલેશ્યા, **વાલુકાપ્રભામાં** સાધિક ૩ સાગરોપમ સુધીના આયુષ્યવાળાને કાપોત અને તેથી અધિક આયુષ્યવાળાને નીલ લેશ્યા છે. **પંકપ્રભામાં** સર્વેને નીલ લેશ્યા છે. **ધૂમપ્રભામાં** સાધિક ૧૦ સાગરોપમ સુધીના આયુષ્યવાળાને નીલ, અને તેથી અધિક આયુષ્યવાળાને કૃષ્ણલેશ્યા છે. તથા છઠ્ઠી અને સાતમી નરકમાં સર્વને કૃષ્ણલેશ્યા છે. અહિં પૃથ્વીઓના અનુક્રમ પ્રમાણે અધિક અધિક મલિન લેશ્યાઓ જાણવી.

**વૈમાનિક દેવોમાં આ પ્રમાણે -**

**૧-૨ જા કલ્પના દેવોમાં** તેજોલેશ્યા, **૩-૪-૫ મા કલ્પના દેવોમાં** પદ્મલેશ્યા, **૬ટ્ઠા કલ્પથી સર્વાર્થસિદ્ધ સુધીમાં** સર્વ દેવોમાં શુક્લલેશ્યા. કલ્પોના અનુક્રમ પ્રમાણે એ લેશ્યાઓ અધિક અધિક વિશુદ્ધ જાણવી.

## લેશ્યા ચાલુ અને ૮મું ઈન્દ્રિય અને ૯મું સમુદ્ઘાત દ્વાર

**जोइसिय तेउलेसा, सेसा सव्वेवि हुंति चउलेसा ।**
**इंदियदारं सुगमं, मणुआणं सत्त समुग्घाया ॥ १५ ॥**

### સંસ્કૃત અનુવાદ

**ज्योतिष्कास्तेजोलेश्याकाः शेषाः सर्वेऽपि भवन्ति चतुर्लेश्याः ।**
**इन्दियद्वारं सुगमं, मनुजानां सप्त समुद्घाताः ॥ १५ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**जोइसिय तेऊ लेसा, सेसा सव्वे अवि चउलेसा हुंति ।**
**इंदिय दारं सुगमं मणुआणं सत्त समुग्घाया ॥ १५ ॥**

### શબ્દાર્થ

तेउलेसा = તેજોલેશ્યાવાળા
सेसा = શેષ-બાકીના
अवि = પણ
इंदियदारं = ઈન્દ્રિય દ્વાર
सुगमं = સુગમ-સહેલું
समुग्घाया = સમુદ્ઘાત

### ગાથાર્થ

**જ્યોતિષી તેજોલેશ્યાવાળા છે, અને શેષ સર્વે ચાર લેશ્યાવાળા છે. ઈન્દ્રિયદ્વાર સહેલું છે, મનુષ્યોને સમુદ્ઘાત સાત હોય છે. ॥ ૧૫ ॥**

### વિશેષાર્થ

જ્યોતિષીઓને તેજોલેશ્યા જ હોય છે, બાકીના સર્વે ભવનપતિ તથા વ્યન્તર એ અગિયાર દંડકોમાં કેટલાક દેવો સંપૂર્ણ ભવપર્યન્ત કૃષ્ણ લેશ્યાવાળા, કેટલાક નીલ લેશ્યાવાળા, કેટલાક કાપોત લેશ્યાવાળા અને કેટલાક દેવો સંપૂર્ણ ભવપર્યન્ત તેજોલેશ્યાવાળા હોય છે.

તથા પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય એ ત્રણ દંડકમાં પ્રત્યેક જીવને કૃષ્ણ-નીલ-અને કાપોત એ ૩ લેશ્યા પરાવૃત્તિથી (બદલાઈ બદલાઈને) પ્રાપ્ત થાય છે, અને ચોથી તેજોલેશ્યા તો ત્યારેજ હોય કે જ્યારે ઈશાનકલ્પ સુધીમાંના તેજોલેશ્યાવાળા કોઈ દેવો બાદર લબ્ધિપર્યાપ્ત પૃથ્વીમાં અથવા બાદરપર્યાપ્ત અપ્માં તથા બા૦ પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિમાં ઉત્પન્ન થાય. ત્યારે એ પૃથ્વી આદિક ૩ દંડકના જીવોને ભવના પહેલા અન્તર્મુહૂર્તમાં તેજોલેશ્યા અપર્યાપ્ત અવસ્થામાં હોય છે, પર્યાપ્ત અવસ્થામાં તો એ ત્રણે દંડકને પહેલી ૩ લેશ્યા જ હોય છે.

| ૨૪ દંડકમાં ૬ લેશ્યા | | | |
|---|---|---|---|
| ૧ ગ૦ તિર્યંચને<br>૧ ગ૦ મનુષ્યને | ૬ | ૧ વૈમાનિકને | ૩ (શુભ) |
| ૧ નારકને<br>૧ અગ્નિકાયને | ૩ (અશુભ) | ૧ જ્યોતિષીને | ૧ (તેજોલે૦) |
| ૧ વાયુકાયને<br>૩ વિકલેન્દ્રિયને | ૩ (અશુભ) | ૧૪ શેષદંડકોને | ૪ (પહેલી) |

## ૨૪ દંડકમાં ઈન્દ્રિય દ્વાર

૫ સ્થાવરને એક સ્પર્શનેન્દ્રિય હોવાથી ૧ ઈન્દ્રિય છે. દ્વીન્દ્રિયને સ્પર્શન અને રસના એ બે ઈન્દ્રિય છે. ત્રીન્દ્રિયને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય એ ૩ ઈન્દ્રિય છે. ચતુરિન્દ્રિયને સ્પર્શન-રસના-ઘ્રાણ અને ચક્ષુ એ ૪ ઈન્દ્રિય છે, અને બાકીના ૧૩ દેવદંડક, ૧ નારક, ૧ ગર્ભજતિર્યંચ અને ૧ ગર્ભજ મનુષ્ય, એ સર્વ મળી ૧૬ દંડકોને સ્પર્શન-રસના-ઘ્રાણ-ચક્ષુ અને શ્રોત્ર એ ૫ ઈન્દ્રિયો છે. એ પ્રમાણે આ ઈન્દ્રિયદ્વાર સમજવામાં અત્યંત સરળ છે.

## (૯) સમુદ્ઘાત દ્વાર

ગર્ભજ મનુષ્યોને સાતેય સમુદ્ઘાત હોય છે. ત્યાં સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને જ યથાસંભવ ૭ સમુદ્ઘાત છે, અને યુગલિકોને તો આહારક-વૈક્રિય-તૈજસ-અને કેવલિ સમુદ્ઘાત નથી, કેવળ વેદના, કષાય, અને મરણ એ ૩ સમુદ્ઘાત છે. પુનઃ અયુગલિક ગર્ભજ મનુષ્યોમાં પણ લબ્ધિ રહિત મનુષ્યને પહેલા ૩ સમુદ્ઘાત, લબ્ધિવંત છદ્મસ્થને (અસર્વજ્ઞને) યથાસંભવ કેવલિ સમુદ્ઘાત વિના *૩-૪-૫-૬ સમુદ્ઘાત અને શ્રી સર્વજ્ઞ ભગવંતને તો ૧ કેવલિ[1] સમુદ્ઘાત જ હોય છે. તથા સર્વત્ર સામાન્ય નિયમ એ છે કે-અપર્યાપ્ત અવસ્થામાં પણ કોઈ જીવને પ્રથમના ૩ સમુદ્ઘાત હોઈ શકે છે.

* વૈક્રિય લબ્ધિ-તૈજસ્ લબ્ધિ-અને આહારક લબ્ધિ એ ત્રણ લબ્ધિમાંની કોઈ પણ એક લબ્ધિવંતને ૪, બે લબ્ધિવંતને ૫ અને ત્રણે ય લબ્ધિવંતને ૬.

૧ **પ્રશ્ન :-** કેવલિ ભગવંત અનન્ત લબ્ધિવાળા છે તો તેમને વૈક્રિય આહા૦ અને તૈજસ સમુદ્ઘાત (કે જે લબ્ધિવંતને હોય છે તે) કેમ નહિં ? અને નિર્વાણ પામતા હોવાથી મરણ સમુદ્ઘાત કેમ નહિં ?

**ઉત્તર :-** લબ્ધિ ફોરવવી (પ્રગટ કરવી) તે પ્રમાદ અવસ્થા ગણાય છે, અને કેવલિ ભગવંત અપ્રમાદી છે, તથા તેમને લબ્ધિ ફોરવવાના પ્રયોજનનો અભાવ છે, માટે વૈ૦

## સમુદ્‌ઘાતોનાં નામો+

**वेयण कसाय मरणे, वेउव्विय तेयए य आहारे ।**
**केवलि य समुग्घाया, सत्त इमे हुंति सन्नीणं ॥ १६ ॥**

### સંસ્કૃત અનુવાદ

**वेदना कषायो मरणं, वैक्रियस्तैजसश्चाहारकः ।**
**कैवलिकश्च समुद्घाताः सप्तेमे भवन्ति संज्ञिनाम् ॥ १६ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**वेयण कसाय मरणे, वेउव्विय तेयए य आहारे ।**
**य केवलि इमे सत्त, समुग्घाया सन्नीण हुंति ॥ १६ ॥**

### શબ્દાર્થ

वेयण = વેદના સમુદ્‌ઘાત
कसाय = કષાય સમુદ્‌ઘાત
मरणे = મરણ સમુદ્‌ઘાત
वेउव्विय = વૈક્રિય સમુદ્‌ઘાત
तेयए = તૈજસ સમુદ્‌ઘાત
य = અને, તથા, વળી
आहारे = આહારક સમુદ્‌ઘાત
केवलि = કેવલિ સમુદ્‌ઘાત
य = વળી, અને, તથા
समुग्घाया = સમુદ્‌ઘાત
सत्त = સાત
इमे = એ
हुंति = હોય છે
सन्नीणं = સંજ્ઞિ જીવોને

### ગાથાર્થ

**વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહારક અને કેવલિ સમુદ્‌ઘાત છે. આ સાત સંજ્ઞિ જીવોને હોય છે. ॥ ૧૬ ॥**

---

તૈ૦ આહા૦ સમુદ્‌ઘાત કેવલિ ભગવંતને ન હોય. તથા મરણ સમુ૦ પરભવમાં ઉત્પન્ન થનારને આત્મપ્રદેશોનો દીર્ઘ દંડ કરવાથી કેટલાક જીવોને હોય છે, અને કેવલિ ભગવંતને પરભવમાં ઉત્પન્ન થવું નથી, તેમજ નિર્વાણ સમયે આત્મપ્રદેશો કંદુક (દડા)ની માફક પિંડિત થઈને જાય છે, માટે મરણ સમુ૦ નથી, તેમજ વેદનીયનો ઉદય છે, પણ વ્યાકુળતા તથા ઉદીરણા ન હોવાથી વેદનીય સમુ૦ નથી.

+ ૧૬ મી અને ૧૭ મી ગાથા કોઈ બીજા ગ્રન્થની છે, તેથી બેને બાદ કરીને ૧૫મી થી ૧૮ મી જોડીને સમુદ્‌ઘાતો વિચારતાં ૨૪ દંડકોમાં સમુદ્‌ઘાત મળી રહેશે. તથા ૧૬ મી ગાથા નામો માટે છે, અને ૧૭ મી ગાથા તેની સાથેના સંબંધથી આવી છે.

## વિશેષાર્થ

પૂર્વે દ્વાર વર્ણનમાં સંજ્ઞાત્રિકના (૩ સંજ્ઞાના) દ્વારમાં જે દીર્ઘકાલિકી સંજ્ઞા કહી છે, તે સંજ્ઞા જે જીવોને હોય તે સંજ્ઞિ જીવ કહેવાય, અને તે સંજ્ઞિ જીવને આ ગાથામાં કહેલ વેદનાદિક સાથે સમુદ્‌ઘાત યથાસંભવ હોય છે.

**एगिंदियाण केवल-तेउ-आहारगविणा उ चत्तारि ।**
**ते वेउव्वियवज्जा विगला, सन्नीण ते चेव ॥ १७ ॥**

## સંસ્કૃત અનુવાદ

एकेन्द्रियाणां केवलतैजसाहारकान् विना तु चत्वारः ।
ते वैक्रियवर्ज्जा विकलानां संज्ञिनां ते चैव ॥ १७ ॥

## અન્વય સહિત પદચ્છેદ

एगिंदियाण केवल तेउ, आहारग विणा उ चत्तारि ।
विगला वेउव्वियवज्जा, सन्नीण चेव ते ॥ १७ ॥

## શબ્દાર્થ

एगिंदियाण = એકેન્દ્રિય જીવોને
केवल = કેવલિ સમુદ્‌ઘાત
तेउ = તૈજસ સમુદ્‌ઘાત
आहारग = આહારક સમુદ્‌ઘાત
विणा = વિના, સિવાય
उ = વળી
चत्तारि = ચાર સમુદ્‌ઘાત
ते = તે (૪ સમુદ્‌ઘાત)
वेउव्विय = વૈક્રિય સમુદ્‌ઘાત
वज्जा = વર્જિત, રહિત, વિના, સિવાયના
सन्नीण = સંજ્ઞિ જીવોને
ते = તે (સાતે) સમુદ્‌ઘાત
चेव = નિશ્ચય

## ગાથાર્થ

એકેન્દ્રિયોને કેવલિ, તૈજસ્ અને આહારક વિના ચાર હોય છે અને વૈક્રિય સમુદ્‌ઘાત વિના તે જ વિકલેન્દ્રિયોને હોય છે, અને સંજ્ઞિ પંચેન્દ્રિયોને તે (સાત) હોય છે. ॥ ૧૭ ॥

## વિશેષાર્થ

એકેન્દ્રિયોને કેવલિ, તૈજસ અને આહારક એ ૩ સમુદ્‌ઘાત વિના શેષ ૪ સમુદ્‌ઘાત છે (વાયુકાયની અપેક્ષાએ), અને વાયુકાય સિવાયના પૃથ્વીકાય વિગેરે ૪ દંડકોમાં વૈક્રિય સમુદ્‌ઘાત વિના ૩ સમુદ્‌ઘાત જ હોય છે. તથા એ

૪ માંથી એક વૈક્રિય સમુદ્‌ઘાત બાદ કરતાં શેષ ૩ સમુદ્‌ઘાત વિકલેન્દ્રિયોને હોય છે. અને સંજ્ઞિ પંચેન્દ્રિયોને તો તે સાતે ય સમુદ્‌ઘાત છે.

પુનઃ લોકના પર્યન્ત ભાગે નિરાબાધ સ્થાને રહેલા સૂક્ષ્માદિ એકેન્દ્રિયોને તથાપ્રકારના ઉપઘાતનો અભાવ હોવાથી વેદના સમુદ્‌ઘાત રહિત ૨ સમુદ્‌ઘાત પણ હોય છે, અને શેષ સર્વ સૂક્ષ્મ તથા બાદર એકેન્દ્રિયોને ત્રણ સમુદ્‌ઘાત હોય છે.

## સમુદ્‌ઘાત ચાલુ અને ૧૦ મું દૃષ્ટિ દ્વાર

**पण गब्भतिरि सुरेसु, नारय वाऊसु चउर तिय सेसे ।**
**विगल दु दिट्ठि थावर, मिच्छत्ति सेस तिय दिट्ठी ॥ १८ ॥**

### સંસ્કૃત અનુવાદ

पञ्चगर्भजतिर्यक्सुरयो-र्नारकवाय्वोश्चत्वारस्त्रयः शेषेषु ।
विकले द्वे दृष्टि स्थावरे मिथ्येति शेषेसु तिस्रो दृष्टयः ॥ १८ ॥

### અન્વય સહિત પદચ્છેદ

गब्भ तिरि सुरेसु पण, नारय वाऊसु चउर सेसे तिय ।
विगल दु दिट्ठी थावर, मिच्छत्ति, सेस तिय दिट्ठी ॥ १८ ॥

### શબ્દાર્થ

पण = પાંચ સમુદ્‌ઘાત
चउर = ચાર સમુદ્‌ઘાત
दिट्ठी = દૃષ્ટિ
मिच्छ = મિથ્યાદૃષ્ટિ
त्ति = ઇતિ (એ નામની)

### ગાથાર્થ

ગર્ભજ તિર્યંચ અને દેવોને પાંચ, નારકો અને વાયુને ચાર, અને બાકીનાઓને ત્રણ હોય છે. વિકલેન્દ્રિયોને બે દૃષ્ટિ, સ્થાવર જીવોને મિથ્યાત્વ એ નામની દૃષ્ટિ, અને બાકીનાઓને ત્રણે ય દૃષ્ટિ હોય છે. ॥ ૧૮ ॥

### વિશેષાર્થ

ગર્ભજ તિર્યંચને આહારક સમુદ્‌ઘાત અને કેવલિ સમુદ્‌ઘાત સિવાયના પાંચ સમુદ્‌ઘાત હોય છે, કારણ કે તિર્યંચને ચારિત્ર તથા પૂર્વલબ્ધિ (પૂર્વધરપણું) હોતું નથી, તેથી આહારક લબ્ધિ નથી, અને કેવળજ્ઞાન ન હોવાથી કેવલી

સમુદ્‌ઘાત પણ નથી, પરંતુ કેટલાક તિર્યંચ પંચેન્દ્રિયોને દેશવિરતિ ચારિત્રને અનુસરતા વ્રત-નિયમ તથા તપશ્ચર્યા હોવાથી તેવા ગર્ભજ તિર્યંચોને વૈક્રિય લબ્ધિ અને તૈજસ લબ્ધિ હોવાથી વૈક્રિય સમુદ્‌ઘાત અને તૈજસ સમુદ્‌ઘત હોઈ શકે છે.

એ પ્રમાણે ગર્ભજ તિર્યંચની પેઠે દેવોને વૈક્રિય લબ્ધિ તથા તૈજસ લબ્ધિ વ્રત-તપશ્ચર્યાદિ ગુણોથી નહિ, પણ તથાપ્રકારના ભવસ્વભાથીજ ઉત્પન્ન થયેલી હોય છે.

તથા નારક અને વાયુકાયને વેદના-કષાય-મરણ અને વૈક્રિય એ ૪ સમુદ્‌ઘાત છે. ત્યાં વૈક્રિય લબ્ધિ એ બન્ને દંડકોમાં ભવસ્વભાવથી જ હોય છે. (વૈક્રિય લબ્ધિવાળા કેટલાક પર્યાપ્ત વાયુકાય જીવો દેવોથી અસંખ્ય ગુણ છે.)

| ૨૪ દંડકમાં કોને કેટલા સમુદ્‌ઘાત હોય | | | |
|---|---|---|---|
| ૧ ગ૦ મનુષ્યને | ૭ | ૧ નારકને | ૪ |
| ૧ ગ૦ તિર્યંચને | ૫ | ૧ વાયુને | ૪ |
| ૧૩ દેવદંડકમાં | ૫ | ૭ શેષ દંડકમાં | ૩ |

## ૧૦ મું દષ્ટિદ્વાર

વિકલેન્દ્રિયને મિથ્યાત્વ અને સમ્યક્‌ત્વ એ બે દષ્ટિ હોય છે, મિથ્યાત્વ દષ્ટિ સર્વ વિકલેન્દ્રિયોને સર્વ અવસ્થામાં છે, પરંતુ સમ્યક્‌ત્વ દષ્ટિ તો સાસ્વાદન સમ્યક્‌ત્વવાળો કોઈ જીવ અન્ય સ્થાનેથી આવી વિકલેન્દ્રિયપણે ઉત્પન્ન થયો હોય તે વખતે અપર્યાપ્ત અવસ્થામાં હોય છે, અને પર્યાપ્ત અવસ્થામાં તો અવશ્ય મિથ્યાદષ્ટિ જ થાય છે.

તથા સ્થાવરના[૧] પાંચેય દંડકોમાં ૧ મિથ્યાત્વદષ્ટિ જ હોય છે, અને શેષ ૧૬ દંડકના જીવો મિથ્યાત્વ-સમ્યક્‌ત્વ-અને મિશ્ર એ ત્રણેય દષ્ટિવાળા છે. દરેક દંડકમાં કોણ કોણ જીવો ક્યારે ક્યારે કઈ કઈ દષ્ટિવાળા હોય, તેનો વિચાર અન્ય ગ્રંથોથી જાણવો.

---

૧ **કર્મગ્રંથ**ના અભિપ્રાય પ્રમાણે તો બાદર પૃથ્વી-અપ્‌-અને પ્રત્યેક વનસ્પતિમાં પણ સાસ્વાદન સમ્યક્‌ત્વ કહ્યું છે, માટે તે અપેક્ષાએ સ્થાવરના ૩ દંડકમાં ૨ દષ્ટિ અને ૨ દંડકમાં ૧ દષ્ટિ કહી શકાય, પરંતુ **સિદ્ધાન્ત**માં સર્વ એકેન્દ્રિયને સાસ્વાદન સમ્યક્‌ત્વનો અભાવ કહ્યો હોવાથી એ પાંચે ય દંડકમાં એક મિથ્યાદષ્ટિ જ હોય છે.

| ૨૪ દંડકમાં કોને કેટલી દૃષ્ટિ | | | |
|---|---|---|---|
| ૩ વિકલેન્દ્રિયને | ૨ (મિશ્ર સાસ્વાદન) | ૫ સ્થાવરને | ૧ (મિથ્યા૦) |
| | | ૧૬ શેષદંડકમાં | ૩ |

## (૧૧) દર્શન દ્વાર

थावर-वि-तिसु अचक्खु, चउरिंदिसु तद्दुगं सुए भणियं ।
मणुआ चउदंसणिणो, सेसेसु तिगं तिगं भणियं ॥ १९ ॥

### સંસ્કૃત અનુવાદ

स्थावरद्वित्रिष्वचक्षुश्चतुरिन्द्रियेषु, तद्द्विकं श्रुते भणितं ।
मनुजाश्चतुर्दर्शनिनः शेषेषु, त्रिकं त्रिकं भणितं ॥ १९ ॥

### અન્વય સહિત પદચ્છેદ

सुए थावरवि तिसु अचक्खु, चउरिंदिसु तद्दुगं भणियं ।
मणुआ चउ दंसणिणो, सेसेसु तिगं तिगं भणियं ॥ १९ ॥

### શબ્દાર્થ

तिसु = ત્રિન્દ્રિયોને વિષે
अचक्खु = અચક્ષુ દર્શન
तद् = તે (દર્શન)
दुगं = બે
सुए = સિદ્ધાંતમાં, શ્રુતમાં
भणियं = કહ્યાં છે
चउ = ચાર
दंसणिणो = દર્શનવાળા
तिगं = ત્રણ દર્શન
तिगं = ત્રણ દર્શન

### ગાથાર્થ

**સિદ્ધાન્તમાં સ્થાવર, દ્વીન્દ્રિયો, અને ત્રીન્દ્રિયોને અચક્ષુ દર્શન, (અને) ચતુરિન્દ્રિયને બે દર્શન કહ્યાં છે, મનુષ્યો ચાર દર્શનવાળા છે, અને બાકીનાઓને ત્રણ ત્રણ દર્શન કહ્યાં છે. ॥ ૧૯ ॥**

### વિશેષાર્થ

પાંચ સ્થાવર, દ્વીન્દ્રિય, અને ત્રીન્દ્રિય, એ ૭ દંડકમાં ૧ અચક્ષુઃ દર્શન જ હોય છે. તે અચક્ષુ દર્શન સ્પર્શન, રસના, ઘ્રાણ, શ્રોત્ર અને મનના ભેદથી ૫ પ્રકારનું છે. તેમાં પાંચ સ્થાવરમાં સ્પર્શન-ઈન્દ્રિયનો સામાન્ય ઉપયોગ એ જ અચક્ષુદર્શન દ્વીન્દ્રિયમાં સ્પર્શન અને રસના એ બે ઈન્દ્રિયો દ્વારા સામાન્ય ઉપયોગ રૂપ અચક્ષુદર્શનઃ ત્રીન્દ્રિયને સ્પર્શન, રસના અને ઘ્રાણ એ ૩ ઈન્દ્રિયો દ્વારા સામાન્ય ઉપયોગરૂપ અચક્ષુદર્શન હોય છે.

પ્રશ્ન :- કોઈ જીવ દર્શન રહિત હોય કે નહીં ?

ઉત્તર :- કોઈ કાળે કોઈ પણ જીવ દર્શન ગુણ રહિત ન જ હોય.

પ્રશ્ન :- તો પછી ઇન્દ્રિય પર્યાપ્તિએ અપર્યાપ્તને ઇન્દ્રિયો વિના અચક્ષુદર્શન પણ શી રીતે હોય ?

ઉત્તર :- જેમ મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમરૂપ જ્ઞાન શક્તિ સ્વરૂપે ભાવ ઇન્દ્રિયો હોય છે. તેમજ દર્શન શક્તિરૂપ ભાવ અચક્ષુદર્શન હોય છે.

તથા અહિં સૂક્ષ્મ ભાવમનરૂપ અચક્ષુદર્શન જાણવું, કારણ કે એકેન્દ્રિયાદિક અસંજ્ઞિઓને જો કે દ્રવ્ય મનનો અભાવ છે, તો પણ ક્ષયોપશમરૂપ ભાવ મન તો અવશ્ય છે.

તથા ચતુરિન્દ્રિય જીવોમાં ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન બન્ને છે, કારણ કે ચતુરિન્દ્રિય જીવોને ચક્ષુ ઇન્દ્રિય પણ છે, તેથી સ્પર્શન, રસના અને ઘ્રાણેન્દ્રિયનો સામાન્ય ઉપયોગ તે અચક્ષુદર્શન, અને ચક્ષુ દ્વારા સામાન્ય ઉપયોગ તે ચક્ષુદર્શન છે.

તથા ગર્ભજ મનુષ્યોને યથાસંભવ ચારેય દર્શનો છે, તેઓને અચક્ષુદર્શન પૂર્વોક્ત રીતે પાંચેય પ્રકારનું છે. ચક્ષુરિન્દ્રિય હોવાથી ચક્ષુદર્શન પણ છે, અને ચારિત્રાદિક ગુણથી પ્રાપ્ત કરેલ લબ્ધિ પ્રત્યયિક અવધિજ્ઞાનવંતને (અને વિભંગજ્ઞાનીને) અવધિદર્શન છે, તથા કેવલિ ભગવંતને કેવળદર્શન છે.

બાકીના દેવના ૧૩, નારકના ૧, અને ગર્ભજ તિર્યંચના ૧ દંડકમાં ચક્ષુદર્શન અચક્ષુદર્શન અને અવધિદર્શન એ ૩ દર્શન છે, ગર્ભજ તિર્યંચોને વ્રત તપશ્ચર્યાદિ ગુણથી લબ્ધિ પ્રત્યયિક અને ૧૪ દંડકમાં ભવસ્વભાવે હોવાથી ભવપ્રત્યયિક અવધિદર્શન છે. અહિં એક જીવ આશ્રયિ સમકાળે કોઈને અચક્ષુદર્શન અથવા કેવળદર્શનમાંનું એક, કોઈને અચક્ષુ:- ચક્ષુ: એ ૨ દર્શન, અને કોઈને એ બેની સાથે અવધિ સહિત ૩ દર્શન હોય છે. પરન્તુ સમકાળે ૪ દર્શન કોઈ પણ જીવને ન હોય.

| ૨૪ દંડકમાં કોને કેટલા દર્શન | | | |
|---|---|---|---|
| ૫ સ્થાવરને | ૧ (અચક્ષુ૦) | ૧ ચતુરિન્દ્રિયને | ૨ (ચ૦ અચ૦) |
| ૧ દ્વીન્દ્રિયને | ૧ (અચક્ષુ૦) | ૧ ગ૦ મનુષ્યને | ૪ |
| ૧ ત્રીન્દ્રિયને | ૧ (અચક્ષુ૦) | ૧૫ શેષમાં | ૩ (કેવલ૦ વિના) |

## (૧૨) જ્ઞાન અને (૧૩) અજ્ઞાન દ્વાર

**अन्नाण नाण तिय तिय, सुरतिरिनिरए थिरे अनाणदुगं ।**
**नाणन्नाण दु विगले, मणुए पण नाण ति अनाणा ॥ २० ॥**

### સંસ્કૃત અનુવાદ

अज्ञानज्ञान ( योः ) त्रिकं त्रिकं, सुरतिर्यग्नैरयिकेषु स्थिरे अज्ञानद्विकं ।
ज्ञानाज्ञानद्विकं विकले मनुजे, पंच ज्ञानानि त्रीण्यज्ञानानि ॥ २० ॥

### અન્વય સહિત પદચ્છેદ

सुर तिरि निरए तिय अनाण, नाण थिरे दुगं अनाण तिय ।
विगले दु नाण अन्नाण, मणुए पण नाण ति अनाणा ॥ २० ॥

### શબ્દાર્થ

दुगं = બે
नाण = જ્ઞાન
अन्नाण = અજ્ઞાન
दु = બે

### ગાથાર્થ

**દેવ, તિર્યંચ અને નારકોને ત્રણ અજ્ઞાન તથા ત્રણ જ્ઞાન, સ્થાવરને બે અજ્ઞાન, વિકલેન્દ્રિયોને બે જ્ઞાન તથા બે અજ્ઞાન, અને મનુષ્યને વિષે પાંચ જ્ઞાન તથા ત્રણ અજ્ઞાન હોય છે. ॥ ૨૦ ॥**

### વિશેષાર્થ

દેવના ૧૩ દંડક, ગર્ભજ તિર્યંચનો ૧ દંડક અને નારકનો ૧ દંડક એ ૧૫ દંડકમાં મતિ અજ્ઞાન-શ્રુત અજ્ઞાન-અને વિભંગજ્ઞાન એ ૩ અજ્ઞાન છે, તથા મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન એ ૩ જ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિ જીવોને ૩ જ્ઞાન અને મિથ્યાદૃષ્ટિ જીવોને ૩ અજ્ઞાન જાણવાં. તેમાં પણ પ્રત્યેક જીવ આશ્રયિ વિચારતાં એક જીવને સમકાળે કોઈને અવધિજ્ઞાન રહિત ૨ જ્ઞાન હોય તો કોઈને અવધિજ્ઞાન સહિત ૩ જ્ઞાન હોય છે, પરન્તુ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન તો દરેક સમ્યગ્દૃષ્ટિને છદ્મસ્થ જીવને સમકાળે અવશ્ય હોય છે. તે પ્રમાણે મિથ્યાદૃષ્ટિને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન પણ સમકાળે અવશ્ય હોય છે, અને જો અવધિજ્ઞાનની લબ્ધિવાળો હોય તો તેવા મિથ્યાદૃષ્ટિને વિભંગજ્ઞાન સહિત ૩ અજ્ઞાન સમકાળે હોય છે.

તથા સ્થાવરના ૫ દંડકમાં દરેક જીવને સમકાળે મતિઅજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન એ બે *અજ્ઞાન હોય છે.

વિકલેન્દ્રિયના ૩ દંડકમાં ૨ જ્ઞાન અને ૨ અજ્ઞાન હોય છે. પૂર્વ ભવમાં મરણથી અન્તર્મુ૦ પહેલાં ઉપશમ સમ્યગ્દષ્ટિ થઈને પુનઃ સમ્યક્ત્વથી પતિત થઈ, સાસ્વાદન સમ્યક્ત્વ સહિત મરણ પામી વિકલેન્દ્રિયપણે ઉત્પન્ન થાય ત્યારે અપર્યાપ્ત અવસ્થામાં કિંચિત્ કાળ સાસ્વાદન સમ્યક્ત્વ વર્ત્તતું હોય છે, તેથી તે સાસ્વાદન સમ્યક્ત્વની અપેક્ષાએ અપર્યાપ્ત અવસ્થામાં વિકલેન્દ્રિયો ૨ જ્ઞાનવાળા કહેવાય છે; અને ત્યારબાદ સંપૂર્ણ ભવ પર્યન્ત મિથ્યાદૃષ્ટિ હોવાથી ૨ અજ્ઞાનવાળા કહેવાય છે.

ગર્ભજ મનુષ્યના ૧ દંડકમાં ૫ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે, તે સમજવું સુગમ છે. તેમાં પણ ૧ મનુષ્યને સમકાળે તો યથાસંભવ ૨ અજ્ઞાન, ૩ અજ્ઞાન, ૧ જ્ઞાન (કેવળજ્ઞાનx), ૨ જ્ઞાન, ૩ જ્ઞાન (મનઃ૦ વા અવધિ સહિત), અથવા ૪ જ્ઞાન હોય છે. પરંતુ સમકાળે ૫ જ્ઞાન હોય નહિં, તેમજ જ્ઞાન અને અજ્ઞાન બે પણ સમકાળે હોય નહિં.

| ૨૪ દંડકમાં કોને કેટલાં જ્ઞાન, અજ્ઞાન હોય | | | |
|---|---|---|---|
| ૧૩ દેવ દંડકમાં | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન | ૫ સ્થાવરને | ૨ અજ્ઞાન |
| ૧ ગ૦ તિર્યંચને | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન | ૩ વિકલેન્દ્રિયને | ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન |
| ૧ નારકને | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન | ૧ ગ૦ મનષ્યને | ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન |

## (૧૪) યોગદ્વાર

**सच्चेअर मीस असच्चमोस, मण वय विउव्वि आहारे ।**
**उरलं मीसा कम्मण, इय जोगा देसिया समए ॥ २१ ॥**

### સંસ્કૃત અનુવાદ

**सत्येतरमिश्रासत्यमृषा, मनोवचसी वैक्रिय आहारकः ।**
**औदारिको मिश्राः कार्मण, एते योगा देशिताः समये ॥ २१ ॥**

* આ સિદ્ધાન્તનો અભિપ્રાય છે; અને કર્મગ્રન્થમાં તો બા૦ પર્યાપ્ત પૃથ્વી, અપ્કાય, અને પ્રત્યેક વનસ્પતિ એ ૩ દંડકમાં અને વિકલેન્દ્રિયોમાં પણ અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન સમ્યક્ત્વ કહ્યું છે. પરન્તુ સાસ્વાદન સમ્ય૦ ને અજ્ઞાનરૂપે ગણી એ આઠે દંડકમાં ૨ અજ્ઞાન કહ્યાં છે.

x શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં આચારાંગાદિ શાસ્ત્રના જ્ઞાનીઓને શ્રુતજ્ઞાન કહ્યું છે, તેથી તેવા શાસ્ત્રજ્ઞાન રહિત જીવોને મતિજ્ઞાન રૂપ ૧ જ્ઞાન હોય, એમ પણ કહ્યું છે.

### અન્વય સહિત પદચ્છેદ

**सच्च इअर मीस असच्च-अमोस मणं वय विउव्वि आहारे ।**
**उरलं मीसा कम्मण, इय जोगा समए देसिया ॥ २१ ॥**

### શબ્દાર્થ

सच्च = સત્ય
इअर = ઇતર (અસત્ય)
मीस = મિશ્ર
असच्चमोस = અસત્યામૃષા (વ્યવહાર)
उरलं = ઔદારિક કાયયોગ
मीसा = (એ ત્રણે કાયના) મિશ્રયોગ
इय = એ
जोगा = ૧૫ યોગ
देसिया = દર્શાવ્યા છે, કહ્યા છે
समए = સિદ્ધાન્તમાં

### ગાથાર્થ

**સત્ય-અસત્ય-મિશ્ર-અને અસત્ય-અમૃષા મન અને વચન, વૈક્રિય, આહારક, ઔદારિક, મિશ્ર, અને કાર્મણ એ પ્રમાણે શ્રી સિદ્ધાન્તમાં યોગો કહ્યા છે. ॥ ૨૧ ॥**

### વિશેષાર્થ

એ ૧૫ યોગનું સ્વરૂપ દ્વારવર્ણનમાં કહ્યા પ્રમાણે જાણવું.

**इक्कारस सुर निरए, तिरिएसु तेर पन्नर मणुएसु ।**
**विगले चउ पण वाए, जोगतिगं थावरे होइ ॥ २२ ॥**

### સંસ્કૃત અનુવાદ

**एकादश सुरनैरयिकयोस्तिर्यक्षु त्रयोदस पञ्चदश मनुजेषु ।**
**विकले चत्वारः पञ्च वाते ( यौ ), योगत्रिकं स्थावरे भवति ॥ २२ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**सुर निरए इक्कारस, तिरिएसु तेर, मणुएसु पन्नर ।**
**विगले चउ, वाए पण, थावरे तिगं जोग होइ ॥ २२ ॥**

### શબ્દાર્થ

इक्कारस = અગિયાર યોગ
तेर = તેર યોગ
पन्नर = પંદર યોગ
तिगं = ત્રણ

### ગાથાર્થ

**દેવ અને નારકોને અગિયાર, તિર્યંચોને તેર, મનુષ્યોને પંદર, વિકલેન્દ્રિયોને ચાર, વાયુકાયને પાંચ, અને સ્થાવરને ત્રણ યોગ હોય છે. ॥ ૨૨ ॥**

## વિશેષાર્થ

હવે ૨૪ દંડકમાં ૧૫ યોગ આ પ્રમાણે—દેવના ૧૩ અને નારકનો ૧, મળી ૧૪ દંડકમાં મનના ૪, વચનના ૪ મળી ૮ યોગ, તથા વૈક્રિય-વૈક્રિયમિશ્ર અને કાર્મણ યોગ એ ૩ કાયયોગ સહિત ૧૧ યોગ છે. એ યોગ કયા વખતે કયા હોય ? તે *સ્વરૂપ ગ્રન્થાન્તરથી જાણવું.

તથા ગર્ભજ તિર્યંચના ૧ દંડકમાં ઔદારિક અને ઔદારિક મિશ્ર એ બે કાયયોગ સહિત (પૂર્વોક્ત ૧૧ યોગ મળી) ૧૩ યોગ છે, અને ગર્ભજ મનુષ્યમાં સર્વે ૧૫ યોગ છે.

વિકલેન્દ્રિયોના ૩ દંડકમાં ઔદારિક-ઔદારિક મિશ્ર-કાર્મણ એ ત્રણ કાયયોગ, અને અસત્યામૃષા (વ્યવહાર) નામનો ૧ વચન યોગ મળી ૪ યોગ છે.

વાયુકાયના દંડકમાં ઔદારિક-ઔદારિક મિશ્ર, વૈક્રિય-વૈક્રિય મિશ્ર અને કાર્મણ એ ૫ પ્રકારના કાયયોગ છે, કારણ કે કેટલાક બાદર પર્યાપ્ત વાયુકાય જીવો વૈક્રિય લબ્ધિવાળા હોય છે.

સ્થાવરના દંડકમાં ઔદા૦, ઔદા૦ મિશ્ર અને કાર્મણ એ ૩ કાયયોગ જ હોય છે.

---

* અહિં ૧૫ યોગ ક્યારે ક્યારે હોય તેની સંક્ષિપ્ત વિગત-૪ મનોયોગ મનઃપર્યાપ્તિ પૂર્ણ થયા બાદ પર્યાપ્ત અવસ્થામાં હોય, ૪ વચન યોગ પણ પર્યાપ્ત અવસ્થામાં હોય, ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ પોતપોતાની પર્યાપ્ત અવસ્થામાં હોય, ઔદારિકમિશ્ર ઉત્પત્તિના બીજા સમયથી અપર્યાપ્ત અવસ્થા સુધી (અને કેટલાક આચાર્યોના મતે શરીર પર્યાપ્તિ પૂર્ણ થતા સુધી) અને કેવલિ સમુદ્ઘાતમાં ૨-૬-૭ મા સમયે. એ પ્રમાણે ઔ૦ મિશ્ર યોગ કર્મગ્રંથના અભિપ્રાયથી બે પ્રકારે છે. અને સિદ્ધાન્તના અભિપ્રાયે ઉત્તર વૈક્રિયના તથા આહારકના પ્રારંભમાં પણ હોવાથી ૪ પ્રકારે છે. વૈક્રિયમિશ્રયોગ મૂળ વૈ૦ ની અપેક્ષાએ ઉત્પત્તિના બીજા સમયથી અપર્યાપ્ત અવસ્થા સુધી, અને તિર્યંચ-મનુષ્યના ઉત્તર વૈક્રિયના પ્રારંભે અને સંહરણમાં. (એમ કર્મગ્રંથના અભિપ્રાયે ૩ પ્રકારે, અને સિદ્ધાન્તના અભિપ્રાયે ઉત્તર વૈક્રિયના પ્રારંભમાં વૈક્રિય મિશ્ર નહિ. તેથી ૨ પ્રકારે છે.) આહારકમિશ્ર આહારક દેહના પ્રારંભે અને સંહરણમાં (એ કર્મ૦ અભિપ્રાયઃ અને સિદ્ધાન્તમાં પ્રારંભ રહિત ૧ પ્રકાર). તથા તૈજસ કાર્મણ યોગ વક્રગતિએ પરભવમાં જતાં ૧-૨-૩ સમય સુધી, કેવલિ સમુદ્ઘાતમાં ૩ જો ૪ થો અને ૫ મો, એ ત્રણ સમય સુધી અને દરેકને ઉત્પત્તિના પ્રથમ સમયે પણ.

| ૨૪ દંડકમાં કોને કેટલા યોગ હોય | | | |
|---|---|---|---|
| ૧૩ દેવ દંડકમાં | ૧૧ | ૩ વિકલે૦ ને | ૪ |
| ૧ નારકને | ૧૧ | ૧ વાયુને | ૫ |
| ૧ ગ૦ તિર્યંચને | ૧૩ | ૪ સ્થાવરને | ૩ |
| ૧ ગ૦ મનુષ્યને | ૧૫ | | |

## (૧૫) ઉપયોગ દ્વાર

**ति अनाण नाण पण, चउ दंसण, बार जिअलक्खणुवओगा ।**
**इय बारस उवओगा भणिया तेलुक्कदंसीहिं ॥ २३ ॥**

### સંસ્કૃત અનુવાદ

**त्रीण्यज्ञानानि, ज्ञानानि पञ्च, चत्वारि दर्शनानि द्वादश जीवलक्षणो ।**
**पयोगाः एते द्वादश उपयोगा भणितास्त्रैलोक्यदर्शिभिः ॥ २३ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**ति अनाण, पण नाण, चउ दंसण बार जिअ लक्खण उवओगा ।**
**इय बारस उवओगा तेलुक्कदंसीहिं भणिया ॥ २३ ॥**

### શબ્દાર્થ

जिअ = જીવના
लक्खण = લક્ષણ રૂપ
इय = એ, પૂર્વોક્ત
तेलुक्क = ત્રણ લોક, (ત્રણ જગતના દેખનારાઓએ)
दंसीहिं = દર્શિઓએ

### ગાથાર્થ

ત્રણ અજ્ઞાન, પાંચ જ્ઞાન, અને ચાર દર્શન (એ) ૧૨ જીવના લક્ષણ રૂપ ઉપયોગો છે. અને તે ૧૨ ઉપયોગો ત્રણ જગતના પદાર્થો દેખનાર શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યા છે. ॥ ૨૩ ॥

**उवओगा मणुएसु बारस, नव निरय तिरिय देवेसु ।**
**विगलदुगे पण छक्कं चउरिंदिसु थावरे तियगं ॥ २४ ॥**

### સંસ્કૃત અનુવાદ

**उपयोगा मनुजेषु द्वादश, नव नैरयिकतिर्यग्देवेषु ।**
**विकलद्विके पञ्च, षट्कं चतुरिन्द्रियेषु, स्थावरे त्रयः ॥ २४ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**मणुएसु बारस उवओगा, निरय तिरिय देवेसु नव ।**
**विगल दुगे पण चउरिंदिसु, छक्कं थावरे तियगं ॥ २४ ॥**

### શબ્દાર્થ

दुगे = દ્વિકમાં, ૨ ભેદમાં
पण = પાંચ ઉપયોગ
छक्कं = છ ઉપયોગ
तियगं = ત્રણ

### ગાથાર્થ

**ઉપયોગો-મનુષ્યોને બાર, નારક, તિર્યંચ અને દેવોને નવ, બે વિકલેન્દ્રિયોને પાંચ, ચતુરિન્દ્રિયને છ, અને સ્થાવરને ત્રણ હોય છે.**

### વિશેષાર્થ

એ પૂર્વ ગાથામાં ૧૨ પ્રકારના ઉપયોગમાંથી ગર્ભજ મનુષ્યોને યથાસંભવ ૧૨ ઉપયોગ હોય છે. નારકના દંડકમાં મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન અને કેવળદર્શન રહિત ૯ ઉપયોગ હોય છે, તેમ જ ગર્ભજ તિર્યંચમાં અને દેવના ૧૩ દંડકમાં પણ એજ ૯ ઉપયોગ હોય છે. દ્વીન્દ્રિય અને ત્રીન્દ્રિય એ બે વિકલેન્દ્રિયોમાં ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, અને ૧ અચક્ષુ દર્શન એ ૫ ઉપયોગ છે, ચતુરિન્દ્રિયમાં એ જ ૫ ઉપયોગ ઉપરાંત ૧ ચક્ષુદર્શન સહિત ૬ ઉપયોગ છે, અને સ્થાવરના પાંચેય દંડકમાં ૨ અજ્ઞાન અને ૧ અચક્ષુદર્શન સહિત ૩ ઉપોયગ છે. અહિં કયું જ્ઞાન તથા કયું અજ્ઞાન હોય, તે જ્ઞાન અજ્ઞાનદ્વાર પ્રસંગે ૨૦મી ગાથામાં કહેવાઈ ગયું છે, તથા એક જીવને સમકાળે કેટલા ઉપયોગ હોય ? તે પણ ૧૯મી તથા ૨૦ ગાથાના અર્થમાંથી સમજી લેવું.

| ૨૪ દંડકમાં કોને કેટલા ઉપયોગ હોય | | | |
|---|---|---|---|
| ૧ ગ૦ મનુષ્યને | ૧૨ | ૧ દ્વીન્દ્રિયને<br>૧ ત્રીન્દ્રિયને | ૫ |
| ૧ નારકને<br>૧ ગ૦ તિર્યંચને<br>૧૩ દેવદંડકમાં | ૯ | ૧ ચતુરિન્દ્રિયને | ૬ |
| | | ૫ સ્થાવરને | ૩ |

## (૧૬) ઉપપાત

**संखमसंखा समए, गब्भतिरि विगल नारय सुरा य।**
**मणुआ नियमा संखा, वणणंता थावर असंखा ॥ २५ ॥**

### સંસ્કૃત અનુવાદ

**संख्येया असंख्येयाः समये गर्भजतिर्यग्विकलनारकसुराश्च ।**
**मनुजा नियमात्संख्येया, वना अनन्ताः स्थावरा असंरूयेयाः ॥ २५ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**समए गब्भ तिरि विगल नारय य सुरा संखं असंखा ।**
**मणुआ नियमा संखा, वण अणंता, थावरा असंखा ॥ २५ ॥**

### શબ્દાર્થ

संखं = સંખ્યાત
असंखा = અસંખ્યાત, અસંખ્ય
समए = એક સમયમાં
नियमा = નિયમથી, નિશ્ચય
संखा = સંખ્યાત જ
वण = વનસ્પતિ જીવો
अणंता = અનન્ત
असंखा = અસંખ્યાત, અસંખ્ય

### ગાથાર્થ

**એક સમયમાં—ગર્ભજ તિર્યંચ, વિકલેન્દ્રિયો, નારકો, અને દેવો સંખ્યાત અથવા અસંખ્યાત, મનુષ્યો સંખ્યાત જ, વનસ્પતિ જીવો અનન્ત અને સ્થાવરો અસંખ્યાત ॥ ૨૫ ॥**

### વિશેષાર્થ

હવે ૧૬ મા उपपात् द्वारમાં ગર્ભજ તિર્યંચનો ૧, વિકલેન્દ્રિયના ૩, સાત નારકનો ૧ અને દેવના ૧૩ દંડક મળીને ૧૮ દંડકના જીવો એક સમયમાં સમકાળે ૧-૨-૩ ઈત્યાદિ સંખ્યા વડે સંખ્યાત[1] ઉત્પન્ન થાય તેમજ અસંખ્યાત[2] પણ ઉત્પન્ન થાય, કારણ કે એ પ્રત્યેક દંડકના જીવો ઉત્કૃષ્ટથી [x]અસંખ્ય અસંખ્ય છે, માટે એક સમયમાં ઉત્કૃષ્ટથી અસંખ્ય પણ ઉત્પન્ન થાય છે.

ગર્ભજ મનુષ્યો ૧ સમયમાં નિશ્ચયતઃ ૧-૨-૩ ઈત્યાદિ સંખ્યા વડે અવશ્ય સંખ્યાત જ ઉત્પન્ન થાય છે, પરન્તુ અસંખ્ય કે[3] અનન્ત ઉત્પન્ન ન

---

૧-૨-૩ સંખ્યાત, અસંખ્યાત અને અનન્ત એ અનુક્રમે અધિક અધિક સંખ્યા ગણિતના ૩ ભેદનું સ્વરૂપ ચતુર્થ કર્મગ્રંથ આદિ ગ્રંથોથી જાણવું.

x દેવના વૈમાનિક દંડકમાં એટલું વિશેષ છે કે ૯ મા કલ્પથી અનુત્તર સુધીના વૈમાનિક દેવોમાં ઉત્પત્તિ અને ચ્યવન એક સમયમાં સંખ્યાત સંખ્યાતનું જ છે, કારણ કે એ દેવોની ગતિ-આગતિ કેવળ ગર્ભજ મનુષ્યમાં છે.

થાય, કારણ કે ગર્ભજ મનુષ્યોની આ જગતમાં સર્વ સંખ્યા [1]૨૯ અંક જેટલી સંખ્યા જ છે.

તથા સ્થાવરના પાંચ દંડકમાંના ૧ વનસ્પતિકાય એક સમયમાં અનન્ત ઉત્પન્ન થાય છે. કારણ કે સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ રૂપ વનસ્પતિ જીવો આ જગતમાં જઘન્યથી પણ અનન્ત છે, પરન્તુ અસંખ્યાત કે સંખ્યાત નથી. અહિં વિશેષ એ છે કે પ્રત્યેક વનસ્પતિ જીવો અનન્ત નથી, પરન્તુ અસંખ્ય જ છે. માટે પ્રત્યેક વનસ્પતિ તો એક સમયમાં અસંખ્ય જ ઉત્પન્ન થાય, અને શેષ ૪ સ્થાવરો સૂક્ષ્મ અથવા બાદર જીવો પણ જગતમાં અસંખ્ય અસંખ્ય જ છે, પરન્તુ અનન્ત કે સંખ્યાત નથી. તેથી એ ૪ દંડકના જીવ ૧ સમયમાં સમકાળે (૧-૨-૩ ઈત્યાદિ સંખ્યાત નહિ પરન્તુ) અસંખ્યાત ઉત્પન્ન થાય છે.

## ઉપપાત ચાલુ ૧૭મું ચ્યવન અને ૧૮મું સ્થિતિ

**असन्नि नर असंखा, जह उववाए तहेव चवणेवि ।**
**बावीससग ति दसवास सहस्स उक्किट्ठ पुढवाई ॥ २६ ॥**

### સંસ્કૃત અનુવાદ

**असंज्ञिनरा असंख्येया, यथोपपातस्तथैव च्यवनमपि ।**
**द्वाविंशतिसप्तत्रिदशवर्ष-सहस्रा उत्कृष्टं पृथ्व्यादयः ॥ २६ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**असन्नि नर असंखा, जह उववाए तह एव चवणे अवि ।**
**पुढवि आइ उक्किट्ठ बावीस सगति दस सहस्स वास ॥ २६ ॥**

### શબ્દાર્થ

असन्नि = અસંજ્ઞિ, સમ્મૂર્ચ્છિમ
असंखा = અસંખ્ય
जह = જેમ, જેવી રીતે, જે
तह = તેવી રીતે, તેમ
एव = જ
अवि = પણ
सग = સાત (હજાર વર્ષ)
ति = ત્રણ (હજાર વર્ષ)
वास = વર્ષ
उक्किट्ठ = ઉત્કૃષ્ટથી

---

[1] ૭૯૨૨૮૧૬૨, ૫૧૪૨૬૪૨, ૩૭૫૯૩૫૪, ૩૯૫૦૩૩૬ આ સંખ્યાએ ગર્ભજ મનુષ્યો હોય છે.

### ગાથાર્થ

અસંજ્ઞિ મનુષ્યો અસંખ્ય છે. જેમ ઉપપાત તેમજ ચ્યવન છે. પૃથ્વીકાયાદિક ઉત્કૃષ્ટ બાવીસ, સાત, ત્રણ, અને દશ હજાર વર્ષ (રહે છે.)

### વિશેષાર્થ

[1]અસંજ્ઞિ મનુષ્યો (સમ્મૂર્ચ્છિમ મનુષ્યો) જેઓ મનુષ્યના અપવિત્ર (૧૪) સ્થાનોમાં (વિષ્ટા-મૂત્ર-પ્રસ્વેદ વિગેરેમાં) ઉત્પન્ન થાય છે, તે આ જગતમાં સર્વ સંખ્યાએ અસંખ્યાત જ હોય છે. તેથી એક સમયમાં તેઓની ઉત્પત્તિ પણ સમકાળે અસંખ્ય જેટલી છે, વળી આ સમ્મૂર્ચ્છિમ મનુષ્યો કેટલીક વાર ૨૪ મુહૂર્ત સુધી બિલકુલ નથી હોતા એમ પણ બને છે.

હવે ૧૭ મા च्यवन द्वारમાં સર્વેદંડકોના ચ્યવનની - મરણની સમકાળ સંખ્યા પણ સર્વાંશે ૧૬ મા ઉપપાત દ્વાર તુલ્ય જાણવી.

| ૨૪ દંડકમાં સમકાળે ઉપપાત ચ્યવનની સંખ્યા | | | |
|---|---|---|---|
| ૧ ગ૦ તિર્યંચ<br>૩ વિકલેન્દ્રિય<br>૧ નારક<br>૧૩ દેવ | સંખ્યાત અસંખ્યાત | ૧ ગ૦ મનુષ્ય | સંખ્યાત |
| | | ૧ વનસ્પતિ | અનન્ત |
| | | ૪ સ્થાવર | અસંખ્ય |

## પ્રસંગત : વિરહદ્વાર

૭ નારકના ૧ દંડકમાં ઓઘથી ૧૨ મુહૂર્ત્ત અને પ્રત્યેક નરક પૃથ્વીમાં વિચારીએ તો પહેલી પૃથ્વીમાં ૨૪ મુહૂર્ત્ત, ૨જીમાં ૭ દિવસ, ૩જીમાં ૧૫ દિવસ, ૪થીમાં ૧ માસ, ૫ મી માં ૨ માસ, ૬ઠ્ઠીમાં ૪ માસ, ૭ મી માં ૬ માસ, ઉત્કૃષ્ટ[2] વિરહકાળ છે અને જઘન્યથી ૧ સમય છે.

ચારે નિકાયના દેવોમાં ઓઘથી ૧૨ મુહૂર્ત્ત, અને ભિન્ન ભિન્ન વિચારીએ તો ૧૦ ભવનપતિમાં, વ્યન્તરમાં, જ્યોતિષીમાં, (એ ૧૨ દંડકમાં) પ્રત્યેકમાં ૨૪ મુહૂર્ત્તનો વિરહ છે. તથા વૈમાનિક દેવોમાં સામાન્યથી ૨૪ મુહૂર્ત્તનો છે. અને ભિન્ન

---

૧ આ પ્રકરણને વિષે દંડકના ભેદમાં અસંજ્ઞિ મનુષ્ય ગણ્યા નથી, તોપણ અહિં ઉત્પત્તિ-ચ્યવનના દ્વારમાં અસંજ્ઞિ મનુષ્ય પ્રસંગે જણાવ્યા છે.

૨ અર્થાત્ જ્યાં જેટલો વિરહ કહ્યો છે, ત્યાં તેટલા કાળ સુધી કોઈ નવો જીવ ઉત્પન્ન થાય નહિં તે उपपात विरह અને તેટલા કાળ સુધી તે દંડકમાંથી કોઈ પણ જીવ મરણ ન પામે તે च्यवन विरह.

ભિન્ન વિચારતાં ૧-૨જા કલ્પમાં ૨૪ મુહૂર્ત્ત, ૩ જા કલ્પે ૯ દિવસ ૨૦ મુહૂર્ત્ત, ૪ થા કલ્પે ૧૨ દિવસ ૧૦ મુહૂર્ત્ત, ૫ મા કલ્પે ૨૨ાા દિવસ. છઠ્ઠે ૪૫ દિવસ, ૭ મે ૮૦ દિવસ, ૮ મે ૧૦૦ દિવસ, નવમે ૧૦ માસ, ૧૦ મે ૧૧ માસ, ૧૧-૧૨ મે ૧૦૦ વર્ષ (લગભગ), પહેલા ૩ ગ્રૈવેયકે ૧૦૦૦ વર્ષની અંદર, બીજા ૩ ગ્રૈવેયકે ૧ લાખ વર્ષની અંદર, ત્રીજા ગ્રૈવેયકે ૧ ક્રોડ વર્ષની અંદર, ૪ અનુત્તરોમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ તથા સર્વાર્થે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ વિરહ છે, અને સર્વત્ર જઘન્ય વિરહ એક સમય છે.

ગર્ભજ તિર્યંચમાં ૧૨ મુહૂર્ત્ત, ગર્ભજ મનુષ્યમાં ૧૨ મુહૂર્ત્ત, ૫ એકેન્દ્રિયોમાં વિરહકાળ નથી અને ૩ વિકલેન્દ્રિયોમાં પ્રત્યેકમાં એકેક મુહૂર્ત્ત, વિરહકાળ છે. સર્વત્ર જઘન્ય વિરહ (૫ એકેન્દ્રિય વિના) ૧ સમય છે.

## ૨૪ દંડકમાં સ્થિતિ દ્વાર

હવે ૧૮ મા સ્થિતિદ્વારને વિષે પ્રથમ પૃથ્વીકાયનું ૨૨૦૦૦ વર્ષનું આયુષ્ય કહ્યું તે બાદર પર્યાપ્ત ખર પૃથ્વીકાયનું (રત્ન, મણિ વિગેરેનું) જાણવું. એ રત્ન, મણિ વિગેરે નક્કર પૃથ્વીઓ તેવા પ્રકારના નિરાબાધ સ્થાનમાં રહેલી હોય તો એટલા વર્ષ સુધી જીવે છે અને શેષ પૃથ્વીઓનું એથી ન્યૂન[1] અનેક પ્રકારનું જાણવું એજ પ્રમાણે બાદર પર્યાપ્ત અપ્‌કાય, બાદર પર્યાપ્ત વાયુકાય, પ્રત્યેક વનસ્પતિકાયનું અનુક્રમે ૭૦૦૦-૩૦૦૦-૧૦૦૦૦ વર્ષનું આયુષ્ય છે. તે પણ તેવા પ્રકારના નિરાબાધ સ્થાનમાં રહેલા સ્થિર અપ્‌કાયાદિનું જાણવું.

**तिदिणग्गि तिपल्लाउ, नरतिरि सुरनिरय सागर तित्तीसा ।**
**वंतर पल्लं जोइस-वरिसलक्खाहियं पलियं ॥ २७ ॥**

### સંસ્કૃત અનુવાદ

त्रिदिनोऽग्निस्त्रिपल्यायुष्कौ नरतिर्यञ्चौ सुरनैरयिकौ सागरत्रयस्त्रिं ।
शत्कौ व्यन्तरस्य पल्यं, ज्योतिषो वर्षलक्षाधिकं पल्यम् ॥ २७ ॥

### અન્વય સહિત પદચ્છેદ

अग्गिति दिण, नर तिरि ति पल्ल आऊ, सुर निरिय तित्तीसा सागर ।
वंतर पल्लं, जोइस लक्खवरिस अहियं पलियं ॥ २७ ॥

---

૧ જેમકે-સોનાનું ૧૦૦૦ વર્ષ, ખડીનું ૧૨૦૦૦ વર્ષ, રેતીનું ૧૪૦૦૦ વર્ષ, મણસિલનું ૧૬૦૦૦ વર્ષ, કાંકરાનું ૧૮૦૦૦ વર્ષ ઇત્યાદિ આયુષ્ય નિરાબાધ સ્થાનમાં રહેલ સુવર્ણ આદિકનું કહ્યું છે.

## શબ્દાર્થ

ति दिण = ત્રણ દિવસ
अग्गि = અગ્નિકાયનું
ति पल्ल = ત્રણ પલ્યોપમ
आऊ = આયુષ્ય
सागर = સાગરોપમ
तीत्तिसा = તેત્રીશ
पल्ल = એક પલ્યોપમ
वरिस = વર્ષ
लक्ख = એક લાખ
अहिय = અધિક
पलिय = પલ્યોપમ

## ગાથાર્થ

અગ્નિકાયનું ત્રણ દિવસ, ગર્ભજ-મનુષ્ય અને તિર્યંચનું ત્રણ પલ્યોપમ, દેવ અને નારકનું તેત્રીશ સાગરોપમ, વ્યન્તરોનું એક પલ્યોપમ, અને જ્યોતિષી દેવોનું એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમ આયુષ્ય છે. ॥ ૨૭ ॥

## વિશેષાર્થ

નિરાબાધ સ્થાનમાં રહેલા બાદર પર્યાપ્ત અગ્નિકાયનું આયુષ્ય ૩ દિવસનું છે.

પ્રશ્ન :- દ્વારિકાનગરીનો દાહ-અગ્નિ ૬ માસ સુધી રહેલો સંભળાય છે, તો તે રીતે અગ્નિનું ૬ માસ જેટલું અધિક આયુષ્ય કેમ નહિ ?

**ઉત્તર :-** એ રીતે વિચારતાં તો પર્વતો અને પૃથ્વીઓ અનેક ક્રોડ વર્ષોથી છે, નદીઓ અને સમુદ્રો અનેક ક્રોડ વર્ષોના છે, તો તે પૃથ્વીકાય અને અપ્‌કાયનું આયુષ્ય ૨૨૦૦૦ તથા ૭૦૦૦ વર્ષનું કેમ ગણાય ? માટે અહિં તો તે તે કાયના પિંડનું આયુષ્ય કહેવાતું નથી. પરન્તુ તે પિંડમાંના પૃથ્વીકાયાદિ એકેક જીવનું જ આયુષ્ય કહેવાય છે. તે કારણથી તે દ્વારિકાનો અગ્નિ ૬ માસ રહ્યો, તે અનેકવાર અનેક અગ્નિ જીવોના જન્મ-મરણના પ્રવાહથી રહ્યો છે, માટે અગ્નિના ૧ જીવનું આયુષ્ય શ્રી સર્વજ્ઞોએ ૩ દિવસનું દેખ્યું છે, એમ જાણવું.

તથા મનુષ્યોનું અને તિર્યંચોનું આયુઃ ૩ પલ્યોપમ કહ્યું, તે દેવકુરૂ-ઉત્તરકુરૂના ઉત્કૃષ્ટ આયુષ્યવાળા યુગલિક મનુષ્યો તથા યુગલિક તિર્યંચોનું અને ભરત, ઐરવતમાં પહેલા આરાને વિષે વર્તત્તા યુગલિક મનુષ્ય તિર્યંચોનું જાણવું. શેષ મનુષ્ય-તિર્યંચોનું આયુષ્ય તેથી ન્યૂન અનેક પ્રકારનું છે.

વૈમાનિક દેવનું તથા નરકનું આયુષ્ય ૩૩ સાગરોપમ છે, તે પાંચ અનુત્તર વિમાનના દેવ તથા સાતમી પૃથ્વીના નારકોના ઉત્કૃષ્ટ આયુષ્યની અપેક્ષાએ છે, વ્યંતરદેવતાઓનું એક પલ્યોપમ છે. પરન્તુ દેવીઓનું તો ઉત્કૃષ્ટ ૦॥ પલ્યોપમ છે. તેમજ જ્યોતિષીમાં ૧ લાખ વર્ષ અધિક પલ્યોપમ આયુષ્ય છે, તે ચન્દ્રના વિમાનવાસી પુરુષદેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે, તથા ચન્દ્રનું પોતાનું (ઈન્દ્રનું) પણ છે, એમ જાણવું.

**असुराण अहिय अयरं, देसूण दुपल्लयं नव निकाए ।**
**बारस-वासूणपणदिण-छम्मासुक्किट्ठ विगलाऊ ॥ २८ ॥**

સંસ્કૃત અનુવાદ

असुराणामधिकमतरं, देशोनद्विपल्यं नवनिकायेषु ।
द्वादशवर्षोनपञ्चाशद्दिनषण्मासा उत्कृष्टं विकलायुः ॥ २८ ॥

અન્વય સહિત પદચ્છેદ

असुराण अयरं अहिय, नव निकाए देस ऊण दु पल्लयं ।
विगल उक्किट्ठ आउ-बारस वास, ऊणपण दीण छ मासा ॥ २८ ॥

## શબ્દાર્થ

असुराण = અસુરકુમારોનું
अहिय = કંઈક અધિક (પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક)
अयरं = ૧ સાગરોપમ
देसूण = કંઈક ન્યૂન (પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન)
दु पल्लयं = બે પલ્યોપમ
नव = (નાગકુમાર વગેરે) નવ
निकाए = નિકાયને વિષે
बारस = બાર
वास = વર્ષ
ऊणपण = ઓગણપચાસ
दिण = દિવસ
छम्मास = ૬ માસ
उक्किट्ठ = ઉત્કૃષ્ટ
आऊ = આયુષ્ય

ગાથાર્થ

ઉત્કૃષ્ટ આયુષ્ય-અસુરકુમારોનું કંઈક અધિક એક સાગરોપમ, નવનિકાયોનું કંઈક ન્યૂન બે પલ્યોપમ, અને વિકલેન્દ્રિયોનું અનુક્રમે બાર વર્ષ, ઓગણપચ્ચાસ દિવસ અને છ માસ છે. ॥ ૨૮ ॥

## વિશેષાર્થ

| ૨૪ દંડકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય-સ્થિતિ | | | |
|---|---|---|---|
| ૧ પૃથ્વીકાયનું | ૨૨૦૦૦ વર્ષ | ૧ નારકનું | ૩૩ સાગરોપમ |
| ૧ અપ્કાયનું | ૭૦૦૦ વર્ષ | ૧ વ્યન્તરનું | ૧ પલ્યોપમ |
| ૧ વાયુકાયનું | ૩૦૦૦ વર્ષ | ૧ જ્યોતિષીનું | ૧ પલ્યોપમ અને ૧ લાખ વર્ષ |
| ૧ વનસ્પતિનું | ૧૦૦૦૦ વર્ષ | ૧ અસુર૦નું સાધિક | ૧ સાગરો૦ |
| ૧ અગ્નિકાયનું | ૩ દિવસ | ૯ ભવન૦નું દેશોન | ૨ પલ્યો૦ |
| ૧ ગ૦ મનુષ્યનું | ૩ પલ્યોપમ | ૧ દ્વીન્દ્રીયનું | ૧૨ વર્ષ |
| ૧ ગ૦ તિર્યંચનું | ૩ પલ્યોપમ | ૧ ત્રીન્દ્રિયનું | ૪૯ દિવસ |
| ૧ વૈમાનિક દેવનું | ૩૩ સાગરોપમ | ૧ ચતુરિન્દ્રિયનું | ૬ માસ |

## જઘન્ય આયુઃસ્થિતિ

**पुढवाइदसपयाणं अंतमुहुत्तं जहन्न आउठिई ।**
**दससहसवरिसठिइआ भवणाहिवनिरयवंतरिया ॥ २९ ॥**

### સંસ્કૃત અનુવાદ

पृथ्व्यादिदशपदाना-मनन्तर्मुहूर्त्तं जघन्यायु:स्थितिः ।
दशसहस्त्रवर्षस्थितिका भवनाधिपनैरयिकव्यन्तराः ॥ २९ ॥

### અન્વય સહિત પદચ્છેદ

पुढवि आइ दस पयाणं जहन्न आउठिई अंतमुहुत्तं ।
भवणाहिव निरय वंतरिया, दस सहस वरिस ठिइआ ॥ २९ ॥

## શબ્દાર્થ

पुढवाइ (पुढवि आइ) = પૃથ્વીકાય વિગેરે
दस पयाणं = દશ પદોનું (૧૦ દંડકપદોનું)
दससहस = દસ હજાર
वरिस = વર્ષ
ठिइआ = સ્થિતિવાળા, આયુષ્યવાળા
अंतमुहुतं =અન્તર્મુહૂર્ત્ત
आउठिई = આયુષ્યસ્થિતિ
भवणाहिव = ભવનાધિપ-ભવનપતિ

### ગાથાર્થ

પૃથ્વીકાય વિગેરે દશ પદોની જઘન્ય આયુષ્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત્ત છે, ભવનપતિ, નારક અને વ્યન્તરો દશ હજાર વર્ષના આયુષ્યવાળા છે. ॥ ૨૯ ॥

### વિશેષાર્થ

અહિં ૧૦ પદ કહ્યાં, તે પૃથ્વી-અપ્-અગ્નિ-વાયુ-વનસ્પતિ-દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય-ગર્ભજતિર્યંચ અને ગર્ભજ મનુષ્ય એ ૧૦ દંડક જાણવા. આગળની ગાથાઓમાં પણ જયાં જયાં ૧૦ પદ કહેવાય ત્યાં ત્યાં એ ૧૦ દંડક જાણવા.

## આયુઃ- સ્થિતિ ચાલુ, ૧૯ મું પર્યાપ્તિ દ્વાર

**वेमाणिय-जोइसिया, पल्ल-तयट्ठंस आऊआ हुंति ।**
**सुरनरतिरिनिरएसु, छ पज्जत्ती थावरे चऊगं ॥ ३० ॥**

### સંસ્કૃત અનુવાદ

वैमानिकज्योतिष्काः, पल्यतदष्टांशायुष्का भवन्ति ।
सुरनरतिर्यग्नैरयिकेषु षट् पर्याप्तयः, स्थावरे चतुष्कम् ॥ ३० ॥

### અન્વય સહિત પદચ્છેદ

वेमाणियजोइसिया पल्ल-तय अट्ठ अंस-आउआ हुंति ।
सुर नर तिरि निरएसु, छ पज्जत्ती थावरे चऊगं ॥ ३० ॥

### શબ્દાર્થ

पल्ल = એક પલ્યોપમ
तय = તેના (પલ્યોપમના)
अट्ठंस = આઠમો ભાગ
आउआ = આયુષ્યવાળા
हुंति = હોય છે
चउगं = ૪ પર્યાપ્તિ

### ગાથાર્થ

વૈમાનિકો અને જયોતિષીઓ અનુક્રમે પલ્યોપમ અને તેના આઠમા ભાગના આયુષ્યવાળા છે. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકોને છ પર્યાપ્તિ હોય છે, સ્થાવરને ચાર હોય છે. ॥ ૩૦ ॥

## વિશેષાર્થ

વૈમાનિકોનું જઘન્ય આયુષ્ય ૧ પલ્યોપમ છે, તે સૌધર્મકલ્પના પહેલા પ્રતરના દેવોની અપેક્ષાએ છે, તથા જ્યોતિષીઓનું જઘન્ય આયુષ્ય $\frac{૧}{૮}$ પલ્યોપમ છે, તે તારાની દેવીઓનું છે, પરન્તુ અન્ય ગ્રંથોમાં તો સાધિક $\frac{૧}{૮}$ પલ્યોપમ એટલે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સહિત એક અષ્ટમાંશ પલ્યોપમ કહ્યું છે, અને તે કિંચિત્ અધિકતાની અહિં વિવક્ષા નથી, એમ જાણવું.

| ૨૪ દંડકમાં જઘન્ય આયુષ્ય | | | |
|---|---|---|---|
| ૧૦ પૃથ્વીકાયાદિનું | અન્તર્મુ૦ | ૧ વ્યન્તરનું | ૧૦૦૦૦ વર્ષ |
| ૧૦ ભવનપતિનું | ૧૦૦૦૦ વર્ષ | ૧ વૈમાનિકનું | ૧ પલ્યો૦ |
| ૧ નારકનું | ૧૦૦૦૦ વર્ષ | જ્યોતિષીનું | $\frac{૧}{૮}$ પલ્યો૦ |

## પર્યાપ્તિ દ્વાર

દેવના ૧૩, ગ૦ તિર્યંચનો ૧, ગ૦ મનુષ્યનો ૧ અને સાત નારકનો ૧, એ ૧૬ દંડકોમાં આહાર-શરીર-ઈન્દ્રિય-શ્વાસોચ્છ્‌વાસ-ભાષા-અને મનઃ એ છએ પર્યાપ્તિ હોય છે, તથા સ્થાવરના પાંચ દંડકોમાં ભાષા અને મન રહિત ૪ પર્યાપ્તિ છે.

## પર્યાપ્તિ ચાલુ, ૨૦મું કિમાહાર દ્વાર અને ૨૧મું સંજ્ઞિદ્વાર

**विगले पंच पज्जत्ती, छद्दिसि आहार होइ सव्वेसिं ।**
**पणगाइपए भयणा, अह सन्नितियं भणिस्सामि ॥ ३१ ॥**

### સંસ્કૃત અનુવાદ

विकले पञ्च पर्याप्तयः, षड्दिगाहारो भवति सर्वेषाम् ।
पनकादिपदे भजना, अथ संज्ञित्रिकं भणिष्यामि ॥ ३१ ॥

### અન્વય સહિત પદચ્છેદ

विगले पंच पज्जत्ती, सव्वेसिं छ द्दिसि आहार होइ ।
पणग आइ पए भयणा, अह सन्नितियं भणिस्सामि ॥ ३१ ॥

## શબ્દાર્થ

છદ્દિસિ = ૬ દિશિનો
आहार = આહાર
होइ = હોય છે
सव्वेसिं = સર્વ દંડકના જીવોને
पणगाइ = સૂક્ષ્મ વનસ્પતિ આદિ (૫)
पए = (દંડક) પદમાં
भयणा = ભજના, હોય ન હોય, અનિયમ
अह = હવે
भणिस्सामि = કહીશ

## ગાથાર્થ

**વિકલેન્દ્રિયને પાંચ પર્યાપ્તિ છે. સર્વેને છ દિશાનો આહાર હોય છે, પણ પનગ વિગેરે પદોને ભજના હોય છે. હવે ત્રણ સંજ્ઞિઓ કહીશ. ॥ ૩૧ ॥**

## વિશેષાર્થ

વિકલેન્દ્રિયોને મનઃ પર્યાપ્તિ સિવાય ૫ પર્યાપ્તિ હોય છે.

| ૨૪ દંડકમાં કોને કેટલી પર્યાપ્તિ | | | |
|---|---|---|---|
| ૧૩ દેવને<br>૧ ગ૦ મનુષ્યને<br>૧ ગ૦ તિર્યંચને<br>૧ નારકને | ૬ | ૫ સ્થાવરને | ૪ |
| | | ૩ વિકલે૦ ને | ૫ |

## કિમાહાર દ્વાર

હવે ૨૦મા किमाहार द्वार માં ચોવીશેય દંડકના જીવોને છએ દિશિથી આહાર પ્રાપ્ત થાય છે, કારણ કે ૬ દિશિનો આહાર લોકાકાશની અંદરના ભાગમાં હોય છે, અને લોકાકાશની અંદરના ભાગમાં ચોવીશેય દંડકના જીવો રહેલા છે, પરન્તુ (पणगाइ पए भयणा) પનક આદિ એટલે સૂક્ષ્મ વનસ્પતિ આદિ પાંચ (પદોમાં એટલે) દંડકોમાં, અર્થાત્ સૂક્ષ્મવનસ્પતિ, સૂક્ષ્મવાયુ, [1]બાદર વાયુ, સૂક્ષ્મઅગ્નિ, સૂક્ષ્મ અપ્કાય અને સૂક્ષ્મપૃથ્વી એ (૫ સૂક્ષ્મ અને ૧ બાદર મળી ૬ પ્રકારના જીવોમાં, પરન્તુ વાયુ બે વાર ગણવાથી દંડક તો ૫ જ થાય છે તેથી એ) ૫ દંડકોમાં છ દિશાના આહારની ભજના એટલે અનિયમ

૧ લોકના પર્યન્ત ભાગે બાદર વાયુ સિવાયના બીજા બાદર એકેન્દ્રિયો ન હોવાથી અહિં કેવળ બાદર વાયુજ કહ્યો છે, કારણ કે એકેન્દ્રિયના ૨૨ ભેદમાંથી લોક પર્યન્તે ૧૨ જીવભેદ છે, અને ૧૦ ભેદ નહિં.

જાણવો, અર્થાત્ એ ૫ દંડકોમાં ૬ દિશિનોજ આહાર હોય એવો નિયમ નથી, કારણ કે ૬-૫-૪-કે-૩ દિશિનો પણ આહાર હોય છે, તે આ પ્રમાણે-

લોકાકાશના પર્યન્ત ભાગે રહેલા એ પાંચ દંડકોને (કિમાહાર દ્વારના વર્ણનમાં કહ્યા પ્રમાણે) ૩-૪-૫ દિશિનો આહાર હોય છે, અને પર્યન્ત ભાગ છોડીને અથવા પર્યન્ત ભાગથી સ્હેજ પણ ખસીને લોકાકાશની અંદરના ભાગમાં રહેલા એ પાંચેય દંડકોને ૬ દિશિનો આહાર હોય છે. ત્યાં પૂર્વાદિ ૪ દિશિ, તથા ઊર્ધ્વ (ઉપર), અને અધઃ (નીચે) એ ૬ દિશિ જાણવી. ૪ વિદિશાઓમાંથી (ખુણાઓમાંથી) પુદ્ગલગ્રહણ થતું નથી, માટે ચાર વિદિશિથી આહાર કહ્યો નથી.

| ૬ દિશિનો આહાર | | | |
|---|---|---|---|
| ૧૯ દંડકમાં | ૬ દિશિનો | ૫ સ્થાવરને | ૩-૪-૫-૬ દિશિનો |

## ૨૧મું સંજ્ઞિદ્વાર

**चउविहसुरतिरिएसु निरएसु य दीहकालिगी सन्ना ।**
**विगले हेउवएसा, सन्नारहिया थिरा सव्वे ॥ ३२ ॥**

### સંસ્કૃત અનુવાદ

**चतुर्विधसुरतिर्यक्षु, नैरयिकेषु च दीर्घकालिकी संज्ञा ।**
**विकले हेत्वौपदेशिकी, संज्ञारहिताः स्थिराः सर्वे ॥ ३२ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**चउ विह सुर तिरिएसु य निरएसु दीहकालिगी सन्ना ।**
**विगले हेउवएसा, सव्वे थिरा सन्ना रहिया ॥ ३२ ॥**

### શબ્દાર્થ

चउविह = ચાર પ્રકારના
दीहकालिगी = દીર્ઘકાલિકી
सन्ना = સંજ્ઞા
हेउवएसा = હેતુવાદોપદેશિકી
सन्ना = સંજ્ઞા
रहिया = રહિત

### ગાથાર્થ

**ચાર પ્રકારના દેવો, તિર્યંચો અને નારકોને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે. વિકલેન્દ્રિયોને હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે, અને સર્વે સ્થાવરો સંજ્ઞા રહિત છે. ॥૩૨॥**

## વિશેષાર્થ

હવે ૨૧ મા સંજ્ઞિદ્વારમાં ચારે નિકાયના દેવના ૧૩ દંડક, ગર્ભજ તિર્યંચનો ૧ દંડક, અને સાત નારકનો ૧ દંડક, એ ૧૫ દંડકના જીવોમાં ૧ દીર્ઘકાલિકી સંજ્ઞા કહી છે. કારણ કે - એ જીવોને મનઃપર્યાપ્તિ હોવાથી વિશિષ્ટ મનોવિજ્ઞાનના બળ વડે "ભૂતકાળમાં આ કાર્યનું પરિણામ શું આવ્યું હતું ? ભાવીકાળમાં શું આવશે ?" ઇત્યાદિ દીર્ઘકાળનો વિચાર કરવારૂપ વિશિષ્ટ જ્ઞાન-સંજ્ઞા હોય છે, તથા મનઃપર્યાપ્તિના અભાવે વિકલેન્દ્રિયો તો વર્ત્તમાન સમયના જ સુખ-દુઃખનો વિચાર કરવાની જ્ઞાનસંજ્ઞાવાળા હોવાથી તેઓને હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે, અને સ્થાવરો તો અવ્યક્ત ચૈતન્ય વાળા હોવાથી તે સર્વેને સંજ્ઞા રહિત જ કહ્યા છે. કારણ કે આ ત્રણ સંજ્ઞાઓ સ્પષ્ટ ચૈતન્યવાળી છે.

**પ્રશ્ન :-** એકેન્દ્રિયોને આહારાદિસંજ્ઞા આદિ ૧૦ સંજ્ઞાઓ પૂર્વે કહી છે, તથા વિકલેન્દ્રિયોને તે ૧૦ ઉપરાંત અલ્પ-સ્પષ્ટ ચૈતન્ય લાગણીવાળી હેતુવાદોપ૦ સંજ્ઞા પણ છે, તો એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો તે તે સંજ્ઞાઓવાળા હોવાથી સંજ્ઞિ કેમ ન ગણાય ?

**ઉત્તર :-** જો કે એકેન્દ્રિયાદિકોને આહારાદિ સંજ્ઞા છે, તો પણ અસ્પષ્ટ ચૈતન્યવાળી છે, માટે તે સંજ્ઞાથી અહિં સંજ્ઞિપણું ઇષ્ટ નથી, અને વિકલેન્દ્રિયાદિકને જો કે હેતુવાદોપ૦ સંજ્ઞા છે, પરન્તુ અલ્પ સ્પષ્ટ ચૈતન્યવાળી હોવાથી (તેવી સંજ્ઞા વડે) સંજ્ઞિ ગણાય નહિ, કારણ કે અલ્પ ધન વડે ધનવાન કહેવાય નહિં, અને અલ્પ રૂપવડે રૂપવાન્ પણ ગણાય નહિં. પરન્તુ ઘણા ધનવડે ધનવાન્ અને ઘણા રૂપવડે રૂપવાન્ ગણાય, એ વ્યવહારને અનુસરીને દ્વીન્દ્રિયાદિ અસંજ્ઞિ ગણાય છે.

**પ્રશ્ન :-** ત્રણેય કાળની વિચાર સંજ્ઞાવાળા દેવાદિક દંડકોમાં ૧ દીર્ઘકાલિકી સંજ્ઞા કહી, તો તેઓને વર્તમાનકાળના વિષયવાળી હેતુ૦ સંજ્ઞા પણ પ્રાપ્ત થઈ, તો બે સંજ્ઞા કેમ ન કહી ?

**ઉત્તર :-** જેમ ક્રોડપતિ શાહુકાર પાસે લાખ રૂપિયા છે, તો પણ લખપતિ ન કહેવાય, તેમ દીર્ઘ૦ સંજ્ઞાવાળાને હેતુવાદોપ૦ સંજ્ઞા અંતર્ગત હોવાથી જુદી ન ગણાય.

## સંજ્ઞિ દ્વાર ચાલુ, ૨૨-૨૩ ગતિ[1]-આગતિ દ્વાર

**मणुआण दीहकालिय, दिट्ठिवाओवएसिआ केवि ।**
**पज्जपणतिरिमणुअच्चिय चउविहदेवेसु गच्छंति ॥ ३३ ॥**

---

૧ દ્વારોના અનુક્રમમાં પ્રથમ ગતિદ્વાર અને ત્યારબાદ આગતિદ્વાર કહ્યું છે. પરન્તુ અહિં દ્વારાવતારના પ્રસંગમાં સર્વત્ર દરેક દંડકે પહેલી આગતિ અને પછી ગતિ કહેશે

## સંસ્કૃત અનુવાદ

मनुजानां दीर्घकालिकी, दृष्टिवादोपदेशिकाः केऽपि ।
पर्याप्तपञ्चेन्द्रियतिर्यग्मनुजा एव चतुर्विध-देवेषु गच्छन्ति ॥ ३३ ॥

## અન્વય સહિત પદચ્છેદ

मणुआण दीहकालिय, के दिट्ठिवाओवएसिआ अवि ।
पज्ज पण तिरि मणुअ च्चिय; चउविह देवेसु गच्छन्ति ॥ ३३ ॥

## શબ્દાર્થ

दीहकालिय = દીર્ઘકાલિકી
दिट्ठिवाओवएसिआ = દષ્ટિવાદો-પદેશિકી સંજ્ઞા
के = કેટલાએક
अवि = પણ
गच्छन्ति = જાય છે.

## ગાથાર્થ

મનુષ્યોને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે, અને કેટલાક તો દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાવાળા હોય છે. પર્યાપ્ત પંચેન્દ્રિય-તિર્યંચો અને મનુષ્યો જ ચારેય પ્રકારના દેવોમાં જાય છે.

## વિશેષાર્થ

મનુષ્યોને વિશિષ્ટ મનોવિજ્ઞાન હોવાથી દીર્ઘકાલિકી સંજ્ઞા તો છે જ. પરંતુ તે ઉપરાંત કેટલાક મનુષ્યોને દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પણ છે, કારણ કે મનુષ્યોમાંના કેટલાક સમ્યગ્દષ્ટિ હોઈને શ્રુતજ્ઞાનના વિશિષ્ટ ક્ષયોપશમવાળા હોય છે, તેથી દ્વાદશાંગીનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, અને દેશવિરતિ તથા સર્વવિરતિ ચારિત્ર ગ્રહણ કરીને યથાયોગ્ય અહિતકર માર્ગનો ત્યાગ કરી હિત માર્ગ અંગીકાર કરે છે. વળી કેટલાક [1]તિર્યંચ પંચેન્દ્રિયોને પણ સમ્યગ્દષ્ટિપણું તથા દેશવિરતિ ચારિત્ર (રૂપ હેયોપાદેયપણું) હોવાથી દષ્ટિવાદો૦ સંજ્ઞા છે, પરન્તુ તે અલ્પ હોવાથી શાસ્ત્રમાં કહી નથી. તથા કેવળ સમ્યગ્દષ્ટિપણાની [2]અપેક્ષાએ દેવાદિક ચારે ય ગતિવાળા દષ્ટિવાદોપ૦ સંજ્ઞાવાળા છે, પરન્તુ વિશિષ્ટ શ્રુતજ્ઞાન તથા હેયોપાદેયના અભાવે તેઓને આ સંજ્ઞાની મુખ્યતા ગણી નથી.

---

૧ દંડક પ્રકરણની અવચૂરિમાં તથા વૃત્તિમાં પણ તિર્યંચ પંચેન્દ્રિયોને દષ્ટિવાદ સંજ્ઞા કહી છે, પરંતુ અલ્પપણાથી અવિવક્ષિત ગણી છે.

૨ એ અપેક્ષાથી જ શાસ્ત્રમાં સર્વ મિથ્યાદષ્ટિને અસંજ્ઞિ કહ્યા છે.

| ૨૪ દંડકમાં ૩ સંજ્ઞા | | | |
|---|---|---|---|
| ૧૩ દેવમાં<br>૧ ગ૦ તિર્યંચને<br>૧ નારકને | ૧ (દીર્ઘકા૦) | ૩ વિકલે૦ ને | ૧ (હેતુ વા૦) |
| | | ૫ સ્થાવરને | ૦ |
| | | ૧ ગ૦ મનુષ્યને | ૨ (દીર્ઘ૦-દષ્ટિ૦) |

## ગતિ-આગતિ દ્વાર

### દેવમાં આગતિ

પર્યાપ્ત ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચો તથા ૫૦ ગ૦ મનુષ્યો જ ૪ પ્રકારના દેવમાં (૧૦ ભવનપતિ ૧ વ્યન્તર-૧ જ્યોતિષી-અને ૧ વૈમાનિક રૂપ ૧૩ દંડકમાં) ઉત્પન્ન થાય છે એમ સામાન્ય કહ્યું છે, પરન્તુ વિશેષતઃ ૫૬૩ ભેદની ગત્યાગતિમાં કહીશું. ॥ ૩૩ ॥

### દેવની ગતિ

**संखाउ-पज्जपणिंदि-तिरियनरेसु तहेव पज्जत्ते ।**
**भू-दग-पत्तेयवणे, एएसु च्चिय सुरागमणं ॥ ३४ ॥**

#### સંસ્કૃત અનુવાદ

**संख्येयायुष्कपर्याप्तपञ्चेन्द्रिय-तिर्यग्नरेषु तथैव पर्याप्तेषु ।**
**भूदकप्रत्येकवनेषु, एतेष्वेव सुरागमनम् ॥ ३४ ॥**

#### અન્વય સહિત પદચ્છેદ

**संख आउ पज्ज पणिंदि तिरिय नरेसु तह एव पज्जत्ते ।**
**भू दग पत्तेय वणे एएसु च्चिय सुर आगमणं ॥ ३४ ॥**

#### શબ્દાર્થ

संखाउ (संखआउ) = સંખ્યાત આયુવાળા
पज्ज = પર્યાપ્ત
पणिंदि = પંચેન્દ્રિય
तहेव = તેમજ
पज्जत्ते = પર્યાપ્ત
भू = પૃથ્વીકાય(માં)
दग = અપ્કાય(માં)
पत्तेय = પ્રત્યેક
वणे = વનસ્પતિકાયમાં
एएसु = એ (૫) દંડકપદમાં
च्चिय = નિશ્ચય, જ

### ગાથાર્થ

સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પર્યાપ્ત પંચેન્દ્રિય-તિર્યંચોમાં અને મનુષ્યોમાં, તેમજ પર્યાપ્ત બાદર-પૃથ્વીકાય અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિ, એમાંજ દેવોની આગતિ થાય છે.

## નારકોની ગતિ-આગતિ

**पज्जत्तसंखगब्भय-तिरियनरा निरयसत्तगे जंति ।**
**निरयउव्वट्टा एएसु उववज्जंति न सेसेसु ।। ३५ ।।**

### સંસ્કૃત અનુવાદ

पर्याप्तसंख्येयायुर्गर्भजतिर्यग्नरा नरकसप्तके यान्ति ।
नरकोद्वृत्ता एतेषूपपद्यन्ते, न शेषेषु ।। ३५ ।।

### અન્વય સહિત પદચ્છેદ

पज्जत्त संख गब्भय तिरिय नरा निरय सत्तगे जंति ।
निरय उव्वट्टा एएसु उववज्जंति न सेसेसु ।। ३५ ।।

### શબ્દાર્થ

पज्जत्त = પર્યાપ્ત
संख = સંખ્યાત વર્ષના આયુષ્યવાળા
सत्तगे = સાતમાં
जंति = જાય છે
निरय = નરકથી
उव्वट्टा = નિકળેલા, ઉદ્વર્ત્તેલા
एएसु = એ (બે) દંડકોમાં
उववज्जंति = ઉત્પન્ન થાય છે
न = નહિં
सेसेसु = શેષ દંડકોમાં

### ગાથાર્થ

પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ-તિર્યંચો અને મનુષ્યો સાતેય નરકમાં ઉત્પન્ન થાય છે. અને નરકમાંથી નિકળેલા (નારકો) એઓમાંજ ઉત્પન્ન થાય છે, બીજે નહીં.

## પૃથ્વી, અપ્, અને વનસ્પતિમાં આગતિ

**पुढवी-आउ-वणस्सइ-मज्झे नारय विवज्जिया जीवा ।**
**सव्वे उववज्जंति, निय-निय-कम्माणुमाणेणं ।। ३६ ।।**

### સંસ્કૃત અનુવાદ

पृथिव्यब्वनस्पतिमध्ये नारकविवर्जिता जीवाः ।
सर्वे उत्पद्यन्ते निजनिजकर्मानुमानेन ॥ ३६ ॥

### અન્વય સહિત પદચ્છેદ

पुढवी आउ वणस्सइ मज्झे नारय विवज्जिया सव्वे जीवा ।
निय निय कम्म अणुमाणेणं उववज्जंति ॥ ३६ ॥

### શબ્દાર્થ

मज्झे = મધ્યે, માં, ને વિષે
विवज्जिया = વિવર્જિત, રહિત, સિવાયના, વિના
जीवा = જીવો
सव्वे = સર્વે ૨૩ (દંડકના) જીવો
उववज्जंति = ઉત્પન્ન થાય છે
निय निय = પોતપોતાના
कम्म = કર્મના
अणुमाणेणं = અનુમાનથી, અનુસારે, પ્રમાણે

### ગાથાર્થ

પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાયમાં નારક સિવાયના સર્વે જીવો પોતપોતાના કર્મને અનુસારે ઉત્પન્ન થાય છે.

## પૃથ્વી, અપ્ અને વનસ્પતિની ગતિ અને તેઉ-વાઉની આગતિ

पुढवाइ-दसपएसु, पुढवी-आउ-वणस्सई जन्ति ।
पुढवाइ-दसपएहि य, तेउ वाउसु उववाओ ॥ ३७ ॥

### સંસ્કૃત અનુવાદ

पृथिव्यादिदशपदेषु, पृथिव्यब्वनस्पतयो यान्ति ।
पृथिव्यादिदशपदेभ्यश्च, तेजोवाय्वोरुपपातः ॥ ३७ ॥

### અન્વય સહિત પદચ્છેદ

पुढवी आऊ वणस्सई पुढवी आइ दस पएसु जन्ति ।
य तेउ-वाउसु पुढवी आइ दसपएहि उववाओ ॥ ३७ ॥

### શબ્દાર્થ

पएसु = પદોમાં
पुढवाइ = પૃથ્વીકાય વગેરે
दस = દશ
पएहिं = પદમાંથી (દંડકોમાંથી નિકળેલા જીવો)
उववाओ = ઉપપાત, ઉપજવું

### ગાથાર્થ

પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાય, પૃથ્વીકાય વગેરે દશ પદોમાં જાય છે. અગ્નિકાય અને વાયુકાયમાં પૃથ્વીકાય આદિ દશ પદોમાંથી નિકળેલા જીવોનો ઉપપાત થાય છે. ॥ ૩૭ ॥

## તેજો વાયુની ગતિ અને વિકલેન્દ્રિયોની ગતિ-આગતિ

**तेऊवाऊ-गमणं पुढवीपमुहंमि होइ पयनवगे ।**
**पुढवाइठाणदसगा विगलाइ [ ई ] तियं तहिं जंति ॥ ३८ ॥**

### સંસ્કૃત અનુવાદ

तेजोवायुगमनं, पृथ्वीप्रमुखे भवति पदनवके ।
पृथ्व्यादिस्थानदशकाद्, विकलत्रिके [ विकलादि ] त्रिकं तत्र यान्ति ॥ ३८ ॥

### અન્વય સહિત પદચ્છેદ

तेऊ वाऊ गमणं, पुढवी पमुहंमि पय नवगे होइ ।
पुढवी आइ ठाण दसगा विगलाइ [ विगलाइ ] तियं तहिं जंति ॥ ३८ ॥

### શબ્દાર્થ

पमुहंमि = વગેરે (માં)
नवगे = નવમાં, નવ
ठाण = સ્થાન, દંડક (માંથી)
दसगा = દશમાંથી, દશ
तियं = ત્રિક, ત્રણ
तहिं = ત્યાં, પૃથ્વી આદિ ૧૦ પદમાં
जंति = જાય છે

### ગાથાર્થ

અગ્નિકાય અને વાયુકાયનું જવું પૃથ્વીકાય વિગેરે નવ પદોમાં થાય છે. પૃથ્વીકાયાદિક દશ પદો વિકલેન્દ્રિય તરફ જાય છે અને વિકલેન્દ્રિયો ત્રણેય ત્યાં (દશ પદોમાં) જાય છે.

## ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોની ગતિ-આગતિ

**गमणागमणं गब्भय-तिरियाणं सयलजीवठाणेसु ।**
**सव्वत्थ जंति मणुआ, तेऊवाऊहिं नो जंति ॥ ३९ ॥**

## સંસ્કૃત અનુવાદ

**गमनागमनं गर्भज-तिरश्चां सकलजीवस्थानेषु ।**
**सर्वत्र यान्ति मनुजास्ते जोवायुभ्यां नो यान्ति ॥ ३९ ॥**

## અન્વય સહિત પદચ્છેદ

**गब्भय तिरियाणं गमण आगमणं सयल जीवठाणेसु ।**
**मणुआ सव्वत्थ जंति, तेउ वाऊहिं नो जंति ॥ ३९ ॥**

## શબ્દાર્થ

गमण = ગમન, ગતિ, ઉત્પત્તિ
आगमणं = આગમન, આગતિ
सयल = સકલ, સર્વ
जीवठाणेसु = જીવસ્થાનોમાં, જીવભેદોમાં, દંડકોમાં
सव्वत्थ = સર્વત્ર, સર્વ દંડકપદોમાં
जंति = જાય છે, ઉત્પન્ન થાય છે
तेउ = અગ્નિકાય (માંથી)
वाऊहिं = વાયુકાયમાંથી
नो = નહિ
जंति = જાય છે, ઉત્પન્ન થાય છે

## ગાથાર્થ

**ગર્ભજ તિર્યંચોનું ગમનાગમન સર્વ જીવસ્થાનોમાં થાય છે. મનુષ્યો સર્વમાં જાય, અગ્નિકાય અને વાયુકાયમાંથી મનુષ્યમાં જતા નથી.**

## વિશેષાર્થ

૨૪ દંડકોની ગતિ-આગતિ આ સાથેના કોષ્ટકોમાં બતાવેલ છે. બાજુના સરવાળા ગતિના છે. અને નીચેના સરવાળા આગતિના છે.

## આગતિ

| | ક્રમ | ગતિ દંડકો / આગતિ દંડકો | નારકી | અસુરકુમાર | નાગકુમાર | સુવર્ણકુમાર | વિદ્યુત્કુમાર | દ્વીપકુમાર | અગ્નિકુમાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | નારકી | | | | | | | |
| | ૨ | અસુરકુમાર | | | | | | | |
| | ૩ | નાગકુમાર | | | | | | | |
| | ૪ | સુવર્ણકુમાર | | | | | | | |
| | ૫ | વિદ્યુત્કુમાર | | | | | | | |
| | ૬ | દ્વીપકુમાર | | | | | | | |
| | ૭ | અગ્નિકુમાર | | | | | | | |
| | ૮ | ઉદધિકુમાર | | | | | | | |
| | ૯ | દિશિકુમાર | | | | | | | |
| | ૧૦ | પવનકુમાર | | | | | | | |
| | ૧૧ | મેઘકુમાર | | | | | | | |
| | ૧૨ | પૃથ્વીકાય | | | | | | | |
| ગતિ | ૧૩ | અપ્કાય | | | | | | | |
| | ૧૪ | તેઉકાય | | | | | | | |
| | ૧૫ | વાઉકાય | | | | | | | |
| | ૧૬ | વનસ્પતિકાય | | | | | | | |
| | ૧૭ | બેઇન્દ્રિય | | | | | | | |
| | ૧૮ | તેઇન્દ્રિય | | | | | | | |
| | ૧૯ | ચઉરિન્દ્રિય | | | | | | | |
| | ૨૦ | ગ૦ તિર્યંચ પંચેન્દ્રિય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| | ૨૧ | ગ૦ મનુષ્ય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| | ૨૨ | વ્યન્તર | | | | | | | |
| | ૨૩ | જ્યોતિષી | | | | | | | |
| | ૨૪ | વૈમાનિક | | | | | | | |
| | | કુલ આગતિ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ |

| ઉદધિકુમાર | દિશિકુમાર | પવનકુમાર | મેઘકુમાર | પૃથ્વીકાય | અપ્કાય | તેઉકાય | વાઉકાય | વનસ્પતિકાય | બેઇન્દ્રિય | તેઇન્દ્રિય | ચઉરિન્દ્રિય | ગ૦ તિર્યંચ | ગ૦ મનુષ્ય | વ્યંતર | જ્યોતિષી | વૈમાનિક | કુલ ગતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | ૧ | ૧ | | | | ૨ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | | | ૧૦ |
| | | | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | | | ૧૦ |
| | | | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | | | | ૯ |
| | | | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | | | | ૯ |
| | | | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | | | ૧૦ |
| | | | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | | | ૧૦ |
| | | | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | | | ૧૦ |
| | | | | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | | | | ૧૦ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૪ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૪ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| | | | | ૧ | ૧ | | | ૧ | | | | ૧ | ૧ | | | | ૫ |
| ૨ | ૨ | ૨ | ૨ | ૨૩ | ૨૩ | ૧૦ | ૧૦ | ૨૩ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૪ | ૨૨ | ૨ | ૨ | ૨ | |

# વિસ્તારથી ગતિ-આગતિ દ્વાર

## ગતિ-આગતિ દ્વારના આંકડાની સમજ

૫ પર્યાપ્ત ગર્ભજ (જલચર, સ્થલચર, ખેચર, ઉરઃપરિસર્પ, અને ભુજપરિસર્પ) તિર્યંચ.

૧૫ પર્યાપ્ત ગર્ભજ ૧૫ કર્મભૂમિના મનુષ્ય.

૧૬ ૧૫ કર્મ૦ના મનુષ્ય, ૧ પર્યાપ્ત ગર્ભજ જલચર.

૧૭ ૧૫ કર્મ૦ મનુષ્ય, ૧ ૫૦ ગ૦ જલચર, ૧ ૫૦ ગ૦ ઉરપરિસર્પ.

૧૮ ૧૫ કર્મ૦ મનુષ્ય, ૧ ૫૦ ગ૦ જલચર, ૧ ૫૦ ગ૦ સ્થલ૦, ૧ ૫૦ ગ૦ ઉરઃપરિસર્પ.

૧૯ ૧૫ કર્મ૦ મનુષ્ય, ૪ જલ૦ સ્થલ૦ ખે૦ ઉરઃ૦ એ ચાર ગર્ભજ પર્યાપ્ત.

૨૦ ૧૫ કર્મ૦ મનુષ્ય, ૫ પર્યાપ્ત ગર્ભજ (જલચરાદિ) તિર્યંચ પંચેન્દ્રિય.

૨૩ ૧૫ કર્મ૦ મનુષ્ય, ૫ પર્યા૦ ગ૦ તિર્યંચ, ૩ પૃથ્વી-અપ્ પ્રત્યેક વનસ્પતિ એ ત્રણે બાદર પર્યાપ્ત.

૨૫ ૧૫ કર્મ૦ મનુષ્ય, ૫ પર્યા૦ ગ૦ તિર્યંચ, ૫ પર્યાપ્ત૦ સમ્મૂ૦ તિર્યંચ પંચેન્દ્રિય.

૪૦ ૧૫ કર્મ૦ મનુષ્ય, ૫ ગર્ભજ પર્યાપ્ત તિર્યંચ, ૨૦ પર્યાપ્ત અકર્મભૂમિ (૫ હિમવંત ૫ હિરણ્યવંત રહિત) ના ગર્ભજ મનુષ્ય

૪૮ તિર્યંચના સર્વ ભેદ.

૫૦ ૧૫ કર્મ૦ મનુષ્ય, ૩૦ અકર્મ૦ ના યુગલિક મનુષ્ય, ૫ ગર્ભજ પર્યાપ્ત તિર્યંચો.

૧૦૨ ૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી, ૧૬ વ્યન્તર, ૧૦ તિર્યગ્ જૃમ્ભકદેવ એ ૫૧ દેવ પર્યાપ્ત અને ૫૧ અપર્યાપ્ત મળી ૧૦૨. એ પાતાલવાસી ૫૧ દેવના ભેદ જાણવા.

૧૧૧ ૧૦૧ ગર્ભજ પર્યાપ્ત મનુષ્ય, ૧૦ પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય (૫ ગ૦ , ૫ સમ્મૂ૦).

૧૨૬ ૧૦૨ પાતાલવાસી દેવ, ૨૦ જ્યોતિષી ભેદ, ૨ સૌધર્મ કિલ્બિષિક પર્યા૦ અપર્યા૦ અને ૨ સૌધર્મદેવ પર્યાપ્ત તથા અપર્યાપ્ત.

૧૨૮ ૨ ઈશાન દેવ પર્યાપ્ત તથા અપર્યાપ્ત અને ૧૨૬ ઉપર કહ્યા પ્રમાણે.

૧૭૧ ૩૦ કર્મ૦ મનુષ્ય, ૧૦૧ સમ્મૂ૦ મનુષ્ય, અને ૪૦ તિર્યંચ. (૪ અગ્નિકાય અને ૪ વાયુકાય રહિત સૂક્ષ્મ, બાદર પર્યાપ્ત અપર્યાપ્ત)

૧૭૯ ૩૦ કર્મ૦ મનુષ્ય, ૧૦૧ સમ્મૂ૦ મનુષ્ય, અને ૪૮ તિર્યંચ.

૨૪૩ ૩૦ કર્મ૦ મનુષ્ય, ૧૦૧ સમ્મૂ૦ મનુષ્ય, ૪૮ તિર્યંચ, ૫૧ પર્યાપ્ત પાતાલવાસીદેવ, ૧૦ પર્યા૦ જ્યોતિષી, ૨ પર્યા૦ સૌધર્મ ઈશાન દેવ, ૧ પર્યાપ્ત સૌધર્મ કિલ્બિષિક.

૨૬૭ ૩૦ કર્મ૦ મનુષ્ય, ૧૦૧ સમ્મૂ૦ મનુષ્ય, ૪૮ તિર્યંચ, ૮૧ સહસ્રાર સુધીના પર્યાપ્ત દેવ (૯-૧૦-૧૧-૧૨ મો કલ્પ અને ૧૪ કલ્પાતીત એ ૧૮ રહિત), ૭ પર્યાપ્ત નારક.

૨૭૬ ૩૦ કર્મ૦ મનુષ્ય; ૧૦૧ સમ્મૂ૦ મનુષ્ય, ૯૯ પર્યાપ્તદેવ, ૬ તમઃપ્રભા સુધીના (૬ પૃથ્વીના) પર્યાપ્ત નારક, અને ૪૦ તિર્યંચ (૪ અગ્નિ-૪ વાયુ રહિત).

૩૯૫ ૩૦ કર્મ૦ મનુષ્ય, ૧૦૧ સમ્મૂ૦ મનુષ્ય, ૪૮ તિર્યંચ, ૧૧૨ અન્તર્દ્વીપ મનુષ્ય, ૧૦૨ પાતાલવાસીદેવ, ૨ પહેલી પૃથ્વીના નારક.

૫૧૭ ૩૦૩ મનુષ્ય, ૪ નારક (પહેલી બે પૃથ્વીના), ૪૮ તિર્યંચ, ૧૬૨ આઠમા કલ્પ સુધીના (પર્યા૦ અપર્યા૦) દેવ.

૫૧૯ (ત્રીજી પૃથ્વીના) ૨ નારક સહિત ૫૧૭.

૫૨૧ (ત્રીજી-ચોથી પૃથ્વીના) ૪ નારક સહિત ૫૧૭.

૫૨૩ (૩-૪-૫ પૃથ્વીના) ૬ નારક સહિત ૫૧૭.

૫૨૭ ૩૦૩ મનુષ્ય, ૧૪ નારક, ૪૮ તિર્યંચ, ૧૬૨ આઠમા કલ્પસુધીના દેવ.

૫૬૩ સર્વ જીવભેદ.

## ૫૬૩ જીવભેદની ગતિ-આગતિ

| નારકના ૧૪ ભેદમાં | આગતિ | ગતિ |
|---|---|---|
| ૧ પર્યાપ્ત રત્નપ્રભા | ૨૫ થી | ૨૦ માં |
| ૧ પર્યાપ્ત શર્કરા૦ | ૨૦ થી | ૨૦ માં |
| ૧ પર્યાપ્ત વાલુકા૦ | ૧૯ થી | ૨૦ માં |
| ૧ પર્યાપ્ત પંકપ્રભા | ૧૮ થી | ૨૦ માં |
| ૧ પર્યાપ્ત ધૂમપ્રભા | ૧૭ થી | ૨૦ માં |
| ૧ પર્યાપ્ત તમઃપ્રભા | ૧૬ થી | ૨૦ માં |
| ૧ પર્યાપ્ત તમસ્તમઃપ્રભા | ૧૬ થી | ૫ માં |
| ૭ પર્યાપ્ત *અપર્યાપ્ત નારક | પર્યાપ્તવત્ | ૦[૧] માં |
| દેવના ૧૯૮ ભેદ | | |
| ૫૧ ભવન૦ ૧૦, પરમા૦ ૧૫,<br>વ્યન્તર ૧૬, તિર્યગ્જાંભક ૧૦ એ પર્યાપ્ત | ૧૧૧ થી | ૨૩ માં |
| ૧૦ પર્યાપ્ત જ્યોતિષી | ૫૦ થી | ૨૩ માં |
| ૧ પર્યાપ્ત સૌધર્મ | ૫૦ થી | ૨૩ માં |
| ૧ પર્યાપ્ત સૌધર્મ કિલ્બિ૦ | ૫૦ થી | ૨૩ માં |
| ૧ પર્યાપ્ત ઈશાન | ૪૦ થી | ૨૩ માં |
| ૬ પર્યાપ્ત સનત્૦ થી સહસ્રાર | ૨૦ થી | ૨૦ માં |
| ૯ પર્યાપ્ત લોકાન્તિક | ૨૦ થી | ૨૦ માં |
| ૨ પર્યાપ્ત સનત્ કિલ્બિ૦ | ૨૦ થી | ૨૦ માં |
| ૧૮ પર્યાપ્ત આનતથી સર્વાર્થ સુધીના | ૧૫ થી | ૧૫ માં |
| ૯૯ પર્યાપ્ત *અપર્યાપ્ત દેવ૦ | પર્યાપ્તવત્ | ૦ |

૧ નારક અને દેવો અપર્યાપ્ત અવસ્થામાં મરણ પામતા નથી માટે ગતિને સ્થાને ૦ શૂન્ય છે.

* નારક અને દેવના ભેદમાં અપર્યાપ્ત કહ્યા તે કરણ અપર્યાપ્ત જાણવા, પરંતુ લબ્ધિ અપર્યાપ્ત નહિ. શેષ સર્વે અપર્યાપ્ત ભેદમાં લબ્ધિ અપર્યાપ્ત જાણવા.

| તિર્યંચના ૪૮ ભેદમાં | | |
|---|---|---|
| ૩ બા૦ પ૦ પૃથ્વી<br>બા૦ પ૦ અપ્<br>બા૦ પ્રત્યે૦ પ૦ વન૦ | ૨૪૩ થી | ૧૭૯ માં |
| ૨ બા૦ પ૦ અગ્નિ<br>બા૦ પ૦ વાયુ | ૧૭૯ થી | ૪૮ માં |
| ૧૧ પૃથ્વ્યાદિના શેષ[1] (૧૧) ભેદમાં | ૧૭૯ થી | ૧૭૯ માં |
| ૬ અગ્નિ-વાયુના શેષ[2] (૬) ભેદમાં | ૪૮ થી | ૪૮ માં |
| ૬ વિકલેન્દ્રિય | ૧૭૯ થી | ૧૭૯ માં |
| ૫ અપ. સં.પં. તિર્યંચમાં | ૧૭૯ થી | ૧૭૯ માં |
| ૫ પર્યા.સં.પં. તિર્યંચમાં | ૧૭૯ થી | ૩૯૫ માં |
| ૧ પ૦ ગ૦ જલચર૦ | ૨૬૭ થી | ૫૨૭ માં |
| ૧ પ૦ ગ૦ સ્થલચર | ૨૬૭ થી | ૫૨૧ માં |
| ૧ પ૦ ગ૦ ખેચર | ૨૬૭ થી | ૫૧૯ માં |
| ૧ પ૦ ગ૦ ઉરઃસર્પ | ૨૬૭ થી | ૫૨૩ માં |
| ૧ પ૦ ગ૦ ભુજસર્પ | ૨૬૭ થી | ૫૧૭ માં |
| ૫ અપ૦ ગ૦ તિ૦ પંચે૦ | ૧૭૯ થી | ૧૭૯ માં |
| **મનુષ્યના ૩૦૩ ભેદમાં** | | |
| ૧૫ પર્યાપ્ત કર્મભૂમિના | ૨૭૬ થી | ૫૬૩ માં |
| ૧૫ અપ૦ કર્મ૦ ના | ૧૭૧ થી | ૧૭૯ માં |
| ૫ પર્યાપ્ત હિમવંતના | ૨૦ થી | ૧૨૬ માં |
| ૫ પર્યાપ્ત હિરણ્ય૦ ના | ૨૦ થી | ૧૨૬ માં |
| ૫ પર્યાપ્ત હરિવર્ષના | ૨૦ થી | ૧૨૮ માં |

૧ પૃથ્વી આદિ ૩ સૂક્ષ્મના પર્યાપ્ત અપર્યાપ્ત ગણવાથી ૬ ભેદ, ૧ બા૦ અપ૦ પૃથ્વી, ૧ બા૦ અપ૦ અપ, ૧ બા૦ અપ૦ સાધારણ વનસ્પતિ, ૧ બા૦ પર્યાપ્ત સાધા૦ વનસ્પતિ, ૧ બા૦ અપ૦ પ્રત્યેક વન૦

૨ સૂક્ષ્મ અગ્નિ અને વાયુના પર્યાપ્ત અપર્યાપ્ત ગણતાં ૪, તથા ૧ બા૦ અપ૦ અગ્નિ, ૧ બા૦ અપ૦ વાયુ.

| | | |
|---|---|---|
| ૫ પર્યાપ્ત રમ્યક્ના | ૨૦ થી | ૧૨૮ માં |
| ૫ પર્યાપ્ત ઉત્તરકુરૂના | ૨૦ થી | ૧૨૮ માં |
| ૫ પર્યાપ્ત દેવકુરૂના | ૨૦ થી | ૧૨૮ માં |
| ૫૬ પર્યાપ્ત અન્તર્દ્વીપના | ૨૫ થી | ૧૨૦ માં |
| ૮૬ અ૫૦ સર્વે યુગલિક | ૦[1] (અથવા તે તે) ક્ષેત્રવત્) | [2]૦ |
| ૧૦૧ સમ્મૂ૦ મનુષ્ય | ૧૭૧ થી | ૧૭૯ માં |
| યુગલિક ચતુષ્પદ | -તે તે ક્ષેત્રના યુગ૦ મનુષ્યવત્ | |
| યુગલિક ખેચર (અન્તર્દ્વીપવત્) | ૨૫ થી | ૧૦૨ માં |

અહિં યુગલિક ચતુષ્પદોનું આયુષ્ય ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અન્તર્દ્વીપ-તુલ્ય પણ છે, અને યુગલિક ખેચરોનું આયુષ્ય તો ૫૬ અન્તર્દ્વીપતુલ્યજ છે, માટે તે તે ક્ષેત્રોમાં યુગલિક મનુષ્યોવત્ યુગલિક ચતુષ્પદની અને ખેચરની આગતિ-ગતિ કહેવી. અને જલચર, ઉરઃપરિસર્પ, અને ભુજપરિસર્પ તો યુગલિક હોય જ નહિં.

## ૨૪ વેદ દ્વાર

**वेय तिय तिरि नरेसु, इत्थी पुरिसो य चउविह सुरेसु ।**
**थिर विगल नारएसु नपुंसवेओ हवइ एगो ॥ ४० ॥**

### સંસ્કૃત અનુવાદ

**वेदत्रिकं तिर्यग्नरयोः, स्त्री पुरुषश्च चतुर्विधसुरेषु ।**
**स्थिरविकलनारकेषु, नपुंसकवेदो भवत्येकः ॥ ४० ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**तिरि नरेसु तिय वेय, चउविह सुरेसु इत्थी य पुरिसो ।**
**थिर विगल नारएसु, एगो नपुंस-वेओ हवइ ॥ ४० ॥**

---

૧-૨ અપર્યાપ્ત યુગલિક મનુષ્યો મરણ પામતા નથી, માટે ગતિને સ્થાને ૦ શૂન્ય છે. તેમજ યુગલિક મનુષ્યના સંબંધમાં લબ્ધિ અપર્યાપ્તપણું છે નહિ. તેથી આગતિ પણ નથી, અથવા કરણ અપર્યાપ્તપણું સ્વીકારીએ, તો આગતિ તે તે ક્ષેત્રના પર્યાપ્ત યુગલિકવત્ કહેવી.

## શબ્દાર્થ

इत्थी = સ્ત્રી વેદ
पुरिसो = પુરુષ વેદ
य = અને
चउविह = ચાર પ્રકારના (૧૩ દંડકના)
नपुंसवेओ = નપુંસક વેદ
हवइ = છે

## ગાથાર્થ

**તિર્યંચો અને મનુષ્યોમાં ત્રણ વેદ છે, ચારેય પ્રકારના દેવોમાં સ્ત્રી અને પુરુષ વેદ છે, સ્થાવર, વિકલેન્દ્રિય અને નારકોંમાં કેવળ એક નપુંસક વેદ છે.**

## વિશેષાર્થ

યુગલિક તિર્યંચો અને યુગલિક મનુષ્યોમાં નપુંસકવેદ નથી, તથા એકેન્દ્રિયોને પણ ૧૨મી ગાથામાં મૈથુન વિગેરે સંજ્ઞા કહી છે, તેથી અસ્પષ્ટ નપુંસક વેદ છે, અને સનત્કુમારથી સર્વાર્થ સુધીના દેવોમાં ૧ પુરુષવેદ જ છે.

| ૨૪ દંડકમાં ૩ વેદ | | | |
|---|---|---|---|
| ૧ ગ૦ તિર્યંચને | ૩ | ૧૩ દેવમાં | ૨ (સ્ત્રી૦ પુ૦) |
| ૧ ગ૦ મનુષ્યને | | ૯ શેષ દંડકમાં | ૧ (નપું૦) |

## ॥ સમ્મૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય તથા સમ્મૂ૦ મનુષ્યમાં ૨૪ દ્વાર ॥

(१) शरीर ३ – સર્વને ઔદારિક-તૈજસ-કાર્મણ એ ૩ શરીર હોય.

(२) अवगाहना – સર્વને સમ્મૂર્ચ્છિમોની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે, અને ઉત્કૃષ્ટ અવગાહના જલચરની ૧૦૦૦ યોજન, ચતુષ્પદની ગાઉ પૃથકત્વ (૨ થી ૯ ગાઉ), ખેચરની ધનુષ્ પૃથક્ત્વ (૨ થી ૯ ધનુષ્) ઉરઃપરિસર્પની યોજન પૃથક્ત્વ (૨ થી ૯ *યોજન), અને ભુજપરિસર્પની ધનુષ્ પૃથક્ત્વ, તથા સમ્મૂ૦ મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના પણ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે.

(३) संघयण १ – સર્વને ૧ છેવટ્ઠું સંઘયણ છે.

(४) संज्ञा ४-१० – સર્વને ૪ અથવા ૧૦ સંજ્ઞા છે.

(५) संस्थान १ – સર્વને હુંડક સંસ્થાન છે.

(६) कषाय ४ – સર્વને ક્રોધ-માન-માયા-લોભ એ ચારે કષાય છે.

---

* મહોરગ જાતિના સમ્મૂ૦ ઉરપરિસર્પો તો શતપૃથક્ત્વ (ઉત્કૃષ્ટ ૯૦૦) યોજન પ્રમાણના પણ હોય છે, પરન્તુ કોઈપણ અપેક્ષાથી તે અવગાહના શાસ્ત્રમાં ગણી નથી, પરન્તુ બૃ૦ સંગ્રહણિની વૃત્તિમાં લખેલી કોઈ આચાર્યકૃત ગાથામાં એ સમ્મૂ૦ મહોરગોની અપેક્ષાએ मच्छुरणा जोयण सहस्सं એ ચોથું પદ કહ્યું છે.

(૭) लेश्या ३ — કૃષ્ણ-નીલ-કાપોત એ ૩ લેશ્યા સર્વને છે.

(૮) इन्द्रिय ५ — પાંચે ઇન્દ્રિય છે.

(૯) समुद्घात ३ — વેદના-મરણ-કષાય એ ૩ સમુદ્ઘાત છે.

(૧૦) द्रष्टि २ — ૧ મિથ્યાદૃષ્ટિ અને ૧ સમ્યગ્દૃષ્ટિ એ ૨ દૃષ્ટિ સમ્મૂ૦ તિ૦ પંચે૦ ને છે, ત્યાં અપર્યાપ્ત અવસ્થામાં વિકલેન્દ્રિયવત્ સાસ્વાદન સમ્યક્ત્વનો સદ્ભાવ હોવાથી સમ્યગ્દૃષ્ટિ કેટલાક સમ્મૂ૦ તિ૦ પંચે૦ ને હોય છે, અને પર્યાપ્ત અવસ્થામાં સર્વે મિથ્યાદૃષ્ટિવાળા જ હોય છે. તથા સમ્મૂ૦ મનુષ્યને તો બન્ને અવસ્થામાં ૧ મિથ્યાદૃષ્ટિ જ છે.

(૧૧) दर्शन २ — સર્વને ૧ ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એમ ૨ દર્શન છે.

(૧૨) ज्ञान २ — શ્રી સિદ્ધાન્તના અભિપ્રાય પ્રમાણે સાસ્વાદન સમ્યક્ત્વમાં જ્ઞાન માનેલું હોવાથી સિદ્ધાન્તમાં સમ્મૂ૦ તિ૦ પંચે૦ ને અપર્યાપ્ત અવસ્થામાં ૧ મતિજ્ઞાન, ૧ શ્રુતજ્ઞાન એ ૨ જ્ઞાન કહ્યાં છે, અને કર્મગ્રન્થના અભિપ્રાય પ્રમાણે સાસ્વાદન સમ્યક્ત્વમાં અજ્ઞાન માનેલું હોવાથી સમ્મૂ૦ તિ૦ પંચે૦ ને જ્ઞાનનો અભાવ કહ્યો છે. તથા સમ્મૂ૦ મનુષ્યોને તો બન્ને અવસ્થામાં જ્ઞાનનો અભાવ છે.

(૧૩) अज्ञान २ —મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ ૨ અજ્ઞાન સર્વને હોય છે.

(૧૪) योग ४ — ૧ અસત્યામૃષા વચનયોગ, ૧ ઔદારિક કાયયોગ, ૧ ઔદારિક મિશ્ર કાયયોગ, અને ૧ તૈજસકાર્મણ કાયયોગ એ ૪ યોગ સર્વને હોય.

(૧૫) उपयोग ६ — જ્ઞાનદ્વારમાં કહ્યા પ્રમાણે સિદ્ધાન્તને મતે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન-ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ ૬ ઉપયોગ હોય, અને કર્મગ્રંથમતે-૨ જ્ઞાન રહિત ૪ ઉપયોગ હોય. (ત્યાં ૬ ઉપયોગ અપર્યા૦ અવસ્થામાં જ હોય અને પર્યાપ્ત અવસ્થામાં ૪ ઉપયોગ હોય.) તથા સમ્મૂ૦ મનુષ્યોને તો ઉભયમતે ૪ ઉપયોગ જ હોય.

(૧૬) उपपात — એક સમયમાં જઘન્યથી ૧-૨-૩, અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ઉત્પન્ન થાય.

(૧૭) च्यवन — એક સમયમાં જઘન્યથી ૧-૨-૩, અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત મરણ પામે.

विरह — સમ્મૂ૦ તિ૦ પંચેન્દ્રિયના ૫ ભેદમાંના પ્રત્યેક ભેદમાં જઘન્ય વિરહ ૧ સમય, તથા ઉત્કૃષ્ટ વિરહ અન્તર્મુહૂર્ત્ત છે, અને સમ્મૂ૦ મનુષ્યોનો જઘન્ય વિરહ ૧ સમય તથા ઉત્કૃષ્ટ વિરહ ૨૪ મુહૂર્ત્ત છે.

(૧૮) स्थिति — સમ્મૂ૦ જલચરનું આયુષ્ય ૧ પૂર્વક્રોડ વર્ષ, ચતુષ્પદનું ૮૪૦૦૦ વર્ષ, ઉરઃપરિસર્પનું ૫૩૦૦૦ વર્ષ, ભુજપરિસર્પનું ૪૨૦૦૦ વર્ષ,

અને ખેચરનું ૭૨૦૦૦ વર્ષ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. તથા એ સર્વેનું જઘન્ય આયુષ્ય અન્તર્મુહૂર્ત્ત છે. તથા સમ્મૂ૦ મનુષ્યનું તો જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્નેય પ્રકારનું આયુષ્ય અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે.

(૧૯) **पर्याप्ति ५** – સર્વને મનઃપર્યાપ્તિ વિના ૫ પર્યાપ્તિઓ છે, પરન્તુ તફાવત એ છે કે-સમ્મૂ૦ તિ૦ પંચે૦ જીવો પાંચે પર્યાપ્તિ પૂર્ણ કરી શકે છે, અને સમ્મૂ૦ મનુષ્યો ૫ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા વિના (પ્રાયઃ ૩ પર્યાપ્તિઓ પૂર્ણ કરીને) મરણ પામે છે.

(૨૦) **किमाहार ६** – સર્વને ૬ દિશિનો આહાર હોય છે, કારણ કે એ સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિયો ત્રસનાડીમાં જ રહ્યા છે.

(૨૧) **संज्ञा १** – સર્વને ૧ હેતુવાદોપદેશિકી સંજ્ઞા છે, શેષ ૨ નથી. જો કે આ સમ્મૂર્ચ્છિમ જીવોને કિંચિત્ દ્રવ્યમન છે, તોપણ અલ્પતાની વિવક્ષાએ મન રહિત જાણવા.

(૨૨) **गति २२** – સમ્મૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયો ચારે ગતિમાં ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્ય સહિત ઉત્પન્ન થાય છે, ત્યાં નરકગતિમાં જાય તો પહેલી રત્નપ્રભા પૃથ્વીના ૪ થા પ્રતર સુધી જાય, દેવગતિમાં જાય તો ભવનપતિ અને વ્યન્તરમાં ઉત્પન્ન થાય, તે પણ પલ્યો૦ ના અસં૦ મા ભાગના આયુષ્યવાળામાં જ. તથા મનુષ્યગતિમાં જાય તો ઉત્કૃષ્ટતઃ અકર્મભૂમિના યુગલિક થાય, અને કર્મભૂમિમાં સંખ્યાત વર્ષના આયુષ્યવાળા થાય. તથા તિર્યંચગતિમાં જાય તોપણ અકર્મભૂમિના યુગલિક તિર્યંચ થાય, તેમજ એકેન્દ્રિયાદિ આઠ પદમાં, અસંજ્ઞિ તિર્યંચમાં અને સમ્મૂ૦ મનુષ્યમાં પણ ઉત્પન્ન થાય, જેથી ગતિ ૨૨ દંડકમાં છે.

તથા સમ્મૂ૦ મનુષ્યો તો દેવગતિ, નરકગતિમાં ઉત્પન્ન થતા નથી. અને તિર્યંચ તથા મનુષ્યમાં ઉત્પન્ન થાય, તો યુગલિક મનુષ્ય અને યુગલિક તિર્યંચ સિવાયના સર્વ ભેદમાં ઉત્પન્ન થાય છે. જેથી ગતિ એકેન્દ્રિયાદિ ૧૦ પદમાં-દંડકમાં છે.

(૨૩) **आगति ८** – પાંચે પ્રકારના સમ્મૂ૦ તિ૦ પંચેન્દ્રિયમાં એકેન્દ્રિયાદિ ૧૦ પદ આવીને ઉત્પન્ન થાય છે, અને સમ્મૂ૦ મનુષ્યમાં અગ્નિ તથા વાયુ એ બે પદ રહિત ૮ પદ (૩ એકેન્દ્રિય, ૩ વિકલે૦, ૧ ગ૦ તિ૦, ૧ ગ૦ મનુ૦ એ ૮ દંડક) આવીને ઉત્પન્ન થાય છે.

(૨૪) **वेद १** – સર્વને ૧ નપુંસક વેદ હોય છે. તથા લિંગથી વિચારીએ તો સમ્મૂ૦ તિ૦ પંચેન્દ્રિયો ત્રણે લિંગવાળા હોય છે, અને સમ્મૂ૦ મનુષ્યો નપુંસક લિંગવાળા હોય છે.

(૨૫) अल्पबहुत्व – સમ્મૂર્ચ્છિમ મનુષ્યો ગર્ભજ મનુષ્યથી અસંખ્ય ગુણ છે, અને બાદર અગ્નિકાયથી અસંખ્યાતમા ભાગ જેટલા છે. તથા સમ્મૂ૦ તિ૦ પંચેન્દ્રિયોનું અલ્પબહુત્વ ગર્ભજ તિર્યંચ પંચે૦ તુલ્ય જાણવું. કારણ કે સમ્મૂ૦ તિ૦ પંચે૦ નું અલ્પબહુત્વ શાસ્ત્રોમાં જુદું માલમ પડતું નથી.

## અલ્પ બહુત્વ

**पज्जमणु, बायरग्गी, वेमाणिय, भवण, निरय, वंतरिया ।**
**जोइस, चउ, पणतिरिया, बेइंदि, तेइंदि, भू, आउ ॥ ४१ ॥**

### સંસ્કૃત અનુવાદ

पर्याप्तमनुजबादराग्निवैमानिकभवनपतिनैरयिकव्यन्तरकाः ।
ज्योतिश्चतुः पञ्चेन्द्रियतिर्यञ्चो, द्वीन्द्रियत्रीन्द्रियभ्वापः ॥ ४१ ॥

### અન્વય સહિત પદચ્છેદ

पज्ज मणु बायर अग्गी, वेमाणिय भवण निरय वंतरिया ।
जोइस चउ पण तिरिया, बेइंदि तेइंदि भू आऊ ॥ ४१ ॥

### શબ્દાર્થ

बायर = બાદર | अग्गी = અગ્નિ

### ગાથાર્થ

પર્યાપ્ત મનુષ્યો, (પર્યા.) બાદર અગ્નિકાય, *વૈમાનિક *ભવનપતિ દેવો *નારકો *વ્યન્તર દેવો, *જ્યોતિષ દેવો, *ચતુરિન્દ્રિય, [1]પંચેન્દ્રિય તિર્યંચો, [1]દ્વીન્દ્રિયો, [1]ત્રીન્દ્રિયો, *પૃથ્વીકાય, *અપ્કાય. ॥ ૪૧ ॥

**वाऊ वणस्सइ च्चिय, अहिया अहिया कमेणिमे हुंति ।**
**सव्वे वि इमे भावा, जिणा! मए णंतसो पत्ता ॥ ४२ ॥**

### સંસ્કૃત અનુવાદ

वायुर्वनस्पतिश्चैवाधिकाऽधिका क्रमेणेमे भवन्ति ।
सर्वेऽपीमे भावा हे जिना! मयाऽनन्तशः प्राप्ताः ॥ ४२ ॥

### અન્વય સહિત પદચ્છેદ

वाऊ वणस्सइ इमे कमेण च्चिय अहिया अहिया हुंति ।
( हे ) जिणा इमे सव्वे अवि भावा मए अणंतसो पत्ता ॥ ४२ ॥

---

* આ નિશાનીને સ્થાને અધિક એટલે પૂર્વ સંખ્યાથી અસંખ્યાત ગુણ જીવો જાણવા.
૧ આ નિશાનીને સ્થાને અધિક એટલે પૂર્વસંખ્યાથી વિશેષાધિક (એટલે સંપૂર્ણ દ્વિગુણ નહિ) જીવો જાણવા.

## શબ્દાર્થ

| | |
|---|---|
| वाऊ = વાયુકાય | सव्वेऽवि = સર્વેપણ |
| वणस्सई = વનસ્પતિકાય | इमे = એ (૨૪ દંડકરૂપ) |
| च्चिय = નિશ્ચય | भावा = ભાવો |
| अहिया अहिया = અધિક અધિક | जिणा = હે જિનેશ્વરો ! |
| कमेण = અનુક્રમે | मए = મેં |
| इमे = એ (૨૪ દંડકપદો) | अणंतसो = અનન્તવાર |
| हुंति = છે | पत्ता = પ્રાપ્ત કર્યા છે |

### ગાથાર્થ

*વાયુકાય અને ÷વનસ્પતિકાય અનુક્રમે એ અધિક અધિક છે. હે જિનેશ્વરો ! એ સર્વે ભાવો મેં અનંતવાર પ્રાપ્ત કર્યા છે.

### વિશેષાર્થ

એ પ્રમાણે ૨૪ દંડકનું અલ્પબહુત્વ કહીને હવે ગ્રન્થકર્તા આ દંડક પ્રકરણ રચનાના પ્રયોજન રૂપે પોતાનું દુ:ખ પ્રગટ કરે છે કે- "હે શ્રી જીનેશ્વર ભગવંતો ! હું એ ૨૪ દંડકમાં અનન્તવાર ભમ્યો છું."

અહિં સમજવા યોગ્ય છે કે-આત્મધર્મ સન્મુખ નહિ થયેલા જીવો એ ૨૪ દંડકમાં અનન્તવાર ભમ્યા છે, ભમે છે, અને હજી પણ અનન્તકાળ સુધી ભમશે. કોઈપણ જીવભેદ પ્રાય: એવો નથી કે જેમાં જીવ અનંતવાર ન ભમ્યો હોય ! કહ્યું છે કે-

न सा जाई, न सा जोणी, न तं ठाणं, न तं कुलं ।
न जाया, न मुआ, जत्थ, जीवा, वार अणंतसो ॥ १ ॥

**અર્થ :-** એવી કોઈ જાતિ (એકેન્દ્રિયાદિ) (ચોરાશી લાખ યોનિમાંની) એવી કોઈ યોનિ, એવું કોઈ સ્થાન-ક્ષેત્ર તેમજ એવું કોઈ (કુલકોડીની સંખ્યામાં ગણાતું) કુલ નથી, કે જેમાં સર્વે જીવો અનન્તવાર ન જન્મ્યા હોય કે ન મરણ પામ્યા હોય. અર્થાત્-સર્વ જાતિમાં, યોનિમાં, સ્થાનમાં અને કુલમાં આ જીવ અથવા સર્વે જીવ અનન્તવાર જન્મ્યા છે. અને મરણ પણ પામ્યા છે.

## સંસારથી કંટાળી મોક્ષ માટે પ્રાર્થના

**संपइ तुम्ह भत्तस्स दंडग पय भमण भग्ग हिययस्स ।**
**दंडतिय विरय ( इ ) सुलहं लहु मम दिंतु मुक्खपयं ॥ ४३ ॥**

---

* અસંખ્યગુણ. ÷ અનન્તગુણ.

## સંસ્કૃત અનુવાદ

**संप्रति तव भक्तस्य, दण्डकपदभ्रमणभग्नहृदयस्य ।**
**दण्डत्रिकविरत ( ति ) सुलभं, लघु मम ददतु मोक्षपदम् ॥ ४३ ॥**

## અન્વય સહિત પદચ્છેદ

**संपइ दंडक पय भमण भग्ग हिययस्स तुम्ह भत्तस्स मम लहु ।**
**तिय दंड विरय[1] ( इ ) सुलहं मुक्खपयं दिंतु ॥ ४३ ॥**

## શબ્દાર્થ

तुम्ह = તમારા
भत्तस्स = ભક્તને
संपई = સંપ્રતિ, વર્તમાન સમયે, હવે
दंडगपय = દંડકપદ (ને વિષે)
भमण = ભ્રમણ (કરવાથી)
भग्ग = ભગ્ન, ખેદ પામેલ, ખેદયુક્ત
हिययस्स = હૃદયવાળા
दंडतिय = ત્રણ દંડની, ત્રણ યોગની
विरय (इ) = વિરક્ત, નિવૃત્ત થયેલા જીવોને (અથવા વિરતિથી, નિવૃત્તિથી)
सुलहं = સુલભ, સહજે પ્રાપ્ત થવા યોગ્ય
लहु = શીઘ્ર, જલ્દી
मम = મને
दिंतु = આપો
मुक्खपयं = મોક્ષપદ

## ગાથાર્થ

**દંડક પદોમાં ભમવાથી હતાશ હૃદયવાળા તમ્હારા ભક્તને હવે ત્રણ દંડની વિરતિથી સહેલાઈથી મળે તેવું મોક્ષપદ જલ્દી આપો.**

## વિશેષાર્થ

ગાથામાં કહે છે કે- "હે શ્રી ૨૪ જિનેશ્વરો ! હવે તે ૨૪ દંડકમાં ભ્રમણ કરવાથી અતિ ખેદ પામેલ હૃદયવાળા આ તમારા ભક્તને ત્રણ દંડની એટલે મનદંડ, વચનદંડ અને કાયદંડની નિવૃત્તિથી (ત્યાગથી) સુલભ એવું મોક્ષપદ શીઘ્ર આપો."

ગ્રન્થકર્ત્તાની આ મોક્ષપદની પ્રાર્થનામાં (૧) દંડકભ્રમણથી ઉત્પન્ન થતો ખેદ, (૨) ત્રણ દંડનો ત્યાગ, અને (૩) (ત્રણ દંડના ત્યાગથીજ) મોક્ષપદની (જ) પ્રાપ્તિ, એ ૩ મુખ્ય વિષય છે, તે સંબંધિ સંક્ષિપ્ત સમજ આ પ્રમાણે—

૧ दंडकभ्रमणथी खेद—તિર્યંચગતિના ૯ દંડકમાં તથા નારકના ૧ દંડકમાં જે દુઃખ છે, તે સર્વને જાણીતું છે, તેમજ મનુષ્યના ૧ દંડકમાં સુખ અને દુઃખ મિશ્ર છે, અને દેવગતિના ૧૩ દંડકમાં જો કે પૌદ્‌ગલિક સુખ છે, તો પણ લોભવૃત્તિની અધિકતાથી ત્યાં પણ વાસ્તવિક દુઃખ છે, કારણ કે મનુષ્યોની

---

૧ આ ગ્રંથકર્ત્તાએ પોતે विरय પદ વડે "વિરક્ત થયેલા જીવોને" એવો અર્થ સ્વોપજ્ઞ અવચૂરિમાં લખ્યો છે, અને વૃત્તિકર્તા विरई પદવડે "વિરતિથી" એવો અર્થ કર્યો છે. અને એ બન્ને અર્થ અનુકુળજ છે.

માફક દેવોમાં ક્લેશ, મારામારી-દેવાંગનાઓની ચોરી-પરસ્પર ઈર્ષ્યા ઇત્યાદિ હોવાથી દેવોની જીંદગી પણ આત્મસન્મુખ થયેલા જીવને સોનાની બેડીમાં નાખેલા કેદીની માફક દુઃખ ઉપજાવનારી લાગે છે. એ પ્રમાણે કોઈ પણ દંડકમાં વાસ્તવિક સુખ નથી. કેવળ મનુષ્યના જ ૧ દંડકમાં જો મન, વચન, કાયાનો સંયમ જળવાય તો આત્મિક સુખમાં આગળ વધી અન્તે મોક્ષપદ પ્રાપ્ત કરાવે છે. માટે ૨૪ દંડકના ભ્રમણનો ખેદ અહિં ગ્રંથકર્ત્તાએ પ્રગટ કર્યો-કહ્યો છે.

૨ त्रण दंडनो त्याग – સંસારની સર્વ ઉપાધિયો અને સંસારભ્રમણનું મૂળ કારણ મન, વચન, કાયાના અશુભ યોગ છે, માટે તે ત્રણે પ્રકારના અશુભ યોગનો ત્યાગ થાય તો દંડકભ્રમણ સદાકાળને માટે નષ્ટ થાય, અને આત્મધર્મ પણ પ્રાપ્ત થાય. તે માટે એ નિશ્ચિત્ત વાત છે કે મન, વચન, કાયાની વૃત્તિઓ રોકાય તો જ મોક્ષસુખની પ્રાપ્તિ છે.

૩ मोक्षपदनी इच्छा – પૂર્વે કહ્યા પ્રમાણે જીવને સર્વ સ્થાને વાસ્તવિક દુઃખજ છે, અને અનન્ત સુખનું ધામ (સ્થાન) તો કેવળ મોક્ષપદ જ છે, માટે આત્મિક સુખના અભિલાષી જીવોને તો એ મોક્ષપદ જ ઇચ્છવા યોગ્ય છે.

## પ્રશસ્તિ-ગુરુ ક્રમ-સંબંધ

**सिरि-जिणहंसमुणीसर-रज्जे, सिरि-धवलचंदसीसेण ।**
**गजसारेण लिहिया, एसा विन्नत्ति अप्पहिया ॥ ४४ ॥**

### સંસ્કૃત અનુવાદ

**श्रीजिनहंसमुनीश्वरराज्ये, श्रीधवलचन्द्रशिष्येण ।**
**गजसारेण लिखिता, एषा विज्ञप्तिरात्महिता ॥ ४४ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**सिरि जिणहंस मुणीसर ( मुणि इसर ) रज्जे सिरि धवलचंद सीसेण गज सारेण अप्प हिया एसा विन्नत्ति लिहिया ॥ ४४ ॥**

### શબ્દાર્થ

सिरि = શ્રી
जिणहंस = જિનહંસ નામના
मुणीसर = (મુનિના ઈશ્વર) આચાર્ય (ના)
रज्जे = રાજ્યમાં-શાસનમાં
सिरि = શ્રી
धवलचंद = ધવલચંદ્ર મુનિના
सीसेण = શિષ્યે
गजसारेण = ગજસાર મુનિએ
लिहिया = લખી, રચી
एसा = આ
विन्नत्ति = વિજ્ઞપ્તિ
अप्पहिया = આત્મહિતવાળી અથવા પોતાના હિતવાળી

### ગાથાર્થ

**આત્મહિત કરનારી આ વિજ્ઞપ્તિ શ્રી જિનહંસ મુનીશ્વરના રાજ્યમાં શ્રી ધવલચંદ્ર મુનિના શિષ્ય શ્રી ગજસાર મુનિએ લખી છે. ॥ ૪૪ ॥**

### વિશેષાર્થ

આ પ્રકરણના કર્તા **શ્રી ગજસાર મુનિ** શ્રી जिनहंससूरि નામના આચાર્યના રાજ્યમાં-શાસનમાં થયા છે. શ્રીજિનહંસસૂરિ ખરતરગચ્છના આચાર્ય હતા, તથા શ્રી ગજસાર મુનિ શ્રી धवलचंद्रमुनि ના શિષ્ય હતા. તેઓ સંવિગ્નપંડિત શ્રી अभयोदयणिनी પાસે લાલન પાલન થયેલા (એટલે તેમની પાસે દીર્ઘકાળ રહેલા) હતા. તે શ્રી गजसारमुनि એ જ આ દંડક પ્રકરણના સ્વરૂપમાં શ્રી ૨૪ જિનેન્દ્રોની સ્તુતિ-વિજ્ઞપ્તિ વિનંતિ કરી છે અને તે વિજ્ઞપ્તિ અવશ્ય આત્મકલ્યાણવાળી છે. કારણ કે ગ્રન્થરચનામાં પર જીવનું કલ્યાણ ભજનીય વિકલ્પે (અનિયત) છે અને સ્વકલ્યાણ તો અવશ્ય છે, તે માટે કહ્યું છે કે-

न भवति हि धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति ॥ १ ॥

**અર્થ :-** કલ્યાણવચનો સાંભળવાથી સર્વે શ્રોતાઓને ધર્મ થાયજ એવો એકાન્ત નિયમ નથી, પરંતુ અનુગ્રહ (ઉપકાર)-બુદ્ધિવડે કલ્યાણવચનો કહેનાર વક્તાને તો ધર્મ થાય જ. એવો એકાન્ત-નિયમ છે. ॥૧॥ પુનઃ પણ કહ્યું છે કે-

अस्तु वा माऽस्तु वा बोधः, परेषां कर्मयोगतः ।
तथापि वक्तुर्महती निर्ज्जरा गदिता जिनैः ॥ २ ॥

**અર્થ :-** કર્મના યોગથી અન્ય જીવોને (શ્રોતાઓને) બોધ (જ્ઞાનપ્રાપ્તિ-ધર્મપ્રાપ્તિ) થાય અથવા ન પણ થાય, પરન્તુ "બોધવચનો કહેનારને તો અવશ્ય મહા નિર્જ્જરા થાય જ" એમ શ્રી જિનેશ્વરોએ કહ્યું છે. ॥ ૨ ॥

ઉપર લખેલા દંડક પ્રકરણના અર્થમાં મતિદોષથી જાણ્યે વા અજાણ્યે સૂક્ષ્મ અથવા સ્થૂલ ભૂલચૂક રહી ગઈ હોય, તો સજ્જનો સુધારીને વાંચશે, એવી અમારી ભલામણ છે.

इति श्री जैनश्रेयस्करमण्डलाख्यसंस्थान्तर्गतानेकधार्मिकव्यवहतिसंचालकस्य महिसानाख्यनगर निवासिनः श्रेष्ठिवर्यश्रीयुतः वेणिचन्द्रसुरचन्द्रस्य सत्प्रेरणातः श्रीयुता-नुपचन्द्रमलुकचन्द्रस्य विद्यार्थि चंदुलाल न्हानचन्देन लिखितः संस्थया च संशोधित-वर्धित-विशदीकृतः श्रीदण्डकप्रकरण-विशेषार्थः समाप्तः

| ક્રમ નં. | ૨૪ દંડક | | (૧) શરીર | મૂળ શરીર | (૨) અવગાહના |
|---|---|---|---|---|---|
| ૧ | નરકાદિ સાત | | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| | ૧ | રત્નપ્રભા | વૈ. તૈ. કા. | ૩ હાથ | ૭ાા ધ. ૬ આંગુલ |
| | ૨ | શર્કરાપ્રભા | વૈ. તૈ. કા. | ૭ાા ધ. ૬ આંગુલ | ૧૫ાા ધ. ૧૨ આંગુલ |
| | ૩ | વાલુકાપ્રભા | વૈ. તૈ. કા. | ૧૫ાા ધ. ૧૨ આં. | ૩૧ા ધ. |
| | ૪ | પંકપ્રભા | વૈ. તૈ. કા. | ૩૧ા ધ. | ૬૨ાા ધ. |
| | ૫ | ધૂમપ્રભા | વૈ. તૈ. કા. | ૬૨ાા ધ. | ૧૨૫ ધ. |
| | ૬ | તમઃપ્રભા | વૈ. તૈ. કા. | ૧૨૫ ધ. | ૨૫૦ ધ. |
| | ૭ | તમસ્તમઃપ્રભા | વૈ. તૈ.કા. | ૨૫૦ ધ. | ૫૦૦ ધ. |
| ૨ | અસુરકુમાર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૩ | નાગકુમાર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૪ | સુવર્ણકુમાર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૫ | વિદ્યુત્કુમાર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૬ | અગ્નિકુમાર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૭ | દ્વીપકુમાર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૮ | ઉદધિકુમાર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૯ | દિશિકુમાર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૧૦ | પવનકુમાર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૧૧ | મેઘકુમાર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૧૨ | પૃથ્વીકાય | | ઔ. તૈ. કા. | અં. અ. ભા. | અં. અ. ભા. |
| ૧૩ | અપ્કાય | | ઔ. તૈ. કા. | અં. અ. ભા. | અં. અ. ભા. |
| ૧૪ | તેઉકાય | | ઔ. તૈ. કા. | અં. અ. ભા. | અં. અ. ભા. |
| ૧૫ | વાયુકાય | | ઔ.વૈ.તૈ.કા. | અં. અ. ભા. | અં. અ. ભા. |
| ૧૬ | વનસ્પતિકાય | | ઔ. તૈ. કા. | અં. અ. ભા. | ૧૦૦૦ યો૦ થી અધિક |
| ૧૭ | બેઇન્દ્રિય | | ઔ. તૈ. કા. | અં. અ. ભા. | ૧૨ યોજન |
| ૧૮ | તેઇન્દ્રિય | | ઔ. તૈ. કા. | અં. અ. ભા. | ત્રણ ગાઉ |
| ૧૯ | ચઉરિન્દ્રિય | | ઔ. તૈ. કા. | અં. અ. ભા. | ૧ યોજન |
| ૨૦ | ગર્ભજ તિર્યંચ | | ઔ.વૈ.તૈ.કા. | અં. અ. ભા. | ૧ હજાર યોજન |
| ૨૧ | ગર્ભજ મનુષ્ય | | ઔ.વૈ.આ.તૈ.કા. | અં. અ. ભા. | ત્રણ ગાઉ |
| ૨૨ | વ્યંતર | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૨૩ | જ્યોતિષી | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |
| ૨૪ | વૈમાનિક | | વૈ. તૈ. કા. | અં. અ. ભા. | ૭ હાથ |

| ક્રમ નં. | ઉત્તર વૈક્રિયની | | અવગાહના | ઉત્તર વૈ. કાળ | (૩) સંઘયણ | (૪) સંજ્ઞા |
|---|---|---|---|---|---|---|
| નરકાદિ ૧ | જઘન્ય | | ઉત્કૃષ્ટ | | | |
| | ૧ | અં.સં.ભા. | ૧૫ાા ધ.૧૨ આં. | અંતર્મુહૂર્ત | નથી | ૪ અથવા ૧૦ |
| | ૨ | અં.સં.ભા. | ૩૧ા ધનુષ્ય | અંતર્મુહૂર્ત | નથી | ૪ અથવા ૧૦ |
| | ૩ | અં.સં.ભા. | ૬૨ાા ધનુષ્ય | અંતર્મુહૂર્ત | નથી | ૪ અથવા ૧૦ |
| | ૪. | અં.સં.ભા. | ૧૨૫ ધનુષ્ય | અંતર્મુહૂર્ત | નથી | ૪ અથવા ૧૦ |
| | ૫. | અં.સં.ભા. | ૨૫૦ ધનુષ્ય | અંતર્મુહૂર્ત | નથી | ૪ અથવા ૧૦ |
| | ૬. | અં.સં.ભા. | ૫૦૦ ધનુષ્ય | અંતર્મુહૂર્ત | નથી | ૪ અથવા ૧૦ |
| | ૭. | અં.સં.ભા. | ૧૦૦૦ ધનુષ્ય | અંતર્મુહૂર્ત | નથી | ૪ અથવા ૧૦ |
| ૨ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૩ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૪ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૫ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૬ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૭ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૮ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૯ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૧૦ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૧૧ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૧૨ | | | X | X | નથી | ૪ અથવા ૧૦ |
| ૧૩ | X | | X | X | નથી | ૪ અથવા ૧૦ |
| ૧૪ | X | | X | X | નથી | ૪ અથવા ૧૦ |
| ૧૫ | અં.અ.ભા. | | અં.અ.ભા. | અંતર્મુહૂર્ત | નથી | ૪ અથવા ૧૦ |
| ૧૬ | X | | X | X | નથી | ૪ અથવા ૧૦ |
| ૧૭ | X | | X | X | છેવટ્ઠું | ૪ અથવા ૧૦ |
| ૧૮ | X | | X | X | છેવટ્ઠું | ૪ અથવા ૧૦ |
| ૧૯ | X | | X | X | છેવટ્ઠું | ૪ અથવા ૧૦ |
| ૨૦ | અં.સં.ભા. | | ૯૦૦ યોજન | ૪ મુહૂર્ત | ૬ સંઘયણ | ૪ અથવા ૧૦ |
| ૨૧ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન અને ૪ અંગુલ | ૪ મુહૂર્ત | ૬ સંઘયણ | ૪ અથવા ૧૦ |
| ૨૨ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૨૩ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |
| ૨૪ | અં.સં.ભા. | | ૧ લાખ યોજન | ૧૫ દિવસ | નથી | ૪ અથવા ૧૦ |

| ક્રમ નં. | (૫) સંસ્થાન | | (૬) કષાય | (૭) લેશ્યા | (૮) ઈન્દ્રિય | (૯) સમુદ્ઘાત |
|---|---|---|---|---|---|---|
| નરકાદિ ૧ | | | | | | |
| | ૧ | હુંડક | ૪ કષાય | કૃષ્ણ નીલ કાપોત | ૫ | વેદ. ક. મ. વૈ. |
| | ૨ | હુંડક | ૪ કષાય | કૃષ્ણ નીલ કાપોત | ૫ | વેદ. ક. મ. વૈ. |
| | ૩ | હુંડક | ૪ કષાય | કૃષ્ણ નીલ કાપોત | ૫ | વેદ. ક. મ. વૈ. |
| | ૪ | હુંડક | ૪ કષાય | કૃષ્ણ નીલ કાપોત | ૫ | વેદ. ક. મ. વૈ. |
| | ૫ | હુંડક | ૪ કષાય | કૃષ્ણ નીલ કાપોત | ૫ | વેદ. ક. મ. વૈ. |
| | ૬ | હુંડક | ૪ કષાય | કૃષ્ણ નીલ કાપોત | ૫ | વેદ. ક. મ. વૈ. |
| | ૭ | હુંડક | ૪ કષાય | કૃષ્ણ નીલ કાપોત | ૫ | વેદ. ક. મ. વૈ. |
| ૨ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. તે | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૩ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. તે | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૪ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. તે | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૫ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. તે | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૬ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. તે | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૭ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. તે | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૮ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. તે | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૯ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. તે | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૧૦ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. તે | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૧૧ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. તે | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૧૨ | પૃ. આદિ હુંડક મસુરની દાળ અથવા અર્ધ ચંદ્રાકૃતિ | | ૪ કષાય | કૃ. ની. કા. તે. | ૧ | વે. ક. મ. |
| ૧૩ | પરપોટાની આકૃતિ | | ૪ કષાય | કૃ ની. કા. તે. | ૧ | વે. ક. મ. |
| ૧૪ | સોયની અણી સરખી | | ૪ કષાય | કૃ ની. કા. | ૧ | વે. ક. મ. |
| ૧૫ | ધ્વજા સરખી | | ૪ કષાય | કૃ ની. કા. | ૧ | વે. ક. મ. વૈ. ૪ |
| ૧૬ | અનેક પ્રકાર | | ૪ કષાય | કૃ ની. કા. તે. | ૧ | વે. ક. મ. |
| ૧૭ | હુંડક | | ૪ કષાય | કૃ ની. કા. | ૨ | વે. ક. મ. |
| ૧૮ | હુંડક | | ૪ કષાય | કૃ ની. કા. | ૩ | વે. ક. મ. |
| ૧૯ | હુંડક | | ૪ કષાય | કૃ ની. કા. | ૪ | વે. ક. મ. |
| ૨૦ | ૬ સંસ્થાન | | ૪ કષાય | ૬ લેશ્યા | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૨૧ | ૬ સંસ્થાન | | ૪ કષાય | ૬ લેશ્યા | ૫ | ૭ સમુદ્ઘાત |
| ૨૨ | સમચતુરસ્ર | | ૪ કષાય | કૃ. ની. કા. | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૨૩ | સમચતુરસ્ર | | ૪ કષાય | તેજોલેશ્યા | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |
| ૨૪ | સમચતુરસ્ર | | ૪ કષાય | તેજો. પદ્મ. શુક્લ | ૫ | વે. ક. મ. વૈ. તૈ. |

| ક્રમ નં. | | (૧૦) દૃષ્ટિ | (૧૧) દર્શન | (૧૨) જ્ઞાન | (૧૩) અજ્ઞાન |
|---|---|---|---|---|---|
| નરકાદિ ૧ | | | | | |
| | ૧ | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| | ૨ | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| | ૩ | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| | ૪ | સ. મિ. મિ. | ચક્ષુ. અચં. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| | ૫ | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| | ૬ | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| | ૭ | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૨ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૩ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૪ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૫ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૬ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૭ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૮ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૯ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૧૦ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૧૧ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૧૨ | | મિથ્યા દૃષ્ટિ | અચક્ષુ દર્શન | X | મતિ શ્રુત |
| ૧૩ | | મિથ્યા દૃષ્ટિ | અચક્ષુ દર્શન | X | મતિ શ્રુત |
| ૧૪ | | મિથ્યા દૃષ્ટિ | અચક્ષુ દર્શન | X | મતિ શ્રુત |
| ૧૫ | | મિથ્યા દૃષ્ટિ | અચક્ષુ દર્શન | X | મતિ શ્રુત |
| ૧૬ | | મિથ્યા દૃષ્ટિ | અચક્ષુ દર્શન | X | મતિ શ્રુત |
| ૧૭ | | મિથ્યા સમ્ય. | અચક્ષુ દર્શન | મતિ શ્રુત | મતિ શ્રુત |
| ૧૮ | | મિથ્યા સમ્ય. | અચક્ષુ દર્શન | મતિ શ્રુત | મતિ શ્રુત |
| ૧૯ | | મિથ્યા સમ્ય. | ચક્ષુ અચક્ષુ | મતિ શ્રુત | મતિ શ્રુત |
| ૨૦ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચક્ષુ. અવધિ | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૨૧ | | સ. મિ. મિ. | ચક્ષુ અચક્ષુ અવધિ કેવળ | મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યવ, કેવળ | મતિ શ્રુત વિભંગ |
| ૨૨ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૨૩ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |
| ૨૪ | | સ. મિ. મિ. | ચક્ષુ. અચ. અવ. | મતિ શ્રુત અવધિ | મતિ શ્રુત વિભંગ |

| ક્રમ નં. | | (૧૪) યોગ | (૧૫) ઉપયોગ | (૧૬) ઉપપાત |
|---|---|---|---|---|
| નરકાદિ ૧ | | | | |
| | ૧ | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| | ૨ | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| | ૩ | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| | ૪ | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| | ૫ | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| | ૬ | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| | ૭ | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૨ | | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૩ | | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૪ | | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૫ | | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૬ | | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૭ | | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૮ | | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૯ | | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૧૦ | | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૧૧ | | મ. ૪ વ. ૪. વૈ. વૈ.-મિ. તૈ. | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૧૨ | | ઔ. ઔ.-મિ. વૈ. | ૧ દર્શન ૨ અજ્ઞાન | અસંખ્યાતા |
| ૧૩ | | ઔ. ઔ.-મિ. તૈ. | ૧ દર્શન ૨ અજ્ઞાન | અસંખ્યાતા |
| ૧૪ | | ઔ. ઔ.-મિ. તૈ. | ૧ દર્શન ૨ અજ્ઞાન | અસંખ્યાતા |
| ૧૫ | | ઔ. ઔ.-મિ. વૈ. વૈ.-મિ. તૈજસ | ૧ દર્શન ૨ અજ્ઞાન | અસંખ્યાતા |
| ૧૬ | | ઔ. ઔ.-મિ. તૈ. | ૧ દર્શન ૨ અજ્ઞાન | અનંત અનંત |
| ૧૭ | | ઔ. ઔ.-મિ. તૈ. અસ.અમૃ. | ૧ દર્શન ૨ જ્ઞાન ૨ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૧૮ | | ઔ. ઔ.-મિ. તૈ. અસ.અમૃ. | ૧ દર્શન ૨ જ્ઞાન ૨ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૧૯ | | ઔ. ઔ.-મિ. તૈ. અસ.અમૃ. | ૨ દર્શન ૨ જ્ઞાન ૨ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૨૦ | | મ. ૪. વ. ૪. ઔ. ઔ.-મિ વૈ. વૈ.-મિ. તૈ-૧૩ | ૩ દર્શન ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૨૧ | | ૧૫ યોગ | ૧૨ ઉપયોગ | સંખ્યાતા |
| ૨૨ | | મ.૪. વ.૪. વૈ. વૈ. મિ. તૈ- | ૩ દર્શન, ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૨૩ | | મ.૪. વ.૪. વૈ. તૈ- | ૩ દર્શન, ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |
| ૨૪ | | મ.૪. વ.૪. વૈ. તૈ- | ૩ દર્શન, ૩ જ્ઞાન ૩ અજ્ઞાન | સંખ્યાતા અસંખ્યાતા |

| ક્રમ નં. | | (૧૭) ચ્યવન | (૧૮) સ્થિતિ | | (૧૯) વિરહ | |
|---|---|---|---|---|---|---|
| નરકાદિ ૧ | | | જઘન્ય | ઉત્કૃષ્ટ | પર્યા. | ઉત્કૃષ્ટ |
| | ૧ | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૧ સાગરોપમ | ૬ | ૨૪ મુહૂર્ત |
| | ૨ | સંખ્યાતા અસંખ્યાતા | ૧ સાગરોપમ વર્ષ | ૩ સાગરોપમ | ૬ | ૭ દિવસ |
| | ૩ | સંખ્યાતા અસંખ્યાતા | ૩ સાગરોપમ વર્ષ | ૭ સાગરોપમ | ૬ | ૧૫ દિવસ |
| | ૪ | સંખ્યાતા અસંખ્યાતા | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ | ૬ | ૧ માસ |
| | ૫ | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ | ૬ | ૨ માસ |
| | ૬ | સંખ્યાતા અસંખ્યાતા | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ | ૬ | ૪ માસ |
| | ૭ | સંખ્યાતા અસંખ્યાતા | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ | ૬ | ૬ માસ |
| ૨ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૧ સાગરોપમથી અ. | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૩ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૨ પલ્યોપમથી ન્યૂન | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૪ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૨ પલ્યોપમથી ન્યૂન | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૫ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૨ પલ્યોપમથી ન્યૂન | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૬ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૨ પલ્યોપમથી ન્યૂન | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૭ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૨ પલ્યોપમથી ન્યૂન | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૮ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૨ પલ્યોપમથી ન્યૂન | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૯ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૨ પલ્યોપમથી ન્યૂન | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૧૦ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૨ પલ્યોપમથી ન્યૂન | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૧૧ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૨ પલ્યોપમથી ન્યૂન | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૧૨ | | અસંખ્યાતા | અંતર્મુહૂર્ત | ૨૨ હજાર વર્ષ | ૪ | + |
| ૧૩ | | અસંખ્યાતા | અંતર્મુહૂર્ત | ૭ હજાર વર્ષ | ૪ | + |
| ૧૪ | | અસંખ્યાતા | અંતર્મુહૂર્ત | ત્રણ અહોરાત્રી | ૪ | + |
| ૧૫ | | અસંખ્યાતા | અંતર્મુહૂર્ત | ૩ હજાર વર્ષ | ૪ | + |
| ૧૬ | | અનંતા અનંત | અંતર્મુહૂર્ત | ૧૦ હજાર વર્ષ | ૪ | + |
| ૧૭ | | સંખ્યાતા અસંખ્યાતા | અંતર્મુહૂર્ત | ૧૨ વર્ષ | ૫ | ૧ મુહૂર્ત |
| ૧૮ | | સંખ્યાતા અસંખ્યાતા | અંતર્મુહૂર્ત | ૪૯ દિવસ | ૫ | ૧ મુહૂર્ત |
| ૧૯ | | સંખ્યાતા અસંખ્યાતા | અંતર્મુહૂર્ત | છ માસ | ૫ | ૧ મુહૂર્ત |
| ૨૦ | | સંખ્યાતા અસંખ્યાતા | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ | ૬ | ૧૨ મુહૂર્ત |
| ૨૧ | | સંખ્યાતા | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ | ૬ | ૧૨ મુહૂર્ત |
| ૨૨ | | સંખ્યાતા અસંખ્યાતા | ૧૦ હજાર વર્ષ | ૧ પલ્યોપમ | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૨૩ | | સંખ્યાતા અસંખ્યાતા | પલ્યોપમનો ૮મો ભાગ | ૧ પલ્યોપમ ૧ લા.વ. | ૬ | ૨૪ મુહૂર્ત |
| ૨૪ | | સંખ્યાતા અસંખ્યાતા | પલ્યોપમ | ૩૩ સાગરોપમ | ૬ | ૨૪ મુહૂર્ત |

| ક્રમ નં. | કાળ | | (૨૦) કિમાહાર | (૨૧) સંજ્ઞા | (૨૨) ગતિ | (૨૩) આગતિ | (૨૪) વેદ |
|---|---|---|---|---|---|---|---|
| નરકાદિ ૧ | જઘન્ય | | | | | | |
| | ૧ | ૧ સમય | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૨ | ૨ | નપુંસક |
| | ૨ | ૧ સમય | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૨ | ૨ | નપુંસક |
| | ૩ | ૧ સમય | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૨ | ૨ | નપુંસક |
| | ૪ | ૧ સમય | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૨ | ૨ | નપુંસક |
| | ૫ | ૧ સમય | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૨ | ૨ | નપુંસક |
| | ૬ | ૧ સમય | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૨ | ૨ | નપુંસક |
| | ૭ | ૧ સમય | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૨ | ૨ | નપુંસક |
| ૨ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૩ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૪ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૫ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૬ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૭ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૮ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૯ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૧૦ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૧૧ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૧૨ | X | X | ૩-૪-૫-૬ | X | ૧૦ | ૨૩ | ૧ નપુંસક |
| ૧૩ | X | X | ૩-૪-૫-૬ | X | ૧૦ | ૨૩ | ૧ નપુંસક |
| ૧૪ | X | X | ૩-૪-૫-૬ | X | ૯ | ૧૦ | ૧ નપુંસક |
| ૧૫ | X | X | ૩-૪-૫-૬ | X | ૯ | ૧૦ | ૧ નપુંસક |
| ૧૬ | X | X | ૩-૪-૫-૬ | X | ૧૦ | ૨૩ | ૧ નપુંસક |
| ૧૭ | ૧ સમય | | છ દિશીનો આહાર | હેતુવાદોપદેશિકી | ૧૦ | ૧૦ | ૧ નપુંસક |
| ૧૮ | ૧ સમય | | છ દિશીનો આહાર | હેતુવાદોપદેશિકી | ૧૦ | ૧૦ | ૧ નપુંસક |
| ૧૯ | ૧ સમય | | છ દિશીનો આહાર | હેતુવાદોપદેશિકી | ૧૦ | ૧૦ | ૧ નપુંસક |
| ૨૦ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૨૪ | ૨૪ | સ્ત્રી.પુ.ન. |
| ૨૧ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી દ્રષ્ટિવાદોપદેશિકી | ૨૪ | ૨૨ | સ્ત્રી.પુ.ન. |
| ૨૨ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૨૩ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |
| ૨૪ | ૧ સમય | | છ દિશીનો આહાર | દીર્ઘકાલિકી | ૫ | ૨ | સ્ત્રી. પુ. |

| ક્રમ નં. | | કોનાથી કેટલા વધારે ? | કોનાથી કેટલા ઓછા ? | મૂળ કેટલા ? |
|---|---|---|---|---|
| નરકાદિ ૧ | | | | |
| | ૧ | ભવનપતિથી અસં. ગુણ | વ્યંતરથી અસં. ગુણ | અસંખ્યાતા |
| | ૨ | ભવનપતિથી અસં. ગુણ | વ્યંતરથી અસં. ગુણ | અસંખ્યાતા |
| | ૩ | ભવનપતિથી અસં. ગુણ | વ્યંતરથી અસં. ગુણ | અસંખ્યાતા |
| | ૪ | ભવનપતિથી અસં. ગુણ | વ્યંતરથી અસં. ગુણ | અસંખ્યાતા |
| | ૫ | ભવનપતિથી અસં. ગુણ | વ્યંતરથી અસં. ગુણ | અસંખ્યાતા |
| | ૬ | ભવનપતિથી અસં. ગુણ | વ્યંતરથી અસં. ગુણ | અસંખ્યાતા |
| | ૭ | ભવનપતિથી અસં. ગુણ | વ્યંતરથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૨ | | વૈમાનિકથી અસં. ગુણ | નારકોથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૩ | | વૈમાનિકથી અસં. ગુણ | નારકોથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૪ | | વૈમાનિકથી અસં. ગુણ | નારકોથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૫ | | વૈમાનિકથી અસં. ગુણ | નારકોથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૬ | | વૈમાનિકથી અસં. ગુણ | નારકોથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૭ | | વૈમાનિકથી અસં. ગુણ | નારકોથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૮ | | વૈમાનિકથી અસં. ગુણ | નારકોથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૯ | | વૈમાનિકથી અસં. ગુણ | નારકોથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૧૦ | | વૈમાનિકથી અસં. ગુણ | નારકોથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૧૧ | | વૈમાનિકથી અસં. ગુણ | નારકોથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૧૨ | | તેઇન્દ્રિયથી વિશેષાધિક | અપ્કાયથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૧૩ | | પૃથ્વીકાયથી અસં. ગુણ | વાયુકાયથી અસંખ્ય ગુણ | અસંખ્યાતા |
| ૧૪ | | મનુષ્યથી અસં. ગુણ | વૈમાનિકથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૧૫ | | અપ્કાયથી અસંખ્ય ગુણ | વનસ્પતિકાયથી અનંત ગુણ | અસંખ્યાતા |
| ૧૬ | | વાયુકાયથી અનંત ગુણ | કોઈથી ઓછા નથી | અનંતા |
| ૧૭ | | પંચેન્દ્રિય તિર્યંચથી વિશેષાધિક | તેઇન્દ્રિયથી વિશેષાધિક | અસંખ્યાતા |
| ૧૮ | | બેઇન્દ્રિયથી વિશેષાધિક | પૃથ્વીકાયથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૧૯ | | જ્યોતિષથી અસં. ગુણ | પંચેન્દ્રિય તિર્યંચથી વિશેષાધિક | અસંખ્યાતા |
| ૨૦ | | ચઉરિન્દ્રિયથી વિશેષાધિક | બેઇન્દ્રિયથી વિશેષાધિક | અસંખ્યાતા |
| ૨૧ | | કોઈથી વધારે નથી | તેઉકાયથી અસં. ગુણ | સંખ્યાતા |
| ૨૨ | | નારકીથી અસં. ગુણ | જ્યોતિષથી અસં. ગુણ | અસંખ્યાતા |
| ૨૩ | | વ્યંતરથી અસં. ગુણ | ચઉરિન્દ્રિયથી વિશેષાધિક | અસંખ્યાતા |
| ૨૪ | | તેઉકાયથી અસં. ગુણ | ભવનપતિથી અસં. ગુણ | અસંખ્યાતા |

## ॥ दंडक प्रकरण मूल ॥

नमिउं चउवीसजिणे, तस्सुत्तवियारलेसदेसणओ ।
दंडगपएहिं ते च्चिय, थोसामि सुणेह भो भव्वा ॥ १ ॥

नेरइया[1] असुराई[10], पुढवाई[5] बेइन्दियादओ[3] चेव ।
गब्भयतिरिय[1]मणुस्सा[1], वंतर[1] जोइसिय[1] वेमाणी[1] ॥ २ ॥

संखित्तयरी उ इमा, सरीर[1]मोगाहणा[2] य संघयणा[3] ।
सन्ना[4] संठाण[5] कसाय[6], लेसिन्दिय[7,8] दु समुग्घाया[9] ॥ ३ ॥
दिट्ठी[10] दंसण[11] नाणे[12,13] जोगुवओगोववाय[14,15,16] चवण[17] ठिई[18] ।
पज्जत्ति[19] किमाहारे[20], सन्नि[21] गइ[22] आगई[23] वेए[24] ॥ ४ ॥

चउ गब्भतिरिय वाउसु, मणुआणं पंच सेस तिसरीरा ।
थावरचउगे दुहओ, अंगुलअसंखभागतणु ॥ ५ ॥

सव्वेसिं पि जहन्ना, साहाविय अंगुलस्सऽसंखंसा ।
उक्कोस पणसयधणू, नेरइया सत्तहत्थ सुरा ॥ ६ ॥

गब्भतिरि सहस जोयण, वणस्सई अहियजोयणसहस्सं ।
नर तेइंदि तिगाऊ बेइंदिय जोयणे बार ॥ ७ ॥

जोयणमेगं चउरिंदि-देहमुच्चत्तणं सुए भणियं ।
वेउव्वियदेहं पुण, अंगुलसंखंसमारंभे ॥ ८ ॥

देव नर अहियलक्खं, तिरियाणं नव य जोयणसयाइं ।
दुगुणं तु नारयाणं, भणियं वेउव्वियसरीरं ॥ ९ ॥

अंतमुहुत्तं निरए, मुहुत्त चत्तारि तिरिय-मणुएसु ।
देवेसु अद्धमासो, उक्कोस-विउव्वणा-कालो ॥ १० ॥

थावर सुर नेरइया, अस्संघयणा य विगल छेवट्ठा ।
संघयण-छग्गं गब्भय-नर-तिरिएसु वि मुणेयव्वं ॥ ११ ॥

सव्वेसिं चउ दह वा, सन्ना सव्वे सुरा य चउरंसा ।
नर तिरि छस्संठाणा, हुंडा विगलिंदि-नेरइया ॥ १२ ॥

नाणाविह धय सूई, बुब्बुय वण वाउ तेउ अपकाया ।
पुढवी मसूरचंदा-कारा संठाणओ भणिया ॥ १३ ॥

सव्वेवि चउकसाया, लेस-छगं गब्भतिरियमणुएसु ।
नारय तेऊ वाऊ, विगला वेमाणिय तिलेसा ॥ १४ ॥

जोइसिय तेउलेसा, सेसा सव्वेवि हुंति चउलेसा ।
इंदियदारं सुगमं, मणुआणं सत्त समुग्घाया ॥ १५ ॥

वेयण कसाय मरणे, वेउव्विय तेयए य आहारे ।
केवलि य समुग्घाया, सत्त इमे हुंति सन्नीणं ॥ १६ ॥

एगिंदियाण केवल-तेउ-आहारगविणा उ चत्तारि ।
ते वेउव्वियवज्जा, विगला सन्नीण ते चेव ॥ १७ ॥

पण गब्भतिरि सुरेसु, नारय वाऊसु चउर तिय सेसे ।
विगल दु दिट्ठी थावर, मिच्छत्ति सेस तिय दिट्ठी ॥ १८ ॥

थावर बि तिसु अचक्खु, चउरिंदिसु तद्दुगं सुए भणियं ।
मणुआ चउदंसणिणो, सेसेसु तिगं तिगं भणियं ॥ १९ ॥

अन्नाण-नाण-तिय तिय, सुरतिरिनिरए थिरे अनाणदुगं ।
नाणन्नाण दु विगले, मणुए पण नाण ति अनाणा ॥ २० ॥

सच्चेअर मीस असच्चमोस मण वय विउव्वि आहारे ।
उरलं मीसा कम्मण, इय जोगा देसिया समए ॥ २१ ॥

इक्कारस सुर निरए, तिरिएसु तेर पन्नर मणुएसु ।
विगले चउ पण वाए, जोगतिगं थावरे होइ ॥ २२ ॥

ति अनाण नाण पण चउ, दंसण बार जिअलक्खणुवओगा।
इय बारस उवओगा, भणिया तेलुक्कदंसीहिं ॥ २३ ॥

उवओगा मणुएसु बारस नव निरय-तिरिय देवेसु ।
विगलदुगे पण छक्कं, चउरिंदिसु थावरे तियगं ॥ २४ ॥

संखमसंखा समए, गब्भयतिरि-विगल-नारय-सुरा य ।
मणुआ नियमा संखा, वणणंता थावर असंखा ॥ २५ ॥

असन्नि नर असंखा, जह उववाए तहेव चवणेवि ।
बावीस सग ति दसवास सहस्स उक्किट्ठ पुढवाई ॥ २६ ॥

तिदिणग्गि तिपल्लाऊ, नरतिरि सुरनिरय सागरतित्तीसा ।
वंतर पल्लं जोइस-वरिसलक्खाहियं पलियं ॥ २७ ॥

असुराण अहिय अयरं, देसूणदुपल्लयं नव निकाए ।
बारसवासूणपणदिण, छम्मासुक्किट्ठ विगलाऊ ॥ २८ ॥

पुढवाइ-दस-पयाणं, अंतमुहुत्तं जहन्न-आउठिई ।
दससहसवरिसठिइआ, भवणाहिवनिरयवंतरिया ॥ २९ ॥

वेमाणिय-जोइसिया, पल्लतयट्ठंस आउआ हुंति ।
सुरनरतिरिनिरएसु छ पज्जत्ती थावरे चउगं ॥ ३० ॥

विगले पंच पज्जत्ती, छद्दिसिआहार होइ सव्वेसिं ।
पणगाइपए भयणा, अह सन्नितियं भणिस्सामि ॥ ३१ ॥

चउविहसुरतिरिएसु, निरएसु य दीहकालिगी सन्ना ।
विगले हेउवएसा, सन्नारहिया थिरा सव्वे ॥ ३२ ॥

मणुआण दीहकालिय, दिट्ठी वाओवएसिआ केवि ।
पजपणतिरिमणुअच्चिय, चउविहदेवेसु गच्छंति ॥ ३३ ॥

संखाउ पज्जपणिंदि-तिरियनरेसु तहेव पज्जत्ते ।
भूदगपत्तेयवणे, एएसु च्चिय सुरागमणं ॥ ३४ ॥

पज्जत्तसंखगब्भय-तिरियनरा निरयसत्तगे जंति ।
निरयउवट्टा एएसु, उववज्जंति न सेसेसु ॥ ३५ ॥

पुढवी-आउ-वणस्सइ-मज्झे नारयविवज्जिया जीवा ।
सव्वे उववज्जंति, निय-निय-कम्माणुमाणेणं ॥ ३६ ॥

पुढवाइ-दसपएसु, पुढवी-आऊ वणस्सई जंति ।
पुढवाइदसपएहि य, तेऊ वाऊसु उववाओ ॥ ३७ ॥

तेऊवाऊ-गमणं, पुढवीपमुहंमि होइ पयनवगे ।
पुढवाइठाणदसगा, विगलाइतियं तहिं जंति ॥ ३८ ॥

गमणागमणं गब्भय-तिरियाणं सयलजीवठाणेसु ।
सव्वत्थ जंति मणुआ, तेऊवाऊहिं नो जंति ॥ ३९ ॥

वेयतिय तिरिनिरेसु, इत्थी पुरिसो य चउविहसुरेसु ।
थिरविगलनारएसु, नपुंसवेओ हवइ एगो ॥ ४० ॥

पज्जमणु-बायरग्गी, वेमाणिय-भवण-निरय-वंतरिया ।
जोइस-चउ पणतिरिया, बेइंदिय तेइंदिय भू आऊ ॥ ४१ ॥

वाऊ वणस्सइ च्चिय, अहिया अहिया कमेणिमे हुंति ।
सव्वेवि इमे भावा, जिणा! मए णंतसो पत्ता ॥ ४२ ॥

संपइ तुम्ह भत्तस्स, दंडगपयभमणभग्गहिययस्स ।
दंडतियविरय ( इ ) सुलहं, लहु मम दिंतु मुक्खपयं ॥ ४३ ॥

सिरि-जिणहंसमुणीसर-रज्जे सिरि-धवलचंदसीसेण ।
गजसारेण लिहिया, एसा विन्नत्ति अप्पहिया ॥ ४४ ॥

૯

ॐ अर्हम्

શ્રીમદ્-હરિભદ્રસૂરિ-વિરચિત

# શ્રી
# જમ્બૂદ્વીપ સંગ્રહણી

અથવા

## લઘુ-સંગ્રહણી

[સાર્થ]

# સંબંધ

આત્મા અને તેના નિત્યપણા ઉપરથી પુનર્જન્મ અને મોક્ષ કબુલ કર્યા પછી-અનન્ત આત્માઓના સ્વકર્માનુસાર જુદા જુદા સ્વરૂપે ઉત્પન્ન થવાના ક્ષેત્રોનો વિચાર અનાયાસે જ જીજ્ઞાસુઓને થાય, એ સ્વાભાવિક છે.

એ વિચાર ઉપર આવતાં-લોકાલોક રૂપ અખિલ વિશ્વનું જ્ઞાન કરવું પડે છે. અનન્ત અલોકમાં બિન્દુતુલ્ય લોક છે. તે લોક પણ અસંખ્ય યોજનના વિસ્તારમાં છે. તેના મુખ્ય ત્રણ ભાગ પડે છે. તે ઊર્ધ્વ, અધો અને તિર્યક્ એમ ત્રણ લોક કહેવાય છે. એ ત્રણ લોકના પણ કયા ભાગમાં પોતે છે ? એ પ્રશ્ન જીજ્ઞાસુઓને થાય, એ સ્વાભાવિક છે.

અથવા, પોતે અત્યારે જે જગ્યાએ બેઠેલ, સુતેલ, કે ઉભો રહેલ છે (જો કે તે ક્ષેત્ર પોતાને તે વખત પૂરતું તેટલું જ ઉપયોગી છે) તો પણ એટલુંજ ક્ષેત્ર નથી, તેની આજુબાજુ કંઈક છે, તે શું છે ? એમ વિચારતાં "જગત્ લોક છે". ત્યારે લોકની આજુબાજુ પણ શું છે ? "અલોક છે".

આ રીતે આ ક્ષેત્ર વિચાર પણ આત્મવિકાસના સાધનોમાંનું એક આવશ્યક અંગ છે. જો કે-તે વિષે સંપૂર્ણ જાણવાની આપણામાં સંપૂર્ણ શક્તિ નથી. ક્ષેત્ર છે ચોક્કસ, પણ તેની વિશાળતા માપવાનું કામ આપણી શક્તિ ઉપરાંતનું છે. છતાં ક્ષેત્રોની પરિસ્થિતિ જાણવાનું આપણી પાસે, તે ક્ષેત્રોને કેવળજ્ઞાનથી પ્રત્યક્ષ જાણનાર સર્વજ્ઞ પ્રભુના વચનો સિવાય બીજું કશું સાધન નથી. તેથી સર્વજ્ઞ પ્રભુએ જે સ્વરૂપ સમજાવ્યું છે, તે જાણવું જોઈએ. મોટા મોટા ગંભીર ગ્રંથોમાંથી સામાન્ય બાળ જીવોને સમજવું મુશ્કેલ પડે, માટે અનેક પ્રકરણ ગ્રંથો ઉપકારી પૂર્વાચાર્યોએ રચેલા છે. તેમાં પણ દરેક ક્ષેત્રોના મધ્યબિંદુ તરીકે ગણાતા, તથા આપણે જેમાં રહીએ છીએ, તે જમ્બૂદ્વીપનું સંક્ષેપમાં સ્વરૂપ સમજાવવા માટે **શ્રી હરિભદ્રસૂરિજી** મહારાજે આ જમ્બૂદ્વીપ સંગ્રહણી પ્રકરણ રચ્યું છે.

# જમ્બૂદ્વીપ

આ દ્વીપ સર્વ દ્વીપો અને સમુદ્રોની વચ્ચે આવેલો છે. જમ્બૂદ્વીપની આજુબાજુ લવણ સમુદ્ર, તેની આજુબાજુ ધાતકી ખંડ, તેની આજુબાજુ સમુદ્ર, તેની આજુબાજુ દ્વીપઃ એમ અસંખ્ય સમુદ્રો અને દ્વીપો વલયને આકારે વીંટાયેલા છે. આમ સર્વ દ્વીપ-સમુદ્રો જે લોકમાં છે તે તિર્ચ્છાલોક કહેવાય છે. તિર્ચ્છાલોક આખા લોકની મધ્યમાં છે તેથી જમ્બૂદ્વીપ પણ લોકની મધ્યમાં આવે છે. તેમજ સમભૂતલા વિગેરે મર્યાદા સૂચક સ્થળો અને લોકનો મધ્ય ભાગ પણ જમ્બૂદ્વીપમાં છે.

જમ્બૂદ્વીપ થાળી જેવા સપાટ ગોળ આકારનો છે. તેની આજુબાજુ સમુદ્ર હોવાથી તે દ્વીપ કહેવાય છે.

આ દ્વીપમાં જમ્બૂના વૃક્ષના આકારનું પૃથ્વીકાયમય શાશ્વત સ્થિર અકૃત્રિમ મહાજમ્બૂ વૃક્ષ છે. તેની આસપાસ (૧૨૦૫૦૧૨૦) બીજા નાના શાશ્વત જમ્બૂવૃક્ષોનું બનેલું જમ્બૂવન છે. વળી આ દ્વીપનો અધિષ્ઠાતા **અનાદત દેવ** આ જમ્બૂવૃક્ષની ઉપર રહે છે. તેથી આ દ્વીપનું નામ **જમ્બૂદ્વીપ** છે.

આ જમ્બૂદ્વીપમાં અનેક સ્થળો અને પદાર્થો છે. પરંતુ વિસ્તારથી વર્ણન કરવા જતાં મોટો ગ્રન્થ થઈ જાય તેથી તેના જાણવા જેવા મુખ્ય મુખ્ય શાશ્વત સ્થળોની અત્યન્ત ટુંકામાં હકીકત સમજાવી છે.

આ દ્વીપ લાખ જોજન લાંબો-પહોળો ને જાડો છે તેની વચ્ચે મેરુ પર્વત આવેલો છે તેના ભરતક્ષેત્રના માપના ખંડો, અથવા એક ચોરસ યોજનના માપના ખંડો, પરિધિ, ક્ષેત્રફળ, મનુષ્યને રહેવા લાયક ક્ષેત્રો, પર્વતો, તેના શિખરો, હ્રદો, તીર્થો, વિજયો, શ્રેણિઓ, નદીઓ, નદીઓના મુખ, મુખના વિસ્તાર વિગેરે મુખ્ય મુખ્ય પદાર્થો આ પ્રકરણમાં સમજાવ્યા છે.

| (૧) ખંડ | સ્થળનું નામ | ભરત | હિમવંત પર્વત | હિમવંત ક્ષેત્ર | મહા હિમવંત પર્વત | હરિવર્ષ ક્ષેત્ર | નિષધ પર્વત |
|---|---|---|---|---|---|---|---|
| | ખંડ સંખ્યા | ૧ | ૨ | ૪ | ૮ | ૧૬ | ૩૨ |
| | ખંડનું પ્રમાણ | યો. ૫૨૬ કળા ૬ | યો. ૧૦૫૨ કળા ૧૨ | યો. ૨૧૦૫ કળા ૫ | યો. ૪૨૧૦ કળા ૧૦ | યો. ૮૪૨૧ કળા ૧ | યો. ૧૬૮૪૨ કળા ૨ |

**(૨) યોજન પ્રમાણ ખંડો**

| વિષ્કંભ | વિષ્કંભ વર્ગ | દશ ગુણા |
|---|---|---|
| ૧૦૦૦૦૦=૧૦૦૦૦૦=૧૦૦૦૦૦૦૦૦૦૦x૧૦=૧૦૦૦૦૦૦૦૦૦૦૦ | | |

| (૩) વાસક્ષેત્ર (વર્ષ ક્ષેત્ર) | ભરત | હિમવંત | હરિવર્ષ |
|---|---|---|---|
| પ્રમાણ | યોજન ૫૨૬ કળા ૬ | યોજન ૨૧૦૫ કળા ૫ | યોજન ૮૪૨૧ કળા ૧ |

| (૪) પર્વતો | વૈતાઢ્ય | | વક્ષસ્કાર | ચિત્ર | વિચિત્ર | યમક અને સમક | કંચનગિરિ |
|---|---|---|---|---|---|---|---|
| | ગોળ | લાંબા | | | | | |
| | ૪ | ૩૪ | ૧૬ | ૧ | ૧ | ૨ | ૨૦૦ |
| | ૪ અંતર યુગલ ક્ષેત્રોમાં | ૩૪ વિજયોમાં | મહા વિદેહમાં | દેવકુરૂમાં | | ઉત્તર કુરૂમાં | ૧૦૦ દેવકુરુમાં ૧૦૦ ઉત્તરકુરુમાં |
| (૫) (અ) શિખરો | • | ૯ x ૩૪ | ૪ x ૧૬ | • | • | • | • |
| | | ૩૦૬ | ૬૪ | | | | |

| મહાવિદેહ ક્ષેત્ર | નીલવંત પર્વત | રમ્યક્ ક્ષેત્ર | રુક્મિ પર્વત | હિરણ્ય વંત ક્ષેત્ર | શિખરી પર્વત | ઐરાવત ક્ષેત્ર | કુલ સં. ૧૩ |
|---|---|---|---|---|---|---|---|
| ૬૪ | ૩૨ | ૧૬ | ૮ | ૪ | ૨ | ૧ | ખંડો ૧૯૦ |
| યો. ૩૩૬૮૪ કળા ૪ | યો. ૧૬૮૪૨ કળા ૨ | યો. ૮૪૨૧ કળા ૧ | યો. ૪૨૧૦ કળા ૧૦ | યો. ૨૧૦૫ કળા ૫ | યો. ૧૦૫૨ કળા ૧૨ | યો. ૫૨૬ કળા ૬ | યો. ૧૦૦૦૦૦ |

√ કરણી (વર્ગ મૂળ) = **પરિધિ** = યોજન – ગાઉ–ધનુષ – અંગુલ

૩૧૬૨૨૭–૩ –૧૨૮–૧૩ાા થી અધિક

[યવ-યુકા-લિખ-વાલાગ્ર-રથરેણુ-ત્રસરેણુ-બાદરપરમાણુ-૧૭૪ બા૦-૫૨.-શેષ
૧ - ૧ - ૧ - ૬ - ૦ - ૭ - ૫ $\frac{૩૦}{૧૭૪}$ - ૩ $\frac{૩}{૬૧}$ - ૫૪]

૦ા ભાગે ગુણાકાર યોજન ગા. ધનુષ અંગુલ

x ૨૫૦૦૦ = **ગણિતપદ-ક્ષેત્રફળ** ૭૯૦૫૬૯૪૧૫૦ ૧ ૧૫૧૫ ૬૦

| મહાવિદેહ | રમ્યક્ | હિરણ્યવંત | ઐરાવત | કુલ |
|---|---|---|---|---|
| યોજન કળા ૩૩૬૮૪ ૪ | યોજન કળા ૮૪૨૧ ૧ | યોજન કળા ૨૧૦૫ ૫ | યોજન કળા ૫૨૬ ૬ | યો. ૫૫૭૮૯ $\frac{૯}{૧૯}$ |

| ગજદંત | | પર્વતો | | મેરૂ | હિમ વંત પર્વત | મહા હિમવંત પર્વત | નિષધ | નીલ વંત | રુક્મિ | શિખરી | કુલ પર્વતો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સૌમ નસ | વિદ્યુત પ્રભ | માલ્ય વંત | ગંધ માદન | | | | | | | | |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૬૯ |
| પૂર્વમાં | પશ્ચિમ | પૂર્વ | પશ્ચિમ | | | | | | | | |
| દેવકુરૂને અંતે | | ઉત્તર કુરૂને અંતે | | મહા વિદેહ માં | ભરત હિમ-વંતની મધ્યમાં | હિમ. હરિ-વર્ષની મધ્યમાં | હરિ. મહાવિ ની મધ્યમાં | મહા. રમ્યક્ ની મધ્યમાં | રમ્યક્ ને હિમવંત ની મધ્યમાં | હિરણ્ય વંત ઐર. ની મધ્યમાં | યો. ૪૪૨૧૦ $\frac{૧૦}{૧૯}$ |
| ૭ | ૯ | ૯ | ૭ | ૯ | ૧૧ | ૮ | ૯ | ૯ | ૮ | ૧૧ | શિખરો |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (પર્વતની) (૧) ઉંચાઈ | યોજન ૧૦૦૦ | યોજન ૨૫ | યોજન ૫૦૦ | યોજન ૧૦૦૦ | યોજન ૧૦૦૦ | યોજન ૧૦૦૦ | યોજન ૧૦૦ |
| (૨) વિસ્તાર | યોજન ૧૦૦૦ | યોજન ૫૦ | યોજન ૫૦૦ | યોજન ૧૦૦૦ | યોજન ૧૦૦૦ | યોજન ૧૦૦૦ | યોજન ૧૦૦ |
| (૩) આકાર | પલ્ય જેવો | લંબ ચોરસ | લંબ ચોરસ | ઉર્ધ્વ ગોપુચ્છ | ઉર્ધ્વ ગોપુચ્છ | ઉર્ધ્વ ગોપુચ્છ | ઉર્ધ્વ ગોપુચ્છ |
| (૪) પૃથ્વીમાં | યોજન ૨૫૦ | યોજન ૬। | યોજન ૧૨૫ | યોજન ૨૫૦ | યોજન ૨૫૦ | યોજન ૨૫૦ | યોજન ૨૫ |
| (૫) રંગ તથા શેના બનેલા | શ્વેત રત્નના | શ્વેત રૂપાના | પીળા સુવર્ણના | પીળા સુવર્ણના | પીળા સુવર્ણના | પીળા સુવર્ણના | પીળા સુવર્ણના |
| (બ) ભૂમિકૂટ | | ઋ. કૂ. વિજયો માં ૩૪ | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૬) તીર્થ | ભરત | | | મહાવિદેહ | | |
| | માગધ | વરદામ | પ્રભાસ | માગધ | વરદામ | પ્રભાસ |
| | ૧ | ૧ | ૧ | ૩૨ | ૩૨ | ૩૨ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યોજન ૫૦૦ | યોજન ૫૦૦ | યોજન ૫૦૦ | યોજન ૫૦૦ | યોજન ૧૦૦૦૦ | યોજન ૧૦૦ | યોજન ૨૦૦ | યોજન ૪૦૦ | યોજન ૪૦૦ | યોજન ૨૦૦ | યોજન ૧૦૦ |
| યોજન ૫૦૦ | યોજન ૫૦૦ | યોજન ૫૦૦ | યોજન ૫૦૦ | યોજન ૧૦૦૯૦ ૧૦/૧૧ | યોજન ૧૦૫૨ કળા ૧૨ | યોજન ૪૨૧૦ કળા ૧૦ | યોજન ૧૬૮૪૨ કળા ૨ | યોજન ૧૬૮૪૨ કળા ૨ | યોજન ૪૨૧૦ કળા ૧૦ | યોજન ૧૦૫૨ કળા ૫ |
| અશ્વ સ્કંધ ગજ દંત | અશ્વ સ્કંધ ગજ દંત | અશ્વ સ્કંધ ગજ દંત | અશ્વ સ્કંધ ગજ દંત | ઉર્ધ્વ ગો પુચ્છ | લંબ ચોરસ | લંબ ચોરસ | લંબ ચોરસ | લંબ ચોરસ | લંબ ચોરસ | લંબ ચોરસ |
| યોજન ૧૨૫ | યોજન ૧૨૫ | યોજન ૧૨૫ | યોજન ૧૨૫ | યોજન ૧૦૦૦ | યોજન ૨૫ | યોજન ૫૦ | યોજન ૧૦૦ | યોજન ૧૦૦ | યોજન ૫૦૦ | યોજન ૨૫ |
| શ્વેત રત્નનો | રક્ત રત્નનો | પીળો સુવર્ણ નો | નીલ રત્નનો | પીળો સુવર્ણ નો | પીળો સુવર્ણ નો | પીળો સુવર્ણ નો | લાલ તપનીય સુવર્ણ નો | લીલો વૈડૂર્ય રત્નનો | શ્વેત રૂપાનો | પીળો સુવર્ણ નો |
| | | મેરૂ પાસે કરિકૂટ ૮ | જંબુ કૂટ ૮ | શાલ્મલિ કૂટ ૮ | હરિકૂટ ૧ | હરિસહ કૂટ ૧ | | | | કુલ ૬૦ (૫૮) |

| ઐરાવત | | | |
|---|---|---|---|
| માગધ | વરદામ | પ્રભાસ | કુલ ૧૦૨ |
| ૧ | ૧ | ૧ | |

| (૭) શ્રેણી | ભરતના વૈતાઢ્ય ઉપર | | | મહાવિદેહના વૈતાઢ્ય ઉપર |
|---|---|---|---|---|
| | વિદ્યાધરની શ્રેણી | ૨ | | ૬૪ |
| | આભિયોગિકની શ્રેણી | ૨ | | ૬૪ |
| | કુલ | ૪ | | ૧૨૮ |
| (૮) વિજયો | | ભરતમાં | | મહાવિદેહમાં |
| | | ૧ | | ૩૨ |

| (૯) હ્રદ | | પદ્મ હ્રદ | મહા પદ્મ હ્રદ | તિગિ-ચ્છક હ્રદ | પુંડરિક | મહા પુંડરિક | કેસરી | |
|---|---|---|---|---|---|---|---|---|
| | દીર્ઘ | યોજન ૧૦૦૦ | યોજન ૨૦૦૦ | યોજન ૪૦૦૦ | યોજન ૧૦૦૦ | યોજન ૨૦૦૦ | યોજન ૪૦૦૦ | |
| | પહોળો | યોજન ૫૦૦ | યોજન ૧૦૦૦ | યોજન ૨૦૦૦ | યોજન ૫૦૦ | યોજન ૧૦૦૦ | યોજન ૨૦૦૦ | કુલ ૬ |
| | હ્રદમાં રહેનારી દેવીનું નામ | શ્રીદેવી | હ્રીદેવી | ધીદેવી | લક્ષ્મી દેવી | બુદ્ધિ દેવી | કીર્તિ દેવી | |
| | કયા પર્વત ઉપર | લઘુ હિમવંત ઉપર | મહા હિમવંત ઉપર | નિષધ પર્વત ઉપર | શિખરી પર્વત ઉપર | રુક્મી પર્વત ઉપર | નીલવંત પર્વત ઉપર | |
| | ઉંડો | ૧૦યો. | ૧૦યો. | ૧૦યો. | ૧૦યો. | ૧૦યો. | ૧૦યો. | |
| | નીકળનાર નદી | ગંગા સિંધુ રોહિ-તાંશા | રોહિતા હરિકાંતા | હરિ-સલિલા સિતોદા | રક્તા રક્ત-વતી સુવર્ણ-કુલા | રૂપ્ય-કુલા નર-કાન્તા | નારી-કાન્તા સીતા | |

| ઐરાવતના વૈતાઢ્ય ઉપર | | | કુલ |
|---|---|---|---|
| | ૨ | | ૬૮ |
| | ૨ | | ૬૮ |
| કુલ | ૪ | | ૧૩૬ શ્રેણી |
| | ઐરાવત<br>૧ | | કુલ<br>૩૪ વિજય |

| દેવકુરૂમાં | | ઉત્તરકુરૂમાં | | કુલ |
|---|---|---|---|---|
| નિષધ હ્રદ | સુલસ હ્રદ | નીલવંત હ્રદ | ઐરાવત હ્રદ | ૬ મોટા |
| દેવકુરૂ હ્રદ | વિદ્યુત્પ્રભ હ્રદ | ઉત્તરકુરૂ હ્રદ | માલ્યવંત હ્રદ | ૧૦ નાના<br>૧૬ હ્રદો |
| સુરપ્રભ હ્રદ | | ચંદ્ર હ્રદ | | પદ્મ હ્રદના માપે છે. |
| આ હ્રદો વચ્ચેથી સીતોદા નદી વહે છે. | | આ હ્રદો વચ્ચેથી સીતા નદી વહે છે. | | |

| (૧૦) મુખ્ય નદીઓ | ગંગા | સિંધુ | રક્તા | રક્તવતી | રોહિતા | રોહિતાંશા | સુવર્ણ-કુલા |
|---|---|---|---|---|---|---|---|
| (૧) પરિવાર | ૧૪૦૦૦ (૧૭) | ૧૪૦૦૦ (૧૭) | ૧૪૦૦૦ (૧૭) | ૧૪૦૦૦ (૧૭) | ૨૮૦૦૦ | ૨૮૦૦૦ | ૨૮૦૦૦ |
| (૨) સ્થળ | ૧ ભરતમાં ૧૬ વિદેહમાં | ૧ ભરતમાં ૧૬ વિદેહમાં | ૧ ઐરાવતમાં ૧૬ વિદેહમાં | ૧ ઐરાવતમાં ૧૬ વિદેહમાં | હિમવંત માં | હિમવંત માં | હૈરણ્ય-વંતમાં |
| (૩) કઈ દિશામાં વહે છે. | પૂર્વે | પશ્ચિમે | પૂર્વે | પશ્ચિમે | પૂર્વે | પશ્ચિમે | પૂર્વે |
| (૪) કયા પર્વતના | લઘુ હિમવંત ના | લઘુ હિમવંત ના | શિખરી ના | શિખરી ના | મહા હિમવંત ના | લઘુ હિમવંત ના | શિખરી ના |
| (૫) કયા હ્રદમાંથી | પદ્મ હ્રદમાંથી | પદ્મ હ્રદમાંથી | પુંડરીક હ્રદમાંથી | પુંડરીક હ્રદમાંથી | મહા પદ્મ હ્રદમાંથી | પદ્મ હ્રદમાંથી | પુંડરીક હ્રદમાંથી |
| (૬) મૂળ પ્રવાહ | ૬ા યોજન | ૬ા યોજન | ૬ા યોજન | ૬ા યોજન | ૧૨ા યોજન | ૧૨ા યોજન | ૧૨ા યોજન |
| (૭) અન્ત્ય પ્રવાહ | ૬૨ા યોજન | ૬૨ા યોજન | ૬૨ા યોજન | ૬૨ા યોજન | ૧૨૫ યોજન | ૧૨૫ યોજન | ૧૨૫ યોજન |
| (૮) પ્રારંભે ઉંડાઈ | ૦ાા ગાઉ | ૦ાા ગાઉ | ૦ાા ગાઉ | ૦ાા ગાઉ | ૧ ગાઉ | ૧ ગાઉ | ૧ ગાઉ |
| (૯) પર્યન્તે ઉંડાઈ | ૧ા યોજન | ૧ા યોજન | ૧ા યોજન | ૧ા યોજન | ૨ા યોજન | ૨ા યોજન | ૨ા યોજન |

| રૂપ્યકુલા | હરિ-સલિલા | હરિકાંતા | નરકાંતા | નારીકાંતા | સીતા | સીતોદા | કુલ પરિવાર |
|---|---|---|---|---|---|---|---|
| ૨૮૦૦૦ | ૫૬૦૦૦ | ૫૬૦૦૦ | ૫૬૦૦૦ | ૫૬૦૦૦ | ૫૩૨૦૦૦ | ૫૩૨૦૦૦ | ૧૪૫૬૦૦૦ કુલ નદીઓ ૬૮ ૧૦ ૧૨ અંતર્નદી |
| હૈરણ્ય-વંતમાં | હરિ-વર્ષમાં | હરિ-વર્ષમાં | રમ્યક્માં | રમ્યક્માં | મહા વિદેહમાં | મહા વિદેહમાં | (૧૪૫૬૦૯૦) |
| પશ્ચિમે | પૂર્વે | પશ્ચિમે | પૂર્વે | પશ્ચિમે | પૂર્વે | પશ્ચિમે | |
| રુક્મિના | નિષધના | મહા હિમવંતના | રુક્મિના | નીલવંત ના | નીલવંત ના | નિષધના | |
| મહા પુંડરીક હ્રદમાંથી | તિગિચ્છી હ્રદમાંથી | મહા પદ્મ હ્રદમાંથી | મહા પુંડરીક હ્રદમાંથી | કેસરી હ્રદમાંથી | કેસરી હ્રદમાંથી | તિગિચ્છી હ્રદમાંથી | |
| ૧૨॥ યોજન | ૨૫ યોજન | ૨૫ યોજન | ૨૫ યોજન | ૨૫ યોજન | ૫૦ યોજન | ૫૦ યોજન | |
| ૧૨૫ યોજન | ૨૫૦ યોજન | ૨૫૦ યોજન | ૨૫૦ યોજન | ૨૫૦ યોજન | ૫૦૦ યોજન | ૫૦૦ યોજન | |
| ૧ ગાઉ | ૦॥ યોજન | ૦॥ યોજન | ૦॥ યોજન | ૦॥ યોજન | ૧ યોજન | ૧ યોજન | |
| ૨॥ યોજન | ૫ યોજન | ૫ યોજન | ૫ યોજન | ૫ યોજન | ૧૦ યોજન | ૧૦ યોજન | |

## મંગળ, વિષય, પ્રયોજન, અને સંબંધ

**नमिय जिणं सव्वन्नुं, जगपुज्जं जगगुरुं महावीरं ।**
**जंबूद्दीवपयत्थे; वुच्छं सुत्ता सपरहेऊ ॥ १ ॥**

### સંસ્કૃત અનુવાદ

**नत्वा जिनं सर्वज्ञं, जगत्पूज्यं जगद्गुरुं महावीरं ।**
**जम्बूद्वीपपदार्थान्, वक्ष्ये सूत्रात्स्वपरहेतोः ॥ १ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**सव्वन्नुं जगपुज्जं जगगुरुं, महावीरं जिणं नमिय ।**
**स-पर-हेऊ सुत्ता, जंबूद्दीवपयत्थे वुच्छं ॥ १ ॥**

### શબ્દાર્થ

नमिय = નમસ્કાર કરીને
जिणं = જીતનારને
सव्वन्नुं = સર્વજ્ઞ, સંપૂર્ણ જ્ઞાનવાળા
जगपुज्जं = ત્રણ જગતને પૂજ્ય
जगगुरुं = ત્રણ જગતના ગુરૂ
जम्बूद्दीव = જંબૂદ્વીપમાં રહેલા
पयत्थे = પદાર્થોને
वुच्छं = કહીશ
सुत्ता = સૂત્રમાંથી ઉદ્ધરીને અથવા સૂત્રને અનુસારે
स पर = પોતાના તથા પૅરના (બીજાના)
हेऊ = (કલ્યાણને) અર્થે, માટે

### ગાથાર્થ

**સર્વજ્ઞ જગત્ પૂજ્ય, અને જગદ્ગુરુ શ્રી મહાવીર જિનેશ્વરને નમસ્કાર કરીને પોતાના અને બીજાના (જ્ઞાન) માટે સૂત્રોમાંથી જમ્બૂદ્વીપના પદાર્થો કહીશ.**

### વિશેષાર્થ

चार अनुबंधो – (૧) અર્ધી ગાથામાં ભગવાન્ મહાવીરસ્વામીની સ્તુતિરૂપ મંગળાચરણ છે. (૨) જમ્બૂદ્વીપના શાશ્વત પદાર્થોનું વર્ણન વિષય છે. (૩) "સ્વપરના બોધ માટે" એ પ્રયોજન છે. (૪) "સૂત્રોમાંથી (ઉદ્ધરીને)" એથી સંબંધ બતાવ્યો છે.

मंगलाचरणमां – અનુક્રમે અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, પૂજાતિશય, અને વચનાતિશય સૂચવેલ છે. વિશ્વના પદાર્થો જાણવા એ છદ્મસ્થ માણસની શક્તિ બહારનું કામ છે. સર્વજ્ઞ ભગવાન્ સિવાય તે પદાર્થો કોઈ પણ જાણી શકે નહીં. ત્યારે સર્વજ્ઞપણાને લીધે પ્રભુ મહાવીરસ્વામીએ પોતાના કેવળજ્ઞાનથી જાણેલા પદાર્થો જગદ્ગુરુ તરીકે, જગત્ના જીવોના કેવળ ઉપકાર માટે જ કહ્યા છે. કારણ કે તેઓ જિનેશ્વર પ્રભુ હોવાથી સ્વાર્થ અને રાગદ્વેષથી રહિત હતા.

તેમના વચનો ઉપર અવિશ્વાસ રાખવાનું કાંઈપણ કારણ નથી. જગત્ પૂજ્ય એ પ્રભુના વચનમાં જરાપણ શંકા લાવવાનો અવકાશ નથી. આટલા વિસ્તારથી અને ચોક્કસ સંખ્યાથી સ્વરૂપ કોઈ પણ અસર્વજ્ઞ માણસ કહેવા સમર્થ નથી.

प्रयोजन – નજીકનું જ્ઞાન, અને પરંપરા એ - મોક્ષ.

संबंध – ચાર પ્રકારનો હોય છે. વાચ્ય-વાચક, ગુરુ પર્વક્રમ, સાધ્ય-સાધન, ઉપાયોપેય.

अधिकारी – સમ્યગ્ચારિત્ર ખાતર સમ્યગ્જ્ઞાન મેળવવા ઈચ્છનાર સમ્યગ્દર્શની ભવ્ય આત્માઓ, તથા અધિગમ સમ્યક્ત્વ મેળવવા પદાર્થોનો અધિગમ કરવાની ઈચ્છાવાળા માર્ગાનુસારી ભવ્ય આત્માઓ પણ અધિકારી ગણાય છે.

## જમ્બૂદ્વીપનું પ્રમાણ

જંબૂદ્વીપની લંબાઈ તથા પહોળાઈ ૧,૦૦,૦૦૦ એક લાખ જોજન છે. તેની જાડાઈ પણ ૧,૦૦,૦૦૦ એક લાખ જોજન છે, કેમકે જમ્બૂદ્વીપની મધ્યમાં ૯૯૦૦૦ યોજન ઉંચો મેરુ પર્વત છે. અને ૧૦૦૦ હજાર યોજન જમીનમાં ઊંડો છે. અથવા મહાવિદેહ ક્ષેત્રમાં ૧૦૦૦ હજાર યોજન નીચે અધોગ્રામો છે.

## દિશાઓ વિષે ખુલાસો

जम्बूद्वीपमां – આપણે મેરુપર્વત તરફ મોં રાખી ઉભા રહીએ, તો જમણા હાથે વિજયદ્વાર આવે, એટલે તે તરફની દિશા તે પૂર્વ દિશા.

અને ડાબા હાથ તરફ વિજયન્તદ્વાર છે અને તે દિશા, તરફની દિશા તે પશ્ચિમ દિશા.

આપણી પાછળ અપરાજિત દ્વાર આવે, અને તે તરફની દિશા તે દક્ષિણ દિશા.

અને આપણી સામે મેરુની પેલી તરફ ઐરાવત ક્ષેત્રની પાસે ઠેઠ જયન્ત દ્વાર છે. તે તરફની દિશા તે ઉત્તર દિશા.

દિશાઓના વ્યવહારને માટે અનેક પ્રકારો શાસ્ત્રમાં [1]છે. પરંતુ અહીં ઉપર પ્રમાણે દિશા વ્યવહાર સમજવો. બીજા ક્ષેત્રોમાં પણ આ નિયમ પ્રમાણે દિશા વ્યવહાર કરી શકાય છે. આ વ્યવહાર લોકપ્રસિદ્ધ સૂર્ય-દિશા સાથે મળતો છે.

---

૧ મેરુની તરફની દિશા તે ઉત્તર દિશા અને તેની સામેની દિશા તે દક્ષિણ દિશા. આ વ્યાખ્યાથી દિશાઓ ફર્યા કરશે. કારણ કે મેરુ પર્વત જંબૂદ્વીપની મધ્યમાં આવેલો છે. પરંતુ એ વ્યવહાર અહીં લેવાનો નથી.

## મુખ્ય દશ પદાર્થો

**खंडा जोयण वासा, पव्वय कूडा य तित्थ सेढीओ ।**
**विजय द्दह सलिलाओ, पिंडेसिं होइ संघयणी ॥ २ ॥**

### સંસ્કૃત અનુવાદ

खण्डानि योजनवर्षाणि, पर्वतकूटाश्च तीर्थश्रेणयः ।
विजयहृदसलिलाः पिण्ड, एतेषां भवति संग्रहणी ॥ २ ॥

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્ સુગમ છે - પરંતુ **ऐसिं पिंड संघयणी होइ** ઇતિ

### શબ્દાર્થ

**खंडा** = ખંડ, વિભાગ
**जोयण** = યોજન
**वासा** = વર્ષો-ક્ષેત્રો
**पव्वय** = પર્વતો
**कूडा** = કૂટ-શિખરો
**य** = અને, તથા
**तित्थ** = તીર્થ
**सेढिओ** = શ્રેણિઓ
**विजय** = વિજય, છ ખંડનો દેશ
**द्दह** = હ્રદ, સરોવર
**सलिलाओ** = નદીઓ
**पिंड** = પિંડ, સંગ્રહ, સમૂહ
**एसिं** = એ ૧૦ પદાર્થોનો
**होइ** = છે
**संघयणी** = સંગ્રહણી

### ગાથાર્થ

**ખંડો, યોજનો, વાસ, ક્ષેત્રો, પર્વતો, કૂટો, તીર્થો, શ્રેણિઓ, વિજયો, હ્રદો અને નદીઓઃ એઓનો સંગ્રહ તે સંગ્રહણી છે.**

### વિશેષાર્થ

૧ खंड – ભરત અથવા ઐરાવત ક્ષેત્રની +પહોળાઈ જેવડા (લંબાઈ જેવડા નહીં) કેટલા ખંડો થાય? અથવા ચોરસ યોજન પ્રમાણ કેટલા ખંડો થાય?

૨ योजन – વિષ્કંભની પરિધિ ઉપરથી ક્ષેત્રફળના યોજનની સંખ્યા.

૩ वर्ष – મનુષ્યોને રહેઠાણના ક્ષેત્રો.

૪ पर्वतो – પર્વતોની સંખ્યા.

૫ शिखरो – એટલે પર્વતના શિખરો અને કેવળ ભૂમિ-કૂટ-શિખરોની સંખ્યા.

+ ઉત્તર-દક્ષિણ લંબાઈ તે પહોળાઈ, અને પૂર્વ-પશ્ચિમ લંબાઈ તે લંબાઈ.

૬ तीर्थो – સમુદ્રોમાં ઉતરવાના મોટા ઓવારા-ઉતાર-સ્થળોની સંખ્યા.

૭ श्रेणी – વૈતાઢ્ય પર્વતો ઉપર વિદ્યાધરોનાં શહેરો અને આભિયોગિક દેવોના ભવનોની શ્રેણીઓ.

૮ विजय – ચક્રવર્તિ રાજાઓને વિજય મેળવવાના ક્ષેત્રો.

૯ द्रहो – કુંડો-હ્રદો, નાના સરોવરો.

૧૦ नदीओ – મોટી નદીઓ તથા તેની સાથે મળનારી બીજી નદીઓ[1] ઉપર જણાવેલા મુખ્ય દશ દ્વારોનું વર્ણન કરવામાં આવશે.

## ૧. ખંડો

**णउअसयं खंडाणं, भरहपमाणेण भाइए लक्खे ।**
**अहवा णउअसयगुणं, भरहपमाणं हवइ लक्खं ॥ ३ ॥**

### સંસ્કૃત અનુવાદ

**नवति ( त्यधिक ) शतं खण्डानां भरतप्रमाणेन भाजिते लक्षे ।**
**अथवा नवति ( त्यधिक ) शतगुणं, भरतप्रमाणं भवति लक्षम् ॥ ३ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**भरह पमाणेण लक्खे भाइए, खंडाणं णउअ सयं ।**
**अहवा णउय सय गुणं, भरह पमाणं लक्खं हवइ ॥ ३ ॥**

### શબ્દાર્થ

णउअ = નેવું અધિક
सयं = સો
भरह = ભરતના
पमाणेण = પ્રમાણવડે
भाइए = ભાગ્યે છતે ભાગતાં
लक्खे = એક લાખ (યોજન)ને
गुणं = ગુણેલું, ગુણતાં

### ગાથાર્થ

ભરતના પ્રમાણ વડે લાખને ભાગવાથી ખંડોનું એકસો નેવું થાય. અથવા એકસો નેવું ગણું ભરતનું પ્રમાણ લાખ થાય.

### વિશેષાર્થ

૫૨૬ $\frac{૬}{૧૯}$ યોજનના પહોળાઈવાળા ભરત અને ઐરાવત ક્ષેત્ર એ બે નાના

---

૧ એ ૧૪૫૬૦૦૦ નદીઓમાં ભરત-ઐરાવત ક્ષેત્રમાંની કુલ ૫૬૦૦૦ પરિવાર નદીઓ અશાશ્વતી છે, અને શેષ સર્વ નદીઓ શાશ્વતી છે. ભરત ઐરાવતની બે બે મહાનદી તો શાશ્વતી જ છે. શેષ પદાર્થોની કુલ સંખ્યા (સ્વાભાવિક બનેલ અને નિત્ય રહેનાર) શાશ્વત છે.

ક્ષેત્રો છે. ભરતને એક ખંડ ગણીએ, તો એવા ૧૯૦ ખંડોનો જમ્બૂદ્વીપ છે. ૫૨૬$\frac{૬}{૧૯}$ x ૧૯૦ = ૧,૦૦,૦૦૦ એક લાખ યોજનનો જમ્બૂદ્વીપ થશે. અથવા ૧,૦૦,૦૦૦ ÷ ૫૨૬$\frac{૬}{૧૯}$ = ૧૯૦, અથવા ૧,૦૦,૦૦૦ ÷ ૧૯૦ = ૫૨૬$\frac{૬}{૧૯}$; કળા. = એટલે અંશ, ભાગ. એક યોજનના ૧૯ ભાગ કરીએ તેમાંથી ૬ ભાગ લેવા, એ અર્થ સમજવો. અથવા કળાઓ કરીને પણ આ ભાગાકાર કરી શકાશે.

૫૨૬ x ૧૯ = ૯૯૯૪ + ૬ = ૧૦,૦૦૦; ૧,૦૦,૦૦૦ x ૧૯ = ૧૯,૦૦,૦૦૦ ÷ ૧૦,૦૦૦ = ૧૯૦.

## ગણિતના ચિહ્નોની સમજ

+ સરવાળા, – બાદબાકી, x ગુણાકાર, ÷ ભાગાકાર. વર્ગ એટલે તેટલાને તેટલાએ (ગુણવા) √ વર્ગમૂળ (કરણી). = ગણિતનું પરિણામ - જવાબ.

***अहवेगखंड भरहे, दो हिमवंते अ हेमवइ चउरो ।**
**अट्ठ महाहिमवंते, सोलस खंडाइं हरिवासे ॥ ४ ॥**
**बत्तीसं पुण निसढे, मिलिया तेसट्ठि बीयपासेऽवि ।**
**चउसट्ठी उ विदेहे, तिरासिपिंडे उ णउअसयं ॥ ५ ॥**

### સંસ્કૃત અનુવાદ

अथवैकखण्डं भरते, द्वौ हिमवन्ते च हैमवति चत्वारि ।
अष्टौ महाहिमवन्ते षोडश खण्डानि हरिवर्षे ॥ ४ ॥
द्वात्रिंशत् पुनर्निषधे, मिलितास्त्रिषष्टिर्द्वितीयपार्श्वेऽपि ।
चतुःषष्टिस्तु विदेहे त्रिराशिपिण्डे तु नवति (त्यधिक) शतम् ॥ ५ ॥

### અન્વય સહિત પદચ્છેદ

**अहवा भरहे एग खंडं, हिमवंते दो अ हेमवइ चउरो ।**
**महाहिमवंते अट्ठ, हरिवासे सोलस खंडाइं ॥ ४ ॥**
**पुण निसढे बत्तीसं, मिलिया तेसट्ठि बीय पासे अवि ।**
**उ विदेहे चउसट्ठी; तिरासि पिंडे उ णउय सयं ॥ ५ ॥**

### શબ્દાર્થ ૪ થી ગાથાનો

| | |
|---|---|
| अहव = અથવા | खंड = ખંડ |

* વર્તમાનમાં अहविगखंडं भरहे એવો પાઠ પ્રસિદ્ધ છે. પરન્તુ જંબૂ૦ સંગ્ર૦ વૃત્તિના આધારે अहवेग खंड भरहे પાઠ છે.

हिमवंते = હિમવંત પર્વતમાં(ના)
अ = અને
हेमवइ = હિમવંતક્ષેત્રમાં (ના)
चउरो = ચાર ખંડ
महाहिमवंते = મહાહિમવંત પર્વતમાં(ના)
खंडाइं = ખંડ
हरिवासे = હરિવર્ષ ક્ષેત્રમાં

## શબ્દાર્થ ૫ મી ગાથાનો

निसढे = નિષધપર્વતમાંના
मिलिया = સર્વ મળીને
तेसट्ठी = ત્રેસઠ ખંડ
बीय = બીજી સામી
पासे = બાજુએ
अवि = પણ
चउसट्ठी = ચોસઠ ખંડ
उ = વળી
विदेहे = મહાવિદેહ ક્ષેત્રમાં (ના)
ति = ત્રણ
राशि = રાશિ, અંકસમૂહ
पिंडे = એકઠા કરતાં
उ = વળી (અથવા છંદપૂર્તિ માટે)
णउअसयं = એકસો નેવું

## ગાથાર્થ

**ખંડો-ભરતક્ષેત્રમાં એક, હિમવંત પર્વતમાં બે, હિમવંત્ ક્ષેત્રમાં ચાર, મહાહિમવંતમાં આઠ, હરિવર્ષમાં સોળ અને નિષધ પર્વતમાં બત્રીશ, એ મળીને ત્રેસઠ, બીજે પાસે પણ ત્રેસઠ, તથા વિદેહમાં ચોસઠ, સરવાળો એકસોને નેવું ॥ ૪-૫ ॥**

## વિશેષાર્થ

| ખંડ-સંખ્યા-ક્ષેત્ર કે પર્વતનું નામ | ખંડ-સંખ્યા-ક્ષેત્ર કે પર્વતનું નામ |
|---|---|
| ૧ (૫૨૬$\frac{૬}{૧૯}$) ભરત | ૧ (૫૨૬$\frac{૬}{૧૯}$) ઐરાવત ક્ષેત્ર |
| ૨ (૧૦૫૨$\frac{૧૨}{૧૯}$) હિમવંત પર્વત | ૨ (૧૦૫૨$\frac{૧૨}{૧૯}$) શિખરી પર્વત |
| ૪ (૨૧૦૫$\frac{૫}{૧૯}$) હિમવંત ક્ષેત્ર | ૪ (૨૧૦૫$\frac{૫}{૧૯}$) હિરણ્યવંતક્ષેત્ર |
| ૮ (૪૨૧૦$\frac{૧૦}{૧૯}$) મહાહિમવંત પર્વત | ૮ (૪૨૧૦$\frac{૧૦}{૧૯}$) રૂક્મિ પર્વત |
| ૧૬ (૮૪૨૧$\frac{૧}{૧૯}$) હરિવર્ષ ક્ષેત્ર | ૧૬ (૮૪૨૧$\frac{૧}{૧૯}$) રમ્યક્ ક્ષેત્ર |
| ૩૨ (૧૬૮૪૨$\frac{૨}{૧૯}$) નિષધ પર્વત | ૩૨ (૧૬૮૪૨$\frac{૨}{૧૯}$) નીલવંત પર્વત |
| ૬૩ | ૬૩ |
| ૬૪ (૩૩૬૮૪$\frac{૪}{૧૯}$) મહાવિદેહ ક્ષેત્ર | |
| ૧૯૦ ખંડો | ૧,૦૦,૦૦૦ લાખ યોજન |
| આ પ્રમાણે ખંડોની સંખ્યા, ક્ષેત્રો અને પર્વતોવાર સમજવી. | |

## યોજન પ્રમાણ ખંડો

**जोयणपरिमाणाइं, समचउरंसाइं इत्थ खंडाइं ।**
**लक्खस्स य परिहीए, तप्पायगुणे य हुंतेव ॥ ६ ॥**

### સંસ્કૃત અનુવાદ

**योजनप्रमाणानि समचतुरस्राण्यत्र खण्डानि ।**
**लक्षस्य च परिधेस्तत्पादगुणिते च भवन्त्येव ॥ ६ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**इत्थ जोयण परिमाणाइं समचउरंसाइं खंडाइं ।**
**य लक्खस्स परिहीए, तप्पायगुणे हुंति एव ॥ ६ ॥**

### શબ્દાર્થ

परिमाणाइं = પ્રમાણવાળા
समचउरंसाइं = સમચોરસ
इत्थ = અહિં-જંબૂદ્વીપમાં
लक्खस्स = લાખ યોજનના
परिहीए = પરિધિને
तप्पाय = તેના ચોથા ભાગ વડે
गुणे = ગુણાકાર કર્યે છતે

### ગાથાર્થ

અહીં-લાખની પરિધિને તેના પા (૦I) ભાગે ગુણવાથી યોજન પ્રમાણના સમચોરસ ખંડો થાય છે. ॥ ૬ ॥

## પરિધિ અને ગણિત પદ કાઢવાની રીત

**विक्खंभ वग्गदहगुण-करणी वट्टस्स परिरओ होइ ।**
**विक्खंभपायगुणिओ, परिरओ तस्स गणियपयं ॥ ७ ॥**

### સંસ્કૃત અનુવાદ

**विष्कम्भवर्गदशगुणकरणी वृत्तस्य परिरयो भवति ।**
**विष्कम्भपादगुणितः परिरयस्तस्य गणितपदम् ॥ ७ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**विक्खंभ वग्ग दह गुण करणी वट्टस्स परिरओ होइ ।**
**परिरओ विक्खम्भ पाय गुणिओ तस्स गणियपयं ॥ ७ ॥**

### શબ્દાર્થ

विक्खम्भ = વિષ્કભના (વ્યાસના)
वग्ग = વર્ગને

दह = દશવડે
गुण = ગુણાકાર કરી
करणी = વર્ગમૂળ
वट्टस्स = વૃત્ત (ગોળ) વસ્તુનો
परिरओ = પરિધિ (ઘેરાવો)
विक्खम्भ = વિષ્કંભના

पाय = ચોથા ભાગ વડે
गुणिओ = ગુણેલો, ગુણતાં
परिरओ = પરિધિ
तस्स = તે વૃત્ત પદાર્થનું
गणियपयं = ગણિતપદ, ક્ષેત્રફળ

## ગાથાર્થ

**વિષ્કંભના વર્ગના દશ ગુણાની કરણી, ગોળ વસ્તુનો પરિધિ છે. વિષ્કંભના પા ભાગે ગુણાયેલ પરિધિ તેનું (ગોળ વસ્તુનું) ગણિતપદ છે. ॥૭॥**

## વિશેષાર્થ

૧ विष्कम्भ, व्यास, वृत्तविष्कम्भ એટલે ગોળ પદાર્થની પહોળાઈ.

૨ परिधि, परिरय એટલે ગોળ પદાર્થનો ઘેરાવો.

૩ गणितपद क्षेत्रफल એટલે કોઈપણ માપના સમચોરસ ખંડોથી આખા ક્ષેત્રનું માપ કાઢવું તે.

આ ગાથામાં બતાવેલ હિસાબની રીત પ્રમાણે જવાબ રૂપે પરિધિની સંખ્યા આઠમી ગાથામાં અને ગણિતપદની સંખ્યા ૯ મી ૧૦ મી ગાથામાં આપેલ છે.

| વિષ્કંભ | | વિષ્કંભ | | ગુણાકાર | | ગુણ્ય |
|---|---|---|---|---|---|---|
| ૧૦૦૦૦૦ | x | ૧૦૦૦૦૦ | = | ૧૦૦૦૦૦૦૦૦૦૦ | x | ૧૦ = |

| ગુણાકાર | | યો૦ | ગા૦ | ધ૦ |
|---|---|---|---|---|
| ૧૦૦૦૦૦૦૦૦૦૦૦ √ | = | ૩૧૬૨૨૭ – | ૩ – | ૧૨૮ |

| આંગળ | વિષ્કંભનો ચોથો ભાગ |
|---|---|
| ૧૩॥ $\frac{૩૦૩૭૩}{૧૦૫૪૦૯}$ | x ૨૫૦૦૦ = જંબૂદ્વીપનું ક્ષેત્રફળ = |

૭૯૦૫૬૯૪૧૫૦ યો. ૧ ગા. ૧૫૧૫ ધ. ૬૦ આં.*

---

* વર્ગમૂળની રીત તથા સ્પષ્ટ હિસાબ.

**પરિભાષા** - **ભાજ્ય** = જે સંખ્યાના ભાગ કરવા હોય, તે સંખ્યા.
**ભાજક** = ભાગ પાડનારી સંખ્યા.
**ભાગાકાર** = પડેલા ભાગ જણાવનારી સંખ્યા.
**શેષ** = ભાગ પડતા છેવટની બાકી રહેલી સંખ્યા.
**વર્ગ** = કોઈ પણ સંખ્યાને તેજ સંખ્યાએ ગુણવાથી વર્ગ થાય.

**વર્ગમૂળ** એટલે કોઈપણ સરખી બે સંખ્યાના ગુણાકાર વાળી સંખ્યાની મૂળ સંખ્યા

## જંબૂદ્વીપની પરિધિની સંખ્યા

**परिही तिलक्ख-सोलस-सहस्स दो य सय सत्तवीसहिया ।**
**कोसतिगट्ठावीसं, धणुसय तेरंगुलद्धहियं ॥ ८ ॥**

શોધી કાઢવી તે વર્ગમૂળ. વર્ગમૂળની સંખ્યાને તેજ વર્ગમૂળવાળી સંખ્યાએ ગુણીએ, તો પાછી તેજ સંખ્યા આવી જવી જોઈએ. દા.ત. ૧૬ મૂળ સંખ્યા છે. તેને ૧૬ થી ગુણીએ તો ૨૫૬ એ વર્ગ થયો. તેનું વર્ગમૂળ કાઢીએ, તો તેનું મૂળ ૧૬ સંખ્યા આવે. એ વર્ગમૂળને ફરીથી વર્ગમૂળથી=૧૬ થી ગુણીએ તો પ્રથમની ૨૫૬ સંખ્યા આવે.

આંકડાનું ગણિત હમ્મેશાં જમણી બાજુથી ડાબી બાજુ તરફ જતાં જતાં થાય છે. એટલે એકમ સંખ્યા જમણી બાજુ છેલ્લી આવે છે અને દશક સંખ્યાઓ ડાબી બાજુ તરફ ચાલી આવે છે. સંખ્યાનું વાંચન ડાબી બાજુથી થાય છે, અને ગણિત (ભાગાકાર વિના) જમણી બાજુથી થાય છે. જેમકે-૧૬૨૪૫ સોળ હજાર બસ્સો પીસ્તાલીશ = એ વાંચન થયું. અને ગણિત ૧૬૨૪૫ x ૪ = તો પહેલાં પાંચ ચોક વીશ, ત્યાંથી ગણિત કરવાનું શરૂ કરાય છે. માટે -

**વર્ગમૂળ કાઢવાની રીત** - છેલ્લા એકમના આંકડાથી એકી આંકડા ઉપર પહેલાં । આવી નિશાની કરવી. અને બેકી સંખ્યા ઉપર — આવી નિશાની કરવી. એકી સ્થાનના આંકડા તે **વિષમ** સંખ્યા કહેવાય છે. અને બેકી સ્થાનના આંકડા તે **સમ** સંખ્યા કહેવાય છે. આવી નિશાની કરવાનું કારણ વર્ગમૂળનો ભાગાકાર કરતી વખતે પહેલા આંકડા ઉપર વિષમ નિશાની હોય તો એકજ આંકડાથી વર્ગમૂળનું શોધન શરૂ કરવું જોઈએ, અને જો પહેલા આંકડા ઉપર સમ - નિશાની હોય તો બે આંકડાથી વર્ગમૂળનું સંશોધન કરવું. અને પછી પણ । નિશાની વાળી સંખ્યા કટકે કટકે ઉતારવી. કારણ કે એકી સાથે મોટી સંખ્યાનો ભાગાકર કે વર્ગમૂળ કરી શકાય નહીં. માટે કટકે કટકે સંખ્યા ઉતારીને તેનું વર્ગમૂળ કરતાં કરતાં ઠેઠ પુરી સંખ્યાનું વર્ગમૂળ કરી શકાય છે.

સામાન્ય ભાગાકારમાં- એક એક સંખ્યા ઉતરે છે. અને વર્ગમૂળમાં-વર્ગમૂળ પોતે પોતાની સંખ્યાએ ગુણાયેલ હોવાથી તેનું મૂળ કાઢતાં બે આંકડા ઉતારવા પડે છે. હવે દરેક **વિષમ** આંકડા ઉપર । આ નિશાની કરો. અને **સમ ઉપર** — આ નિશાની કરો.

૧. ડાબા હાથ તરફની વિષમ ચિહ્નવાળી સંખ્યા સુધીની સંખ્યામાંથી જ કોઈ પણ સંખ્યાનો વર્ગ બાદ થઈ શકે, તે જ વર્ગના મૂળને ભાજક રાખવો. અને ભાગાકારમાં પણ તે જ આંકડો મૂકવો.

વિષમ સંખ્યા, બ— બાદ ભાજકનો વર્ગ. ભાજકના વર્ગનું મૂળ. તે જ પહેલો ભાજક અને તેજ ભાગાકારની સંખ્યા.

કારણ કે-વર્ગમૂળ કાઢતાં ભાજકની કોઈપણ સંખ્યા આપેલી હોતી નથી. એટલે આવી રીતે તે પહેલેથી જ શોધી કાઢવાની હોય છે.

૨. પછી વિષમ નિશાનીવાળી સંખ્યા બાકી રહેલ શેષ ઉપર ચડાવવી. તેમાંથી — બાદ

(ભાજક + ભાગાકાર x ૧૦ + નવો ભાગાકાર = નક્કી થયેલ નવો ભાજક x નવા ભાગાકારની સંખ્યા)

## સંસ્કૃત અનુવાદ

**परिधिस्त्रिलक्षाः षोडशसहस्राः द्वे च शते सप्तविंशत्यधिके ।**
**कोशत्रयमष्टाविंशं धनुःशतं त्रयोदशाङ्गुलमर्द्धाधिकम् ॥ ८ ॥**

---

૩. એ પ્રમાણે વળી વિષમ નિશાનીવાળી સંખ્યા શેષ ઉપર ચડાવવી. તેમાંથી – બાદ (ભાજક + ભાગાકાર x ૧૦ + નવો ભાગાકાર = **નક્કી થયેલ નવા ભાજક x** નવા ભાગાકારની સંખ્યા)

આ પ્રમાણે ઠેઠ સુધી બધી સંખ્યાઓ પૂરી થાય ત્યાં સુધી કરવું.

અહીં **સમ** નિશાની પહેલાં છે, માટે પહેલા બે આંકડા પકડી **વિષમ** સંખ્યામાંથી **વર્ગમૂળ** શોધવું.

**અથવા** - સંખ્યામાંથી બાદ – (કુલ ભાગાકાર x ૨ x ૧૦ + નવો ભાગાકાર = નવો ભાગાકાર x નવા ભાગાકારની સંખ્યા.

**દાખલો –**

```
               ૧     ૨     ૩     ૪     ૫     ૬
            – । – । – । – । – । – ।          યો૦
=    ૩ ) ૧૦  ૦  ૦  ૦  ૦  ૦  ૦  ૦  ૦  ૦  ૦  (૩૧૬૨૨૭
   + ૩   = ૯
   ——   ———— ૨
     ૬   ૦૧૦૦
  x ૧૦    = ૬૧
   ——   ————— ૩
    ૬૦   ૦૦૩૯૦૦
   + ૧    = ૩૭૫૬
   ——   —————— ૪
=૬૧x૧     ૦૦૧૪૪૦૦
   + ૧      = ૧૨૬૪૪
   ——   ——————— ૫
    ૬૨    ૦૧૭૫૬૦૦
  x ૧૦    =૧૨૬૪૮૪
   ——   ———————— ૬
   ૬૨૦   ૦૪૯૧૧૬૦૦
    +૬   =૪૪૨૭૧૨૯
  ————  ————————
=૬૨૬x૬    ૦૪૮૪૪૭૧  શેષ
   +૬
   ૬૩૨
  x ૧૦
  ————
```

$\frac{૪૮૪૪૭૧}{૬૩૨૪૫૪} \times \frac{૪}{૧} = \frac{૧૯૩૭૮૮૪}{૬૩૨૪૫૪} = ૩ \frac{૪૦૫૨૨}{૬૩૨૪૫૪}$ ગાઉ

## અન્વય સહિત પદચ્છેદ

**परिही तिलक्ख सोलस सहस्स य दो सय सत्तवीस अहिया ।**
**तिग कोस सय अट्ठावीसं धणु अद्ध सहियं तेर अंगुल ॥ ८ ॥**

---

૬૩૨૦
+૨
=૬૩૨૨x૨
+૨
૬૩૨૪
x ૧૦

૪૦૫૨૨ ૧૦૦૦
~~૬૩૨૪૫૪~~ x ~~૨૦૦૦~~ = $\frac{૪૦૫૨૨૦૦૦}{૩૧૬૨૨૭}$ = ૧૨૮ $\frac{૪૪૯૪૪}{૩૧૬૨૨૭}$ ધનુષ
૩૧૬૨૨૭ ૧

$\frac{૪૪૯૪૪}{૩૧૬૨૨૭}$ x $\frac{૪}{૧}$ = $\frac{૧૭૯૭૭૬}{૩૧૬૨૨૭}$ = ૦ હાથ

૬૩૨૪૦
+૨
=૬૩૨૪૨x૨
+૨
૬૩૨૪૪
x ૧૦

૧૭૯૭૭૬ ૮
~~૩૧૬૨૨૭~~ x ~~૨૪~~ = $\frac{૧૪૩૮૨૦૮}{૧૦૫૪૦૯}$ = ૧૩ $\frac{૬૭૮૯૧}{૧૦૫૪૦૯}$ અંગુલ
૧૦૫૪૦૯ ૧

૬૩૨૪૪૦
+૭
=૬૩૨૪૪૭x૭
+૭
૬૩૨૪૫૪
(ધ્રુવભાજક)

$\frac{૬૭૮૯૧}{૧૦૫૪૦૯}$ x $\frac{૨}{૧}$ = $\frac{૧૩૫૭૮૨}{૧૦૫૪૦૯}$ = ૧ $\frac{૩૦૩૭૩}{૧૦૫૪૦૯}$ અર્ધ અંગુલ = ૧૩॥ $\frac{૩૦૩૭૩}{૧૦૫૪૦૯}$ અંગુલ.

આ પ્રમાંણે મૂળ ગાથામાં છે, પરંતુ નીચે પ્રમાણે શેષના ગણિતો કરતાં જતાં છેવટ ૫૪ શેષ લાવી શકાય.

$\frac{૩૦૩૭૩}{૧૦૫૪૦૯}$ x ૮ = યવ, શેષ x ૮ = યુકા, શેષ x ૮ = લિખ, શેષ x ૮ = વાલાગ્ર, શેષ x ૮ = રથરેણુ, શેષ x ૮ = ત્રસરેણુ, શેષ x ૮ = વ્યાવહારિક બાદર પરમાણુ, શેષ x ૧૭૪ = સૂક્ષ્મખંડ બાદર પરમાણુ, શેષ x ૩૬૧ = સૂક્ષ્મતરખંડ બાદર પરમાણુ શેષ ૫૪

| યોજન | ગાઉ | ધનુષ | આંગુલ | યવ | યુકા | લિખ |
|---|---|---|---|---|---|---|
| ૩૧૬૨૨૭ | ૩ | ૧૨૮ | ૧૩॥ | ૧ | ૧ | ૧ |

## શબ્દાર્થ

| | |
|---|---|
| परिही = પરિધિ | सय = સો |
| ति लक्ख = ત્રણ લાખ | तिग = ત્રણ |
| सहस्स = હજાર | धणुसय = સો ધનુષ |

## ગાથાર્થ

પરિધિ-ત્રણ લાખ, સોળ હજાર, બસો સત્તાવીસ યોજનથી અધિક = ત્રણ ગાઉ, એકસો અટ્ઠાવીસ ધનુષ અને તેર આંગુલથી અધિક.

## ગણિત પદ = ક્ષેત્રફળ

सत्तेव य कोडिसया, णउआ छप्पन्न सयसहस्साइं ।
चउणउयं च सहस्सा, सयं दिवड्ढं च साहियं ॥ ९ ॥
गाउयमेगं पनरस-धणूसया तह धणूणि पन्नरस ।
सट्ठिं च अंगुलाइं जंबूदीवस्स गणियपयं ॥ १० ॥

## સંસ્કૃત અનુવાદ

सप्तैव च शतानि नवतिः षट्पञ्चाशच्छतसहस्राणि ।
चतुर्नवति च सहस्राणि शतं द्वितीयार्द्धं च साधिकम् ॥ ९ ॥
गव्यूतमेकं पञ्चदश धनुःशतानि तथा धनुंषि पञ्चदश ।
षष्ठिश्चाङ्गुलानि जम्बूद्वीपस्य गणितपदम् ॥ १० ॥

## અન્વય સહિત પદચ્છેદ

सत्त सया णउआ कोडि एव य छप्पन्न सय सहस्साइं ।
च चउणउयं सहस्सा च दिवड्ढं सयं स अहियं ॥ ९ ॥
एगं गाउयं पनरस सया धणू तह पन्नरस धणूणि ।
च सट्ठिं अंगुलाइं जंबूदीवस्स गणियपयं ॥ १० ॥

---

| વાલાગ્ર | રથરેણુ | ત્રસરેણુ | બાદરપરમાણુ |
|---|---|---|---|
| ૬ | ૦ | ૭ | ૫ |

| સૂક્ષ્મખંડ બાદર પરમાણુ | સૂક્ષ્મતરખંડ બાદર પરમાણુ | શેષ |
|---|---|---|
| ૩૦ (૧૭૪ ભાગના) | ૩ (૧૭૪x૩૬૧) | ૫૪ |

આ પ્રમાણે પરિધિનું સૂક્ષ્મ ગણિત છે.

## શબ્દાર્થ (ગાથા ૯મીનો)

| | |
|---|---|
| सत्त = સાત, कोडि = ક્રોડ, सया = સો, णउआ = નેવું } સાતસો નેવું ક્રોડ | चउणउयं = ચોરાણું |
| छप्पन्न =છપ્પન | सहस्सा = હજાર |
| सयसहस्साइं = (સો હજાર) = લાખ | सयं = સો, दिवड्ढं = દોઢ } દોઢસો |
| | साहियं = સાધિક (આગળ કહેવાતા અધિક પ્રમાણ સહિત) |

## શબ્દાર્થ (ગાથા ૧૦ મીનો)

| | |
|---|---|
| गाउयं = ગાઉ | पन्नरस = પંદર |
| सया = સો  धणूणि = ધનુષ | सट्ठिं = સાઠ  अंगुलाइं = આંગળ |

## ગાથાર્થ

**સાતસો નેવું ક્રોડ, છપ્પન લાખ, ચોરાણું હજાર અને દોઢસો યોજનથી અધિક = એક ગાઉ, પંદરસો પંદર ધનુષ અને સાઠ અંગુલ, જંબૂદ્વીપનું ક્ષેત્રફળ છે.**

## વિશેષાર્થ

જંબૂદ્વીપના ક્ષેત્રમાં ૧ યોજન લાંબા, ૧ યોજન પહોળા ઈંટોના ટુકડા ૭૯૦૫૬૯૪૧૫૦ ગોઠવી શકાય છતાં થોડું ક્ષેત્ર ખાલી પડે, તેમાં -

(૧) ૧ ગાઉ પહોળો અને એક યોજન લાંબો ટુકડો એક

(૨) ૧૫૧૫ ધનુષ પહોળો અને એક યોજન લાંબો ટુકડો એક

(૩) ૬૦ અંગુલ પહોળો અને ૧ યોજન લાંબો ટુકડો એક

એમ એ ત્રણ ટુકડા ગોઠવીએ એટલે પછી જમ્બૂદ્વીપનું ક્ષેત્ર લગભગ પુરાઈ જાય.*

---

* દાખલો–

(૧) યોજન ૩૧૬૨૨૭ x ૨૫૦૦૦ = ૭૯૦૫૬૭૫૦૦૦ યોજન

(૨) ગાઉ ૩ x ૨૫૦૦૦ = ૭૫૦૦૦ ગાઉ

(૩) ધનુષ ૧૨૮ x ૨૫૦૦૦ = ૩૨૦૦૦૦૦ ધનુષ

(૪) અંગુલ ૧૩॥ x ૨૫૦૦૦ = ૩૩૭૫૦૦ અંગુલ

યવ વિગેરેને પણ ૨૫૦૦૦ થી ગુણતાં વધારે ચોક્કસ ગણિતપદ-ક્ષેત્રફળ આવે પરંતુ તે ગણિત કરવું વિદ્યાર્થીને ઘણું અઘરૂં પડવા સંભવ છે. છતાં શક્તિ હોય તેણે કરી જોવું.

(૧) અંગુલ - ૩૩૭૫૦૦ ÷ ૯૬ = ૩૫૧૫ $\frac{૬૦}{૯૬}$ ધનુષ

(૨) ધનુષ - ૩૨૦૦૦૦૦ + ૩૫૧૫ = ૩૨૦૩૫૧૫ ધનુષ ÷ ૨૦૦૦ = ૧૬૦૧ $\frac{૧૫૧૫}{૨૦૦૦}$ ગાઉ

(૩) ગાઉ - ૭૫૦૦૦ + ૧૬૦૧ = ૭૬૬૦૧ ગાઉ ÷ ૪ = ૧૯૧૫૦ $\frac{૧}{૪}$ યોજન

(૪) યોજન - ૭૯૦૫૬૭૫૦૦૦ + ૧૯૧૫૦ = ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન

જંબૂદ્વીપનું ક્ષેત્રફળ ૧ ગાઉ, ૧૫૧૫ ધનુષ, ૬૦ અંગુલ.

સમચોરસ યોજનને હિસાબે ઉપર પ્રમાણેના લંબચોરસ ત્રણ ટુકડાથી ક્ષેત્ર પૂરાશે. જંબૂદ્વીપના ગોળ આકારને લીધે ખાંચા પૂરવા માટે આવી રીતે ગણિત કરવામાં આવે છે.

વિષ્કમ્ભનો અર્ધ ભાગ તે ત્રિજ્યા કહેવાય છે. તેના વર્ગનો વર્ગ કરીને ૧૦ થી ગુણી, વર્ગમૂળ કાઢી હાલ ક્ષેત્રફળ કાઢવામાં આવે છે. તે પ્રમાણે ૧૫૦ ધનુષ્નો ફરક આવવા છતાં લગભગ સરખું ગણિત છે.

## ૩ વાસક્ષેત્રો, અને ૪ પર્વતો

**भरहाइ सत्त वासा, वियड्ढ चउ चउरतिंस वट्टियरे ।**
**सोलस वक्खारगिरि, दो चित्त विचित्त दो जमगा ॥ ११ ॥**

**दोसय कणयगिरीणं, चउ गयदंता य तह सुमेरु अ ।**
**छ वासहरा पिंडे, एगुणसत्तरि सया दुन्नी ॥ १२ ॥**

### સંસ્કૃત અનુવાદ

भरतादीनि सप्तवर्षाणि, वैताढ्याश्चत्वारश्चतुस्त्रिंशद् वृत्तेतराः ।
षोडश वक्षस्कारगिरयो, द्वौ चित्रविचित्रौ द्वौ यमकौ ॥ ११ ॥

द्वे शते काञ्चनगिरीणां, चत्वारो गजदन्ताश्च तथा सुमेरुश्च ।
षड्वर्षधराः, पिंडे, एकोनसप्तति ( त्यधिक ) शते द्वे ॥ १२ ॥

### અન્વય સહિત પદચ્છેદ

भरह आइ सत्त वासा चउ वट्ट वियड्ढ चउरतिंस इयरे ।
सोलस वक्खार गिरि, चित्त विचित्त दो दो जमगा ॥ ११ ॥

दो सय कणयगिरीणं य चउ गयदंता तह सुमेरु अ ।
छ वासहरा पिंडे, दुन्नि सया एग ऊण सत्तरी ॥ १२ ॥

### શબ્દાર્થ (ગાથા ૧૧ મીનો)

वियड्ढ = વૈતાઢ્ય પર્વત
चउ = ચાર
चउरतिंस = ચોત્રીસ
वक्खार = વક્ષસ્કાર
दो = બે
चित्त = ચિત્ર પર્વત (અને)
विचित्त = વિચિત્ર પર્વત છે
जमगा = યમકગિરિ છે

### શબ્દાર્થ (ગાથા ૧૨મીનો)

दोसय = બસો
कणयगिरीणं = કંચનગિરિ
गयदंता = ગજદંતગિરિ
सुमेरु = મેરૂ પર્વત

वासहरा = વર્ષધર (મહાક્ષેત્રની મર્યાદા બાંધનાર)
पिंडे = સર્વને એકત્ર કરતાં સર્વ મળીને
एगुणसत्तरि = (એક ન્યૂન સિત્તેર = ઓગણસીત્તેર)
सया = સો
दुन्नी = બે

## ગાથાર્થ

**ભરતક્ષેત્ર વગેરે સાત રહેઠાણો છે. ચાર ગોળ અને ચોત્રીસ ઈતર (દીર્ઘ) વૈતાઢ્ય પર્વતો છે. સોળ વક્ષસ્કાર પર્વતો, બે ચિત્ર અને વિચિત્ર તથા બે યમક (સમક) પર્વતો છે. ॥ ૧૧ ॥**

**બસો કંચનગિરિ, ચાર ગજદન્તગિરિ, મેરુપર્વત અને છ વર્ષધર પર્વત; સરવાળો કરતાં બસો ઓગણોત્તેર. ॥ ૧૨ ॥**

## વિશેષાર્થ

**સાત વાસક્ષેત્રો**

| વાસક્ષેત્ર | વર્ષધર પર્વત | આકાર | સ્પર્શ | પ્રમાણ |
|---|---|---|---|---|
| ૧. ભરત | — | રોટલાની સ્હેજ ભાંગેલી કોર જેવો | ત્રણ બાજુ લવણસમુદ્ર | ૫૨૬$\frac{૬}{૧૯}$ |
| (ક્ષુલ્લહિમવંત) | | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૧૦૫૨$\frac{૧૨}{૧૯}$ |
| ૨. હિમવંત | — | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૨૧૦૫$\frac{૫}{૧૯}$ |
| (મહાહિમવંત) | | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૪૨૧૦$\frac{૧૦}{૧૯}$ |
| ૩. હરિવર્ષ | — | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૮૪૨૧$\frac{૧}{૧૯}$ |
| (નિષધ) | | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૧૬૮૪૨$\frac{૨}{૧૯}$ |
| ૪. મહાવિદેહ | — | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૩૩૬૮૪$\frac{૪}{૧૯}$ |
| (નીલવંત) | | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૧૬૮૪૨$\frac{૨}{૧૯}$ |
| ૫. રમ્યક્ | — | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૮૪૨૧$\frac{૧}{૧૯}$ |
| (રુક્મિ) | | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૪૨૧૦$\frac{૧૦}{૧૯}$ |
| ૬. હૈરણ્યવંત | — | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૨૧૦૫$\frac{૫}{૧૯}$ |
| (શિખરી) | | પલંગ જેવો લંબચોરસ | પૂર્વ પશ્ચિમ લવણસમુદ્ર | ૧૦૫૨$\frac{૧૨}{૧૯}$ |
| ૭. ઐરાવત | — | રોટલાની સ્હેજ ભાંગેલી કોર જેવો | ત્રણ બાજુ લવણસમુદ્ર | ૫૨૬$\frac{૬}{૧૯}$ |
| | | | કુલ ૧,૦૦,૦૦૦ યો૦ | |

૧ ઉપર જણાવેલા પ્રમાણો - માપો ક્ષેત્રો અને પર્વતોની ઉત્તર દક્ષિણ પહોળાઈના છે. લંબાઈમાં મહાવિદેહ ક્ષેત્ર ૧૦૦૦૦૦ લાખ યોજન લાંબું છે. તેની આ બાજુના ત્રણ ક્ષેત્રો, ત્રણ પર્વતો તથા તેની પેલી તરફના આ તરફ જેવા જ ત્રણ ક્ષેત્રો તથા ત્રણ પર્વતો છે, એઓની લંબાઈ એક સરખી નથી.

૨. [1]કર્મભૂમિઓ - ભરત, ઐરાવત, મહાવિદેહ (દેવકુરૂ, ઉત્તરકુરૂ સિવાય પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહ)

૩. [2]અકર્મભૂમિઓ - હિમવંત, હરિવર્ષ, રમ્યક્, હૈરણ્યવંત.

ઉપર કહેલ ક્ષેત્રનાં નામો અનાદિકાળથી એજ પ્રમાણે શાશ્વતભાવે નક્કી જ છે. અથવા તે તે ક્ષેત્રના અધિષ્ઠાયક દેવના નામ ઉપરથી પણ એ નામ છે. અર્થાત્ તે તે ક્ષેત્રના અધિષ્ઠાયક દેવના પણ નામો એજ પ્રકારના છે.

**૨૬૯ પર્વતો**

**૪ વૃત્ત વૈતાઢ્યો***

| | શબ્દાપાતી | વિકટાપાતી | ગંધાપાતી | માલ્યવંત |
|---|---|---|---|---|
| ક્યાં | હિમવંતક્ષેત્રની મધ્યે | હિરણ્યવંતક્ષેત્રની મધ્યે | હરિવર્ષક્ષેત્રની મધ્યે | રમ્યક્ક્ષેત્રની મધ્યે |
| મૂળમાં | ૧૦૦૦ યોજન | = | = | = |
| મધ્યમાં | ૧૦૦૦ યોજન | = | = | = |
| ઉપર | ૧૦૦૦ યોજન | = | = | = |
| ઉંચાઈ | ૧૦૦૦ યોજન | = | = | = |
| આકાર | ગોળ પ્યાલા જેવો | = | = | = |

૧. અસિ. (શસ્ત્રવ્યવહાર) મષિ (લેખનવ્યવહાર) અને કૃષિ (ખેતી વ્યવહાર) એ ત્રણ મુખ્ય કર્મો-કામો જેમાં ચાલતા હોય તે. ઉપરાંત રાજયવ્યવસ્થા, સમાજ (વર્ણ) વ્યવસ્થા, સ્વામી-સેવક, લગ્ન, રસોઈ કરી ખાવું વિગરે જેમાં ચાલતા હોય.

૨. ઉપરના કાર્યો તથા વ્યવહારો જેમાં ન ચાલતા હોય, ઉપરાંત જોડલે જન્મેલા ભાઈ બ્હેન જ પતિ-પત્ની ભાવથી રહેતા હોય, તે અકર્મભૂમિ કે ભોગભૂમિ. તેમાંના મનુષ્યો યુગલિક કહેવાય છે. તેઓના શરીર સર્વાંગ સુંદર અને સુલક્ષણવંતા હોય છે. અને આ પ્રજા ખૂબ સુખી હોય છે. તેઓ પોતાના જીવનની, તેમજ ભોગ-ઉપભોગની સર્વસામગ્રી કલ્પવૃક્ષો દ્વારા મેળવતા હોય છે.

* (નદીએ રોકેલા ક્ષેત્ર સિવાયના) ક્ષેત્રના વિભાગ પાડનાર-એવો શબ્દાર્થ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ-વૃત્તિમાં છે.


| ૩૪ દીર્ઘ વૈતાઢ્યો | | |
|---|---|---|
| ભરતની વચ્ચે | મહાવિદેહની વચ્ચે | ઐરાવતની વચ્ચે |
| ૧ | ૩૨ | ૧ |
| ઉંચાઈ-૨૫ યોજન | ૨૫ યોજન (દરેકની) | ૨૫ યોજન |
| આકાર-પૂર્વ પશ્ચિમ લાંબા | = | = |

## ૧૬. વક્ષસ્કાર

આ ચિત્રકૂટ વિગેરે સોલ વક્ષસ્કાર પર્વતો મહાવિદેહ ક્ષેત્રમાં આવેલા છે. મહાવિદેહની પૂર્વતરફ બે ભાગમાં વહેંચાયેલી ૧૬ વિજયો, અને પશ્ચિમ તરફ બે ભાગમાં વહેંચાયેલી ૧૬ વિજયો છે. તેમાં વિજય-વક્ષસ્કાર-વિજય-અંતર નદી-વિજય-વક્ષસ્કાર-વિજય-અંતર નદી એવા અનુક્રમે દરેક ભાગમાં ૪ વક્ષસ્કાર પર્વતો છે. ચારે ભાગમાં મળીને ૧૬ વક્ષસ્કાર પર્વતો થાય છે.

| ક્રમ | ક્યાં છે | આકાર | ઉંચાઈ | પહોળાઈ |
|---|---|---|---|---|
| (૧) | ૧-૨ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૨) | ૩-૪ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૩) | ૫-૬ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૪) | ૭-૮ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૫) | ૯-૧૦ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૬) | ૧૧-૧૨ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૭) | ૧૩-૧૪ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૮) | ૧૫-૧૬ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૯) | ૧૭-૧૮ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૧૦) | ૧૯-૨૦ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૧૧) | ૨૧-૨૨ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૧૨) | ૨૩-૨૪ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૧૩) | ૨૫-૨૬ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૧૪) | ૨૭-૨૮ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૧૫) | ૨૯-૩૦ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| (૧૬) | ૩૧-૩૨ વિજયની વચ્ચે | ઉત્તર દક્ષિણ લાંબો | ૪૦૦ થી ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| દરેક પર્વતો જમીનમાં ૧૦૦ થી ૧૨૫ યોજન જમીનમાં ઉંડા છે. | | | | |

જેમ વિજયો સામસામી છે. તેમ આ પર્વતો પણ સામસામા આવી રહેલા છે. એટલે એક પર્વત નિષધ પાસેથી શરૂ થઈ ઉત્તર તરફ જાય છે. જ્યારે સામેનો નીલવંત પર્વત પાસેથી શરૂ થઈ દક્ષિણ તરફ જાય છે. તથા બન્નેયની શરૂઆતમાં ઉંચાઈ ૪૦૦ યોજન હોય છે. અને ધીમે ધીમે વધતાં વધતાં છેડે ૫૦૦ યોજનની ઉંચાઈ થાય છે, તેથી ઘોડાની ડોકનો આકાર બને છે. એટલે બન્નેય સામસામા પર્વતો સામી છાતીએ કેમ જાણ્યે ભેટતા હોય, અથવા વિજયોની મર્યાદા બાંધી રક્ષા કરવા છાતીને આકારે ઉભા રહેલા હોય, એવા દેખાય છે. માટે તેનું નામ વક્ષસ્કાર પર્વતો છે. વક્ષઃ=છાતી.




**૧ ચિત્ર અને ૧ વિચિત્ર પર્વત**

આ બન્નેય પર્વતો દેવકુરુ નામના ક્ષેત્રમાં આવેલા છે. એક પૂર્વ તરફ છે બીજો પશ્ચિમ તરફ છે.

| ઉંચા | મૂળમાં વિસ્તાર | ઉપર વિસ્તાર | આકાર |
|---|---|---|---|
| ૧૦૦૦ | ૧૦૦૦ | ૫૦૦ | ગોળ છે |

**૧ યમક અને ૧ સમક પર્વત**

આ બે પર્વતોની હકીકત ઉપર પ્રમાણે જ છે. માત્ર તે ઉત્તરકુરૂ ક્ષેત્રમાં એક પૂર્વમાં અને બીજો પશ્ચિમમાં આવેલ છે.

| (૩) ૨૦૦ કંચનગિરિ | | | | | |
|---|---|---|---|---|---|
| **દેવકુરૂમાં** | **પૂર્વ** | **પશ્ચિમ** | **ઉત્તરકુરૂમાં** | **પૂર્વ** | **પશ્ચિમ** |
| સરોવર ૧ લાની | ૧૦ | ૧૦ | સરોવર ૧ લાની | ૧૦ | ૧૦ |
| સરોવર ૨ જાની | ૧૦ | ૧૦ | સરોવર ૨ જાની | ૧૦ | ૧૦ |
| સરોવર ૩ જાની | ૧૦ | ૧૦ | સરોવર ૩ જાની | ૧૦ | ૧૦ |
| સરોવર ૪ થાની | ૧૦ | ૧૦ | સરોવર ૪ થાની | ૧૦ | ૧૦ |
| સરોવર ૫ માની | ૧૦ | ૧૦ | સરોવર ૫ માની | ૧૦ | ૧૦ |
| | ૫૦ | ૫૦ | | ૫૦ | ૫૦ |

આ પર્વતો સુવર્ણમય રંગના ૧૦૦ સો યોજન ઉંચા ભૂમિ ઉપર છે. અને અનુક્રમે ૧૦૦ થી ૫૦ યોજન પહોળા ઘટતા ઘટતા શિખરના આકારના છે. આ

પર્વત ભૂમિકૂટો જેવા છતાં પૂર્વાચાર્યોએ ભૂમિકૂટ તરીકે ગણ્યા નથી. સરોવરોની પૂર્વ પશ્ચિમે સીધી શ્રેણીમાં આવેલા છે અને કેમ જાણે દિક્કુમારીઓને રમવાના સોનાના સોગઠા હોય તેવા દેખાય છે.

## (૪) ગજદંત પર્વતો

આ ચાર પર્વતો હાથી દાંતને આકારે મૂળમાં પહોળા, છેડે પાતળા, લાંબા અને વચ્ચે વાંકા છે માટે હાથીના દાંત જેવા તેઓનું નામ ગજદંત પર્વતો છે.

| | સૌમનસ | વિદ્યુત્પ્રભ | માલ્યવંત | ગંધમાદન |
|---|---|---|---|---|
| ક્યાં છે- | દેવકુરૂ પાસે | દેવકુરૂ પાસે | ઉત્તરકુરૂ પાસે | ઉત્તરકુરૂ પાસે |
| દિશા | પૂર્વમાં | પશ્ચિમમાં | પૂર્વમાં | પશ્ચિમમાં |
| મૂળ | નિષધ પાસે | નિષધ પાસે | નીલવંત પાસે | નીલવંત પાસે |
| છેડા | મેરુ પાસે | મેરુ પાસે | મેરુ પાસે | મેરુ પાસે |
| મૂળમાં પહોળા | ૫૦૦ યો. | ૫૦૦ યો. | ૫૦૦ યો. | ૫૦૦ યો. |
| છેડે પહોળા | અંગુલના અસંખ્ય ભાગ પ્રમાણ | અંગુલના અસંખ્ય ભાગ પ્રમાણ | અંગુલના અસંખ્ય ભાગ પ્રમાણ | અંગુલના અસંખ્ય ભાગ પ્રમાણ |
| મૂળમાં ઉંચા | ૪૦૦ યોજન | ૪૦૦ યોજન | ૪૦૦ યોજન | ૪૦૦ યોજન |
| છેડે ઉંચા | ૫૦૦ યોજન | ૫૦૦ યોજન | ૫૦૦ યોજન | ૫૦૦ યોજન |
| મૂળમાં ઉંડા | ૧૦૦ યોજન | ૧૦૦ યોજન | ૧૦૦ યોજન | ૧૦૦ યોજન |
| છેડે ઉંડા | ૧૨૫ યોજન | ૧૨૫ યોજન | ૧૨૫ યોજન | ૧૨૫ યોજન |
| લાંબા | યો. કળા ૩૦૨૦૯ -૬ | યો. કળા ૩૦૨૦૯-૬ | યો. કળા ૩૦૨૦૯-૬ | યો. કળા ૩૦૨૦૯-૬ |
| વર્ણ | શ્વેત | લાલ | લીલો | પીળો |

આ પર્વતોની પણ વક્ષસ્કાર પર્વતોની પેઠે મૂળમાં ૪૦૦ યોજન ઉંચાઈ હોવાથી અને છેડે ૫૦૦ યોજન ઉંચાઈ હોવાથી ઘોડાની ડોક જેવો આકાર ધારણ કરે છે. પહેલા બે દેવકુરૂને ઘેરીને રહેલા છે, અને બીજા બે ઉત્તરકુરૂ ક્ષેત્રને ઘેરીને રહેલા છે. તેથી તેનું વક્ષસ્કાર એવું પણ નામ છે.



## (૫) મેરુ પર્વત

જંબૂદ્વીપમાં મહાવિદેહક્ષેત્રની વચ્ચે મંદર દેવના નામ ઉપરથી મંદર-મેરુ પર્વત છે.

| ઉંચો | નીચે પહોળો | શિખર ઉપર પહોળો | આકાર | રંગ |
|---|---|---|---|---|
| બહાર-૯૯૦૦૦ યો. | ૧૦૦૦૦ યો. | ૧૦૦૦ યો. | ગોળ | પીળો |
| અંદર-૧૦૦૦ યો. | ૧૦૦૯૦ ૧૦/૧૧ યો. | | | સુવર્ણમય |
| કુલ-૧,૦૦,૦૦૦ યો. | | | | |

તે પર્વતને ત્રણ કાંડ છે, તેના ઉપર ત્રણ અને એક તળેટીમાં એમ ચાર વન છે. મેરુના શિખર ઉપર ૪ શિલા અને ૬ સિંહાસન છે.

## (૬) વર્ષધર પર્વતો

| | ચુલ્લહિમવંત | મહાહિમવંત | નિષધ | નીલવંત | રુક્મિ | શિખરી |
|---|---|---|---|---|---|---|
| ઉંચા | ૧૦૦ યો. | ૨૦૦ | ૪૦૦ | ૪૦૦ | ૨૦૦ | ૧૦૦ |
| અંદર | ૨૫ યો. | ૫૦ | ૧૦૦ | ૧૦૦ | ૫૦ | ૨૫ |
| પહોળા | ૧૦૫૨ ૧૨/૧૯ | ૪૨૧૦ ૧૦/૧૯ | ૧૬૮૪૨ ૨/૧૯ | ૧૬૮૪૨ ૨/૧૯ | ૪૨૧૦ ૧૦/૧૯ | ૧૦૫૨ ૧૨/૧૯ |
| આકાર | લંબચોરસ | લંબચોરસ | લંબચોરસ | લંબચોરસ | લંબચોરસ | લંબચોરસ |
| રંગ | પીળો | પીળો | લાલ | લીલો | શ્વેત | પીળો |
| શાના બનેલા | સુવર્ણમય | સુવર્ણમય | તપાયેલા સુવર્ણમય | વૈડૂર્યરત્ન મય | રૂપ્યમય | સુવર્ણમય |

વર્ષ એટલે ક્ષેત્ર, તેની મર્યાદાને, ધર એટલે ધારણ કરનારા, એટલે બે ક્ષેત્રોની વચ્ચે સરહદો ઉપર રહેલા, એવો શબ્દાર્થ સમજવો. તેઓ કયા કયા ક્ષેત્રોની વચ્ચે આવેલા છે, તે વાસક્ષેત્રોના વર્ણનમાં સમજાવેલ છે.

| | |
|---|---|
| ૪ વૃત્તવૈતાઢ્ય | ૨૦૦ કંચનગિરી |
| ૩૪ લાંબા વૈતાઢ્ય | ૪ ગજદંત પર્વત |
| ૧૬ વક્ષસ્કાર પર્વત | ૧ મેરુ |
| ૨ ચિત્ર-વિચિત્ર | ૬ વર્ષધર પર્વતો |
| ૧ યમક | — |
| ૧ સમક | કુલ ૨૬૯ પર્વતો |

## ૨૬૯ પર્વતોનો સંક્ષિપ્ત યંત્ર

| સંખ્યા | પર્વતનાં નામ | સ્થાન | ઉંચાઈ (યોજન) | વિસ્તાર (યોજન) | આકાર | શાના બનેલા અને વર્ણ | કૂટ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લઘુ હિમ૦ | ભ૦-હિમ૦ના મધ્યમાં | ૧૦૦ યોજન | ૧૦૫૨-૧૨ | લંબચોરસ | પીળો (સુવર્ણનો) | ૧૧ |
| ૧ | મહા હિમ૦ | હિમ૦ હરિ૦ના મધ્યમાં | ૨૦૦ યોજન | ૪૨૧૦-૧૦ | લંબચોરસ | પીળો (સુવર્ણનો) | ૮ |
| ૧ | નિષધ | હરિ૦ મહા૦ના મધ્યમાં | ૪૦૦ યોજન | ૧૬૮૪૨-૨ | લંબચોરસ | લાલ (તપનીય સુવર્ણનો) | ૯ |
| ૧ | નીલવંત | મહા૦-રમ્યક્ના મધ્યમાં | ૪૦૦ યોજન | ૧૬૮૪૨-૨ | લંબચોરસ | લીલો (વૈડૂર્યરત્નનો)[૨] | ૯ |
| ૧ | રૂક્મી | રમ્ય૦ હૈર૦ના મધ્યમાં | ૨૦૦ યોજન | ૪૨૧૦-૧૦ | લંબચોરસ | શ્વેત (રૂપાનો) | ૮ |
| ૧ | શિખરી | હૈર૦-ઐરા૦ના મધ્યમાં | ૧૦૦ યોજન | ૧૦૫૨-૧૨ | લંબચોરસ | પીળો (સુવર્ણનો) | ૧૧ |
| ૪ | વૃત્ત વૈતા૦ | ૪ યુગલ ક્ષેત્રમાં | ૧૦૦૦ યોજન | ૧૦૦૦ | [૧]પલ્ય જેવો | શ્વેત (રત્નના) | ૦ |
| ૩૪ | દીર્ઘ વૈતા૦ | ૩૪ વિજયોમાં | ૨૫ યોજન | ૫૦ | લંબચોરસ | શ્વેત (રૂપાના) | ૩૦૬ |

૧. ધાન્ય ભરવાના પ્યાલા સરખા આકારવાળો વાંસની ચીપોનો કોઠો તે પલ્ય કહેવાય. સીધું પીપ-સીધી કોઠી.
૨. પાનાં-પન્ના.

| સંખ્યા | પર્વતનાં નામ | સ્થાન | ઉંચાઈ (યોજન) | વિસ્તાર (યોજન) | આકાર | શાના બનેલા અને વર્ણ | કૂટ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | વક્ષસ્કાર | મહાવિદેહમાં | ૫૦૦ યોજન | ૫૦૦ યોજન | લંબચોરસ | પીળા (સુવર્ણના) | ૬૪ |
| ૨ | ચિ૦ વિચિ૦ | દેવકુરૂમાં | ૧૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન | ઊર્ધ્વગોપુચ્છ | પીળા (સુવર્ણના) | ૦ |
| ૨ | યમક | ઉત્તરકુરૂમાં | ૧૦૦૦ યોજન | ૧૦૦૦ યોજન | ઊર્ધ્વગોપુચ્છ | પીળા (સુવર્ણના) | ૦ |
| ૨૦૦ | કંચનગિરિ | ૧૦૦ દેવકુરૂમાં<br>૧૦૦ ઉત્તરકુરૂમાં | ૧૦૦ યોજન | ૧૦૦ યોજન | ઉર્ધ્વગોપુચ્છ | પીળા (સુવર્ણના) | ૦ |
| ૪ | ગજદંત | ૨ દેવકુરૂ અન્તે<br>૨ ઉત્તરકુરૂ અન્તે | ૫૦૦ યોજન | ૫૦૦ યોજન | અશ્વસ્કંધ અને હસ્તિના દંતૂશલ | લાલ પીળો શ્વેત લીલો (સુવર્ણ રત્નના) | ૩૨ |
| ૧ | મેરૂ પર્વત | મહાવિ૦ માં | ૧ લાખ યોજન | ૧૦૦૯૦ $\frac{૧૦}{૧૧}$ યોજન | ઉર્ધ્વગોપુચ્છ | પીળો (સુવર્ણનો) | ૯ |
| ૨૬૯ | | | | | | | ૪૬૭ |

૧. ગાયે ઉભું કરેલું પૂછડું જેમ મૂળમાં વિસ્તારવાળું અને ઉપર ઘટતું ઘટતું હોય છે તેવું. શાસ્ત્રમાં એજ શબ્દ વિશેષ આવે છે.

## ૫. પર્વતોના શિખરો

सोलसवक्खारेसु, चउ चउ कूडा य हुंति पत्तेयं ।
सोमणस गंधमायण, सत्तट्ठ य रूप्पिमहाहिमवे ॥ १३ ॥
चउतीस वियड्ढेसु, विज्जुप्पहनिसढनीलवंतेसु ।
तह मालवंत सुरगिरि, नव नव कूडाइं पत्तेयं ॥ १४ ॥
हिमसिहरिसु इक्कारस, इय इगसट्ठीगिरिसु कूडाणं ।
एगत्ते सव्वधणं, सय चउरो सत्तसट्ठी य ॥ १५ ॥

### સંસ્કૃત અનુવાદ

षोडशवक्षस्कारेषु चत्वारि चत्वारि कूटानि भवन्ति प्रत्येकं ।
सौमनसगन्धमादनयोः सप्ताष्टौ च रुक्मिमहाहिमवतोः ॥ १३ ॥
चतुस्त्रिंशद्वैताढ्येषु, विद्युत्प्रभनिषधनीलवन्तेषु ।
तथा माल्यवत्सुरगिरयोर्नव नव कूटानि प्रत्येकम् ॥ १४ ॥
हिमवच्छिखरिणोरेकादशेत्येकषष्टिगिरिषु कूटानाम् ।
एकत्वे सर्वधनं शतानि चत्वारि सप्तषष्टिश्च ॥ १५ ॥

### અન્વય સહિત પદચ્છેદ

वक्खारेसु पत्तेयं चउ चउ कूडा हुंति य ।
सोमणस गंधमायण सत्त, य रुप्पिमहहिमवे अट्ठ ॥ १३ ॥
चउतीस वियड्ढेसु विज्जुप्पह निसढ नीलवंतेसु ।
तह मालवंत सुरगिरि पत्तेयं नव नव कूडाइं ॥ १४ ॥
हिम सिहरिसु इक्कारस इय इगसट्ठी गिरिसु कूडाणं ।
एगत्ते सव्वधणं, चउरो सय य सत्त सट्ठी ॥ १५ ॥

### શબ્દાર્થ (ગાથા ૧૩ મી નો)

सोमणस = સોમનસ ગજદંતગિરિ ઉપર
गंधमायण = ગંધમાદન ગજદંત ગિરિ ઉપર
रुप्पि = રૂક્મિ પર્વત ઉપર
महाहिमवे = મહાહિમવંત પર્વત ઉપર

### શબ્દાર્થ (ગાથા ૧૪ મી નો)

चउतीस = ચોત્રીસ
वियड्ढेसु = વૈતાઢ્ય પર્વતો ઉપર
विज्जुप्पह = વિદ્યુત્પ્રભ ગજદંત-ગિરિ ઉપર

निसढ = નિષધ પર્વત ઉપર
नीलवंतेसु = નીલવંત પર્વત ઉપર
तह = તથા
मालवंत = માલ્યવંત ગજદંત ગિરિ ઉપર
सुरगिरि = મેરૂ પર્વત ઉપર
नव नव = નવ નવ
कूडाइं = કૂટ, શિખરો (છે)
पत्तेयं = પ્રત્યેક ઉપર

## શબ્દાર્થ (ગાથા ૧૫ મી નો)

हिम = હિમવંત પર્વત ઉપર
सिहरिसु = શિખરી પર્વત ઉપર
इक्कारस = અગ્યાર
इय = એ પ્રમાણે
इगसट्ठी = એકસઠ
गिरिसु = પર્વતો ઉપર
कूडाणं = કૂટોની શિખરોની (નું)
एगत्ते = એકત્વ, કરતાં, મેળવતાં
सव्व = સર્વ, કુલ
धणं = ધન, સંખ્યા
सय = સો
चउरो = ચાર
सत्तसट्ठी = સડસઠ
य = અને

## ગાથાર્થ

સોળ વક્ષસ્કાર પર્વતોમાં દરેકને ચાર ચાર શિખરો છે. સૌમનસ અને ગંધમાદનને સાત સાત છે, અને રુક્મિ તથા મહાહિમવંત પર્વતને આઠ આઠ શિખરો છે. ॥ ૧૩ ॥

ચોત્રીશ વૈતાઢ્ય, વિદ્યુત્પ્રભ, નિષધ, નીલવંત તથા માલ્યવંત અને મેરુ પર્વત એ દરેક ઉપર નવ નવ શિખરો છે. ॥ ૧૪ ॥

હિમવંત અને શિખરી પર્વત (એ બે વર્ષધર પર્વત) ઉપર અગ્યાર શિખરો છે. એ પ્રમાણે એકસઠ પર્વતો ઉપર એકઠાં કરતાં કૂટોની સર્વ સંખ્યા ચારસો સડસઠ થાય છે. ॥૧૫ ॥

## વિશેષાર્થ

| પર્વત | શિખરો | કુલ | મૂળ વિસ્તાર તથા ઉંચાઈ | ઉપર વિસ્તાર | શિખરો શાના છે |
|---|---|---|---|---|---|
| ૧૬ વક્ષસ્કાર | ૪ | ૬૪ | ૫૦૦ યો. | ૨૫૦ યો. | રત્નમય |
| ૧ સૌમનસ | ૭ | ૧૪ | ૫૦૦ યો. | ૨૫૦ યો. | રત્નમય |
| ૧ ગંધમાદન | ૭ | | ૫૦૦ યો. | ૨૫૦ યો. | રત્નમય |
| ૧ રુક્મિ | ૮ | ૧૬ | ૫૦૦ યો. | ૨૫૦ યો. | રત્નમય |
| ૧ મહાહિમવંત | ૮ | | ૫૦૦ યો. | ૨૫૦ યો. | રત્નમય |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૪ વૈતાઢ્ય | | ૯ | ૩૦૬ | ૬l | ૩ યો.થી અધિક | (૬)રત્નમય<br>(૩) સુવર્ણમય |
| ૧ વિદ્યુત્પ્રભ | | ૯ | ૯ | (૮) ૫૦૦<br>(૧) ૧૦૦૦ | ૨૫૦ યો.<br>૫૦૦ યો. | રત્નમય<br>રત્નમય |
| ૧ માલ્યવંત | ૩૯ પર્વતો | ૯ | ૯ | (૮) ૫૦૦<br>(૧) ૧૦૦૦ | ૨૫૦ યો.<br>૫૦૦ યો. | રત્નમય<br>રત્નમય |
| ૧ નિષધ | | ૯ | ૯ | ૫૦૦ યો. | ૨૫૦ યો. | રત્નમય |
| ૧ નીલવંત | | ૯ | ૯ | ૫૦૦ યો. | ૨૫૦ યો. | રત્નમય |
| ૧ મેરુ | | ૯ | ૯ | (૮) ૫૦૦<br>(૧) ૧૦૦૦ | ૨૫૦ યો.<br>૫૦૦ યો. | રત્નમય<br>રત્નમય |
| | | | ૩૫૧ | | | |
| ૧ લઘુ હિમ૦<br>૧ શિખરી | | ૧૧<br>૧૧ | ૨૨ | ૫૦૦ યો.<br>૫૦૦ યો. | ૨૫૦ યો.<br>૨૫૦ યો. | રત્નમય<br>રત્નમય |
| ૬૧ | | | ૪૬૭ | | | |

(૧) વિદ્યુત્પ્રભ, માલ્યવંત અને મેરુઃ એ ત્રણ પર્વતોના નવ નવ શિખરોમાં એક શિખર સહસ્ત્રાંકકૂટ કહેવાય છે, એટલે કે તેઓ ૧૦૦૦ યોજન ઉંચા છે. તેના નામો અનુક્રમે હરિકૂટ, હરિસહકૂટ અને મેરૂ ઉપર નંદનવનમાં આવેલનું નામ બલકૂટ છે. તેનો મૂળ વિસ્તાર પણ ૧૦૦૦ યોજન છે. તેથી ૨૫૦ ૨૫૦ યોજન બન્ને બાજુએ આધાર વિના રહ્યા છે. અને શિખર ઉપર ૫૦૦ યોજનના વિસ્તારવાળા છે. પરંતુ મેરુ પર્વત ઉપર આવેલું બલકૂટ ૫૦૦ યોજન નંદનવનમાં અને ૫૦૦ યોજન આધાર વિના અદ્ધર રહે છે.

(૨) વૈતાઢ્યના ૩૦૬ ગિરિકૂટો ૬l યોજન ઉંચા, ૬l યોજન મૂળમાં વિસ્તારવાળા અને ઉપર ૩ યોજનથી કંઈક અધિક વિસ્તારવાળા છે.

(૩) બાકીના ૧૫૮ ગિરિકૂટો ૫૦૦ યોજન ઉંચા, ૫૦૦ યોજન મૂળમાં વિસ્તારવાળા અને ૨૫૦ યોજન શિખર ઉપર વિસ્તારવાળા છે.

(૪) તેથી તેવા શિખરો ધીમે ધીમે ઘટતા ઘટતા શિખર ઉપર અરધા વિસ્તારવાળા હોવાથી ઉંચા કરેલ ગોપૂચ્છના આકારના છે.

(૫) વૈતાઢ્ય ઉપરના નવ શિખરોમાં વચ્ચેના ૩ સુવર્ણમય છે. અને બાકીના ૬ રત્નમય છે.

(૬) ૬૧ એકસઠેય પર્વત ઉપરના કૂટોમાં છેડે રહેલું દરેકનું એકેક કૂટ સિદ્ધકૂટ કહેવાય છે. તે દરેક સિદ્ધકૂટ ઉપર સિદ્ધાયતન (શાશ્વત જિનેશ્વરોનું મંદિર)

છે. તે મંદિરમાં મધ્ય ભાગે ૧૦૮ પ્રતિમાઓ અને દરેક દ્વારે ચાર ચાર પ્રતિમાઓ મળી ૧૨૦ શ્રી શાશ્વત જિનપ્રતિમાઓ છે. તે દરેક પ્રતિમા ૫૦૦ ધનુષ ઉંચી છે. તેના જુદા જુદા અવયવો જુદા જુદા રત્નોના બનેલા છે. તે દરેક ૬૧ સિદ્ધાયતન ચૈત્યોની કુલ ૭૩૨૦ શાશ્વત પ્રતિમાઓને હું મન-વચન-કાયાથી વંદન કરૂં છું.

(૭) સિદ્ધકૂટ સિવાયના ૪૦૬ ગિરિકુટો ઉપર યથાસંભવ દેવદેવીઓના સમચોરસ પ્રાસાદ (મહેલ) હોય છે. તેમાં તે તે કુટના અધિપતિ દેવ અથવા દેવી રહે છે.

(૮) આ સિદ્ધાયતનોને પશ્ચિમ દિશા તરફ દ્વારો નથી માટે ત્રણ દ્વાર છે.

(૯) સિદ્ધાયતનના તથા પ્રાસાદના પ્રમાણ નીચે પ્રમાણે છે.

| નામ | લાંબા | વિસ્તાર | ઉંચાઈ |
|---|---|---|---|
| ૩૪ વૈતાઢ્યના | | | કંઈક ન્યૂન |
| ૩૪ સિદ્ધાયતનો | ૧ ગાઉ | ૦ાા ગાઉ | ૧ ગાઉ |
| ૩૪ પ્રાસાદો | ૦ાા ગાઉ | ૦ાા ગાઉ | ૧ ગાઉ |
| ૨૭ બાકીના | | | |
| ૨૭ સિદ્ધાયતનો | ૫૦ યોજન | ૨૫ યોજન | ૩૬ યોજન |
| ૨૭ પ્રાસાદો | ૩૧ા યોજન | ૩૧ા યોજન | ૬૨ાા યોજન |

## બીજી રીતે ગિરિકૂટોની સંખ્યા

**चउ सत्त अट्ठ नवगे गारसकूडेहिं गुणह जहसंखं ।**
**सोलस दुदु गुणयालं, दुवे य सगसट्ठि सय चउरो ॥ १६ ॥**

### સંસ્કૃત અનુવાદ

चतुः सप्ताष्टनवकैकादशकूटैर्गुणयत यथासंख्यम् ।
षोडश द्वे द्वे एकोनचत्वारिंशतं द्वे च सप्तषष्ट्यधिकानि शतानि चत्वारि ॥ १६ ॥

### અન્વય સહિત પદચ્છેદ

**जह संखं चउ सत्त अट्ठ नवग एगारस कूडेहिं ।**
**सोलस दु दु गुणयालं य दुवे चउरो सय सगसट्ठि ॥ १६ ॥**

### શબ્દાર્થ

कूडेहिं = શિખરો વડે
गुणह = ગુણો, ગુણાકાર કરો (કરીએ)
जहसंखं = અનુક્રમે
गुणयालं = ઓગણચાલીસ (વૈતાઢ્યાદિક)ને
सगसट्ठि = સડસઠ
सयचउरो = ચારસો

### ગાથાર્થ

ચાર, સાત, આઠ, નવ અને અગિયાર કૂટોવડે અનુક્રમે સોળ, બે, બે, ઓગણચાલીશ અને બેને ગુણો એટલે ચારસો સડસઠ. ॥ ૧૬ ॥

## ભૂમિ કૂટો (શિખરો)

**चउतीसुं विजएसुं, [1]उसहकूडा अट्ठ मेरुजंबुम्मि ।**
**अट्ठ य देवकुराए, हरिकूट हरिस्सहे सट्ठी ॥ १७ ॥**

इय अडवन्नं धरणिकूडा પાઠાન્તરમ્[2] ॥ १७ ॥

### સંસ્કૃત અનુવાદ

**चतुस्त्रिंशत्सु विजयेषु, ऋषभकूटान्यष्टौ मेरौ जम्ब्वां ।**
**अष्टौ च देवकुरुषु, हरिकूटहरिस्सहौ षष्टिः ॥ १७ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**चउतीसुं विजएसुं उसह कूडा अट्ठ मेरु जंबुम्मि ।**
**य अट्ठ देवकुराए, हरिकूड हरिस्सहे सट्ठी ॥ १७ ॥**

### શબ્દાર્થ

चउतीसुं = ચોત્રીસ
विजएसुं = વિજયોમાં
उसहकूडा = ઋષભકૂટ
जंबुम्मि = જંબૂવૃક્ષના વનમાં (ઉત્તરકુરૂ ક્ષેત્રમાં)

देवकुराए = દેવકુરૂ ક્ષેત્રમાં (શાલ્મલિવૃક્ષના વનમાં)
हरिकूड = હરિકૂટ
हरिस्सहे = હરિસહકૂટ } આ બે ગિરિકૂટ છે.
सट्ठी = એ ૬૦ (=૫૮) ભૂમિકૂટ છે.

### ગાથાર્થ

**ચોત્રીશ વિજયોમાં ચોત્રીસ ઋષભકૂટો, મેરુ અને જંબૂ ઉપર આઠ, દેવકુરૂમાં આઠ, હરિકૂટ અને હરિસહકૂટ, એ સાઠ ॥ ૧૭ ॥**

## વિશેષાર્થ

| ૩૪ વિજયોમાં | મેરુ ઉપર | જંબૂવૃક્ષ ઉપર | શાલ્મલિવૃક્ષ ઉપર | કુલ |
|---|---|---|---|---|
| ૩૪ ઋષભકૂટો | ૮ કરિકૂટો | ૮ જંબૂ કૂટો | ૮ શાલ્મલિ કૂટો | ૫૮ |
| ૮ યો. ઉંચા | ૫૦૦ યો. ઉંચા | ૮ યો. ઉંચા | ૮ યો. ઉંચા | |
| ૨ યો. ઉંડા | ૧૨૫ યો. ઉંડા | ૨ યો. ઉંડા | ૨ યો. ઉંડા | |

---

૧ उसुकूडा એવો પણ પાઠ છે.

૨ જંબૂ૦ સંગ્રહણી મૂળમાં हरिकुड हरिस्सहे सट्ठी છે, પરન્તુ વૃત્તિકર્ત્તાએ इय अडवन्नं धरणिकूडा એ પાઠ જોઈએ, એમ કહ્યું છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ યો. મૂળમાં વિસ્તાર | ૫૦૦ યો. મૂળમાં વિસ્તાર | ૧૨ યો. મૂળમાં વિસ્તાર | ૧૨ યો. મૂળમાં વિસ્તાર | |
| ૪ યો. શિખરે વિસ્તાર | ૨૫૦ યો. શિખરે વિસ્તાર | ૪ યો. શિખરે વિસ્તાર | ૪ યો. શિખરે વિસ્તાર | |
| ગોળ ઊર્ધ્વ ગોપૂચ્છને આકારે છે | હાથીના આકારના છે | ગોળ ઊર્ધ્વ ગોપૂચ્છને આકારે છે | ગોળ ઊર્ધ્વ ગોપૂચ્છને આકારે છે | |
| જાંબૂનદ સુવર્ણમય છે | સુવર્ણમય છે | જાંબૂનદ સુવર્ણના છે | રૂપાના છે | |

(૨) એ ઉપરાંત હરિકૂટ, અને હરિસ્સહકૂટને ગણતાં કુલ ૬૦ ભૂમિકૂટો થશે. તે પ્રથમ સહસ્રાંકકૂટ તરીકે ગણાઈ ગયેલ છે. તેથી ૫૮ પણ ભૂમિકૂટો ગણાય.

(૩) ભૂમિકૂટ – એટલે પર્વત ઉપરના શિખર નહીં પણ સીધાજ ભૂમિ ઉપર શિખર હોય છે.

(૪) ઋષભકૂટ – ૩૪ વિજયોમાં સામ-સામા પર્વતો ઉપરથી નીકળેલી બબ્બે મૂળ નદીઓ જ્યાં જ્યાં પોતાના પ્રપાત કુંડોમાં પડીને વળાંક ખાય છે, ત્યાં તે પ્રપાતોની વચ્ચે એક એક ઋષભકૂટ આવેલો છે. દરેક વિજયોના ૬ ખંડોમાંના ૪ થા ખંડમાં ઋષભકૂટ હોય છે. તેના ઉપર ઋષભ નામનો અધિષ્ઠાયક દેવ હોય છે, તેથી તેનાં તે નામો છે, જ્યારે ચક્રવર્તી ચોથા ખંડનો દિગ્‌વિજય કરી લઘુહિમવંતના હિમવંતદેવને જીત્યા પછી (ભરતની અપેક્ષાએ) વળતાં ઋષભકૂટને પોતાના રથની અણીથી ત્રણવાર સ્પર્શ કરે છે, અને કાકિણી રત્ન વડે પૂર્વ દિશામાં પોતાનું નામ લખે છે.

(૫) કરિકૂટો – મહાવિદેહક્ષેત્રમાં મેરુની તળેટીમાં ભદ્રશાળ નામના વનમાં દિશાઓ અને વિદિશાઓની વચ્ચેના આઠ આંતરામાં આઠ હાથીના આકારનાં ભૂમિ ઉપર શિખરો છે, તે દિગ્ગજકૂટ, હસ્તિકૂટ, કરિકૂટ કહેવાય છે. તેના ઉપર તે તે કૂટના નામોવાળાં આઠ દેવભવનો છે. આ આઠ ભૂમિકૂટો મેરુની પાસે ભદ્રશાળ વનમાં હોવાથી ગાથામાં મેરુકૂટ કહ્યા છે.

(૬) જંબૂકૂટ – મહાવિદેહ ક્ષેત્રમાં આવેલા ઉત્તરકુરૂ ક્ષેત્રમાં જંબૂદ્વીપના અધિષ્ઠાતા અનાદૃત દેવને નિવાસ કરવા યોગ્ય નાના મોટા જંબૂવૃક્ષોના પરિવાર-વાળું મહાન જંબૂવૃક્ષ છે, તેની આજુબાજુ ફરતાં ૧૦૦-૧૦૦ યોજન વિસ્તારના ત્રણ વનો વીંટાયેલા છે. તેમાંના પહેલા વનમાં આઠ વિદિશાઓમાં જાંબૂનદ સુવર્ણમય ઋષભકૂટ જેવા ૮ ભૂમિકૂટ પર્વતો છે તે દરેક ઉપર ૧ ગાઉ લાંબા, ૦ાા ગાઉ વિસ્તારવાળા, અને કંઈક ન્યૂન ૧ ગાઉ ઉંચા શાશ્વત સિદ્ધાયતનો છે.

(૭) શાલ્મલિકૂટો ગરૂડવેગ દેવને નિવાસ કરવા યોગ્ય જંબૂવૃક્ષ પ્રમાણે શાલ્મલિવૃક્ષ દેવકુરૂમાં છે. તેના પહેલા વનમાં શાલ્મલિકૂટો રૂપ્યમય છે. તેનું સ્વરૂપ જંબૂકૂટો પ્રમાણે છે. દેવકુરૂમાં હોવાથી ગાથામાં દેવકુરૂ શબ્દ કહ્યો છે.

(૮) હરિકૂટ અને હરિસ્સહકૂટ – આ બે સહસ્રાંક કૂટો અનુક્રમે વિદ્યુત્પ્રભ અને માલ્યવંત ગજદંતના નવકૂટોમાં ગણાયેલા છે. તે બન્નેય કૂટો પર્વત ઉપર છે, પરંતુ બન્ને બાજુ ૨૫૦-૨૫૦ યોજન નિરાધાર સ્થિતિમાં છે. એટલે તેની પહોળાઈ પણ ૧૦૦૦ યોજન છે.

## ૬ તીર્થો

**मागहवरदामपभास-तित्थ विजयेसु एरवयभरहे ।**
**चउतीसा तीहिं गुणिया, दुरुत्तरसयं तु तित्थाणं ॥ १८ ॥**

### સંસ્કૃત અનુવાદ

मागधवरदामप्रभासतीर्थानि विजयेषु ऐरावतभरतयोः ।
चतुस्त्रिंशत् त्रिभिर्गुणिता, द्वयुत्तरशतं तु तीर्थानाम् ॥ १८ ॥

### અન્વય સહિત પદચ્છેદ

विजयेसु एरवय भरहे मागध वरदाम पभास तित्थं ।
तु चउतीसा तिहिं गुणिया दुरुत्तर सयं तित्थाणं ॥ १८ ॥

## શબ્દાર્થ

मागह = માગધ તીર્થ
वरदाम = વરદામ તીર્થ
पभास = પ્રભાસ તીર્થ
तित्थं = તીર્થ (જળમાં ઉતરવા યોગ્ય સ્થાને મોટાં દેવસ્થાન)
विजयेसु = ૩૨ વિજયોમાં
एरवय = ઐરાવત ક્ષેત્રમાં
तिहिं = ત્રણવડે
गुणिया = ગુણ્ય છતા, ગુણતાં
दुरुत्तर = (બે ઉત્તર=) બે અધિક
सयं = સો
तित्थाणं = તીર્થોની સંખ્યા, તીર્થો

### ગાથાર્થ

(૩૨) વિજયોમાં, ઐરાવત અને ભરતમાં માગધ, વરદામ, અને પ્રભાસ તીર્થ છે. ચોત્રીશને ત્રણે ગુણીએ તો તીર્થોનું એકસો બે થાય. ॥ ૧૮ ॥

### વિશેષાર્થ

(૧) તીર્થ એટલે પૂજ્ય પુરુષો, જળાશય, પવિત્ર યાત્રાસ્થળ, ધર્મ-સંસ્થા, પાણીનો ઓવારો [अवतरण], નદી વગેરે જળાશયોનું સંગમસ્થાન, પહેલા ગણધર, ચતુર્વિધ સંઘ વિગેરે ઘણા અર્થો છે.

(૨) અહીં જળાશયમાં ઉતરવાનો ઢાળ-ઓવારો જળાશયમાં પ્રવેશ માર્ગ એવો અર્થ સમજવાનો છે.

(૩) આ ભરત ક્ષેત્રમાં ગંગા અને સિંધુના સમુદ્ર સાથેના સંગમ સ્થાને એટલે કે - જ્યાંથી લવણસમુદ્રમાં ઉતરાય છે. તે માગધ અને પ્રભાસ નામના બે તીર્થો છે. ઉપરાંત વચ્ચે લવણસમુદ્રમાં ઉતરવાનું વરદામ નામનું તીર્થ છે.

(૪) એ પ્રમાણે ભરત, ઐરાવત તથા મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજયોમાં મળીને ૧૦૨ તીર્થો છે.

(૫) દરેક તીર્થ સમુદ્રના કિનારાથી ૧૨ યોજન દૂર માગધ વિગેરે તીર્થના દેવની રાજધાનીવાળા માગધ વગેરે દ્વીપો છે.

(૬) જ્યારે ચક્રવર્તિ દિગ્‌વિજય કરવા નીકળે છે, ત્યારે પહેલો જ ખંડ જીતતી વખતે માગધ તીર્થ પાસે જઈને છાવણીનો પડાવ નાંખે છે. ત્યાં અટ્ઠમનો તપ કર્યા પછી ચાર ઘોડાવાળા રથમાં બેસી અડધા પૈડા ડુબે ત્યાં સુધી પાણીમાં જઈ પોતાના નામવાળું બાણ માગધ દ્વીપમાં ફેંકે છે. તે બાણ ૧૨ યોજન જઈ માગધ-દેવની સભામાં પડે છે કે તેને એકદમ ક્રોધ ચડે છે, પરંતુ ચક્રવર્તીનું નામ વાંચી નવો ચક્રવર્તિ ઉત્પન્ન થયેલો જાણી શાંત થઈ ભેટણાં લઈને ચક્રવર્તિ પાસે આવે છે. "હું તમારા ક્ષેત્રની હદમાં વસનારો દેવ તમારી આજ્ઞામાં છું" એમ કહી નમ્રતા બતાવે છે.

ચક્રવર્તિ ભેટણાં તથા બાણ લઈ સત્કારપૂર્વક તેને વિસર્જન કરે છે. એ પ્રમાણે વરદામ અને પ્રભાસ તીર્થને પણ વશ કરે છે.

## ૭ શ્રેણિઓ

**विज्जाहर-अभिओगिय, सेढीओ दुन्नि दुन्नि वेयड्ढे ।**
**इय चउगुण चउतीसा, छत्तीससयं तु सेढीणं ॥ १९ ॥**

### સંસ્કૃત અનુવાદ

**विद्याधराभियौगिकश्रेण्यौ द्वे द्वे वैताढ्ये ।**
**इति चतुर्गुणचतुस्त्रिंशत् षट्त्रिंशदुत्तरशतं तु श्रेणीनाम् ॥ १९ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**वेयड्ढे विज्जाहर अभिओगिय दुन्नि दुन्नि सेढीओ ।**
**इय चउतीसा चउ गुण तु सयं छत्तीस सेढीणं ॥ १९ ॥**

### શબ્દાર્થ

विज्जाहर = વિદ્યાધર મનુષ્યોની
अभियोगिय = આભિયોગિક દેવોની
सेढीओ = શ્રેણિઓ, નગર પંક્તિઓ
दुन्नि दुन्नि = બે બે
छत्तीससयं = એકસો છત્રીશ
सेढीणं = શ્રેણિઓની (સંખ્યા), શ્રેણીઓ

## ગાથાર્થ

વૈતાઢ્ય ઉપર વિદ્યાધરો અને આભિયોગિકોની બબ્બે શ્રેણિઓ છે. એ પ્રમાણે ચોત્રીસને ચાર વડે ગુણતાં શ્રેણિઓ એકસો છત્રીશ થાય. ૧૯

## વિશેષાર્થ

विद्याधर श्रेणिओ — વૈતાઢ્ય પર્વત ઉપર ૧૦ યોજન ઉંચા જઈએ ત્યારે ૧૦ યોજન પહોળાઈની અને વૈતાઢ્ય જેટલી લાંબી ઉત્તર અને દક્ષિણે બે મેખલા (સપાટ પ્રદેશ) આવે છે. તેમાં ઉત્તર તરફના સપાટ પ્રદેશ ઉપર રથનૂપુર વિગેરે ૬૦ શહેરો અને દક્ષિણ તરફના સપાટ પ્રદેશ ઉપર ગગનવલ્લભ વિગેરે ૫૦ શહેરો છે. તેમાં પ્રજ્ઞપ્તિ વિગેરે વિદ્યાદેવીઓની મદદથી મન ધાર્યાં કામો કરવાની શક્તિવાળા વિદ્યાધર જાતના મનુષ્યો રહે છે.

ઉત્તર તરફ ૬૦ અને દક્ષિણ તરફ ૫૦ નગરો હોવાનું કારણ ઉત્તર તરફ પર્વતની લંબાઈ વધારે હોય છે અને દક્ષિણ તરફ પર્વતની લંબાઈ ઓછી હોય છે.

ઐરાવત ક્ષેત્રમાં મેરુ તરફ પર્વતની લંબાઈ વધારે હોવાથી દક્ષિણ દિશાએ ૬૦ નગરો છે. અને ઉત્તર તરફ ૫૦ નગરો છે. એ રાજધાનીના શહેરો સાથે બીજા પણ અનેક ગામડાઓ વિગેરે હોય છે.

મહાવિદેહની દરેક વિજયના વૈતાઢ્યોમાં પણ બન્ને મેખલાઓ ઉપર ૫૫-૫૫ નગરો હોય છે. આ પ્રમાણે ૩૪ વિજયોની ૬૮ વિદ્યાધરોના નગરોની શ્રેણીઓ હોય છે. અને ૩૭૪૦ કુલ નગરો હોય છે.

आभियोगिक श्रेणिओ — ઉપર કહેલી મેખલાઓથી ઉપર ૧૦ યોજન ઉંચે જઈએ ત્યારે ૧૦ યોજન વિસ્તારવાળી વૈતાઢ્યની બન્નેય બાજુએ બીજી બે સપાટ પ્રદેશવાળી મેખલાઓ આવે છે. બન્નેય ઉપર આભિયોગિક પદવીના તિર્યગ્જૃંભક્ વ્યંતર દેવોનાં ભવનો છે.

મેરુથી દક્ષિણ તરફની ૧૬ મહાવિદેહની વિજયો અને ભરતની વિજયના વૈતાઢ્ય ઉપર સૌધર્મ ઈન્દ્રના લોકપાલોના આભિયોગિક તિર્યગ્જૃંભક વ્યંતર દેવો રહે છે. અને ઉત્તર તરફની ૧૬ અને ૧ ઐરાવતની વિજયના વૈતાઢ્યની ઉપર ઈશાનેન્દ્રના લોકપાલોના આભિયોગિક તિર્યગ્જૃંભક વ્યંતર દેવો રહે છે.

સોમ-યમ-વરુણ અને કુબેર એ ચાર જાતના લોકપાલ દેવો સાથે સંબંધ ધરાવતા આ આભિયોગિક દેવો વ્યંતર દેવો છે. (આભિયોગિક એટલે ચાકર તરીકે કામ કરનારા)

એ પ્રમાણે દરેક વૈતાઢ્ય ઉપર ચાર ચાર શ્રેણિઓ ગણતાં કુલ ૧૩૬ એકસો ને છત્રીશ શ્રેણિઓ થાય છે.

## ૮ વિજયો

चक्कीजेअव्वाइं, विजयाइं इत्थ हुंति चउतीसा ।
महद्द[1]ह छप्पउमाई, कुरुसु दसगंति सोलसगं ॥ २० ॥

### સંસ્કૃત અનુવાદ

चक्रिजेतव्या विजया अत्र भवन्ति चतुस्त्रिंशत् ।
महाद्रहाः षड् पद्मादयः कुरुषु दशकमिति षोडशकम् ॥ २० ॥

### અન્વય સહિત પદચ્છેદ

इत्थ चक्की जेअव्वाइं विजयाइं चउतीसा हुंति ।
प्पउम आई छ मह द्दह कुरूसु दसगं इति सोलसगं ॥ २० ॥

### શબ્દાર્થ

चक्की = ચક્રવર્ત્તિ (ને, વડે)
जेअव्वाइं = જીતવા યોગ્ય ક્ષેત્ર તે
विजयाइं = વિજયો કહેવાય
इत्थ = અહીં, જંબૂદ્વીપમાં
मह = મહા, મોટા
द्दह = દ્રહ-સરોવર-હ્રદ
प्पउमाई = પદ્મસરોવર ઇત્યાદિ
कुरूसु = બે કુરૂક્ષેત્રમાં
दसगं = દશ સરોવર છે
इति = એ પ્રમાણે
सोलसगं = (સર્વ મળી) સોળ (મોટાં સરોવર છે)

### ગાથાર્થ

**અહીં ચક્રવર્તિને જીતવા યોગ્ય ચોત્રીશ વિજયો છે. પદ્મ વિગેરે છ મોટા હ્રદો અને કુરૂઓમાં દશ એમ સોળ છે. ॥ ૨૦ ॥**

### વિશેષાર્થ

## ॥ જમ્બૂદ્વીપમાં ૩૪ વિજયક્ષેત્ર ॥

ભરતક્ષેત્ર, ઐરાવત ક્ષેત્ર અને મહાવિદેહમાંની [2]૩૨ વિજયઃ એ સર્વ મળી

---

૧ महद्दह छपउमाई એવો પણ પાઠ છે.

૨ મહાવિદેહના ૩૨ વિજયક્ષેત્રનાં નામ—

| પૂર્વ મહાવિદેહમાં ૧૬ | | પશ્ચિમ મહાવિદેહમાં ૧૬ | |
|---|---|---|---|
| ૧ કચ્છ | *૯ વત્સ | ૧૭ પદ્મ | *૨૫ વપ્ર |
| ૨ સુકચ્છ | ૧૦ સુવત્સ | ૧૮ સુપદ્મ | ૨૬ સુવપ્ર |
| ૩ મહાકચ્છ | ૧૧ મહાવત્સ | ૧૯ મહાપદ્મ | ૨૭ મહાવપ્ર |
| ૪ કચ્છાવતી | ૧૨ વત્સાવતી | ૨૦ પદ્માવતી | ૨૮ વપ્રાવતી |
| ૫ આવર્ત્ત | ૧૩ રમ્ય | ૨૧ શંખ | ૨૯ વલ્ગુ |
| ૬ મંગલાવર્ત્ત | ૧૪ રમ્યક્ | ૨૨ કુમુદ | ૩૦ સુવલ્ગુ |
| ૭ પુષ્કલાવર્ત્ત | ૧૫ રમણિક | ૨૩ નલિન | ૩૧ ગંધિલ |
| ૮ *પુષ્કલાવતી | ૧૬ મંગલાવતી | ૨૪ *નલિનાવતી | ૩૨ ગંધિલાવતી |
| ઉત્તર દિશામાં | દક્ષિણ દિશામાં | દક્ષિણ દિશામાં | ઉત્તર દિશામાં |

(આની બાકીની ફુટનોટ * ફુદડીવાળી પેજ નં. ૬૪ ની નીચે છે.)

૩૪ વિજયક્ષેત્રો છે, કારણ કે એ દરેક વિજયના છ ખંડને [1]ચક્રવર્તિ સંપૂર્ણ જીતે છે, તેથી વિજયક્ષેત્ર કહેવાય છે. એ ૩૪ ક્ષેત્રો સિવાયનાં હિમવંત આદિ કોઈપણ ક્ષેત્ર એવું નથી કે જેમાં ચક્રવર્તિને વિજય કરવો પડતો હોય, કેમકે ચક્રવર્તિ વિગેરે વ્યવસ્થા જ ત્યાં નથી. અનુક્રમે જીતવા યોગ્ય ૬ ખંડો - (૧) દક્ષિણાર્ધ મધ્યખંડ, (૨) દક્ષિણાર્ધ પશ્ચિમખંડ, (૩) ઉત્તરાર્ધ પશ્ચિમખંડ, (૪) ઉત્તરાર્ધ મધ્યખંડ, (૫) ઉત્તરાર્ધ પૂર્વખંડ અને (૬) દક્ષિણાર્ધ પૂર્વખંડ એ પ્રમાણે અનુક્રમે ૬ ખંડ ચોત્રીશેય વિજયમાં જાણવા.

એ ૩૪ વિજયમાં ભરત તથા ઐરાવત ક્ષેત્ર દરેક ૫૨૬ $\frac{૬}{૧૯}$ યોજન વિસ્તારવાળું છે, અને કચ્છ આદિ દરેક વિજય ૨૨૧૨ $\frac{૭}{૮}$ યોજન છે.

| ૯ હ્રદો | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ મહાહ્રદો | | | | | |
| નામ | ક્યાં | લાંબો | પહોળો | ઊંડો | કોનું નિવાસ |
| १ पद्महूद | ક્ષુલ્લહિમવંત ઉપર | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ યો. | શ્રી દેવીનું |
| २ महापद्महूद | મહાહિમવંત ઉપર | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦ યો. | હ્રી દેવીનું |
| ३ तिग्च्छिहूद | નિષધ ઉપર | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૦ યો. | ધી દેવીનું |
| ४ पुंडरिकहूद | શિખરી ઉપર | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ યો. | લક્ષ્મીદેવીનું |
| ५ महापुंडरिकहूद | રુક્મિ ઉપર | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦ યો. | બુદ્ધિદેવીનું |
| ६ केसरीहूद | નીલવંત ઉપર | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૦ યો. | કીર્તિદેવીનું |

ઉપર કહેલી દેવીઓ પરિવાર સહિત મુખ્ય કમળોમાં નિવાસ કરી રહે છે. તેનું સ્વરૂપ જાણવા જેવું છે.

---

૧ થાળી સરખું ગોળ, ચારે બાજુ તીક્ષ્ણ ધાર અને દાંતાવાળું તથા વજ્રરત્નનું ચક્રરત્ન નામનું મુખ્ય શસ્ત્ર જેને હોય અને ૬ ખંડ સંપૂર્ણ સાધે તે ચક્રવર્ત્તી કહેવાય (વાસુદેવ પાસે પણ ચક્રરત્ન હોવા છતાં ૩ ખંડનેજ જીતે છે માટે ચક્રવર્તિ નહિ).

* એ ચાર વિજયમાં વર્તમાનકાળે શ્રી સીમંધરસ્વામી - શ્રી યુગમંધરસ્વામી - શ્રી બાહુસ્વામી - શ્રી સુબાહુસ્વામી એ ચાર નામના તીર્થંકર ભગવંતો વિચરે છે. તેમને મારો ત્રિકરણપૂર્વક નમસ્કાર હો. તેઓ વિહરમાન ભગવાન કહેવાય છે.

| ૧૦ લઘુહ્રદો | | | |
|---|---|---|---|
| निषध | દેવકુરૂમાં છે | नीलवंत | ઉત્તરકુરૂમાં છે |
| देवकुरु | દેવકુરૂમાં છે | उत्तरकुरु | ઉત્તરકુરૂમાં છે |
| सुरप्रभ | દેવકુરૂમાં છે | चंद्र | ઉત્તરકુરૂમાં છે |
| सुलस | દેવકુરૂમાં છે | ऐरावत | ઉત્તરકુરૂમાં છે |
| विद्युत्प्रभ | દેવકુરૂમાં છે | माल्यवंत | ઉત્તરકુરૂમાં છે |
| આ પાંચ હ્રદોને ભેદીને सीतोदा નદી છે, તેથી તેઓના બબ્બે ભાગ પડી જાય છે. | | આ પાંચ હ્રદોને ભેદીને सीता નદી વહે વહે છે, તેથી તેઓના બબ્બે ભાગ પડી જાય છે. | |

આ દશેય હ્રદો પદ્મહ્રદની પ્રમાણે લાંબા, પહોળા, ઊંડા છે, અને તે તે નામના જ દેવો તેમાં રહે છે.

મહાવિદેહની અન્તરનદીઓ જેમ ગંગા-સિંધુ કરતાં મોટી છતાં તે મુખ્ય ન હોવાથી મહાનદીમાં ગણાતી નથી. તેમજ લઘુહ્રદો પદ્મહ્રદ સરખા પ્રમાણના હોવા છતાં મહાહ્રદોમાં ગણાતા નથી हृद = द्रह = सरोवर એ અહીં પર્યાય શબ્દો છે.

**गंगा सिंधू रत्ता, रत्तवई चउ नईओ पत्तेयं ।**
**चउदसहिं सहस्सेहिं, [1]समगं वच्चंति जलहिंमि ॥ २१ ॥**

### સંસ્કૃત અનુવાદ

**गङ्गा सिन्धू रक्ता रक्तवती चतस्रो नद्यः प्रत्येकम् ।**
**चतुर्दशभिः सहस्रैः समकं व्रजन्ति जलधौ ॥ २१ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

ગાથાવત્ - પરંતુ जलहिंमि वच्चंति

### શબ્દાર્થ

गंगा = ગંગા નદી
सिंधु = સિંધુ નદી
रत्ता = રક્તા નદી
रत्तवई = રક્તવતી નદી
नईओ = નદીઓ છે
चउदसहिं = ચૌદ
सहस्सेहिं = હજાર
समगं = સહિત
वच्चंति = જાય છે
जलहिंमि = સમુદ્રમાં

૧ છપાયેલી ચોપડીમાં समग्ग અને છપાયેલી સટીક પ્રતમાં समगं મૂળમાં છે, અર્થ પણ समगंનોજ કરેલો છે. માટે અહિં પણ समगं શબ્દ ઠીક સંબંધવાળો થવાથી યોજયો છે.

### ગાથાર્થ

ગંગા, સિંધુ, રકતા, અને રક્તવતી એ ચાર નદીઓ દરેક ચૌદ ચૌદ હજાર સાથે સમુદ્રમાં જાય છે. ॥ ૨૧ ॥

### વિશેષાર્થ

ભરતક્ષેત્રમાં ગંગા અને સિંધુ એ બે મહાનદીઓ લઘુ હિમવંત ઉપરના પદ્મહ્રદમાંથી નીકળી ચૌદ હજાર બીજી નાની નદીઓ સાથે અનુક્રમે પૂર્વ અને પશ્ચિમ તરફ વહી લવણસમુદ્રને મળે છે. તેમજ ઐરાવત ક્ષેત્રમાં રક્તવતી અને રક્તા શિખરી પર્વત ઉપરના પુંડરીક હ્રદમાંથી નીકળી ચૌદ ચૌદ હજાર બીજી નાની નદીઓ સાથે અનુક્રમે પશ્ચિમ (ત્યાંના સૂર્યોદયની અપેક્ષાએ પૂર્વ) અને પૂર્વ (ત્યાંના સૂર્યોદયની અપેક્ષાએ પશ્ચિમ) તરફ વહી લવણ સમુદ્રને મળે છે.

## નદીઓનો પરિવાર

**एवं अब्भिंतरिया,* चउरो पुण अट्ठवीससहस्सेहिं ।**
**पुणरवि छप्पन्नेहिं, सहस्सेहिं जंति चउ सलिला ॥ २२ ॥**

### સંસ્કૃત અનુવાદ

**एवमाभ्यन्तरिकाश्चतस्त्रः पुनरष्टाविंशतिसहस्त्रैः ।**
**पुनरपि षट्पञ्चाशता सहस्त्रैर्यान्ति चतस्त्रः सलिलाः ॥ २२ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**पुण एवं अब्भिंतरिया चउरो अट्ठवीस सहस्सेहिं ।**
**पुण अवि चउ सलिला छप्पन्नेहिं सहस्सेहिं जंति ॥ २२ ॥**

### શબ્દાર્થ

अब्भिंतरिया = મધ્યક્ષેત્રની
चउरो = ચાર નદીઓ
अट्ठवीस = અઠ્ઠાવીસ
सहस्सेहिं = હજાર નદીઓ
सलिला = નદીઓ (મધ્યક્ષેત્રની)

### ગાથાર્થ

**તથા એ પ્રકારે અંદર પ્રદેશની ચાર અટ્ઠાવીશ અટ્ઠાવીશ હજાર સાથે, અને ચાર નદીઓ છપ્પન્ન છપ્પન્ન હજાર સાથે જાય છે.**

### વિશેષાર્થ

હિમવંત, હિરણ્યવંત, હરિવર્ષ, અને રમ્યક્ એ ચાર ક્ષેત્ર અભ્યન્તર ક્ષેત્રો છે. કેમકે- ભરત, ઐરવત (ઐરાવત) બાહ્ય ક્ષેત્રો છે, મહાવિદેહ મધ્ય

* अब्भंतरगा – એવો પણ પાઠ છે.

ક્ષેત્ર છે. બાહ્ય અને મધ્યની વચ્ચે આવેલ હોવાથી તે અભ્યન્તર ક્ષેત્રો કહેવાય છે. અને તેમાંની નદીઓ પણ અભ્યન્તર નદીઓ કહેવાય છે.

| | | | |
|---|---|---|---|
| रोहिता | હિમવંત ક્ષેત્રમાં | પૂર્વમાં વહે છે | ૨૮૦૦૦ |
| रोहितांशा | હિમવંત ક્ષેત્રમાં | પશ્ચિમમાં વહે છે | ૨૮૦૦૦ |
| सुवर्णकुला | હિરણ્યવંત ક્ષેત્રમાં | પૂર્વમાં વહે છે | ૨૮૦૦૦ |
| रुप्यकुला | હિરણ્યવંત ક્ષેત્રમાં | પશ્ચિમમાં વહે છે | ૨૮૦૦૦ |
| हरिसलिला | હરિવર્ષ ક્ષેત્રમાં | પૂર્વમાં વહે છે | ૫૬૦૦૦ |
| हरिकान्ता | હરિવર્ષ ક્ષેત્રમાં | પશ્ચિમમાં વહે છે | ૫૬૦૦૦ |
| नरकान्ता | રમ્યક્ ક્ષેત્રમાં | પૂર્વમાં વહે છે | ૫૬૦૦૦ |
| नारीकान्ता | રમ્યક્ ક્ષેત્રમાં | પશ્ચિમમાં વહે છે | ૫૬૦૦૦ |

આ આઠેય નદીઓ પરિવાર સાથે લવણસમુદ્રને મળે છે.

૧૪૦૦૦+૧૪૦૦૦+૧૪૦૦૦+૧૪૦૦૦+૧૧૨૦૦૦+૨૨૪૦૦૦+૧૨ મુખ્ય નદીઓ = ૩૯૨૦૧૨ નદીઓ અહીં સુધી સમજવી.

## મહાવિદેહ ક્ષેત્રની નદીઓ

**कुरुमज्झे चउरासी-सहस्साइं तह य विजयसोलससु ।**
**बत्तीसाण नईणं, चउदस सहस्साइं पत्तेअं ( यं )[१] ॥ २३ ॥**

### સંસ્કૃત અનુવાદ

**कुरूमध्ये चतुरशीतिसहस्राणि तथा च विजयषोडशसु ।**
**द्वात्रिंशतो नदीनां, चतुर्दश सहस्राणि प्रत्येकम् ॥ २३ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**कुरुमज्झे चउरासी सहस्साइं तह य विजय सोलससु ।**
**बत्तीसाण नईणं पत्तेयं चउदस सहस्साइं ॥ २३ ॥**

### શબ્દાર્થ

कुरुमज्झे = કુરૂ (ઉત્તરકુરૂ) ક્ષેત્રમાં
चउरासी = ચોરાશી
सहस्साइं = હજાર
बत्तीसाण = બત્રીશ
सहस्साइं = હજાર

---

૧ જંબૂ.સંગ્રહણીની વૃત્તિમાં આ ગાથા કેવળ પૂર્વ મહાવિદેહક્ષેત્રના અંગે જ (સીતા નદીના સંબંધમાં જ) વર્ણવી છે, પરન્તુ આ ગાથા બન્ને નદીના સંબંધમાં અને બન્ને મહાવિદેહના સંબંધમાં ઘટી શકે છે.

ગાથાર્થ

કુરૂમાં ચોરાશી હજાર, તથા સોલ વિજયની બત્રીશ નદીઓમાંની દરેકને ચૌદ ચૌદ હજાર નદીઓ છે.

**વિશેષાર્થ**

કુરૂમાં પરિવાર વિજયોનો પરિવાર

સીતોદા – ૮૪૦૦૦ + ૧૬ x ૨ = ૩૨ x ૧૪૦૦૦ = ૪૪૮૦૦૦ =

કુલ પરિવાર = ૫૩૨૦૦૦

સીતોદા નદી નીષધ પર્વત ઉપરના તિગિચ્છ હ્રદમાંથી નીકળી સીતોદાના પ્રવાહમાંથી પડી દેવકુરૂમાં વહી મેરૂ પાસે વાંકી વળી-

દેવકુરૂમાં – ૮૪૦૦૦ ના પરિવાર સાથે ૧૬ પશ્ચિમની દરેક વિજયોની ૨ નદીઓનો પરિવાર x ૧૪૦૦૦ = ૨૮૦૦૦ x ૧૬ = ૪૪૮૦૦૦

૫૩૨૦૦૦

અંતરનદીઓ – + ૬

કુલ ૫૩૨૦૦૬

ના પરિવાર સાથે પશ્ચિમ તરફ વહી લવણસમુદ્રને મળે છે. એજ પ્રમાણે-

સીતા નદી નીલવંત પર્વતના કેસરિ હ્રદમાંથી નીકળી સીતા પ્રપાતમાં પડી ઉત્તરકુરૂમાં વહી મેરૂ પર્વત પાસે વાંકી વળી ઉત્તરકુરૂમાં ૮૪૦૦૦ ના પરિવાર સાથે અને ૧૬ પૂર્વ વિજયોની ૨ નદીઓના પરિવાર x ૧૪૦૦૦ = ૨૮૦૦૦ x ૧૬ = ૪૪૮૦૦૦

અંતરનદીઓ – + ૬

૫૩૨૦૦૬

ના પરિવાર સાથે પૂર્વ તરફ વહી લવણસમુદ્રને મળે છે. બન્નેયનો પરિવાર ૧૦૬૪૦૧૨ + ૬૪ (૩૨ વિજયોની x ૨ મુખ્ય નદીઓ) = ૧૦૬૪૦૭૬ + ૨ (સીતા-સીતોદા) = ૧૦૬૪૦૭૮

પ્રથમની ૩૯૨૦૧૨

૧૦૬૪૦૭૮

કુલ ૧૪૫૬૦૯૦ નદીઓ.

## વિજયોની ૬૪ નદીઓ

કચ્છ વિગેરે ૮ વિજયોમાં તથા પદ્મ વિગેરે (૧૭ થી ૨૪) ૮ વિજયોમાં ગંગા અને સિંધુ એ નામની અને બાકીની વિજયોમાં રક્તા અને રક્તવતી નામની નદીઓ છે. તેનો પ્રવાહ, ઉંડાઈ વિગેરે ભરત અને ઐરાવત ક્ષેત્રની પ્રમાણે જ છે. ૮ ગંગા, ૮ સિંધુ નદીઓ, ૮ રક્તા અને ૮ રક્તવતી એ ૩૨ પશ્ચિમ તરફ વહેનારી નદીઓ નિષધ-નીલવંતના હ્રદોમાંથી નીકળી ચૌદ ચૌદ હજારના પરિવાર સાથે સીતોદા મહાનદીમાં મળે છે. અને બાકીની સીતા નદીમાં મળે છે.

## *મહાવિદેહની ૧૨ અન્તર નદીઓ

પ્રવાહની પહોળાઈ ૧૨૫ યોજન. ૨॥ યોજન ઉંડી.

આ પણ નિષધ તથા નીલવંતમાંના તે તે નદીના નામના હ્રદોમાંથી નીકળી પશ્ચિમ તરફની છ નદીઓ સીતોદામાં અને પૂર્વ તરફની છ નદીઓ સીતામાં મળે છે. શરૂઆતથી છેડા સુધી સરખા પટની આ નદીઓ પરિવાર વિનાની છે. મતાન્તરથી તેને પણ પરિવાર છે. જે આગળની મતાન્તર ગાથામાં સમજાશે.

## સીતા-સીતોદાના પરિવાર સ્થળનો મતાન્તર

**चउदससहस्सगुणिया, अडतीस नइओ विजयमज्झिल्ला ।**
**सीओयाए निवडंति तहय सीयाइं एमेव ॥ २४ ॥**

### સંસ્કૃત અનુવાદ

**चतुर्दशसहस्रगुणिता, अष्टात्रिंशन्नद्यो विजयमध्यकाः ।**
**सीतोदायां निपतन्ति, तथा च सीतायामेवमेव ॥ २४ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**विजय मज्झिल्ला अडतीस नइओ चउदस सहस्स गुणिया ।**
**सीओयाए निवडंति तह य सीयाइं एवं एव ॥ २४ ॥**

### શબ્દાર્થ

मज्झिल्ला = માંહેની, માંની
सीओयाए = સીતોદા મહાનદીમાં
निवडंति = પડે છે, મળે છે
सीयाइं = સીતા મહાનદીમાં
एवं = એ પ્રમાણે

---

* **પૂર્વ મહાવિદેહમાં**

| | |
|---|---|
| ગ્રાહવતી | તપ્તજલા |
| દ્રહવતી | મત્તજલા |
| પંકવતી | ઉન્મત્તજલા |

**પશ્ચિમ મહાવિદેહમાં**

| | |
|---|---|
| ક્ષીરોદા | ઉન્માલિની |
| સિંહસ્રોતા | ફેનમાલિની |
| અન્તર્વાહિની | ગંભીરમાલિની |

### ગાથાર્થ

ચૌદ હજારે ગુણેલી વિજયોમાંની આડત્રીશ નદીઓ સીતોદામાં પડે છે. અને એજ પ્રમાણે સીતામાં પણ. ॥ ૨૪ ॥

### વિશેષાર્થ

સમજવા જેવું એ છે કે- અહિં કુરૂક્ષેત્રની ૮૪૦૦૦ નદીઓને બદલે ૬ અન્તરનદીઓના પરિવારની ૮૪૦૦૦ નદીઓ ગણી, જેથી ઘણા યોજનો સુધી કુરૂક્ષેત્રમાં થઈને એ બંને મહાનદીઓ નિકળવા છતાં (કુરૂક્ષેત્રમાં) એક પણ નદી એ નદીઓને મળતી નથી એવો અભિપ્રાય પ્રગટ થાય છે, અને તે જ મતાન્તર છે. આ મતાન્તરનો મુદ્દો એ છે કે- દેવકુરૂક્ષેત્ર તથા ઉત્તરકુરૂક્ષેત્રની ચોરાશી ચોરાશી હજાર સંખ્યા કયા મુદ્દા ઉપર લેવી? દરેકની ૧૪૦૦૦ ગણતાં છ છ અંતર નદીઓની ચોરાશી હજાર સંખ્યા મળી રહે. બીજી રીતે વિચાર કરતાં એ અંતર નદીઓને વિજયોની ચૌદ ચૌદ હજારના પરિવારની બબ્બે નદીઓ લઈએ. તો પછી તે અંતર નદીઓને જુદો પરિવાર ક્યાંથી આવ્યો? તે જ રીતે કુરૂઓમાંનો પરિવાર પણ ક્યાંથી આવ્યો ? પાંચ લાખ, બત્રીસ હજારની બાબતમાં બન્નેય મતો સરખા છે. માત્ર ચોરાસી હજારની સંખ્યા કઈ રીતે પૂરી થાય? તેની બાબતમાં મતભેદ છે.* ॥ ૨૪ ॥

**सीया सीओया वि य, बत्तीस सहस्स पंचलक्खेहिं ।**
**सव्वे चउदस लक्खा, छप्पन्न सहस्स मेलविया ॥ २५ ॥**

### સંસ્કૃત અનુવાદ

**सीता शीतोदाऽपि च, द्वात्रिंशत्सहस्राधिकपञ्चलक्षैः ।**
**सर्व्वाश्चतुर्दशलक्षाणि, षट्पञ्चाशत्सहस्राणि मेलिताः ॥ २५ ॥**

### અન્વય સહિત પદચ્છેદ

**सीया य सीओया अवि पंच लक्खेहिं बत्तीस सहस्स ।**
**सव्वे मेलविया चउदस लक्खा छप्पन्न सहस्स ॥ २५ ॥**

---

* કુરૂની ચોરાશી હજારવાળો મત વધારે ઠીક લાગે છે, કેમકે અંતર નદીઓના પટ એક સરખા કહેલા છે, જો તેમાં બીજી નદીઓ મળતી હોય તો તેનો પટ પહોળો થતો જાય, વળી તે નદીઓ વૈતાઢ્યની પેઠે બે વિજયોની મર્યાદામાં છે. વિજયમાંની ચૌદ ચૌદ હજારના પરિવારની બન્નેય નદીઓ સીધી ઉત્તર-દક્ષિણ વહીને સીતા-સીતોદામાં મળે છે. એટલે તે અંતરનદીના પરિવાર રૂપે ખરી રીતે નથી. વળી વિજયની નદીમાં પરિવાર મળી ગયા પછી અંતરનદીઓને મળવાને નવો પરિવાર સંભવે નહિ, તથા બન્ને કુરૂઓના મોટા પ્રદેશમાં મોટી નદીઓને મળનારી નાની નદીઓ ન હોય એ સંભવિત લાગતું નથી પછી તો કેવળિ ગમ્ય.

### શબ્દાર્થ

| | |
|---|---|
| सीया = સીતા નદી | मेलविया = મેળવતાં |
| सीओया = સીતોદા નદી | |

### ગાથાર્થ

+(તે બન્ને ય મતોથી) પાંચ લાખ, બત્રીશ હજાર સાથે સીતા અને સીતોદા (જાય છે.) સર્વેનો સરવાળો ચૌદ લાખ, છપ્પન હજાર થાય છે. ॥૨૫॥

## નદીઓના મૂળ તથા મુખનો વિસ્તાર

**छज्जोयणे सकोसे, गंगासिंधूण वित्थरो मूले ।**
**दसगुणिओ पज्जंते, इय दुदु गुणणेण सेसाणं ॥ २६ ॥**

### સંસ્કૃત અનુવાદ

षड्योजनानि सक्रोशानि, गङ्गासिन्ध्वोर्विस्तरो मूले ।
दशगुणितः पर्यन्ते, इति द्विद्विगुणनेन शेषाणाम् ॥ २६ ॥

### અન્વય સહિત પદચ્છેદ

मूले गंगा सिंधूण वित्थरो सकोसे छज्जोयणे ।
पज्जंते दस गुणिओ, इय सेसाण दुदु गुणणेण ॥ २६ ॥

### શબ્દાર્થ

| | |
|---|---|
| स = સહિત | दसगुणिओ = દશ ગુણો |
| कोसे = એક કોશ, એક ગાઉ | पज्जंते = પર્યન્તે, છેડે (નદી જ્યાં સમુદ્રને મળે છે ત્યાં) |
| गंगा = ગંગા નદીનો | इय = એ પ્રમાણે |
| सिंधूण = સિંધુ નદીનો | दुदु = બે બે |
| वित्थरो = વિસ્તાર, પહોળાઈ | गुणणेण = ગુણવા વડે, ગુણો |
| मूले = મૂળને વિષે (જ્યાંથી નદી નિકળે છે ત્યાં) | सेसाणं = શેષ (બાકીનીનો) |

### ગાથાર્થ

ગંગા અને સીંધુનો વિસ્તાર મૂળમાં એક ગાઉ સાથે છ યોજન, અને છેડે દશ ગુણો છે. એ પ્રકારે બમણો બમણો બાકીની નદીઓનો છે. ॥ ૨૬ ॥

---

+ ૨૪મી ગાથા મતાન્તરની છે, અને તે એક જ ગાથામાં મહાવિદેહની ૧૦૬૪૦૦૦ નદીઓ સંપૂર્ણ ગણાય છે, માટે ૨૩મી ગાથા સાથે ૨૫મી ગાથાનો સંબંધ જોડવો. અથવા બન્નેય સાથે પણ સંબંધ ઠીક લાગે છે.

## વિશેષાર્થ

ગંગા - સિંધુ - રક્તા - રક્તવતી એ બાહ્ય ક્ષેત્રની ૪ નદીઓ જ્યાં સરોવર-માંથી નીકળે છે, ત્યાં પ્રારંભમાં ૬॥ યોજન પહોળા પ્રવાહવાળી છે, અને ત્યારબાદ ૧૪૦૦૦ નદીઓનું પાણી ભેગું થતાં અનુક્રમે વધતી વધતી જ્યાં સમુદ્રને મળે છે. ત્યાં* ૬૨॥ યોજન જેટલા મોટા પ્રવાહ (પટ) વાળી છે. તથા હિમવંત અને હિરણ્યવંત ક્ષેત્રની ૪ નદીઓ પ્રારંભમાં ૧૨॥ યોજન અને અન્તે ૧૨૫ યોજન પહોળા પટવાળી છે. તથા હરિવર્ષ અને રમ્યક્ ક્ષેત્રમાંની ૪ નદીઓ પ્રારંભમાં ૨૫ યોજન અને પર્યન્તે ૨૫૦ યોજન પટવાળી છે. તેમજ સીતોદા અને સીતા નદી પ્રારંભમાં ૫૦ યોજન અને પર્યન્તે ૫૦૦ યોજન પહોળા પ્રવાહવાળી છે.

**પ્રશ્ન :-** નદીઓનો પટ - વિસ્તાર કહ્યો, પરંતુ ઉંડાઈ કેટલી ?

**ઉત્તર :-** ઉંડાઈ જો કે ગાથામાં કહી નથી, તોપણ દરેક નદી પોતાના પ્રવાહથી [1]દરેક સ્થાને પચાસમા ભાગ જેટલી ઉંડાઈવાળી જાણવી, જેથી ગંગા વિગેરે ૪ નદીઓ પ્રારંભમાં ૦॥ ગાઉ ઉંડી છે, અને પર્યન્તે ૫ ગાઉ ઉંડી છે, એ રીતે શેષ નદીઓની ઉંડાઈ પણ પૂર્વે યન્ત્રમાં કહી છે, ત્યાંથી જાણવી. ॥૨૬॥

## પર્વતોના પ્રમાણ તથા રંગો

**जोयणसयमुच्चिट्ठा[2], कणयमया सिहरिच्चुल्लहिमवंता ।**
**रुप्पि महाहिमवंता, दुसउच्चा रुप्पकणयमया ॥ २७ ॥**

### સંસ્કૃત અનુવાદ

**योजनशतमुच्छ्रितौ, कनकमयौ शिखरिक्षुल्लहिमवन्तौ ।**
**रुक्मिमहाहिमवन्तौ द्विशतोच्चौ, रुप्यकनकमयौ ॥ २७ ॥**

* એ ૬૨॥ યોજન પ્રવાહ અને ચારે નદીનું નિર્ગમ (નીકળવાનું સ્થાન) ઇત્યાદિ ઉપર કહેલું ગંગા-સિંધુનું કોઈપણ ઉત્કૃષ્ટ સ્વરૂપ વર્તમાનકાળ આશ્રયી નથી, પરંતુ અવસર્પિણીના પહેલા અને ઉત્સર્પિણીના છેલ્લા આરા આશ્રયી એ નદીઓનું સ્વરૂપ છે. અને હિમવંતાદિ ક્ષેત્રની ૧૦ મહાનદીઓનું પૂર્વોક્ત સ્વરૂપ તો સદાકાળ માટે એક સરખું છે. માટે વર્તમાનકાળની ગંગા-સિંધુ નદીનું સ્વરૂપ વિલક્ષણ દેખીને પૂર્વોક્ત સ્વરૂપ ખોટું માનવાનું સાહસ ન કરવું. ભરત અને ઐરાવત એ ૨ ક્ષેત્રોમાં કુદરતી રીતે જ ક્ષેત્રો અને કાળના એવા મોટા વિલક્ષણ ફેરફાર થઈ જાય છે, કે જેથી કોઈ સ્વરૂપ નિયમિતપણે લખી શકાય નહિ, એ ૨ ક્ષેત્રોમાં નિયત સ્વરૂપવાળો કેવળ વૈતાઢ્ય પર્વત અને ૧ ઋષભકૂટ પર્વત અને ૨ નદીઓના પ્રપાતકુંડ છે, પરંતુ તે સ્થળે જઈ શકવાનો અભાવ છે. પુનઃ ગંગાદિ ચારે નદીના પ્રવાહ જઘન્યથી રથપંથ પ્રમાણ (ગાડામાર્ગ જેટલા) અને ઉંડાઈ પણ બહુ છીછરી કહી છે.

૧ શાસ્ત્રમાં દરેક સ્થળે જે નિયમિત પ્રવાહ અને ઉંડાઈ કહી છે તે મૂળ અને મુખને અનુસરીને કહી છે તેથી કોઈ કોઈ સ્થાને હીનાધિક પ્રવાહ અને ઉંડાઈ ન જ હોય એમ ન જાણવું.

૨ છપાયેલી પ્રતમાં उव्विद्धा પાઠ છે.

### અન્વય સહિત પદચ્છેદ

सिहरि चुल्लहिमवंता सयं जोयण उच्चिट्ठा कणयमया ।
रुप्पि महाहिमवंता दुसय उच्चा रुप्पकणयमया ॥ २७ ॥

### શબ્દાર્થ

उच्चिट्ठा = ઉંચા
कणय = કનક, સુવર્ણ
मया = ના, રૂપ, મય
सिहरि = શિખરી પર્વત
चुल्ल = ક્ષુલ્લ, લઘુ
हिमवंता = હિમવંત પર્વત
रुप्पि = રુક્મિ પર્વત, રૂપ્પી પર્વત
महाहिमवंता = મહાહિમવંત પર્વત
स (= सअ) = શત, સો
उच्चा = ઉંચા
रुप्प = રૂપું (=રૂપાના)
कणयमया = કનકમય, સુવર્ણમય (સુવર્ણના)

### ગાથાર્થ

શિખરી અને ચુલ્લહિમવંત સો યોજન ઉંચા સોનામય છે. રુક્મિ અને મહાહિમવંત બસો યોજન ઉંચા અને અનુક્રમે ચાંદી ને સોનામય[1] છે. ॥૨૭॥

चत्तारि जोयणसए [2]उच्चिट्ठो निसढ नीलवंतो अ ।
निसढो तवणिज्जमओ, वेरुलिओ नीलवंतगिरि ॥ २८ ॥

### સંસ્કૃત અનુવાદ

चत्वारि योजनशतान्युच्छ्रितो निषधो नीलवांश्च ।
निषधस्तपनीयमयो, वैडूर्यको नीलवान् गिरिः ॥ २८ ॥

### અન્વય સહિત પદચ્છેદ

निसढो अ नीलवंतो चत्तारि सए जोयण उच्चिट्ठो ।
निसढो तवणिज्जमओ नीलवंत गिरि वेरुलिओ ॥ २८ ॥

### શબ્દાર્થ

चत्तारि = ચાર
सए = સો
उच्चिट्ठो = ઉંચો
निसढ = નિષધ પર્વત
नीलवंतो = નીલવંત પર્વત
अ = વળી, અને
निसढो = નિષધ પર્વત
तवणिज्ज = તપનીય જાતિનું રક્ત સુવર્ણ. (=અતિ લાલ વર્ણનું સોનું)
मओ = મય, રૂપ, નો

૧ સુવર્ણ પાંચ વર્ણનું હોવા છતાં પીળા વર્ણનું મુખ્ય હોવાથી અહીં પીળા વર્ણનું લેવાનું છે.

૨ છપાયેલી જંબૂ. સંગ્રહણી તથા બૃ. ક્ષેત્રસમાસમાં उव्विद्धो પાઠ છે.

वेरुलिओ = વૈડૂર્ય રત્ન (=પાનાં, પન્ના) નો
नीलवंत = નીલવંત (નામનો)
गिरि = પર્વત

### ગાથાર્થ

નિષધ અને નીલવંત ચારસો યોજન ઊંચા છે. નિષધ તપનીયમય છે, અને નીલવંત પર્વત વૈડૂર્ય રત્નમય છે. ॥ ૨૮ ॥

## પર્વતોની ભૂમિમાં ઉંડાઈ

**सव्वेवि पव्वयवरा, समयक्खित्तम्मि मंदरविहूणा ।**
**धरणितले उवगाढा, उस्सेहचउत्थभायंमि ॥ २९ ॥**

### સંસ્કૃત અનુવાદ

सर्वेऽपि पर्वतवराः, समयक्षेत्रे मन्दरविहीनाः ।
धरणितले उवगाढा उत्सेधचतुर्थभागे ॥ २९ ॥

### અન્વય સહિત પદચ્છેદ

समयक्खित्तंमि मंदर विहूणा, सव्वे अवि पव्वयवरा ।
उस्सेह चउत्थ भायंमि धरणितले उवगाढा ॥ २९ ॥

### શબ્દાર્થ

पव्वय = પર્વત
वरा = શ્રેષ્ઠ
समयक्खित्तम्मि = સમયક્ષેત્રમાં, અઢી દ્વીપમાં, મનુષ્ય ક્ષેત્રમાં
मंदर = મેરુ પર્વત
विहूणा = વિના, સિવાય
धरणि = પૃથ્વી
तले = તળમાં, અંદર
उवगाढा = અવગાહેલા, દટાયેલા, ઉંડા ગયેલા. અંદર રહેલા.
उस्सेह = ઉત્સેધ, ઉંચાઈ (થી)
चउत्थ = ચોથા
भायम्मि = ભાગે

### ગાથાર્થ

સમયક્ષેત્રમાં રહેલા મેરુ સિવાયના સર્વે મુખ્ય પર્વતો ભૂમિમાં ઊંચાઈને ચોથે ભાગે દટાયેલા છે. ॥ ૨૯ ॥

### વિશેષાર્થ

સૂર્ય-ચન્દ્રની ગતિથી (૨ાા દ્વીપની બહાર સ્થિર સૂર્યાદિ હોવાથી તે સમયક્ષેત્ર નથી.) ઉત્પન્ન થયેલ સમય એટલે (સમય, આવલિ, મુહૂર્ત્ત ઈત્યાદિ અનેક ભેદવાળો) કાળ જે ક્ષેત્રમાં પ્રવર્ત્તે છે તે સમયક્ષેત્ર ૨ાા દ્વીપ પ્રમાણ અને

તે *૪૫૦૦૦૦૦ (= પીસ્તાલીસ લાખ) યોજન પ્રમાણ છે. એનું બીજું નામ [1]મનુષ્યક્ષેત્ર પણ છે.

એ સમયક્ષેત્રના [2]મેરુ સિવાયના સર્વ પર્વતો (તથા ઉપલક્ષણથી ભૂમિકૂટ પર્વતો પણ, પોતપોતાની ઉંચાઈથી ચોથા ભાગ જેટલા ભૂમિમાં ઉંડા-દટાયેલા છે.[3]

**પ્રશ્ન :-** ઉંડાઈ અને ઉંચાઈના યોજન જૂદા ગણવા કે એકત્ર ગણવા ?

**ઉત્તર :-** પર્વતની ઉંડાઈ અને ઉંચાઈના યોજન જુદા ગણવા તેથી જે પર્વત ૧૦૦ યોજન ઉંચો કહ્યો હોય તે ભૂમિમાં ૨૫ યોજન ઉંડો જાણવો. કારણ કે શાસ્ત્રમાં મેરૂ સિવાયના પર્વતોની ઉંચાઈ મૂળ ભાગથી નહિં પરન્તુ ભૂમિની ઉપરની સપાટીથી ગણેલી છે. ॥ ૨૯ ॥

## ઉપસંહાર અને કર્ત્તાનું નામ

**खंडाईगाहाहिं,[4] दसहिं दारेहिं जंबूदीवस्स ।**
**संघयणी सम्मत्ता, रइया हरिभद्दसूरीहिं ॥ ३० ॥**

---

* ૧ લાખ યોજનનો સંપૂર્ણ જંબૂદ્વીપ, તેને ફરતો ૨ લાખ યોજનનો લવણ સમુદ્ર, તેને ફરતો ૪ લાખ યોજનનો સંપૂર્ણ ધાતકીખંડ દ્વીપ, તેને ફરતો ૮ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર. અને તેને ફરતો (સોળ લાખ યોજનના પુષ્કરવર દ્વીપનો અર્ધ ભાગ એટલે) ૮ લાખ યોજનનો અર્ધ પુષ્કરવરદ્વીપ એ પ્રમાણે બે સમુદ્ર સહિત ૨॥ દ્વીપ છે. ત્યાં જંબૂ૦ ૧ લાખ યોજન અને તેની બે બાજુએ (બે સમુદ્ર સહિત ૧॥ દ્વીપનો વિસ્તાર) ૨૨ લાખ ૨૨ લાખ યોજન ગણતાં મનુષ્યક્ષેત્રના ૪૫ લાખ યોજન થાય.

૧ અઢીદ્વીપમાંજ મનુષ્યોની વસતી, જન્મ અને મરણ છે. અને અઢીદ્વીપથી બહાર લબ્ધિવંત મનુષ્યોનું ગમનાગમન છે. પરંતુ જન્મ, મરણ અને નિવાસ નથી માટે ૨॥ દ્વીપનું નામ મનુષ્યક્ષેત્ર છે.

૨ કારણ કે જંબૂદ્વીપના મેરૂની ઉંચાઈ ૯૯૦૦૦ યોજન અને ઉંડાઈ ૧૦૦૦ યોજન છે (જેથી તે સંપૂર્ણ ૧ લાખ યોજનનો છે.) અને બીજા બે દ્વીપના ૪ મેરૂની ઉંચાઈ ૧૦૦૦ યોજન ઉંડાઈ સહિત ૮૫૦૦૦ યોજન. (૧૦૦૦+૮૪૦૦૦) છે.

૩ ગાથામાં "સમયક્ષેત્રના પર્વતો" કહેવાથી સમયક્ષેત્રથી બહારના પર્વતોની ઊંડાઈ, ઉંચાઈના ચોથા ભાગ જેટલી નિયમિત નથી એમ જાણવું. કારણ કે પ્રથમ તો સમયક્ષેત્રથી બહાર (સમયક્ષેત્રવત્ અનેક પર્વતો ન હોવાને અભાવે) પર્વતો છે નહિં એમ જ કહ્યું છે, અને માનુષોત્તર, કુંડલ, રૂચક, અંજનગિરિ, દધિમુખ, રતિકર તથા ઈન્દ્રોના ઉત્પાદ પર્વતો વિગેરે જે પર્વતો કહ્યા છે, તેમાં માનુષોત્તર, રતિકર અને ઉત્પાત પર્વતો ચોથા ભાગની ઉંડાઈવાળા, અને શેષ ૧૦૦૦ યોજન ઉંડાઈવાળા છે. અને કુંડલ, રૂચક તથા અંજનગિરિઓ ચાર મેરુવત્ મૂળથી ૮૫૦૦૦ યોજન ઉંચા છે, અને દધિમુખ પર્વતો મૂળથી ૬૫૦૦૦ યોજન ઉંચા છે. ઈત્યાદિ રીતે વિશેષતા હોવાથી "मन्दरविहूणा उवगाढा उस्सेहचउत्थभायम्मि" એ વાક્ય સમયક્ષેત્રમાં જ સંભવે માટે ગાથામાં समयक्खित्तम्मि પદ છે.

૪ गाहाए એવો તૃતીયા એકવચનાન્ત પાઠ પણ છે.

### સંસ્કૃત અનુવાદ

खण्डादिगाथाभिर्दशभिर्द्वारैर्जम्बूद्वीपस्य ।
संग्रहणी समाप्ता रचिता हरिभद्रसूरिभिः ॥ ३० ॥

### અન્વય સહિત પદચ્છેદ

खंड आई गाहाहिं दसहिं दारेहिं हरिभद्दसूरिहिं रइया ।
जंबूदीवस्स संघयणी सम्मत्ता ॥ ३० ॥

### શબ્દાર્થ

खंडाई = ખંડ વિગેરેની (અથવા खण्डा जोयण वासा ઇત્યાદિ)
गाहाहिं = ગાથાઓવાળાં, (ગાથાઓમાં કહેલાં)
दसहिं = દશ
दारेहिं = દ્વારો વડે
जम्बूदीवस्स = જંબૂદ્વીપની સંગ્રહણી (સંગ્રહ-પદ્ધતિ)
सम्मत्ता = સમાપ્ત થઈ
रइया = રચેલી
हरिभद्दसूरीहिं = શ્રી હરિભદ્રસૂરિએ

### ગાથાર્થ

**खंडा વિગેરે ગાથાઓ વડે દશ દ્વારોથી શ્રી हरिभद्रसूरिजीએ રચેલી જંબૂદ્વીપની સંગ્રહણી પૂરી થઈ. ॥ ૩૦ ॥**

### વિશેષાર્થ

એ કહેલા ૧૦ પદાર્થો સિવાય બીજા પણ અનેક શાશ્વત પદાર્થો આ જંબૂદ્વીપમાં છે, તેનું સ્વરૂપ બીજા ગ્રંથોથી જાણવા યોગ્ય છે. ॥ ૩૦ ॥

જંબૂદ્વીપ સંગ્રહણી પ્રકરણનો અર્થ લખવામાં મતિદોષ વિગેરે કારણથી જે કંઈ ભૂલ ચૂક થઈ હોય તે ક્ષમા કરી સુધારી વાંચવું, એવી સજ્જનો પ્રત્યે અમારી નમ્ર વિજ્ઞપ્તિ છે.

## परिशिष्ट

બીજા પણ કેટલાક શાશ્વત પદાર્થો અહિં આપ્યા છે.

### (૧) જંબૂદ્વીપમાં ૨ સૂર્ય, ૨ ચન્દ્ર

જે ચન્દ્ર-સૂર્ય આજે ઉગ્યો હોય તે બીજે દિવસે ન ઉગતાં ત્રીજે દિવસે ઉગે છે. દરેક ચન્દ્રનો ૨૮ નક્ષત્ર ઇત્યાદિ પરિવાર હોવાથી બમણો પરિવાર (૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ, ૧૩૩૯૫૦ કોડાકોડી તારા) જંબૂદ્વીપમાં છે.

## (૨) જંબૂદ્વીપની જગતી અને ૪ દ્વાર

આ દ્વીપને ફરતો ૧ કોટ છે જે મૂળમાં ૧૨ યોજન પહોળો, ઉપર ૪ યોજન પહોળો, ૮ યોજન ઊંચો અને દ્વીપની પરિધિ જેટલી લંબાઈવાળો વલયાકારે કહેલો છે. તેને जगती કહે છે. તેને વિજય-વિજયવંત-જયંત-અપરાજિત એ ચાર નામવાળાં (પૂર્વાદિક દિશામાં અનુક્રમે) ૪ મોટાં દ્વાર (દરવાજા) છે.

## (૩) ૩૪ વૈતાઢ્યની ૬૮ ગુફા

દરેક વૈતાઢ્ય પર્વતની तमिस्रागुफा અને खंडप्रपातागुफा નામવાળી મોટી બે ગુફાઓ છે, કે જે ચક્રવર્ત્તિના રાજ્ય વખતે ઉઘાડી રહે છે, અને તે સિવાયના વખતમાં સદાકાળ બંધ રહે છે. તે ગુફા ૧૨ યોજન પહોળી, ૮ યોજન ઉંચી અને ૫૦ યોજન લાંબી હોય છે. ચક્રવર્ત્તિ એક ગુફામાં થઈ કાકિણી રત્નથી બન્ને બાજુએ ભીંતે પ્રકાશમંડલો ચિતરી, બીજી બાજુ નીકળી, તે બાજુના ૩ અનાર્ય ખંડ જીતી, બીજી ગુફામાં થઈ તેમાં પણ તેજ પ્રમાણે પ્રકાશમંડલો ચિતરી પાછા વળી પોતાના ખંડમાં આવે છે. એ રીતે ગુફાઓમાં પ્રકાશમંડલોના પ્રકાશથી બીજી બાજુના ખંડોમાં આવવા-જવાનો વ્યવહાર સુલભ થાય છે.

## (૪) વૈતાઢ્યનાં ૧૪૪ બીલ

વૈતાઢ્યમાં દક્ષિણ બાજુ અને ઉત્તર બાજુએ ગંગા સિંધુ આદિ મહાનદીના બે બે પડખે નવ નવ બીલ હોવાથી એક વૈતાઢ્યમાં ૭૨ बील એટલે નાની ગુફાઓ છે. જેથી ભરત-ઐરાવત ના બે વૈતાઢ્યનાં મળી ૧૪૪ બીલ છે. અવસર્પિણીના ૬ઠ્ઠા આરામાં જયારે અત્યંત તાપ અને ટાઢ વિગેરેના ઉપદ્રવોથી મનુષ્ય પશુઓનો પ્રલય (સંહાર) - કાળ આવશે તે વખતે એ બીલોમાં ભરાઈ ગયેલા મનુષ્ય અને પશુઓ જ જીવતા રહેશે અને પુનઃ મનુષ્યની અને પશુઓની વૃદ્ધિ એ બીજ રૂપ મનુષ્યથી અને પશુઓથી જ થશે.

## (૫) ૪ અને ૩૪ તીર્થંકર

પૂર્વ કહેલી ૩૪ વિજયોમાં ૧-૧ તીર્થંકર ગણવાથી ઉત્કૃષ્ટ કાળે ૩૪ તીર્થંકર હોય છે, અને જઘન્યથી ૪ તીર્થંકર ભગવાન તે મહાવિદેહમાં તીર્થંકરપણે વિચરતા હોય. મતાન્તરે જઘન્યથી ૨ તીર્થંકરો પણ મહાવિદેહમાં જ કહ્યા છે.

## (૬) ચક્રવર્ત્તિ-વાસુદેવ-બળદેવ ૪ અને ૩૦

મહાવિદેહમાં ઉત્કૃષ્ટથી (૨૮ વિજયમાં) ૨૮ ચક્રવર્ત્તી અથવા ૨૮ વાસુદેવ-અને ૨૮ બળદેવ હોય છે, અને તેજ વખતે ભરત ઐરાવતમાં પણ ચક્રવર્ત્તિ આદિ હોય તો જંબૂદ્વીપમાં ઉત્કૃષ્ટ કાળે ૩૦ ચક્રવર્ત્તિ આદિ હોય છે, અન્યથા જઘન્યથી ૪ હોય તે મહાવિદેહમાં જ હોય. વળી મહાવિદેહમાં ૨૮ વિજયો જ્યારે ૨૮ ચક્રવર્ત્તિ યુક્ત હોય ત્યારે શેષ ૪ વિજયો ૪ વાસુદેવ તથા ૪ બળદેવ યુક્ત હોય છે, પરન્તુ એક વિજયમાં ચક્રવર્ત્તી અને વાસુદેવ બે ન હોઈ શકે, એ નિયમથી સર્વ ગણત્રી કરવી.

## (૭) પાંડુકવનમાં ૪ અભિષેક શિલા

મેરુ પર્વતના શિખર ઉપર પાંડુકવન નામનું વન છે, તેમાં ૫૦૦ યોજન લાંબી, ૨૫૦ યોજન પહોળી, ૪ યોજન જાડી (ઉંચી), અને અર્જુન (શ્વેત) સુવર્ણની ૪ મહાશિલાઓ ચાર દિશામાં છે તે શિલાઓ ઉપર તે તે દિશામાં જન્મેલા શ્રી તીર્થંકર ભગવંતોનો જન્માભિષેક થાય છે.

## (૮) ૨ મહા વૃક્ષ

ભૂમિકૂટના વર્ણનમાં કહેલા ૧ જંબૂવૃક્ષ અને ૧ શાલ્મલી વૃક્ષ એમ ૨ વૃક્ષ છે, તેમાં ૧ ઉત્તરકુરૂક્ષેત્રમાં અને ૧ દેવકુરૂક્ષેત્રમાં છે. તે દરેક ૮ યોજન ઉંચું, ૦।। યોજન ઊંડું અને ૮ યોજન વિસ્તારવાળું છે. ત્યાં જંબૂવૃક્ષ ઉપર જંબૂદ્વીપનો અધિપતિ અનાદત દેવ અને શાલ્મલી વૃક્ષ ઉપર ગરુડદેવ રહે છે. બન્ને વૃક્ષ સ્વરૂપે પૃથ્વીકાયમય રત્નનાં છે, પરન્તુ તેનો આકાર વૃક્ષનો છે અને શાશ્વત છે. પુનઃ એ દરેક વૃક્ષને ફરતાં બીજાં અનેક એવાં જ વૃક્ષો નાનાં-મોટાં છે.

## (૯) ૩૪ રાજધાની

ચોત્રીસ વિજયમાં અયોધ્યા ઈત્યાદિ (૩૪) નામવાળી ૩૪ મુખ્ય નગરીઓ છે, તે (૩૪) રાજધાનીઓ કહેવાય.

## (૧૦) ૯૦ કુંડ

૧૪ મહાનદીઓ જે જે પર્વત ઉપરથી નીકળી છે, તે તે પર્વતની નીચે તે તે નદીના નામવાળા પ્રપાતકુંડ છે, કે જેમાં તે નદીનો પડતો ધોધ એ કુંડમાંજ પડીને બહાર નીકળે છે તે ૧૪, તથા મહાવિદેહમાંની ૬૪ વિજયગત નદીઓ અને ૧૨ અન્તર્નદીઓ નિષધ અને નીલવંત પર્વત પાસેના કુંડમાંથી નીકળે છે તે ૭૬, સર્વમળી ૯૦ કુંડ છે.

## (૧૧) ૮ મહા વન

મહાવિદેહના છેડે બે બે વન જગતી પાસે રહેલાં છે તે ૪ વન અને મેરૂ પર્વતનાં ભદ્રશાલ-નંદન-સોમનસ અને પાંડુકવન નામનાં ૪ વન મળી ૮ મહાવન છે.

## (૧૨) અનેક વેદિકા અને વનખંડ

જંબૂદ્વીપમાં જે જે શાશ્વત પર્વત-કૂટ-નદી-સરોવર-કુંડ-શ્રેણિ-મેખલા-મહાવૃક્ષ-શિલા-જગતી-દેવપ્રાસાદના તેમજ સિદ્ધાયતનના વિભાગો-તીર્થ વિગેરે અનેક પદાર્થોમાંના કેટલાક યથાયોગ્ય ૧ વેદિકા અને ૧ વન વડે તેમજ કેટલાક ૧ વેદિકા ૨ વન વડે, અને બે મહાવૃક્ષો અનેક વેદિકા અનેક વન વડે વીંટાયેલાં છે. (તેની ગણત્રીનું અહિં પ્રયોજન નથી).

## (૧૩) ૩૦૬ મહાનિધિ

૩૪ વિજયમાંની દરેક વિજયમાં नैसर्प આદિ નામવાળા ૯-૯ નિધિ પાંચમા ખંડમાં મહાનદીના કિનારા પાસે હોય છે.

જેમ ગંગા મહાનદીના પૂર્વ કિનારે ૯ નિધિ ભૂમિને વિષે છે. તે દરેક ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી તથા ૮ યોજન ઊંચી એવી મોટી પેટીઓના આકારવાળા, તથા સુવર્ણના બનેલા અને આઠ આઠ ચક્ર ઉપર રહેલા (આગગાડીના ડબ્બા સરખા) છે. તેમાં દરેક સ્થિતિને દર્શાવનાર શાશ્વત પુસ્તકો હોય છે, અથવા તે તે જાતના પદાર્થો તૈયાર મળી શકે એવા હોય છે. દરેક નિધિમાં પોતપોતાના નામ સરખા નામવાળા દેવો અધિપતિ હોય છે. પાંચમો ખંડ સાધીને ચક્રવર્ત્તિ એ ૯ નિધિઓને પણ સાધે છે, અને ચક્રવર્ત્તિ દિગ્વિજય કરી પોતાના નગરમાં આવે છે, ત્યારે તે નિધિઓ પણ પાતાલ માર્ગે ચક્રવર્ત્તિના નગર બહાર આવી જાય છે.

## (૧૪) ૪૨૦ રત્નો

દરેક ચક્રવર્ત્તિને ચક્ર-છત્ર-દંડ-ચર્મ-ખડ્ગ-મણિ-કાકિણી, એ ૭ एकेन्द्रिय रत्न, તથા સેનાપતિ-ગાથાપતિ-વાર્ધકી-પુરોહિત-અશ્વ, હસ્તિ અને સ્ત્રી એ ૭ पंचेन्द्रिय रत्न મળી ૧૪ રત્નો હોય છે. જેથી ઉત્કૃષ્ટ કાળે ૩૦ ચક્રવર્તિ હોવાથી જંબૂદ્વીપમાં ૨૧૦ એકેન્દ્રિય રત્ન અને ૨૧૦ પંચેન્દ્રિય રત્ન મળી ૪૨૦ રત્ન ચક્રવર્તિનાં હોય છે.

એ જંબૂદ્વીપના પ્રસિદ્ધ પદાર્થો કહ્યા, તે ઉપરાન્ત બીજા પણ કોટીશિલા વિગેરે અનેક પદાર્થો જંબૂદ્વીપમાં છે તે બીજા ગ્રંથોથી સવિસ્તર જાણવા યોગ્ય છે.

**॥ इति जम्बूद्वीप संग्रहणी परिशिष्टम् ॥**

## ॥ जंबूद्वीप संग्रहणी मूल ॥

नमिय जिणं सव्वन्नुं, जगपुज्जं जगगुरुं महावीरं ।
जंबूद्दीवपयत्थे, वुच्छं सुत्ता सपरहेऊ ॥ १ ॥

खंडा[१] जोयण[२]-वासा[३], पव्वय-कूडा[५] य तित्थ[६]-सेढीओ[७] ।
विजय[८]-द्दह[९]-सलिलाओ[१०], पिंडेसिं होइ संघयणी ॥ २ ॥

णउअसयं खंडाणं, भरहपमाणेण भाइए लक्खे ।
अहवा णउअसयगुणं, भरहपमाणं हवइ लक्खं ॥ ३ ॥

अहवेगखंडं भरहे, दो हिमवंते अ हेमवइ चउरो ।
अट्ठ महाहिमवंते, सोलस खंडाइं हरिवासे ॥ ४ ॥

बत्तीसं पुण निसढे, मिलिया तेसट्ठि बीयपासेऽवि ।
चउसट्ठी उ विदेहे, तिरासिपिंडे उ णउअसयं ॥ ५ ॥

जोयणपरिमाणाइं, समचउरंसाइं इत्थ खंडाइं ।
लक्खस्स य परिहीए, तप्पायगुणे य हुंतेव ॥ ६ ॥

विक्खंभवग्गदहगुण-करणी वट्टस्स परिरओ होइ ।
विक्खंभपायगुणिओ, परिरओ तस्स गणियपयं ॥ ७ ॥

परिही तिलक्ख-सोलस-सहस्स दोय सयसत्तवीसहिया ।
कोसतिगट्ठावीसं, धणुसय तेरंगुलद्धहियं ॥ ८ ॥

सत्तेव य कोडिसया, णउआ छप्पन्न-सयसहस्साइं ।
चउणउयं च सहस्सा, सयं दिवड्ढं च साहियं ॥ ९ ॥

गाउयमेगं पनरस-धणूसया तह धणूणि पन्नरस ।
सट्ठिं च अंगुलाइं, जंबूद्दीवस्स गणियपयं ॥ १० ॥

भरहाइ सत्त वासा, वियड्ढ चउ चउरतिंस वट्टियरे ।
सोलस वक्खारगिरी, दो चित्त विचित्त दो जमगा ॥ ११ ॥

दोसय कणयगिरीणं, चउ गयदंता य तह सुमेरु अ ।
छ वासहरा पिंडे, एगुणसत्तरि सया दुन्नी ॥ १२ ॥

सोलसवक्खारेसु, चउ चउ कूडा य हुंति पत्तेयं ।
सोमणस गंधमायण, सत्तट्ठ य रुप्पिमहहिमवे ॥ १३ ॥

चउतीसवियड्ढेसु, विज्जुप्पहनिसढनीलवंतेसु ।
तह मालवंत-सुरगिरि, नव नव कूडाइं पत्तेयं ॥ १४ ॥

हिमसिहरिसु इक्कारस, इय इगसट्ठिगिरीसु कूडाणं ।
एगत्ते सव्वधणं, सय-चउरो सत्तसट्ठी य ॥ १५ ॥

चउ-सत्त-अट्ठ-नवगे-गारसकूडेहिं गुणह जहसंखं ।
सोलस-दुदु-गुणयालं, दुवे य सगसट्ठि सय-चउरो ॥ १६ ॥

चउतीसुं विजएसुं, उसहकूडा अट्ठ मेरुजंबुम्मि ।
अट्ठ य देवकुराए, हरिकूड-हरिस्सहे सट्ठी ॥ १७ ॥

मागह वरदाम पभास तित्थ विजयेसु एरवयभरहे ।
चउतीसा तिहिं गुणिया, दुरुत्तरसयं तु तित्थाणं ॥ १८ ॥

विज्जाहर अभिओगिय, सेढीओ दुन्नि दुन्नि वेयड्ढे ।
इय चउगुण चउतीसा, छत्तीससयं तु सेढीणं ॥ १९ ॥

चक्किजेअव्वाइं, विजयाइं इत्थ हुंति चउतीसा ।
महद्दह छप्पउमाई, कुरुसु दसगंति सोलसगं ॥ २० ॥

गंगा सिंधू रत्ता, रत्तवई चउ नईओ पत्तेयं ।
चउदसहिं सहस्सेहिं, समगं वच्चंति जलहिम्मि ॥ २१ ॥

एव अब्भिंतरिया, चउरो पुण अट्ठवीससहस्सेहिं ।
पुणरवि छप्पन्नेहिं, सहस्सेहिं जंति चउ सलिला ॥ २२ ॥

कुरुमज्झे चउरासी-सहस्साइं तह य विजयसोलससु ।
बत्तीसाण नईणं, चउदससहस्साइं पत्तेअं ( यं ) ॥ २३ ॥

चउदससहस्सगुणिया, अडतीस नइओ विजयमज्झिल्ला ।
सीओयाए निवडंति, तहय सीयाइं एमेव ॥ २४ ॥

सीया सीओयावि य, बत्तीससहस्सपंचलक्खेहिं ।
सव्वे चउदसलक्खा, छप्पन्नसहस्स मेलविया ॥ २५ ॥

छज्जोयणे सकोसे, गंगासिंधुण वित्थरो मूले ।
दसगुणिओ पज्जंते, इय दुदु गुणणेण सेसाणं ॥ २६ ॥

जोयणसयमुच्चिट्ठा, कणयमया सिहरिचुल्लहिमवंता ।
रुप्पि महाहिमवंता, दुसउच्चा रुप्पकणयमया ॥ २७ ॥

चत्तारि जोयणसए, उच्चिट्ठो निसढ नीलवंतो अ ।
निसढो तवणिज्जमओ, वेरुलिओ नीलवंतगिरि ॥ २८ ॥

सव्वेवि पव्वयवरा, समयक्खित्तम्मि मंदरविहूणा ।
धरणितले उवगाढा, उस्सेहचउत्थभायंमि ॥ २९ ॥

खंडाईगाहाहिं, दसहिं दारेहिं-जंबुद्दीवस्स ।
संघयणी सम्मत्ता, रइया हरिभद्दसूरीहिं ॥ ३० ॥

# શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા

## અમારાં પ્રકાશનો

સામાયિક ચૈત્યવંદનાદિ સૂત્રો
બે પ્રતિક્રમણ મૂળ (ગુજ.)
બે પ્રતિક્રમણ મૂળ (હિન્દી)
બે પ્રતિક્રમણ (સાર્થ)
પંચ પ્રતિક્રમણ મૂળ (ગુજ.)
પંચ પ્રતિક્રમણ મૂળ (હિન્દી)
પંચ પ્રતિક્રમણ (સાર્થ)
જીવ વિચાર (સાર્થ)
નવતત્ત્વ પ્રકરણ
દંડક - લઘુસંગ્રહણી
ભાષ્યત્રયમ્ (સાર્થ)
કર્મગ્રન્થ ભાગ ૧લો (૧-૨)
કર્મગ્રન્થ ભાગ ૨જો (૩-૪)
કર્મગ્રન્થ ભાગ ૩જો (૫-૬)
તત્ત્વાર્થાધિગમસૂત્ર
પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ
(પં. શ્રી પ્રભુદાસભાઈ કૃત)

આનંદઘન ચોવીશી સાર્થ
દ્રવ્યગુણ પર્યાયનો રાસ
જિનગુણ પદ્યાવલી
સમકિત ૬૭ બોલની સજઝાય
આત્મહિતકર આધ્યાત્મિક - વસ્તુ સંગ્રહ
અભક્ષ્ય અનંતકાય વિચાર (ગુજ.)
અભક્ષ્ય અનંતકાય વિચાર (હિન્દી)
સમાસ સુબોધિકા
સિદ્ધહેમ રહસ્યવૃત્તિ
પહેલી ચોપડી
ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
પંચસંગ્રહ ભાગ ૩
તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ ૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ ૨
(પં. શ્રી પ્રભુદાસભાઈ કૃત)


### : ગ્રાહકોને સૂચના :

૧. પુસ્તકો અગાઉથી નાણાં મળ્યા પછી કે વી.પી. થી મોકલી શકાય છે.
૨. પોસ્ટેજ પેકીંગ વગેરે ખર્ચ અલગ સમજવાનું છે.

### : પ્રાપ્તિસ્થાન :

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
સ્ટેશન રોડ, મહેસાણા (ઉ.ગુજરાત)
પી. નં. ૩૮૪૦૦૧
ફોન : ૫૧૩૨૭

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
બાબુ બિલ્ડીંગ,
તળેટીરોડ, પાલીતાણા (સૌરાષ્ટ્ર)
પીન નં. ૩૬૪૨૭૦



૬. લેશ્યાવાળા
પુરૂષનું દૃષ્ટાંત
સુદર્શન શેઠ
શૂળીનું સિંહાસન
શીયળનો પ્રભાવ
કાલોદધિ સમુદ્ર
કાલોદધિ સમુદ્ર
ખંડ ૩
ખંડ ૫
૧૪ રાજલોક
મરુદેવીમાતા સમવસરણ તરફ જાય છે
પ્રકાશક : શ્રાવક અમૃતલાલ પુરૂષોત્તમ
પેઈન્ટર રાવલ, અમદાવાદ
અઢી દ્વીપનો નકશો

આપના બાળકોને
શ્રદ્ધાળુ, જ્ઞાનવાન
અને
ચારિત્રસંપન્ન બનાવવા
મહેસાણા
પાઠશાળામાં દાખલ
કરો
પ્રવેશ પત્ર મંગાવી
નીચેના સરનામે
ભરી મોકલો


શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
ઠે. : સ્ટેશન રોડ,
મહેસાણા (ઉ.ગુ.) ૩૮૪૦૦૧.



: મુદ્રક :
ભરત પ્રિન્ટરી
(કાન્તિલાલ ડી. શાહ)
ન્યૂ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૨૧૫૭૪૧૮